## વૃથા તજ્જન્મ ભૂતલે

શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે શ્રીવલ્લભના સેવક થઈને, તેમના શરણે જઈને, જેમણે શ્રીવલ્લભ-સ્વરૂપનો આશ્રય નથી કર્યો, તેમનો જન્મ વ્યર્થ ગયો છે.

શ્રીવલ્લભ-સ્વરૂપ રસરૂપ છે, મહા અલૌકિક છે, અમૃત અને અગ્નિરૂપ છે, સાક્ષાત્ કૃષ્ણ છે !

શ્રીગુસાંઈજીના દિવ્ય અનુભવની આ મધુર અભિવ્યક્તિ છે. શ્રી ગુસાંઈજી એટલે નિત્યસિદ્ધા શ્રુતિરૂપા સ્વરૂપ. વેદની શ્રુતિઓનું ગોપી-ભાવાત્મક સ્વરૂપ ! આથી શ્રીગુસાંઈજીનો આ અનુભવ બે પ્રકારનો છે : (૧) પ્રત્યક્ષ અનુભવ અને (૨) શાસ્ત્ર-પ્રમાણ અનુભવ. બીજા શબ્દોમાં કહીએ, તો (૧) આંખનો અનુભવ અને (૨) અંતઃકરણનો અનુભવ.

આ દિવ્ય અનુભવને વ્યક્ત કરનારી આપની વાણી પણ વેદરૂપા છે - વેદની ઋચાઓ જ છે ! વેદ-મંત્રોચ્ચારથી જેમ રોમરોમ પુલકિત થાય, વાણી અને મનને પ્રસન્નતા થાય, કર્ણ અમૃતરસથી છલકાય, એવો જ દિવ્ય અનુભવ શ્રીગુસાંઈજી વિરચિત આ સ્તોત્રોના અર્થપૂર્વકના ગાનથી થાય છે. શ્રીવલ્લભનું સ્વરૂપ વાણીના માધ્યમથી, આપણા હૃદયમાં બિરાજે છે.

આવો દિવ્ય અનુભવ કરવા માટે આપણે શ્રીગુસાંઈજી અને શ્રી હરિરાયજી-રચિત સ્તોત્રોનું અર્થાનુસંધાન સાથે મનન-ચિંતન કરીએ. આ પુસ્તકમાં શ્રીવલ્લભ-રસસાગર ગાગરમાં ભરેલો છે.

અમેરિકા — ચિમનભાઈ પરીખ
(સંખેડાવાળા)

આવરણ : ભાગ્ય મુદ્રા (ઑફસેટ યુનિટ) • ૧૫૮/જીઆઈડીસી., મહેસાણા-૩૮૪૦૦૨ • (ફોન : ૨૪૦૩૩)

॥ વિજયતે શ્રીવલ્લભાધીશઃ ॥

# ધ્યેયં સદા વલ્લભમ્



ભાગ ૧

— પ્રા. રમેશભાઈ વિ. પરી

# અનુભવની અભિવ્યક્તિ

શ્રીમહાપ્રભુજી આપણા ગુરુ છે. આપ કેવળ ગુરુ નથી. સાક્ષાત કૃષ્ણસ્વરૂપ છે, સાક્ષાત પૂર્ણપુરુષોત્તમ છે એવી સમજ આપણને–વૈષ્ણવોને પરંપરાથી મળી છે. આખા યે વિશ્વમાં જ્યાં જ્યાં વૈષ્ણવ વસે છે, એ દરેક સ્થાનમાં–ઘરમાં શ્રીનાથજી, શ્રીયમુનાજી અને શ્રીમહાપ્રભુજીનાં ચિત્રો તો અવશ્ય જોવા મળે છે. પુષ્ટિમાર્ગનું કંઈપણ આચરણ ન કરી શકનાર આબાલવૃદ્ધ દરેક વૈષ્ણવ રોજ જાગતાં–સૂતાં આ સ્વરૂપોનાં દર્શન–સ્મરણ તો કરે જ છે. કોઈ અજાણી વ્યક્તિ પૂછે તો તેઓ આદરપૂર્વક કહે છે કે શ્રીમહાપ્રભુજી અમારા ગુરુ છે.

આમ, શ્રીમહાપ્રભુજી સૌ વૈષ્ણવોના ગુરુ છે એવી સમજ તો લગભગ બધાંને જ છે. શ્રીમહાપ્રભુજીનું પૃથ્વી પરનું દિવ્ય ચરિત્ર પણ મોટા ભાગના વૈષ્ણવો વત્તાઓછા પ્રમાણમાં જાણે છે. ("આનંદનો આવિષ્કાર" ભાગ ૧ કે જેમાં નવલકથાના સ્વરૂપે શ્રીમહાપ્રભુજીનું ચરિત્ર છે, એની પાંચથી વધુ આવૃત્તિઓ રૂપે ૧૫,૦૦૦થી વધુ નકલો વૈષ્ણવોએ વસાવી છે. આ પ્રકારનાં અન્ય પુસ્તકો પણ પ્રકાશિત થયાં છે. અંગ્રેજીમાં પણ પુસ્તકો છે.) વૈષ્ણવો અવારનવાર શ્રીબેઠકયાત્રાએ જાય છે. ત્યાં શ્રીમહાપ્રભુજીની સેવા પણ કરે છે. ઘણા વૈષ્ણવો 'શ્રીસર્વોત્તમસ્તોત્ર'નો નિત્ય પાઠ કરે છે. કેટલાક તેના ૩૫ પાઠ નિત્ય અથવા પ્રસંગોપાત કરે છે.

છતાં આપણે એમ નહિ કહી શકીએ કે આપણે શ્રીમહાપ્રભુજીના પૂર્ણ સ્વરૂપને સમજીએ છીએ.

એક બેઠકજીમાં એક પ્રૌઢ વૈષ્ણવ ગયા. સેવામાં ન્હાયા. એમનાં પત્નીએ કહ્યું : "શ્રીમહાપ્રભુજીનાં ચરણસ્પર્શ કરો." એ વૈષ્ણવ મૂંઝાયા. તે બોલ્યા : "અહીં તો ઓટલા ઉપર ગાદી–તકિયા છે. શ્રીમહાપ્રભુજી ક્યાં છે? ચરણસ્પર્શ કેવી રીતે કરું?" આવું અજ્ઞાન પણ હોવાનો સંભવ છે.

કેટલાક એવા પણ વૈષ્ણવો છે કે જે શ્રીમહાપ્રભુજીને માને છે, પણ શ્રીઠાકોરજીને માનતા નથી.

આવા જાતજાતના અજ્ઞાન રૂપી અંધકારથી આપણે છવાયેલા છીએ. મહર્ષિ નારદ 'ભક્તિ'ની વ્યાખ્યા કરતાં કહે છે : પ્રભુનું માહાત્મ્ય-જ્ઞાન થાય, ત્યારે તેને લઈને, પ્રભુમાં સ્નેહ થાય. જ્યારે એ સ્નેહ સુદૃઢ અને સર્વાધિક બને ત્યારે તેને 'ભક્તિ' કહેવાય. આવી ભક્તિથી ભક્ત ભગવાનને પામે છે." જે વાત પ્રભુ માટે સાચી છે, તે જ વાત શ્રીમહાપ્રભુજી માટે પણ સાચી છે. આજે મોટા ભાગના વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજી માટે માન–આદર છે, પણ ભક્તિ નથી; કારણ ભક્તિનું મુખ્ય લક્ષણ છે પ્રિયના સુખમાં તત્પર રહેવું. પ્રિયના સુખને સર્વોપરિ ગણવું, પ્રિયના સુખ માટે પોતાની જાત સમર્પિત કરી દેવી. આ પુષ્ટિભક્તિ છે. આપણે પુષ્ટિજીવ હોવાથી પુષ્ટિભક્તિને વરેલા છીએ, છતાં આપણે આપણા જીવનમાં સાચા સ્વરૂપમાં પુષ્ટિભક્તિના માર્ગે ચાલતા નથી. એનું કારણ એ છે કે જ્યાં સુધી ગુરુભક્તિમાં દૃઢ નિષ્ઠા ન થાય, ત્યાં સુધી ભગવદ્ભક્તિ સિદ્ધ થતી નથી. માટે કહ્યું છે "ગુરુબળે વ્રજવાસી થાશું."

ગુરુભક્તિ ત્યારે જ દૃઢ બને, જ્યારે ગુરુના સ્વરૂપનું સાચું અને પૂર્ણ જ્ઞાન થાય. એ જ્ઞાન થતાં, ગુરુમાં પ્રેમ થાય. એ પ્રેમને લઈને ગુરુની આજ્ઞાનું પાલન કરવા તત્પર થાય. ગુરુની આજ્ઞાના નિષ્ઠાપૂર્વકના પાલનથી ગુરુભક્તિ દૃઢ બને. ગુરુના શ્રીઅંગની સેવા પૂર્ણ સેવા નથી. તેની સાથે ગુરુની આજ્ઞાનું યથાર્થ પાલન કરીએ ત્યારે ગુરુસેવા પૂર્ણસેવા બને.

શ્રીમહાપ્રભુજીમાં આપણી ગુરુભક્તિ દૃઢ થઈ નથી. તેથી હાલ આપશ્રીની આજ્ઞાઓનું આપણે લગભગ પાલન કરતા નથી. શ્રીમહાપ્રભુજીના અલૌકિક સ્વરૂપનું આપણને સમ્યક્ જ્ઞાન નથી. એથી આપના આજ્ઞાપાલનમાં આપણી શ્રદ્ધા અને નિષ્ઠા થતાં નથી. પરિણામે શ્રીમહાપ્રભુજીના શરણે ગયા પછી પણ આપણું જીવન આપણે વ્યર્થ વેડફી નાખીએ છીએ.

આવું ઉત્તમ વૈષ્ણવીજીવન મળવા છતાં, તેનો અલૌકિક લાભ અજ્ઞાનને લઈને આપણે લઈ શકતા નથી. આપણી આ મર્યાદાથી કરુણાનિધાન શ્રીગુસાંઈજી આદિ આચાર્યો પરિચિત હતા. આપણા અજ્ઞાન રૂપી અંધકારને દૂર કરવા આપે શ્રીવલ્લભનાં નામ, રૂપ, ગુણ અને લીલા પરત્વેનાં વિવિધ સ્તોત્રો અને તેમના ભાવ સ્પષ્ટ કરતી, ટીકાઓ આપણા માટે રચી, મહદ્ કૃપા કરી.

પરંતુ જીવ જેનું નામ—એ સરળતાથી સન્માર્ગે ચાલે તો ને? પેલા શેઠની જેમ એને ય બહાનાંબાજીની આદત છે. શેઠ કહે: "બધી વાત સારી, પણ ચાવવાનું તો મારે ને!" એના જેવું આપણે નથી કરતા? છતાં ભોજન તૈયાર હશે તો ચવાશે. એ ભાવથી શ્રીગુસાંઈજીએ શ્રીવલ્લભસ્વરૂપનું નિરૂપણ કરતાં ત્રણ સ્તોત્રો રચ્યાં. (૧) સૌંદર્યપદ્ય (૨) સપ્તશ્લોકી (૩) શ્રીવલ્લભાષ્ટક. એ સ્તોત્રો ઉપર શ્રીગોકુલનાથજી પ્રભૃતિ મહાનુભાવ આચાર્યોએ સંસ્કૃતમાં ટીકાઓ લખી. તેમાંની કેટલીક ટીકાઓના ગુજરાતીમાં અનુવાદ ઠીક ઠીક સમય પહેલાં થયેલા, જે આજે અપ્રાપ્ય છે. વળી એ ભાષા પણ સરળ નથી. મૂળ સ્તોત્રો ઉચ્ચાર અને અર્થની દૃષ્ટિએ સામાન્ય વૈષ્ણવો માટે અઘરાં છે. આથી ઘણા વૈષ્ણવો એ સમજી શકતા નથી. દેશવિદેશના વૈષ્ણવોની આવી માગણી રહી છે. કે આ સાહિત્ય અમને સમજાય તેવી સરળ ભાષામાં આપો.

શ્રીગુસાંઈજીએ 'શ્રીસર્વોત્તમસ્તોત્ર'માં શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ નામો વર્ણવ્યાં છે. એ નામો દ્વારા આપના સ્વરૂપ, ગુણ, લીલા સમજાય છે. તેના પર આશરે ચૌદ જેટલી સંસ્કૃત ટીકાઓ છે. તેનો પાઠ કરનારા વૈષ્ણવો પણ તેના અર્થને અને અર્થના રહસ્યને જાણતા નથી. આ સ્તોત્ર ઉપર પણ અગાઉ ગ્રંથો લખાયા છે, પણ સામાન્ય વૈષ્ણવોને સમજાતા નથી.

તદુપરાંત શ્રીહરિરાયજીએ પણ શ્રીવલ્લભસ્વરૂપનું નિરૂપણ કરતાં પંદરેક સ્તોત્રો રચ્યાં છે, જે કદાચ બહુ ઓછા વૈષ્ણવો જાણે છે.

આ બધું શ્રીવલ્લભવિષયક સાહિત્ય અલૌકિક, રસાત્મક છે. તે જ્ઞાનવર્ધક, તાપવર્ધક અને ભાવવર્ધક છે. એના સેવનથી અનેક પુષ્ટિજીવો પુષ્ટિમહારસને પામ્યા છે.

અમેરિકામાં વસતા પ. ભ. શ્રી ચીમનભાઈ મોહનલાલ પરીખ શ્રીવલ્લભસ્વરૂપમાં અતિ શ્રદ્ધા અને પ્રેમ છે. એમના મનોરથ સ્વરૂપે શ્રીવલ્લભસ્વરૂપનું નિરૂપણ કરતાં બે પુસ્તકો પ્રકાશિત થઈ રહ્યાં છે. તેનો આ પ્રથમ ભાગ છે. બીજા ભાગમાં પરમપૂજ્યપાદ ગોસ્વામી શ્રીઇન્દિરા બેટીજીએ અમદાવાદ મુકામે શ્રીસર્વોત્તમસ્તોત્ર સપ્તાહ કરેલી. એ વચનામૃતોના સ્વરૂપે 'શ્રીસર્વોત્તમસ્તોત્ર'નું રહસ્ય પ્રકટ થશે.

આ બંને ભાગના મનોરથી છે હાલ અમેરિકામાં વસતા સંખેડાવાળા પ. ભ. શ્રી ચીમનલાલ મોહનલાલ પરીખ અને તેમનો પરિવાર. તેમણે તેમનાં ધર્મપત્ની ગો. વા. (અ. સૌ.) કમળાબહેનના સ્મરણાર્થે આ મનોરથ કર્યો છે. તેમના મનોરથ સ્વરૂપે આ પુસ્તક પ્રસિદ્ધ થાય છે. તે માટે હું તેમનો હાર્દિક આભારી છું.

આ પુસ્તકમાં સમાવિષ્ટ શ્રીહરિરાયજીરચિત શ્રીવલ્લભસ્તોત્રો (અનુવાદ સાથે) શ્રીહરિરાયવાઙ્મુક્તાવલિ ભા. ૨માંથી સાભાર લીધાં છે. તેના સંપાદક, અનુવાદક અને પ્રકાશકનો હું ઋણી છું.

આ પુસ્તકના મુદ્રણની જવાબદારી સ્વીકારી મને અમારા સ્નેહી પ. ભ. શ્રી ગોપાળભાઈ બુકસેલરે નિશ્ચિંત કર્યો છે. હું તેમનો ખૂબ ખૂબ આભારી છું.

મને શ્રદ્ધા છે આનાથી સૌ વૈષ્ણવો શ્રીવલ્લભસ્વરૂપની સમજથી લાભાન્વિત થશે.

આ બંને પુસ્તકના મનોરથી પરિવાર પ્રત્યે પ્રસન્નતા વ્યકત કરી, આ પુસ્તક શ્રીગુસાંઈજીપ્રભુચરણનાં ચરણકમળોમાં સમર્પિત કરું છું.

આ સર્વ સ્તોત્રો શ્રીગુસાંઈજી આદિ મહાનુભાવોના અલૌકિક પ્રત્યક્ષ અનુભવોની અભિવ્યકિત છે. શ્રદ્ધાપૂર્વક આપણે આ વાઙ્સુધાનું પાન કરીએ.


દાસાનુદાસ

શ્રીગુસાંઈજીનો ઉત્સવ, સં. ૨૦૪૮ **રમેશભાઈ પરીખના**

સદૈન્ય ભગવદ્સ્મરણ

# અનુક્રમણિકા


| અનુક્રમાંક | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧. | સૌંદર્ય પદ્ય | ૧ થી ૩૦ |
| ૨. | સપ્તશ્લોકી | ૩૨ થી ૯૩ |
| ૩. | શ્રીવલ્લભાષ્ટક | ૯૪ થી ૧૩૩ |
| ૪. | શ્રીહરિરાયજીરચિત શ્રીવલ્લભ-સ્તોત્રો | ૧૩૪ થી ૧૯૦ |
| | ૧. શ્રીનિજાચાર્યાષ્ટકમ્ | ૧૩૪ થી ૧૩૬ |
| | ૨. શ્રીવલ્લભપંચાક્ષરસ્તોત્રમ્ | ૧૩૬ થી ૧૩૮ |
| | ૩. શ્રીવલ્લભભાવાષ્ટકમ્ | ૧૩૮ થી ૧૪૦ |
| | ૪. શ્રીવલ્લભશરણાષ્ટકમ્ | ૧૪૦ થી ૧૪૨ |
| | ૫. શ્રીવલ્લભચરણ વિજ્ઞપ્તિઃ | ૧૪૨ થી ૧૪૩ |
| | ૬. દૈન્યાષ્ટકમ્ | ૧૪૪ થી ૧૪૫ |
| | ૭. હાહા દૈન્યાષ્ટકમ્ | ૧૪૫ થી ૧૪૭ |
| | ૮. શ્રીવલ્લભભાવાષ્ટકમ્ | ૧૪૭ થી ૧૫૧ |
| | ૯. શ્રીવૈશ્વાનરાષ્ટકમ્ | ૧૫૨ થી ૧૫૫ |
| | ૧૦. શ્રીમદાચાર્યસકલાવતાર સામ્યનિરૂપણમ્ | ૧૫૫ થી ૧૬૯ |
| | ૧૧. શ્રીમહાપ્રભોરષ્ટોત્તર શતનામાનિ | ૧૬૯ થી ૧૮૦ |
| | ૧૨. સ્વસ્વામિપાણિયુગલાષ્ટકમ્ | ૧૮૦ થી ૧૮૨ |
| | ૧૩. શ્રીમદાચાર્યચિન્તનમ્ | ૧૮૨ થી ૧૮૭ |
| | ૧૪–૧૫. પદદ્વયમ્ | ૧૮૭ થી ૧૯૦ |

**સંખેડાવાળા ચીમનલાલ મોહનલાલ પરીખ**

(હાલ અમેરિકા) તથા તેમના પરિવારનાં સભ્યો

| | |
|---|---|
| જમુ વિપિન પરીખ | યોગિની રાજ પરીખ |
| નિરંજના ખંડુભાઈ પટેલ | મનિષા કિરણ પરીખ |
| અલ્પા સમીર દલાલ | જયદીપ વિપિન પરીખ |
| ધૃતિ દિલીપ પરીખ | વિહાર કિરણ પરીખ |
| રોઝી સંજય તલાટી | કાના રાજ પરીખ |

ના

**સૌ વૈષ્ણવોને સદૈન્ય ભગવત્‌સ્મરણ**

આ પુસ્તકના મનોરથી



ગોલોકવાસી : અ. સૌ. કમળાબેન તે
સંખેડાવાળા ચીમનલાલ મોહનલાલ
(હાલ અમેરિકા)નાં ધર્મપત્નીના સ્મરણાર્થે તેમના પરિવારનાં
સૌ વૈષ્ણવોને સપ્રેમ જયશ્રીકૃષ્ણ



# 'સૌંદર્ય' પદ્ય

સૌન્દર્યં નિજહૃદ્ગતં પ્રકટિતં સ્ત્રીગૂઢભાવાત્મકં
પુંરૂપં ચ પુનસ્તદન્તરગતં પ્રાવીવિશત્સ્વપ્રિયે ।
સંશ્લિષ્ટાવુભયોર્બભૌ રસમયઃ કૃષ્ણો હિ તત્સાક્ષિતકં
રૂપં તત્ ત્રિતયાત્મકં પરમભિધ્યેયં સદા વલ્લભમ્ ॥

અન્વય અને શબ્દાર્થ :

**સ્ત્રીગૂઢભાવાત્મકં** = સ્ત્રીભાવરૂપી ગૂઢ ભાવાત્મક.

**સૌંદર્યં** = સૌંદર્ય (સુંદરતા).

**નિજહૃદ્ગતં** = જે નિજ (પોતાના) ના હૃદયમાં બિરાજે છે તે.

**પ્રકટિતં** = (શ્રીઠાકોરજીએ) પ્રકટ કર્યું.

**પુનઃ** = ફરીથી (તે જ પ્રમાણે).

**પુંરૂપં** = (શ્રીસ્વામિનીજીના હૃદયમાં બિરાજતું) પુંભાવ રૂપી સૌંદર્ય.

**(પ્રકટિતં)** = (શ્રીસ્વામિનીજીએ) પ્રકટ કર્યું.

**સ્વપ્રિયે** = પોતાના પ્રિય (શ્રીવલ્લભ) માં.

**પ્રાવીવિશત્** = પ્રવેશ કરાવ્યું.

**ઉભયોઃ** = (સ્ત્રીભાવ અને પુંભાવ) બંનેનો.

**સંશ્લિષ્ટૌ** = સંયોગ થવાથી.

**રસમયઃ** = રસાત્મક.

**કૃષ્ણઃ** = સદાનંદ કૃષ્ણ.

**હિ** = નિશ્ચયતાથી.

**બભૌ** = શોભ્યા.

**તત્સાક્ષિકં** = તે લીલાના સાક્ષી સ્વરૂપ.

**તત્ ત્રિતયાત્મકં** = (પુંભાવ, સ્ત્રીભાવ અને સ્ત્રીપુંભાવ એવા ત્રણ ભાવથી યુકત.

**પરં** = સર્વથી શ્રેષ્ઠ.

**વલ્લભ રૂપં** = શ્રીવલ્લભના સ્વરૂપનું-રૂપનું.

**સદા** = નિરંતર.

**અભિધ્યેયં** = સારી રીતે ધ્યાન કરવું.

## શ્લોકનો ભાવાર્થ :

શ્રીઠાકોરજીના હૃદયમાં સ્ત્રીભાવરૂપી ગૂઢભાવાત્મક સૌંદર્ય અને પુંભાવરૂપી સૌંદર્ય બિરાજે છે. તેમાંથી શ્રીઠાકોરજીએ સ્ત્રીભાવરૂપી ગૂઢભાવાત્મક સૌંદર્ય બહાર પ્રકટ કર્યું. એ જ પ્રકારે શ્રીસ્વામિનીજીના હૃદયમાં પણ સ્ત્રીભાવ અને પુંભાવરૂપી સૌંદર્ય બિરાજે છે. તેમાંથી શ્રીસ્વામિનીજીએ પુંભાવરૂપી સૌંદર્ય બહાર પ્રકટ કર્યું. આ બંને પ્રકારના સૌંદર્યનો સંયોગ થતાં તૃતીય સ્વરૂપ પ્રકટ થયું, કારણ શ્રીઠાકોરજીએ પોતાના પ્રિય એવા શ્રીવલ્લભમાં આ બંને સૌંદર્યોનો પ્રવેશ કરાવ્યો. પ્રવેશ કરાવ્યા પછી બંને સૌંદર્યોથી રસાત્મક, સદાનંદ શ્રીકૃષ્ણ શોભાયમાન થયા, શ્રીવલ્લભનું સ્વરૂપ આ લીલાનું સાક્ષી હોવાથી, તે સાક્ષીભાવનું સ્વરૂપ છે. વળી શ્રીવલ્લભમાં શ્રીઠાકોરજીનો સ્ત્રીભાવ, શ્રીસ્વામિનીજીનો પુંભાવ અને ઉભયના સંયોગનો સ્ત્રીપુંભાવ બિરાજે છે. આવા અલૌકિક ત્રણ ભાવથી સર્વ શ્રેષ્ઠ રૂપે શોભતા શ્રીવલ્લભના સ્વરૂપનું નિરંતર સારી રીતે ધ્યાન કરવું.

## વિવરણ :

### ૧. આ શ્લોકના પ્રાકટયનું કારણ :

શ્રીગુસાંઈજી મહારાજની આ શ્લોક રચના છે. શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીના દ્વિતીય પુત્ર. શ્રીમહાપ્રભુજીએ લીલા પ્રવેશ કર્યો, ત્યારે શ્રીગુસાંઈજીની વય માત્ર પંદર વર્ષની. શ્રીમહાપ્રભુજીના લીલા-પ્રવેશથી શ્રીગુસાંઈજીને ઉત્કટ વિરહતાપ થયો. અલૌકિક વિરહતાપ હંમેશા ફલાત્મક-ફળ આપનારો છે. આથી સિદ્ધાંત પ્રકટ થયો— "આંતરં તુ પરં ફલમ્." અર્થાત્ અંતઃકરણમાં થતો વિપ્રયોગનો અનુભવ પરમ ફળરૂપ છે.



લૌકિક જગતમાં પણ કવિઓ અને મહાકવિઓનો અનુભવ છે કે જ્યારે હૃદયને ભારે આઘાત લાગે તેવી ઘટના બને, ત્યારે એના સંવેદનોમાંથી અમર સાહિત્યકૃતિ સર્જાય છે. મહર્ષિ વાલ્મિકીએ ક્રૌંચપક્ષીના યુગલ પૈકીના એકને પારધીના તીરથી વીંધાતું અને બીજા પક્ષીને હૈયાફાટ રુદન કરતું જોયું, ત્યારે તેમના કોમળ અંતઃકરણને જે ઠેસ પહોંચી, તેમાંથી 'રામાયણ'ની રચનાની પ્રેરણા મળી.

મહર્ષિ વ્યાસને અનેક શાસ્ત્રોની રચના પછી ય, હૃદયને શાંતિ ન મળી. એ તાપકલેશ જ 'ભાગવત'ની રચનાનું નિમિત્ત બન્યો.

એ જ પ્રમાણે શ્રીગુસાંઈજી મહારાજને પંદર વર્ષની કોમળ વયે શ્રીમહાપ્રભુજીનો ઉત્કટ વિરહતાપ થતાં, આપશ્રીને અંતઃકરણમાં શ્રીવલ્લભ-સ્વરૂપનો અલૌકિક અનુભવ અને રસાસ્વાદ પ્રાપ્ત થયો. એ અલૌકિક રસરૂપ અનુભવ, આપશ્રીની દિવ્ય વાણીમાં પ્રકટ થયો.

શ્રીદયારામભાઈ એક પદમાં કહે છે : "જે કોઈ પ્રેમઅંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે." અલૌકિક પ્રેમરસને ટકવા માટે પણ યોગ્ય પાત્ર જોઈએ. સિંહણનું દૂધ સોનાના પાત્રમાં જ ટકે. બીજી ધાતુ તે ધારણ કરી શકતી નથી. ભગવદ્-અનુભવ અને ભગવદ્-રસ પણ અલૌકિક હૃદય જ ધારણ કરી શકે, લૌકિક હૃદયમાં ધારણ થઈ શકતો નથી. માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : "વિષયાક્રાંતદેહાનાં નાવેશઃ સર્વથા હરેઃ". અર્થાત્ શ્રીહરિ વિષયો (લૌકિક બાબતો) થી ભરેલા શરીરોમાં કદી પધારતા નથી. તે માટે 'તનુનવત્વ' પ્રાપ્ત થવું આવશ્યક છે.

### ૨. શ્લોકના રચયિતા :

શ્રીમહાપ્રભુજીનો ઉત્કૃષ્ટ અલૌકિક અનુભવ શ્રીગુસાંઈજીને જ થયો તેનું કારણ શું ? તેનું કારણ જાણવા શ્રીગુસાંઈજીના સ્વરૂપને સમજવું જરૂરી છે.

શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીના લૌકિક પુત્ર નથી, જેમ શ્રીમહાપ્રભુજી કેવળ તૈલંગ વિદ્વાન બ્રાહ્મણ નથી, 'વસ્તુતઃ કૃષ્ણ એવ' છે; તેમ શ્રીગુસાંઈજી પણ એ જ 'કૃષ્ણ' સ્વરૂપ છે. શ્રીદામોદરદાસ હરસાનીજીની વાર્તા પરથી આ રહસ્ય સ્પષ્ટ થાય છે. શ્રીમહાપ્રભુજી લીલા પ્રવેશ પછી દર ત્રીજા દિવસે શ્રીદામોદરદાસજીને દર્શન આપતા. શ્રીદમલાજી

રોજ શ્રીગુસાંઈજી પાસે જતા, પણ તેમનાં ચરણસ્પર્શ–દંડવત કરતા નહિ. આથી એક દિવસ શ્રીમહાપ્રભુજીએ શ્રીદમલાજીને દર્શન આપ્યાં, ત્યારે પૂછ્યું: "દમલા, તું શ્રીગુસાંઈજીને કયા સ્વરૂપે જાણે છે?" શ્રીદામોદરદાસજીએ જવાબ આપ્યો: "કૃપાનાથ, તેમને હું આપના પુત્ર તરીકે જાણું છું." આપશ્રીએ આજ્ઞા કરી: "દમલા, તેમને મારું સ્વરૂપ જાણ." ત્યારથી શ્રીદમલાજી શ્રીગુસાંઈજીનાં ચરણસ્પર્શ–દંડવત કરતા. આ પ્રસંગમાં શ્રીમહાપ્રભુજીના સ્વમુખની આજ્ઞા છે કે શ્રીગુસાંઈજી મારું જ સ્વરૂપ છે. એટલે શ્રીમહાપ્રભુજી 'કૃષ્ણ' સ્વરૂપ છે, તો શ્રીગુસાંઈજી પણ 'કૃષ્ણ' સ્વરૂપ છે. શ્રીછીતસ્વામીજી, શ્રીનંદદાસજી, વગેરે અનેક ભગવદીયોને પણ શ્રીગુસાંઈજીનો આવો જ દિવ્ય અનુભવ થયો છે. "એહિ તેહિ, તેહિ એહિ, કછુ ન સંદેહ" આમ, શ્રીગુસાંઈજી 'કૃષ્ણ' સ્વરૂપ છે, તે નિશ્ચિત છે.

આ હકીકતને એક બીજી ઘટનાથી પણ સમર્થન મળે છે. પંઢરપુરમાં શ્રીનાથજીએ શ્રીમહાપ્રભુજીને લગ્ન કરવાની આજ્ઞા કરી. "અમને તો ઇચ્છા એહ જે, હું નંદન તમે તાત". "શ્રીવલ્લભાખ્યાન" અને "શ્રીમૂળપુરુષ"માં આ પ્રસંગનું નિરૂપણ છે. શ્રીનાથજી જ શ્રીગુસાંઈજી સ્વરૂપે પ્રગટ થયા છે. શ્રીનાથજી એ જ શ્રીકૃષ્ણ, તેથી શ્રીગુસાંઈજી પણ 'શ્રીકૃષ્ણ'.

સંપ્રદાયની ભાવ–ભાવના મુજબ શ્રીમહાપ્રભુજી જેમ 'શ્રીકૃષ્ણ' સ્વરૂપ છે, તેમ આપશ્રી 'શ્રીસ્વામિની' સ્વરૂપ પણ છે. તેથી આપ 'રાસસ્ત્રીભાવપૂરિત વિગ્રહઃ' છે અર્થાત્ શ્રીસ્વામિનીજીનું પણ ભાવાત્મક સ્વરૂપ છે. તેવી જ રીતે શ્રીગુસાંઈજી શ્રુતિરૂપા ગોપીજનોનાં યૂથનાં સ્વામિની શ્રીચંદ્રાવલીજીનું ભાવાત્મક સ્વરૂપ છે.

આપણને પ્રશ્ન થાય કે એક શ્રીમહાપ્રભુજી અથવા એક શ્રીગુસાંઈજી શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી એમ બંને સ્વરૂપો કેવી રીતે હોઈ શકે? આ કેવળ ભાવના હશે? જવાબ છે – આ કેવળ ભાવના નથી, હકીકત છે. વેદ અને ઉપનિષદોમાં પણ આ હકીકતનાં પ્રમાણો મળે છે. વેદની શ્રુતિઓએ કહ્યું: "સ એકાકી ન રમતે. સ દ્વિતીયમૈચ્છત્". અર્થાત્ બ્રહ્મ (પરમાત્મા)ને એકલાને રમણ કરવામાં આનંદ ન આવ્યો. તેમણે રમણ માટે બીજા પાત્રની ઇચ્છા કરી. 'એકોઽહં બહુ સ્યામ્'. હું એક છું, હું અનેક થઉં. આથી પરમાત્મા પતિરૂપે પ્રકટ થયાં. તે



પરમાત્મા પત્ની રૂપે પણ પ્રકટ થયા. શ્રીનરસિંહ મહેતાએ આ ઘટના આમ સમજાવી: "વેદ તો એમ વદે, શ્રુતિ–સ્મૃતિ શાખ દે, કનક કુંડલ વિષે ભેદ ન્હોયે; ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં, અન્તે તો હેમનું હેમ હોયે". આમ, એક જ પરમાત્માએ પતિ–પત્નીનાં ને અલગ અલગ રૂપ લીધાં, પણ મૂળ તો બંને રૂપે તે પોતે જ હતા. આથી ભગવદીય–કવિએ ગાયું: વપુ દ્વૈ પ્રાણ એક". ભલે શરીર બે જણાય છે, પણ પ્રાણ તો એક જ છે?

'ગર્ગસંહિતા'ના ગોલોકખંડમાં શ્રીગર્ગાચાર્યજીએ આ લીલાનું નિરૂપણ વિસ્તારથી કર્યું છે. શ્રીઠાકોરજીના હૃદય પ્રદેશમાંથી જ શ્રીસ્વામિનીજી, શ્રીયમુનાજી, શ્રીચંદ્રાવલીજી પ્રકટ થયાં. સકલ લીલા–સૃષ્ટિ શ્રીઠાકોરજીના શ્રીઅંગમાંથી જ પ્રકટ થઈ છે. વેદની શ્રુતિઓ જ ગોપીજનોના સ્વરૂપે વ્રજમંડળમાં પ્રગટ થઈ. વેદની શ્રુતિઓ એટલે ભગવદ્વાણી. ભગવાન અને તેમની વાણી એક જ છે–ભિન્ન નથી. તેથી વેદની શ્રુતિઓ ભગવત્સ્વરૂપ છે, માટે શ્રુતિરૂપા ગોપીજનો પણ ભગવત્-સ્વરૂપ છે. પ્રભુનું જ અન્ય રૂપ છે.

આથી સ્પષ્ટ થાય છે કે, શ્રીઠાકોરજીએ જ પોતાની દિવ્ય લીલાને અનુરૂપ અને અનુકૂળ વિવિધ સ્વરૂપો ધારણ કર્યાં છે. જેમ તેઓ સ્વયં શ્રીકૃષ્ણ છે, તેમ તેઓ જ શ્રીસ્વામિનીજી, શ્રીરાધિકાજી પણ છે અને તેઓ જ શ્રીચંદ્રાવલીજી પણ છે. આથી શ્રીમહાપ્રભુજીમાં શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીનાં ભાવાત્મક સ્વરૂપો બિરાજમાન છે, તેવી રીતે શ્રીગુસાંઈજીમાં શ્રીઠાકોરજી અને શ્રીચંદ્રાવલીજીનાં ભાવાત્મક સ્વરૂપો બિરાજમાન છે. આમ, શ્રીગુસાંઈજી 'કૃષ્ણ' સ્વરૂપ છે તેવી જ રીતે શ્રુતિરૂપા 'શ્રીચંદ્રાવલી' સ્વરૂપ પણ છે.

શ્રીગુસાંઈજીનું આ શ્રુતિરૂપા સ્વરૂપ બીજી રીતે પણ સમજાય છે. લૌકિકમાં પણ એવી માન્યતા છે કે 'પુત્ર પિતાનું અવર રૂપ છે'. શ્રીમહાપ્રભુજી ભગવન્–મુખારવિંદ સ્વરૂપ છે. મુખમાંથી વાણી પ્રકટ થાય. માટે સરસ્વતીને પુરાણોએ બ્રહ્માની પુત્રી કહી. એ ન્યાયે ભગવન્–મુખારવિંદમાંથી પ્રકટેલી વેદની શ્રુતિઓનાં સ્વામિની શ્રીગુસાંઈજી સ્વરૂપે પ્રકટ થયાં. માટે શ્રીમહાપ્રભુજી સાથેનો આપનો ભૌતિક સંબંધ પિતા–પુત્રનો છે.

એક બીજી દૃષ્ટિએ પણ આ સ્વરૂપભાવના ચિંતનીય છે. શ્રીઠાકોરજી–શ્રીકૃષ્ણ–શ્રીનાથજી 'રસો વૈ સઃ' છે અર્થાત્ રસરૂપ છે. રસોમાં શૃંગારરસ શ્રેષ્ઠ છે, તેથી શ્રીઠાકોરજી દિવ્ય શૃંગારરસનું સ્વરૂપ છે. શૃંગારરસનાં બે દળ (૧) સંયોગ (૨) વિપ્રયોગ. બંને દળના પૂર્ણ અનુભવથી શૃંગાર રસ તેના પૂર્ણ સ્વરૂપમાં પ્રકટ થાય. આથી શૃંગાર રસાત્મક શ્રીઠાકોરજીએ નિત્યલીલામાં વિપ્રયોગ શૃંગાર રસાત્મક શ્રીસ્વામિનીજી અને સંયોગ રસાત્મક શ્રીચંદ્રાવલીજીને પ્રકટ કરી પૂર્ણ-રસલીલા પ્રકટ કરી. આધુનિક સમયમાં પુષ્ટિજીવોના ઉદ્ધાર માટે ફરીથી આ નિત્યલીલા પૃથ્વી પર પ્રકટ કરવાની ઇચ્છા કરતાં, શ્રીઠાકોરજી શ્રીનાથજી સ્વરૂપે પ્રકટ થયા, શ્રીસ્વામિનીજી શ્રીમહાપ્રભુજી સ્વરૂપે પ્રકટ થયાં અને શ્રીચંદ્રાવલીજી શ્રીગુસાંઈજી સ્વરૂપે પ્રકટ થયાં. આથી શ્રીમહાપ્રભુજી વિપ્રયોગ તાપાગ્નિ સ્વરૂપ છે, જ્યારે શ્રીગુસાંઈજી સંયોગ રસાત્મક સ્વરૂપ છે.

રસશાસ્ત્રના સિદ્ધાંત મુજબ, સંયોગ રસના અનુભવ વિના, વિપ્રયોગ રસનો અનુભવ થતો નથી. વિપ્રયોગ રસના અનુભવ વિના શૃંગાર રસની પૂર્ણતા થતી નથી. સંયોગ રસ જ વિપ્રયોગ રસનો અનુભવ કરાવનાર છે. આથી વિરહના પ્રકારોમાં એક પ્રકાર પલકાંતર વિરહ છે, જ્યારે બીજો પ્રકાર પ્રત્યક્ષ વિરહ છે. પલકાંતર વિરહ એટલે દર્શનમાં આંખની આડે પાંપણ આવે તેટલી ક્ષણનો વિરહ. આ વિરહ પણ યુગોના વિરહ જેટલો અસહ્ય બને છે. પ્રત્યક્ષ વિરહ એટલે પ્રિયતમ સામે હોય છતાં એમના વિરહનો ભાવ જાગે. સંયોગ રસમાં મિલનની સ્થૂળતા છે. વિપ્રયોગ રસમાં હૃદયના અનુભવની સૂક્ષ્મતા છે.

પૃથ્વી પરના પુષ્ટિજીવોને આ દિવ્ય શૃંગારરસાત્મક સ્વરૂપનો અનુભવ કરાવવા જ વિપ્રયોગ રસાત્મક સ્વરૂપ શ્રીમહાપ્રભુજી પ્રગટ થયા, તો સંયોગ રસાત્મક સ્વરૂપ શ્રીગુસાંઈજી પ્રગટ થયા. શ્રીગુસાંઈજી મહારાજ સંયોગરસાત્મક સ્વરૂપ હોવાથી, આપે સ્વયં વિપ્રયોગ રસાત્મક સ્વરૂપનો અનુભવ કરી, એ પૂર્ણ શૃંગાર રસ પ્રકટ કર્યો. માટે વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપને પ્રકટ કરવાનો જે અધિકાર શ્રીગુસાંઈજી મહારાજને પ્રાપ્ત થયો છે, તે સામર્થ્ય અન્ય કોઈનું નથી.

આપણે આગળ જોઈ ગયા કે શ્રીગુસાંઈજી મહારાજ વેદની શ્રુતિનું સ્વરૂપ છે. સર્વ શાસ્ત્રોમાં વેદ આદિ પ્રમાણ છે. વેદના શબ્દો



મંત્રાત્મક છે અને સર્વમાન્ય છે. તેવી રીતે શ્રીગુસાંઈજી મહારાજની વાણી પણ પ્રમાણાત્મક અને મંત્રાત્મક છે. તેમાં સંશય કરવાનું કોઈ કારણ નથી.

આપણે આગળ એમ પણ સમજ્યા કે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી બંને 'કૃષ્ણ' સ્વરૂપ છે, તેથી બંનેમાં અભેદ છે. જેટલું પોતે પોતાનું સ્વરૂપ જાણે અને સમજાવે, તેટલું અન્યનું સ્વરૂપ ન જાણી શકે અને સમજાવી શકે. આથી શ્રીમહાપ્રભુજી જ શ્રીગુસાંઈજી સ્વરૂપે પોતાનું સ્વરૂપ સમજાવે છે.

આટલી ચર્ચા–વિચારણાને ફરીથી ટૂંકમાં યાદ કરી જઈએ તો શ્રીગુસાંઈજીનું સ્વરૂપ નીચે મુજબનું સમજાય છે.

* શ્રીગુસાંઈજી 'કૃષ્ણ' સ્વરૂપ છે.
* શ્રીમહાપ્રભુજીનું જ બીજું સ્વરૂપ શ્રીગુસાંઈજી છે.
* શ્રીગુસાંઈજી નિત્યલીલામાં શ્રુતિરૂપા યૂથનાં સ્વામિની શ્રીચંદ્રાવલીજીનું સ્વરૂપ છે.
* શ્રીગુસાંઈજી સંયોગરસાત્મક સ્વરૂપ છે.

આથી શ્રીગુસાંઈજીમાં શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનો અનુભવ કરવાનું અને તેનું નિરૂપણ કરવાનું સૌથી વધુ સામર્થ્ય છે. આપશ્રીની આ વાણી વેદવાણી છે. માટે આપની વાણી અલૌકિક રસરૂપા છે. આ વાણીનો રસાસ્વાદ આપની કૃપાથી જ શક્ય છે. કારણ આપ 'મૂકં કરોતિ વાચાલમ્' છે. માટે સૌ પ્રથમ આ શ્લોકના રચયિતા શ્રીગુસાંઈજી મહારાજને આપણે દીનતાપૂર્વક દંડવત કરીએ.

## શ્રીગુસાંઈજી રચિત, શ્રીવલ્લભ, સાહિત્ય :

શ્રીગુસાંઈજી મહારાજે શ્રીવલ્લભ–સ્વરૂપનું નિરૂપણ કરમાં બીજાં ત્રણે સ્તોત્રો આપ્યાં છે : (૧) શ્રીસર્વોત્તમસ્તોત્ર (૨) શ્રીવલ્લભાષ્ટક (૩) શ્રીસપ્તશ્લોકી અથવા શ્રીસ્ફુરત્કૃષ્ણપ્રેમામૃત સ્તોત્ર. તે પૈકી શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં શ્રીમહાપ્રભુજીનાં દિવ્ય ૧૦૮ નામોનું નિરૂપણ છે. શ્રીવલ્લભાષ્ટકમાં આપની રૂપ–લીલાનું નિરૂપણ છે. જ્યારે શ્રીસપ્તશ્લોકીમાં આપના ગુણોનું નિરૂપણ છે. આ ત્રણે સ્તોત્રો અમૃતના મહાસાગર

સમાન છે. દધિમંથન કરતાં તેમાંથી સત્ત્વરૂપ માખણનો પિંડ મળે, તેમ શ્રીગુસાંઈજી મહારાજે આ ત્રણે સ્તોત્રોરૂપી અમૃતસમુદ્રોનું મંથન કરી શ્રીવલ્લભસ્વરૂપ સુધા પ્રાપ્ત કરી, તે આ "સૌંદર્યપદ્ય". એક જ શ્લોકમાં આપે શ્રીવલ્લભના નિત્યલીલાધામમાં પ્રાકટ્ય, દિવ્ય સ્વરૂપ, ગુણ, લીલા અને નામનું નિરૂપણ કરી દીધું ! આપશ્રી સિવાય આ સામર્થ્ય બીજા કોનામાં હોય ?

## શ્લોકનો છંદ :

શ્રીવલ્લભસ્વરૂપનો આ ધ્યાનમંત્ર છે. શ્રીવલ્લભસ્વરૂપનું ધ્યાન–ચિંતન આ શ્લોકથી ખૂબ જ સુંદર અને ભાવવાહીરીતે થઈ શકે છે. આપશ્રીના પ્રાકટ્ય અને સ્વરૂપની દિવ્યતા અને વિલક્ષણતાનો અનુભવ આ શ્લોક દ્વારા થાય છે. આ શ્લોક શાર્દૂલવિક્રીડિત છંદમાં છે. ૧૯ અક્ષરનો આ છંદ લગ્ન પ્રસંગે હસ્તમેળાપ વખતે ગવાતાં મંગલાચરણનો છંદ છે. વનરાજ–પશુરાજ સિંહની ગૌરવશાળી ચાલ જેવી આ છંદની લયરચના છે. તે પણ ભાવાત્મક છે. તે એમ સૂચવે છે કે શ્રીવલ્લભ પણ આપણા હૃદયરાજ છે. તેમનું ધ્યાન આ શ્લોકથી કરતાં, ગૌરવભરી ગતિએ આપશ્રી આપણા હૃદયમંદિરમાં પધારી, આપણો સ્વીકાર કરે છે–આપણને સનાથ કરે છે. વળી, આપનું પ્રાકટ્ય મંગલકારી છે–આપનું સ્વરૂપ આનંદકારી છે. આમ, સૂચવવા શાર્દૂલવિક્રીડિત છંદનો પ્રયોગ થયો છે. આ છંદના ગાનમાં બાર અક્ષરે અને પછી સાત અક્ષરે યતિ–અટકસ્થાન આવે છે. બાર અક્ષર શ્રીવલ્લભના દિવ્ય દ્વાદશાંગ સૂચવે છે. સાત અક્ષર આપશ્રીના છ દિવ્ય ધર્મો (ગુણો) સહિત સાતમા દિવ્ય ધર્મી સ્વરૂપનું સૂચન કરે છે. શ્રીવલ્લભ પણ શ્રીપ્રભુની જેમ જ દિવ્ય દ્વાદશાંગ અને ષડ્ધર્મ સહિત ધર્મીસ્વરૂપ છે. આથી નિજજનો માટે આનંદકારી અને મંગલકારી તથા 'મહાપૂરણકામ' છે. આવા શ્રીમહાપ્રભુ ભક્તવત્સલ હોવાથી, તેમનું ધ્યાન કરનાર ભક્તના હૃદયમાં ધીર, ગંભીર, લલિત્ ગતિથી પધારી, બિરાજે છે એમ શ્રીગુસાંઈજી મહારાજે શાર્દૂલવિક્રીડિત છંદના પ્રયોગ દ્વારા સૂચવ્યું છે.

## આ પદ્ય પરની ટીકાઓ :

આ પદ્યમાં શ્લોક એક છે, પણ આપણા જેવા જીવો માટે સમજવો અતિ ગહન, અતિ કઠિન છે. આથી તેના પર સંસ્કૃતમાં લખાયેલી ત્રણ ટીકાઓ આજે મળે છે. તે પૈકીની બે ટીકાઓ ગો. શ્રીગોકુલોત્સવજીની છે. એમાંની એક ટીકા સંક્ષિપ્ત છે, બીજી વિસ્તૃત છે. બંનેના પ્રારંભનું વિવરણ ભિન્ન છે, પાછળનું વિવરણ એક જ છે. આ પરથી એવું અનુમાન થાય છે કે શ્રીગોકુલોત્સવજીએ પ્રથમ ટીકા લખ્યા પછી, તેનાથી કદાચ તેમને પોતાને સંતોષ ન થયો હોય, અથવા તે વાંચનારે વધુ વિવરણની માગણી કરી હોય, જેને લઈને આપે બીજી ટીકા લખી હોય. શ્રીગોકુલોત્સવજીએ બંને ટીકાના અંતે પોતાનો પરિચય આપતાં એટલું જ બતાવ્યું છે કે આપ "શ્રીહરિરાયાણાં કૃપાબલમાશ્રિતઃ" છે અર્થાત્ શ્રીહરિરાયજી મહાપ્રભુના કૃપાબળના આશ્રિત છે. શ્રીહરિરાયજીને શ્રીમહાપ્રભુજી અત્યંત ઇષ્ટ હતા. તેથી શ્રીહરિરાયજીની કૃપાથી શ્રીગોકુલોત્સવજીને પણ શ્રીવલ્લભ સ્વરૂપમાં વિશેષાસક્તિ પ્રાપ્ત થઈ હતી, તેવું આ પદ્યથી સમજાય છે. શ્રીહરિરાયજી પર આટલો પૂજ્ય ભાવ ધરાવનાર શ્રીગોકુલોત્સવજી વિક્રમની ઓગણીસમી સદીમાં થયા હતા.

શ્રીગોકુલોત્સવજી વિષે નીચેની માહિતી પ્રાપ્ત થઈ છે.

શ્રીગુસાંઈજીના પ્રથમ પુત્ર શ્રીગિરધરજી (સં. ૧૫૯૭) તેમના બે પુત્રો. તેમાં બીજા પુત્ર દામોદરજી (સં. ૧૬૩૨). શ્રીદામોદરજીના બીજા પુત્ર શ્રીવિઠ્ઠલેશરાયજી (સં. ૧૬૫૭). તેમના પ્રથમ પુત્ર શ્રીગિરિધારીજી (સં. ૧૬૮૯) શ્રીગિરિધારીજીના પુત્ર શ્રીદામોદરજી (બડે દાઉજી) (સં. ૧૭૧૧). તેમના બીજા લાલજી શ્રીગિરધરજી (સં. ૧૭૪૫) તેઓ બીજા ગૃહમાં શ્રીહરિરાયજી મહાપ્રભુના ત્યાં ગોદ પધાર્યા. તેમના પ્રથમ પુત્ર શ્રીરઘુનાથજી (સં. ૧૭૬૨) શ્રીરઘુનાથજીના પ્રથમ પુત્ર શ્રીગોવિંદજી (સં. ૧૭૮૫). તેમના તૃતીય પુત્ર શ્રીગોકુલોત્સવજી. તેઓ આ પદ્યના ટીકાકાર છે. તેઓ શ્રીમહાપ્રભુજીની અગિયારમી પેઢીએ થયા.

તેમનું પ્રાકટ્ય શ્રીનાથદ્વારામાં દ્વિતીય ગૃહમાં સં. ૧૮૧૫ના શ્રાવણ સુદ ત્રીજ (ઠકુરાણી ત્રીજે) થયું. આપને આપના પૂર્વપુરુષ શ્રીહરિરાયજી મહાપ્રભુ પર પૂર્ણ ભાવ અને આસક્તિ હતાં, કારણ આપ તેમના વંશજ હતા. સૂરતના ઘરમાં શ્રીગોવર્ધનેશજી થયા. તેમને પુત્ર ન હોવાથી, શ્રીગોવર્ધનેશજીનાં વહુજીએ શ્રીગોકુલોત્સવજીને ગોદ લીધા. તેથી આપ સૂરત શ્રીબાલકૃષ્ણબાલાલજીની સેવા માટે પધાર્યા અને ત્યાં બિરાજ્યા.

આપને ૬ પુત્રો અને એક બેટીજી હતાં. આપના ૬ પુત્રોનાં નામ આ પ્રમાણે છે (૧) શ્રીગોપેશ્વરજી (૨) શ્રીલક્ષ્મીનૃસિંહજી (૩) શ્રીવ્રજરત્નજી

(૪) શ્રીવ્રજાભરણજી (૫) શ્રીવ્રજમોહનજી (૬) શ્રીપુરુષોત્તમજી તેમનાં એક બેટીજીનું નામ છે શ્રીદેવકાં બેટીજી.

"સૌંદર્ય પદ્ય" ની ટીકા ઉપરાંત આપની અન્ય કોઈ રચનાની માહિતી મળી નથી. પરંતુ આ એક જ રચના આપની વિદ્વત્તાની સાક્ષી પૂરે છે.

ત્રીજી ટીકા શ્રીગોપાલદાસ સાંચોરા નામના એક વિદ્વાન વૈષ્ણવની છે. તેમણે પોતાના પરિચયમાં એટલું જ જણાવ્યું છે કે તેઓ "મહંતા દાસાનુદાસઃ બાલ બુદ્ધિ" છે. આ શબ્દોમાં તેમની દીનતાનાં દર્શન થાય છે. તેમના વિશે વિશેષ કોઈ માહિતી મળતી નથી.

આ ત્રણ ટીકાઓના આધારે આપણે આ પદ્યનો ભાવ સમજવાનો છે.

## પદ્યનો વિષય :

આ પદ્યનો મુખ્ય વિષય નિત્યલીલામાં શ્રીવલ્લભ–સ્વરૂપના પ્રાકટ્યનો છે. આ દિવ્ય પ્રાકટ્ય–લીલા પ્રાચીન ભગવદીયોએ તેમના અનુભવ બળે વિસ્તારથી વર્ણવી છે. શ્રીમહાપ્રભુજી 'શ્રીસુબોધિનીજી' માં આજ્ઞા કરે છે કે "ભગવદીયોના હૃદયમાં તેમને થયેલો અનુભવ એ જ મોટામાં મોટું પ્રમાણ છે." આથી આ ભગવદીયોએ અનુભવેલી શ્રીવલ્લભની દિવ્ય પ્રાકટ્યલીલાનું પહેલાં આપણે સ્મરણ કરીશું, જેથી આ પદ્યનો ભાવ સરળતાથી સમજાય.

## શ્રીવલ્લભનું નિત્યલીલામાં પ્રાકટ્ય :

નિત્યલીલામાં શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીને એકબીજા માટે ઉત્કટ પ્રેમ. એકબીજા વિના એક ક્ષણ રહી ન શકે. શ્રીયુગલસ્વરૂપની સંયોગાત્મક અને વિયોગાત્મક રસભરી લીલાઓ સદૈવ થયા કરે. લીલા–રમણ કરતાં કરતાં રિસામણાં–મનામણાં પણ રોજ થાય. "શ્યામ રંગ સમીપે ન જાવું" ની પ્રતિજ્ઞા લેવાય અને તૂટે; કારણ 'મન કહે પલક ન નિભાવું.'

એક દિવસ હંમેશ કરતાં અનોખી લીલા થઈ.

ઉનાળાની ઋતુ હતી. બપોરનો સમય હતો. શ્રીયમુનાજીના કિનારે સુંદર ઉપવન હતું. તેમાં વૃક્ષ–વેલીઓની નિકુંજ હતી. સુગંધી પુષ્પોની



બહાર હતી. શીતળતા અને સુવાસિતતાની જુગલબંદી હતી. વાતાવરણ ખુશનુમા હતું.

શ્રીશ્યામસુંદરલાલ આ નિકુંજમાં પુષ્પશય્યા પર બિરાજ્યા હતા. મેઘશ્યામ શ્રીઅંગ પર સફેદ ધોતી–ઉપરણો અને મોતીના શૃંગાર ધર્યા હતા. શ્રીમસ્તકે સફેદ પાગમાં સફેદ મોરપિચ્છ ડોલતું હતું. શ્રીકંઠમાં એવડી સેરની મોતીની નાની માળા (દુલરી) ધારણ કરી હતી. પ્રિયાજીની રાહ જોવાતી હતી.

આપ વીણાવાદન કરી રહ્યા હતા. સારંગના કોમળ, શીતળ સૂરો નિકુંજમાં રેલાતા હતા. વીણાવાદન કરતાં બંને હસ્ત ચંચળ બન્યા હતા. ખભે ધારણ કરેલો ઉપરણો સરકી ગયો હતો. વિશાળ હૃદયપ્રદેશ નિરાવરણ થયો હતો. અતિ તેજસ્વી હૃદયપ્રદેશ અરીસાની જેમ ચમકતો હતો. આપશ્રી વીણાવાદનમાં અત્યંત લીન બની જવાથી, નેત્રો બીડાઈ ગયાં હતાં. પ્રિયાજીની પ્રતીક્ષામાં ડૂબી ગયા હતા.

થોડા સમય પછી શ્રીરાધિકાજી પધાર્યાં. નિકુંજના દ્વારમાં પધાર્યાં. પુષ્પશય્યા પર બિરાજેલા પ્રાણનાથને નિરખ્યા. મિલનની ઉત્કંઠા થઈ. દૃષ્ટિ હૃદયપ્રદેશ તરફ ગઈ. પ્રિયાજી ચમક્યાં. પ્રભુની ગોદમાં કોઈ અન્ય સ્વામિનીને બિરાજેલા જોયાં. વાસ્તવમાં એ સત્ય નહોતું. પ્રિયાજીનું જ પ્રતિબિંબ અરીસા જેવા પ્રભુના હૃદયપ્રદેશ પર ઝિલાયું હતું. પરંતુ પ્રિયાજીને ભ્રમ થયો.

પ્રભુની સાથે અન્ય સ્વામિનીના વિચારે એ માનુની છંછેડાયાં. ગુસ્સો બહાર પ્રકટ ન થયો. ગુસ્સો દુઃખ બની દમવા લાગ્યો. અસહાય અબળાની ગ્લાનિ થઈ આવી. ત્યાંથી જ મુખ ફેરવી લીધું. પધાર્યાં હતાં, તેવા જ દબાયેલા પગલે નિકુંજની બહાર પધારી ગયાં. અત્યંત ક્લેશાત્મક સ્થિતિમાં, એ જ ઉપવનની બીજી નિકુંજમાં જઈને બિરાજ્યાં. જેઠની બપોરે મહાની મધરાત જેવી શીતળતા હતી. છતાં ય તેમનું દિલ પ્રાણનાથના વિશ્વાસભંગથી દાઝતું હતું. કોમળ મુખ મ્લાન થઈ ગયું હતું; અશ્રુઓથી ખરડાઈ, કરમાઈ ગયું હતું. શ્વાસમાં ગરમ નિઃશ્વાસ નીકળતા હતા. વ્યથાની વેદના અસહ્ય બનતી જતી હતી.

એવામાં શ્રીલલિતાજી ત્યાં પધાર્યાં, તેઓ શ્રીરાધિકાજીનાં અતિ અંતરંગ સખી. તેમની આગળ શ્રીરાધિકાજીએ દિલ ખોલીને સઘળી હકીકત કહી. તે સાંભળી શ્રીલલિતાજી શ્રીઠાકોરજીની નિકુંજમાં પધાર્યાં.

શ્રીઠાકોરજી પણ શ્રીસ્વામિનીજીના વિરહથી પીડિત હતા. આપશ્રીએ શ્રીલલિતાજીને પૂછ્યું : "પ્રિયાજી કયાં બિરાજે છે? અહીં કેમ પધાર્યાં નથી?" જવાબમાં શ્રીલલિતાજીએ સઘળી હકીકત કહી. શ્રીઠાકોરજીને ભારે નવાઈ લાગી. આપે કહ્યું : "લલિતા, હું તો વીણાવાદનમાં તલ્લીન હતો. નેત્રો બંધ હતાં. તેથી પ્રિયાજી અહીં પધાર્યાંની મને ખબર નથી. અહીં તો બીજાં કોઈ સ્વામિની નથી. પછી પ્રિયાજીને તેવો ભ્રમ થયો કેવી રીતે?"

શ્રીલલિતાજી પણ વિચારમાં પડી ગયાં, છતાં તેઓ ચતુરશિરોમણિ હતાં; તેથી શ્રીઠાકોરજીના હૃદયપ્રદેશ તરફ નજર કરી. ત્યાં તેમને પોતાનું પ્રતિબિંબ દેખાયું. તેઓ સમજી ગયાં કે શ્રીરાધિકાજીએ દૂરથી પોતાનું પ્રતિબિંબ જોયું હતું. તે પ્રતિબિંબને ઝીણવટથી ન જોવાને લીધે, તેને બીજાં સ્વામિની માની બેઠાં. આથી ગુસ્સે થઈ, રિસાઈ ગયાં છે. આ પ્રસંગમાં શ્રીઠાકોરજીનો કોઈ વાંક નથી. આપે શ્રીઠાકોરજીને વિશ્વાસ અપાવ્યો કે તેઓ શ્રીપ્રિયાજીને સત્ય હકીકત કહી, ગેરસમજ દૂર કરી, પધરાવી લાવશે.

શ્રીલલિતાજી શ્રીરાધિકાજીની નિકુંજમાં પધાર્યાં; સઘળી હકીકત કહી. પણ શ્રીરાધિકાજી વાત સાંભળવા જ તૈયાર ન હતાં. તેઓ ખૂબ જ વિરહતાપ કરી રહ્યાં હતાં. શ્રીલલિતાજીને બીજો કોઈ ઉપાય જડયો નહિ. તેઓ નિરાશ થઈ, શ્રીઠાકોરજી પાસે પાછાં આવ્યાં. શ્રીઠાકોરજીને માનમિલાપની આશા હતી, પણ તે સફળ ન થઈ. આથી શ્રીઠાકોરજીનો વિરહતાપ પણ ઘણો વધી ગયો. આ સમાચાર જાણી સકલ લીલાપરિકર પણ ત્યાં આવી પહોંચ્યો. સૌ નિઃસહાય હતાં. કોઈ ઉપાય જડતો ન હતો.

બંને સ્વરૂપોનો તાપક્લેશ સર્વોચ્ચ માત્રાએ પહોંચ્યો. ત્યારે શ્રીઠાકોરજીના હૃદયમાં બિરાજતું શ્રીસ્વામિનીજીનું શ્રીભાવાત્મક ગૂઢ સ્વરૂપ બહાર પ્રકટ થયું. તેવી જ રીતે શ્રીસ્વામિનીજીના હૃદયમાં બિરાજતું શ્રીઠાકોરજીનું પુંરૂપ ગૂઢ સ્વરૂપ પણ બહાર પ્રકટ થયું. આ બંને સ્વરૂપો વચ્ચે તો માન હતું જ નહિ. આથી આ બંને ભાવાત્મક સ્વરૂપોનું મિલન થયું.

બે સ્વરૂપ એક થયાં. પરિણામે અલૌકિક ત્રીજું સ્વરૂપ પ્રકટ થયું. એ સ્વરૂપ બહારથી પુંરૂપ હતું, અંતરમાં સ્રીભાવવાળું હતું. પુંરૂપ–પુરુષાકાર–હોવા છતાં આપના અંગે અંગમાં સ્રીભાવની કોમળતા



અને રસમયતા વિલસતી હતી. આપના રોમરોમમાં શ્રીકૃષ્ણરૂપ ઝલકતું હતું. આપના હૃદયમાં શ્રીયુગલસ્વરૂપ ભાવાત્મક રીતે બિરાજમાન હતાં. આપ પણ શ્રીકૃષ્ણની જેમ મેઘવર્ણ, વાંકડિયા કેશ, વિશાળ ભાલ, તીવ્ર નાસિકા, કમળપત્ર જેવાં નેત્રો અને કમળ જેવા મુખથી શોભાયમાન હતા.

એમનાં દર્શન કરી, સમસ્ત લીલાપરિકર અતિ પ્રસન્ન થયો. સૌને અતિ પ્રિય લાગ્યા. તેથી સૌએ આપનું નામ 'શ્રીવલ્લભ' રાખ્યું. સૌએ શ્રીવલ્લભ નામનો જયઘોષ કર્યો.

પછી શ્રીચંદ્રાવલીજી, શ્રીયમુનાજી અને શ્રીલલિતાજીએ તેમને વિનંતી કરી: "હે શ્રીવલ્લભ, અમે આપનાં છીએ–"શ્રીવલ્લભ તવાસ્મિ". અમે આપનાં શરણે છીએ–"શ્રીવલ્લભઃ શરણં મમ", આપણા સૌના પ્રિયતમ અને પ્રિયાજી ઘણા સમયથી ગાઢ માનમાં બિરાજ્યાં છે. ઉભય સ્વરૂપોનું માન છોડાવી, મિલાપ કરાવવા આપ જ સમર્થ છો. માટે આપ તેમનું માન છોડાવો."

શ્રીવલ્લભ લીલાપરિકરને સાથે લઈ, પ્રથમ શ્રીઠાકોરજીની નિકુંજમાં પધાર્યા. શ્રીવલ્લભ પધારતાં, શ્રીઠાકોરજી પ્રસન્ન થયા. શ્રીવલ્લભે બે હાથ જોડી, મસ્તક નમાવી વંદન કરતાં વિનંતી કરી: "કૃષ્ણ તવાસ્મિ" લીલાપરિકરે પણ આ પંચાક્ષરમંત્ર ત્રણ વખત ઉચ્ચાર્યો. શ્રીઠાકોરજીએ શ્રીવલ્લભને પોતાના આશ્લેષમાં લીધા. શ્રીપ્રભુ અને શ્રીમહાપ્રભુનું પ્રથમ મિલન થયું.

પછી શ્રીવલ્લભની વિનંતીથી શ્રીઠાકોરજી શ્રીવલ્લભની સાથે શ્રીરાધિકાજીની નિકુંજમાં પધાર્યા. બંને સ્વરૂપોનાં સુખદ દર્શને જ શ્રીરાધિકાજીનું માન છૂટી ગયું. આપ પ્રસન્ન થઈ સામે પધાર્યાં. શ્રીયુગલ સ્વરૂપનું મધુર મિલન થયું, શ્રીવલ્લભે શ્રીયુગલ સ્વરૂપને એક સિંહાસન પર સાથે પધરાવ્યાં. બંને સ્વરૂપને હાથ જોડી, મસ્તક નમાવી, વંદન કરતાં વિનંતી કરીઃ "શ્રીકૃષ્ણઃ શરણં મમ" અર્થાત્ શ્રી એટલે શ્રીસ્વામિનીજી સહિત શ્રીકૃષ્ણ મારું શરણ છે. આ અષ્ટાક્ષર મંત્રનો ત્રણ વખત જયઘોષ સકલ લીલાપરિકરે કર્યો. શ્રીયુગલસ્વરૂપે પોતાના જ તૃતીય સ્વરૂપ શ્રીવલ્લભને પોતાની સાથે સિંહાસન પર પધરાવ્યા.

નિત્યલીલાધામમાં શ્રીવલ્લભના પ્રાકટ્ય મહોત્સવનો મંગલ આનંદ છવાઈ ગયો. શ્રુતિરૂપા સ્વામિની શ્રીચંદ્રાવલીજીએ શ્રુતિગાન કર્યું. એજ આ "સૌંદર્યપદ્ય" શ્લોક.

વેદની શ્રુતિઓ રસરૂપ છે. રસ ગુપ્ત રહે, તો તેની રસરૂપતા જળવાઈ રહે. આથી વેદની શ્રુતિઓની ભાષા સૂત્રાત્મક છે. માટે શ્રીચંદ્રાવલીજી સ્વરૂપ શ્રીગુસાંઈજી મહારાજે સૂત્રાત્મક ભાષામાં શ્રીવલ્લભ સ્વરૂપના પ્રાકટયનો મંગલ પ્રસંગ એક શ્લોકના "સૌંદર્યપદ્ય"માં વર્ણવ્યો છે, જેનું વિસ્તૃત નિરૂપણ આપણે જોયું. આ પ્રસંગ સમજ્યા પછી, આપણને આ પદ્ય સમજવું સુગમ બનશે, તેની ટીકાઓનું રહસ્ય સરળતાથી સમજાશે.

આપણે આ ત્રણે ટીકાઓને સાથે લઈને આ પદ્યનો ભાવ યથામતિ સમજવાનો પ્રયત્ન કરીએ.

## પદ્ય રચનાનો હેતુ :

ગો. શ્રીગોકુલોત્સવજી મહારાજ ટીકાની શરૂઆતમાં આ પદ્યરચનાનો હેતુ સમજાવે છે, આપણને પ્રશ્ન થાય કે શ્રીગુસાંઈજી મહારાજે આ પદ્યની રચના શા માટે કરી? ટીકાકાર તેનો જવાબ નીચે પ્રમાણે આપે છે.

શ્રીગુસાંઈજી મહારાજે પોતાના સેવકોને શ્રીમહાપ્રભુજીનું ધ્યાન ધરવાનો ઉપદેશ આપ્યો છે. પરંતુ આપશ્રીના સેવકો એવા આપણને શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું જ્ઞાન તો છે જ નહિ! જેને જોયા ન હોય, જેના વિષે જાણતા ન હોઈએ એનું ધ્યાન કેવી રીતે ધરાય? સ્વરૂપજ્ઞાન વિના સ્વરૂપધ્યાન શક્ય નથી. આથી, પોતાના સેવકોને શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું જ્ઞાન કરાવવા, શ્રીગુસાંઈજી મહારાજે આ પદ્યની રચના કરી છે.

આપણને એક પ્રશ્ન થાય: શ્રીગુસાંઈજી મહારાજે "શ્રીવલ્લભાષ્ટક" આદિ સ્તોત્રોથી શ્રીવલ્લભ-સ્વરૂપનું જ્ઞાન કરાવેલું જ છે. ત્યારે આ પદ્યની રચનાનો વિશેષ હેતુ શો?

ટીકાકાર તેનો ખુલાસો આ પ્રમાણે કરે છે– આપણે જીવાત્મા છીએ. તેથી આપણી જીવબુદ્ધિમાં અનેક દોષો રહેલા છે. તેને લઈને કદાચ શ્રીવલ્લભ–સ્વરૂપ આપણે બરોબર સમજી શક્યા ન હોઈએ તે બનવા જોગ છે. આપણી જીવબુદ્ધિનો આ દોષ દૂર કરવા માટે આપે આ પદ્યની રચના કરી, ફરીથી શ્રીવલ્લભ–સ્વરૂપ સમજાવ્યું છે.

આપે આ માટે એક બીજું કારણ આપ્યું. શ્રીગુસાંઈજી મહારાજ અતિ કૃપાળુ છે. આપની કૃપાનો પાર નથી. પોતાના સેવકો તરફ આપ



અનહદ દયાળુ છે. આને કારણે, આપે શ્રીવલ્લભ–સ્વરૂપ સમજાવવા આ પદ્યની રચના કરી.

ટીકાકાર તેમની બીજી ટીકામાં એક ત્રીજું કારણ પણ આપે છે. શ્રીવલ્લભસ્વરૂપ અતિ ગૂઢ છે. સરળતાથી સમજાય તેમ નથી. માટે આપે આ પદ્યની રચના કરી છે. શ્રીવલ્લભનું ગૂઢ સ્વરૂપ અતિ વિસ્તૃત છે. તેનો પાર પામવો મુશ્કેલ છે. જેમ બીજમાં ગુપ્ત રીતે આખું વૃક્ષ રહેલું હોય છે, તેમ આ પદ્ય શ્રીવલ્લભ–સ્વરૂપના નિરૂપણનું બીજ છે. શ્રીવલ્લભ વિષયક અન્ય સ્તોત્રો તેમાંથી પ્રગટ થયેલાં વૃક્ષ, ફળ અને ફૂલ છે. જેમકે 'સપ્તશ્લોકી' વૃક્ષ છે. 'શ્રીવલ્લભાષ્ટક' ફૂલ છે. 'શ્રીસર્વોત્તમસ્તોત્ર' ફળ છે. બીજ વિના વૃક્ષ વિકસે નહિ. આથી આ પદ્ય અન્ય સ્તોત્રોનું બીજ છે. આથી તેની રચના થઈ છે.

બીજા ટીકાકાર શ્રીગોપાલદાસજી પણ આ પદ્ય રચનાનું આ જ કારણ આપે છે.

ટૂંકમાં, ફરી વિચારી લઈએ તો આ પદ્યરચનાનાં કારણો નીચે મુજબ છે. (૧) સ્વરૂપધ્યાન માટે સ્વરૂપજ્ઞાન કરાવવા (૨) દોષ બુદ્ધિને લઈને સરખું સ્વરૂપજ્ઞાન ન થાય, ત્યારે વિશેષ કૃપા કરવા (૩) શ્રીવલ્લભ–સ્વરૂપ ગૂઢ હોવાથી વધુ સ્પષ્ટ કરવા (૪) શ્રીવલ્લભ વૃક્ષનું બીજ આ પદ્ય છે.

## પદ્યરચનાની ભૂમિકા :

શ્રીમહાપ્રભુજીએ 'તત્ત્વાર્થદીપનિબંધ' નામના ગ્રંથમાં સમજાવ્યું છે કે સાક્ષાત પુષ્ટિરસામૃત મેળવવાની ઈચ્છાવાળાં શ્રીગોપીજનોનાં યૂથને પોતાના લાવણ્યામૃતનું પાન કરાવવાની ઈચ્છાથી, જેમનું વર્ણન પણ ન થઈ શકે તેવા આનંદરસમય શ્રીકૃષ્ણ પ્રગટ થયાં. કદાચિત્ મારામાં રહેલું પરમ સૌંદર્ય હું પ્રગટ કરીશ, એ હેતુ સાકાર – આનંદાકાર – સૌંદર્ય પ્રકટ થયું એ જ શ્રીકૃષ્ણ.

શ્રીકૃષ્ણમાં પુંભાવ અને સ્ત્રીભાવ બંને રહેલા છે પુંભાવ પ્રગટ છે, સ્ત્રીભાવ હૃદયમાં ગુપ્ત રહેલો છે. એવી જ રીતે શ્રીસ્વામિનીજીમાં પણ સ્ત્રીભાવ અને પુંભાવ રહેલા છે. જેમાં સ્ત્રીભાવ પ્રગટ છે, જ્યારે પુંભાવ હૃદયમાં ગુપ્ત છે. બંને સ્વરૂપોમાં ઉભય ભાવ હોવાથી, તેઓ

'સર્વભાવાત્મા' છે. આથી શ્રીહરિરાયજી પણ આજ્ઞા કરે છે કે જેમ સર્વભાવાત્મા શ્રીકૃષ્ણચંદ્ર છે, તેમ શ્રીસ્વામિનીજી સર્વભાવાત્મક છે.

હવે ટીકાકાર આ શાસ્ત્રનો સિદ્ધાંત સમજાવે છે. શૃંગારરસનાં બે દળ છે : સંયોગરસ અને વિપ્રયોગરસ નાયક અને નાયિકામાં પુંભાવ અને સ્ત્રીભાવ બંને ભાવ હોય છે. પરંતુ સંયોગ સમયમાં નાયકનો પુંભાવ અને નાયિકાનો સ્ત્રીભાવ પ્રકટ થાય તો સંયોગશૃંગારરસ પ્રકટ થાય છે. આ વખતે નાયકના હૃદયમાં રહેલો સ્ત્રીભાવ અને નાયિકાના હૃદયમાં રહેલો પુંભાવ ગુપ્ત રહે છે, તે પ્રગટ થતા નથી. જો નાયકના પુંભાવ અને સ્ત્રીભાવ તથા નાયિકાના પુંભાવ અને સ્ત્રીભાવ એક સાથે પ્રકટ થાય તો રસ પ્રકટ થવાને બદલે રસાભાસ થાય.

આથી વિપ્રયોગરસનો અનુભવ કર્યા પછી, જ્યારે શ્રીયુગલ સ્વરૂપે સંયોગરસનો અનુભવ કરવાનો મનોરથ કર્યો, ત્યારે શ્રીઠાકોરજીના પુંભાવાત્મક પ્રગટ સ્વરૂપમાં ભીતર બિરાજતો સ્ત્રીગૂઢભાવ અલગ થયો તેવી જ રીતે શ્રીસ્વામિનીજીના સ્ત્રીભાવાત્મક પ્રકટ સ્વરૂપમાં ભીતર બિરાજતો પુંભાવ અલગ થયો. આ બંને હૃદયગત ગૂઢ ભાવોનું મિલન થતાં, જે સ્વરૂપ પ્રકટ થયું તે આપણા શ્રીમહાપ્રભુજી.

અહીં એક પ્રશ્ન થાય : ભાવ એટલે લાગણી, પ્રેમ એ વ્યાકરણની દૃષ્ટિએ પણ ભાવવાત્મક સંજ્ઞા છે. તે હૃદયનો ધર્મ છે. મનુષ્ય પદાર્થ વગેરેની જેમ તેને કોઈ આકાર તો હોય જ નહિ. તે નજરે જોઈ પણ ન શકાય. કેવળ અનુભવી શકાય. આથી તે અમૂર્ત (abstract) છે. તે આકાર (concrete) કેવી રીતે બને? ભક્તો ઈચ્છે તેવું સાકાર સ્વરૂપ કેવી રીતે ધારણ કરે? જ્યાં સુધી તે સાકાર ન બને, ત્યાં સુધી તેનું ધ્યાન કેવી રીતે થાય?

ટીકાકાર તેનો ખુલાસો આ પ્રમાણે કરે છે: ભગવાનમાં જે ધર્મો (ગુણો) છે, તે આપણને આપણા જેવા લૌકિક જણાય છે, પણ વાસ્તવમાં તે લૌકિક નથી, અલૌકિક છે. લૌકિક ધર્મો નાશવંત છે, જ્યારે ભગવાનના અલૌકિક ધર્મો નિત્ય છે. આથી ભગવાનના અલૌકિક ધર્મોનો વિચાર લૌકિક રીતે થઇ શકે નહિ, આપણા શરીરથી આપણા ગુણો અલગ છે, તેવું ભગવાનમાં નથી. ભગવાન અને તેમના ગુણો અલગ નથી. તે અભિન્ન છે. આથી ભગવાનના ગુણો પણ ભગવાનની જેમ સ્વરૂપાત્મક છે.



ગીતાજીમાં બ્રહ્મનું સ્વરૂપવર્ણન કરવામાં આવ્યું છે. બ્રહ્મને ચક્ષુ (આંખ) વગેરે સર્વ ઇન્દ્રિયોનું રૂપ અને ગુણો છે, છતાં તે ઇન્દ્રિયો પ્રાકૃત નથી; અપ્રાકૃત છે.

શ્રીગુસાંઇજી મહારાજે આ જ વાત 'શ્રીસર્વોત્તમસ્તોત્ર'ના પહેલા શ્લોકમાં સમજાવી; પ્રાકૃત ધર્મોનો આશ્રય ન કરનાર, અપ્રાકૃત રૂપ–ધર્મ વાળું બ્રહ્મનું શુદ્ધ સ્વરૂપ છે.

અહીં એક બીજી વાત સમજવા જેવી છે. ભગવાને પોતાનામાંથી, પોતે આ જગત પ્રકટ કર્યું છે. જગતમાં જ્યાં જ્યાં સૌંદર્ય રહેલું છે, ત્યાં ત્યાં તે સૌંદર્ય ભગવાનના સૌંદર્યનો જ અંશ છે. તે સૌંદર્ય ભગવાન સાથે જ સંબંધિત છે. ભગવાન પોતે અપ્રાકૃત–અલૌકિક છે, તેથી તેમની સર્વ જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો પણ અપ્રાકૃત–અલૌકિક છે– ભગવદ્રૂપ છે. સર્વ ઇન્દ્રિયોમાં સ્વયં ભગવાન જ છે. આથી તે આનંદમય–સચ્ચિદાનંદ–છે. એ જ પ્રમાણે ભગવાનના ધર્મો પણ ભગવદ્-રૂપ છે. ભગવાન અને ભગવાનના ધર્મો અભિન્ન હોવાથી ભગવાનની જેમ ભગવાનના ધર્મો પણ સચ્ચિદાનંદ–આનંદમય છે.

શ્રુતિઓએ ભગવાનના સ્વરૂપનું વર્ણન કરતાં, ભગવાનને 'આનંદ-કરપાદમુખોદરાદિ' કહ્યા. અર્થાત્ ભગવાનના હસ્ત, ચરણ, મુખ, ઉદર આદિ સર્વ અવયવો આનંદમય છે, આ પરથી એમ સમજાય છે કે આનંદ સાકાર છે – રૂપાત્મક – છે. તે કેવળ ભાવસ્વરૂપ નથી, ઘનસ્વરૂપ પણ છે. આથી જ્યારે ભગવદ્ધર્મો આનંદાત્મક છે, ત્યારે તેઓ સાકાર ઘનસ્વરૂપ પણ છે.

લૌકિક ભાવ સ્વરૂપાત્મક–મૂર્ત–નથી, પણ ભગવદ્ભાવ સ્વરૂપાત્મક છે એમ વેદની શ્રુતિઓ દ્વારા સિદ્ધ થાય છે.

આ જ વાત ટીકાકાર એક ઉદાહરણ આપીને સમજાવે છે, જગતના જાણવા પ્રમાણે વેદ શબ્દાત્મક છે. આથી અમૂર્ત છે. સાથે સાથે તેઓ સ્વરૂપાત્મક પણ છે. તેથી એમ કહેવાયું કે સ્વર્ગમાં મૂર્તિવાળા (સ્વરૂપધારી) વેદો છે.

શ્રીમહાપ્રભુજીએ પણ આપણને સમજાવ્યું કે દરેકમાં ત્રણ સ્વરૂપ છે. ગંગાજળ આધિભૌતિક સ્વરૂપ છે. પાપનો નાશ કરવાની તેની શક્તિ

તેમનું આધ્યાત્મિક સ્વરૂપ છે. ગંગાજીનું દૈવી સ્વરૂપ આધિદૈવિક સ્વરૂપ છે. આમ ભગવાનના ધર્મો તેમના આધ્યાત્મિક સ્વરૂપે અમૂર્ત છે, પણ આધિદૈવિક સ્વરૂપે મૂર્ત છે.

આ વાત શ્રીગુસાંઈજી મહારાજે 'ટિપ્પણી' અને 'અણુભાષ્ય'ના તૃતીયાધ્યાયમાં વિસ્તારથી સમજાવી છે. આ સિદ્ધાન્ત પ્રમાણે જ અહીં શ્રીગુસાંઈજી મહારાજે શ્રીમહાપ્રભુજીનું સીપુંભાવાત્મક અલૌકિક સ્વરૂપ વર્ણવ્યું છે. તે યોગ્ય જ છે.

આટલી ચર્ચા કર્યા પછી, ટીકાકાર રસશાસ્ત્રનો એક બીજો સિદ્ધાંત સમજાવે છે. જ્યારે રસ પ્રકટ થાય, ત્યારે તે રસનો અનુભવ કરનાર પણ હોવો જોઈએ. અનુભવ કરનાર વિના રસમાં ચમત્કૃતિ ન આવે, જેમ હાસ્યરસનો પ્રસંગ પ્રકટ થાય, ત્યારે હાસ્યરસ માણનાર ન હોય તો હાસ્યરસની ચમત્કૃતિ થતી નથી. આપણે કોઈ વાર્તા વાંચીએ છીએ, ત્યારે તેમાં કરુણરસ હોય છે. તે વાંચતાં આપણે ઘડીભર આપણી જાતને ભૂલી જઈએ છીએ. વાર્તાના પાત્ર સાથે આપણી જાતને એકાકાર કરી દઈએ છીએ. ત્યારે આપણને એમ જ લાગે છે કે આ કરુણ પ્રસંગ આપણા જ જીવનમાં બની રહ્યો છે. આથી આપણે કરુણરસમાં ડૂબી જઈએ છીએ. આને 'રસશાસ્ત્ર'માં સમસંવેદન કહે છે. આવા સમસંવેદકના હૃદયમાં રસની ચમત્કૃતિ અનુભવાય છે.

શૃંગારરસની બાબત જુદી પડે છે. વાસ્તવિક જીવનમાં શૃંગારરસનો અનુભવ કરનાર સ્ત્રી–પુરુષ હોય છે. શૃંગારપ્રચુર રસનો અનુભવ તેમનો અંગત અનુભવ છે. એ સમય દરમ્યાન અન્ય–ત્રીજાની હાજરી ચાલે નહિ. ત્રીજાની હાજરીમાં શૃંગારરસ પ્રકટ ન થાય–રસાભાસ થાય. સાથે સાથે એ રસનું નિરૂપણ પણ ન થાય, તો બીજાઓ તેનું સમસંવેદન માણી શકે નહિ. આથી સાહિત્યકારો તેમની કલ્પનાનાં પાત્રો દ્વારા પોતાનો રસાનુભવ પરોક્ષ રીતે આલેખે છે. આથી શૃંગારની રસનિષ્પત્તિ વાચકો માણી શકે છે.

સર્વભાવાત્મક શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીને પણ પોતાના લીલાપરિકર પર કૃપા કરી, પોતાના રસાનુભવનું તેમનામાં સમસંવેદન પ્રકટ કરવું છે. સાથે સાથે નિત્યલીલામાંથી વિખૂટા પડેલા પુષ્ટિજીવોને પણ આ લીલારસનું ધ્યાન કરાવવું છે તેનું નિરૂપણ કરવા તેનો અનુભવ કરનારની જરૂર પડે. આ અનુભવ કરનાર ત્રીજી વ્યક્તિ અન્ય હોય, તો



રસાભાસ થઈ જાય–લીલા જ સંભવે નહિ. આથી શ્રીયુગલસ્વરૂપે વિપ્રયોગલીલા દ્વારા પ્રથમ પોતાના જ ભાવોના મિલન દ્વારા પોતાનું જ નવું સ્વરૂપ–પ્રકટ કર્યું. પોતે જ પોતાના લીલારસનો અનુભવ કરે, ત્યારે રસાભાસ ન થાય.

શ્રીયુગલસ્વરૂપે પ્રકટ કરેલું આ તૃતીય સ્વરૂપ તે શ્રીવલ્લભ. તેઓ લીલારસનો અનુભવ કરનાર – સાક્ષી – હોવાથી તેમનું સ્વરૂપ સાક્ષીસ્વરૂપ કહેવાયું. આ સ્વરૂપ સાક્ષાત પુરુષોત્તમ સ્વરૂપ જ છે. ગીતાજીમાં પણ કહ્યું છે કે પુરુષોત્તમ! તમે તમારા સ્વરૂપને તમારાથી જ જાણો છો. આથી સિદ્ધ થાય છે કે અહીં ભગવલ્લીલાનો અનુભવ ઈતર ત્રીજા સ્વરૂપને ન થતાં, પોતે જ શ્રીવલ્લભ સ્વરૂપે કર્યો છે. આમ શ્રીવલ્લભસ્વરૂપ સાક્ષાત પુરુષોત્તમ સ્વરૂપ છે એ વાત પણ સિદ્ધ થાય છે. આથી ભગવદીયોએ આ અનુભવ ગાયો–"જોઈ વલ્લભ સોઈ સ્યામ."

જેને લીલારસનો અનુભવ થયો હોય, તે જ તેનું વર્ણન કરી શકે. આ લીલારસનો અનુભવ શ્રીમહાપ્રભુજીએ કર્યો. જગતમાં આપ આચાર્ય સ્વરૂપે પ્રકટ થયા છે. "આચરતિ આચરયતિ ઇતિ આચાર્ય:" જે પોતે આચરણ કરે અને બીજાની પાસે આચરણ કરાવે તે આચાર્ય. પોતાના સ્વરૂપની ગૂઢ વાતો પોતે કહે તો જગત તેમના પર આત્મપ્રશંસાનું દોષારોપણ કરે. તેમની વાતને બડાઈ માની વિશ્વાસ ન પણ કરે. વળી ભક્તિમાર્ગ દાસભાવનો–દીનતાનો માર્ગ છે, તેથી ભક્તોમાં પોતાપણાનું અભિમાન ન હોવું જોઈએ. ભક્તે પોતાની પ્રશંસા ન કરવી જોઈએ. આવો બોધ પોતાના વર્તનથી આપવા માટે, શ્રીમહાપ્રભુજી પોતે આ લીલારસનો અનુભવ કેવી રીતે વર્ણવે? સાથે સાથે પૃથ્વી પરના પુષ્ટિજીવોને આ અનુભવનું જ્ઞાન કરાવવાની પ્રભુની ઈચ્છાનું પાલન પણ કરવાનું છે. જેના મુખથી આ અનુભવ પ્રકટ થાય, તેના શબ્દોમાં સૌને વિશ્વાસ પણ બેસવો જ જોઈએ. આથી શ્રીમહાપ્રભુજીએ પોતાનું જ બીજું સ્વરૂપ શ્રીગુસાંઈજી રૂપે પૃથ્વી પર પ્રકટ કર્યું. વળી તેઓ શ્રુતિરૂપા હોવાથી તેમના શબ્દો વેદવાક્ય છે, આથી આપોઆપ પ્રમાણાત્મક છે. માટે આ પદની રચના શ્રીગુસાંઈજી મહારાજ દ્વારા થઈ.

શ્રીગોપાલદાસજી તેમની ટીકાના પ્રારંભમાં આ પદરચનાની ભૂમિકા માટે એક વિશેષ કારણ આપે છે. કોઈપણ વ્યક્તિ કે વસ્તુની

રસરૂપતાનું વર્ણન કરવા તેની રસમયતાનું વર્ણન કરવું જોઈએ. રસશાસ્ત્ર મુજબ રસ પ્રકટ કરવા આલંબન, ઉદ્દીપન, સંચારી અને સ્થાયી ભાવ–વિભાવો જરૂરી છે. તેમના દ્વારા લીલાની રસમયતા અનુભવાય છે. એ અનુભવ રસરૂપ પ્રભુનો અનુભવ થાય છે. આથી આ પદ્યમાં શ્રીગુસાંઈજી મહારાજ રસાત્મક શ્રીવલ્લભના રસરૂપ સ્વરૂપના ધ્યાન માટે, તેમની રસમયતાનું–રસમયલીલાનું નિરૂપણ કરે છે. 'સર્વકામ' ભગવાન 'રસો વૈ સઃ' છે તેથી તેમની સર્વ લીલાઓ રસરૂપ છે. માટે આ લીલા પણ રસરૂપ છે.

બંને મહાનુભાવ ટીકાકારોએ આપણને આ પદ્યરચના પાછળની ભૂમિકા સમજાવી. હવે પદ્યના પ્રત્યેક પદનો ભાવ વિસ્તારપૂર્વક સમજાવે છે. આપણે તે સમજીએ.

## પદ વિચાર :

આ પદ્યમાં પહેલું પદ છે **સૌંદર્યમ્**. સૌંદર્ય એટલે સુંદરતા. આપણી ભાષામાં સુંદરતા માટે બે શબ્દો વપરાય છે. રૂપ અને સૌંદર્ય. અહીં શ્રીગુસાંઈજી મહારાજે રૂપ શબ્દ ન વાપરતાં સૌંદર્ય શબ્દનો પ્રયોગ કર્યો છે. તેનું કારણ એ છે કે રૂપનો સંબંધ કેવળ શરીરના બાહ્ય દેખાવ સાથે હોય છે. જેનો દેખાવ આકર્ષક હોય, રંગ ગોરો હોય તેને આપણે રૂપ શબ્દથી ઓળખીએ છીએ. આપણો અનુભવ છે કે કેવળ બાહ્ય દેખાવ તે માણસની સાચી ઓળખાણ નથી. માણસની સાચી ઓળખાણ તેના ગુણોથી છે. માણસના ગુણો તે તેના અંતઃકરણનું રૂપ છે. બાહ્યરૂપ કેવળ દેખાવ દર્શાવે છે. આંતરિકરૂપ એના ગુણોની મધુરતા બતાવે છે. કેવળ રૂપમાં મધુરતા હોતી નથી. રૂપ અને ગુણ બંને એકએકને સુયોગ્ય હોય ત્યારે રૂપ અને ગુણના સંયોગથી મધુરતા પ્રગટ થાય છે. જેને આપણે સૌંદર્ય શબ્દથી ઓળખીએ છીએ.

આથી જ્યારે શ્રીમહાપ્રભુજીની સન્મુખ શ્રીનાથજી પવિત્રા એકાદશીની મધ્યરાત્રિએ પ્રગટ થયા ત્યારે તેમના રૂપ અને ગુણ બંનેને એક સાથે વર્ણન કરતાં મધુરાષ્ટકમાં શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીને મધુરાધિપતિ કહ્યા છે. એનો અર્થ કે શ્રીનાથજીમાં ઉત્તમોત્તમ અલૌકિક સૌંદર્ય પ્રગટ છે, જેને લઈને આપ મધુરાધિપતિ કહેવાયા છે.

વેદની શ્રુતિઓએ પણ ભગવાનના સ્વરૂપનો અનુભવ કરીને તેમને રસોવૈષઃ કહ્યા. રસ સૌંદર્ય માટે વપરાતો શબ્દ છે. રસથી જે તે



વ્યક્તિનું સૌંદર્ય સમજાય છે. આથી શ્રુતિઓએ પણ ભગવાન સર્વોત્તમ સૌંદર્યનિધાન છે એમ કહ્યું. ભગવાનનું સૌંદર્ય વર્ણવવા માટે શ્રુતિઓએ વિશેષ ખુલાસો કર્યો કે ભગવાનના હસ્ત, ચરણ, મુખ, ઉદર વગેરે બધાં અવયવો આનંદના છે. આનંદ એ રસનું અલૌકિક સ્વરૂપ છે. આનંદ દ્વારા શ્રુતિઓએ ભગવાનના સૌંદર્ય વિશે જ વિશેષ માહિતી આપી છે, કારણ કે આનંદ એક અલૌકિક ગુણ છે. જે પહેલાં હૃદયમાં પ્રગટ થાય છે, અને પછી બાહ્ય ઈન્દ્રિયોમાં પ્રવેશે છે. તેનાથી વ્યક્તિનું બાહ્ય અને આંતરિક રૂપ સુંદર બને છે. મનુષ્યમાં સાચો આનંદ હોતો નથી. એટલે આનંદ એ મનુષ્યનો કોઈ ગુણ નથી. માટે મનુષ્યનું સૌંદર્ય ભગવાનના સૌંદર્ય પાસે કોઈ વિસાતમાં નથી. જગતમાં સૌથી સુંદર કેવળ ભગવાન છે. માટે સુંદરતાને શોધનારા સૌ આખરે ભગવાનને શોધે છે.

ભગવાન માટે આપણા શાસ્ત્રોએ કૃષ્ણ શબ્દનો પ્રયોગ પણ કર્યો છે. કૃષ્ણ શબ્દનો સામાન્ય અર્થ શ્યામરંગ એવો થાય છે. શાસ્ત્રોમાં શ્યામરંગને શૃંગારરસનો રંગ કહ્યો છે. ભરત મુનિએ નાટ્ય શાસ્ત્રમાં જુદા જુદા રસોનું વર્ણન કર્યું છે. આ બધા રસો મૂળમાં અલૌકિક રસો છે. જે અલૌકિકમાંથી લૌકિક જગતમાં આવ્યા છે. બધા જ રસોનું મૂળ ભગવાન સ્વયમ્ છે. માટે ભગવાન સ્વયમ્ શૃંગારરસનું સ્વરૂપ પણ છે. તેથી ભગવાનનો વર્ણ વાદળ જેવો શ્યામ–મેઘશ્યામ બતાવાયો છે. વાદળ પણ શ્યામ હોવા છતાં અત્યંત સુંદર દેખાય છે. વાદળનો કેવળ બાહ્ય દેખાવ સુંદર નથી. તેઓ જગતને જીવન આપવા નિઃસ્વાર્થ ભાવે પાણી લાવે છે અને વરસાવે છે એ કરુણા અને ઉદારતાના ગુણોથી વાદળો વધારે સુંદર લાગે છે. જગતમાં દેખાતાં જડ વાદળો તેમના ગુણો અને દેખાવથી સુંદર લાગતાં હોય તો એ વાદળોના રંગને ધારણ કરનાર સ્વયમ્ ભગવાન કેટલાં બધાં સુંદર હોવા જોઈએ! આથી ભગવાનનું એક નામ કૃષ્ણ કહેવાયું. આમ કૃષ્ણ શબ્દ સુંદરતાનો પર્યાય બની ગયો છે.

કૃષ્ણ શબ્દનો શાસ્ત્રોએ એક બીજો અર્થ પણ આપ્યો છે. કૃષ એટલે સર્વ સામર્થ્ય. જે પોતાના સામર્થ્યથી જગતના બધા જીવોને પોતાના તરફ આકર્ષે ખેંચે તે કૃષ્ણ. માણસનું સામર્થ્ય તે તેનું સાચું સૌંદર્ય છે. માટે જગતમાં વીર પુરુષો હંમેશાં સોહામણા ગણાયા છે. અનેક યુવતિઓના મન વીર પુરુષો તરફ ઢળતાં રહ્યાં છે. કારણ કે

તેમની વીરતા એ જ તેમનું સાચું સૌંદર્ય છે. ભગવાનના જેટલી વીરતા અને સામર્થ્ય જગતમાં બીજા કોઈમાં નથી. માટે એમના અલૌકિક સૌંદર્યથી વ્રજલીલામાં સર્વે વ્રજવનિતાઓ આકર્ષાયા અને દ્વારકામાં અષ્ટ પટરાણીઓ સહિત સોળ હજાર રાજકન્યાઓ પણ તેમના તરફ આકર્ષાયાં હતાં.

કૃષ્ણ શબ્દમાં બીજો શબ્દ છે ણ. જેનો અર્થ છે પરમાનંદ–પૂર્ણાનંદ. ભગવાનનો આનંદ પૂર્ણ છે, તેમાં કદી વધ–ઘટ થતી નથી. માટે તેમને આપણે કૃષ્ણ કહીએ છીએ. આપણે આગળ જોઈ ગયા કે આંતરિક અને બાહ્ય આનંદથી સૌંદર્ય પ્રગટ થાય છે. ભગવાનમાં જ્યારે પૂર્ણ આનંદ રહેલો હોય ત્યારે તેમના દિવ્ય સર્વોત્તમ સૌંદર્યનું પૂછવું જ શું? આથી પણ ભગવાનનું સૌંદર્ય અલૌકિક દિવ્ય અને સર્વોત્તમ છે એમ આપણને સમજાય છે.

આ તો આપણે આપણી લૌકિક બુદ્ધિથી અને દૃષ્ટિથી ભગવાનના સૌંદર્યનો વિચાર કર્યો. પરંતુ શ્રીગુસાંઈજી મહારાજ સ્વયમ્ પ્રભુનું જ સ્વરૂપ હોવાથી પોતે પ્રભુના સ્વરૂપનું સૌંદર્ય અલૌકિક દૃષ્ટિથી અહીં બતાવે છે. ટીકાકાર મહાનુભાવોએ એની સુંદર ચર્ચા પોતાની ટીકાઓમાં કરી છે. તે આપણે જોઈએ.

સૌંદર્ય કેવળ રૂપ નથી પરંતુ તે હૃદયનો ગુણ અર્થાત્ ધર્મ છે. ભગવાને જગતમાં પોતાના રમણ માટે સ્ત્રી અને પુરુષ એમ બે રીતે રૂપ પ્રગટ કર્યાં છે. આ બંને રૂપોને પોતપોતાનું સૌંદર્ય છે અને તેનાથી તેઓ શોભાયમાન છે. આપણામાં કહેવત છે કે 'કૂવામાં હોય તે હવાડામાં આવે' એ ન્યાયે ભગવાનનું પોતાનું અદ્ભુત સૌંદર્ય છે, તે સૌંદર્યના જ કેટલાંક અંશો જગતમાંના સ્ત્રી–પુરુષોમાં આવેલા છે. ભગવાને પોતે પોતાનામાંથી સ્ત્રી અને પુરુષ એમ બંને રૂપો પ્રગટ કરેલા હોવાથી એમ સમજી શકાય છે કે ભગવાનમાં આ બંને રૂપો રહેલાં છે. જો ભગવાનમાં આ બંને રૂપો રહેલા ન હોય તો તે બહાર પ્રગટ થઈ શકે નહિ. જેમ બીજમાં વૃક્ષ રહેલું હોવાથી બીજમાંથી વૃક્ષ પ્રગટ થાય છે તેમ ભગવાનમાં સ્ત્રી અને પુરુષ એ બંને રૂપો રહેલાં હોવાથી એ બંને રૂપો પ્રગટ થયેલા છે.

આથી જ્યારે ભગવાને પોતાની ક્રીડા માટે ગોલોકધામ પ્રગટ કર્યું ત્યારે પોતાના જ સ્વરૂપમાંથી શ્રીસ્વામિનીજી આદિ સમસ્ત



ગોપિકાઓને પ્રગટ કર્યાં હતા. આ બધા નારી રૂપો પ્રભુના હૃદયમાંથી પ્રગટ થયેલાં છે. તેથી અહીં શ્રીગુસાંઈજી મહારાજે એમ સમજાવ્યું કે પ્રભુના નિજ હૃદયમાં સ્ત્રીભાવ ગૂઢ રીતે રહેલો છે. આ વાત સમજાવવા આપે "સ્ત્રીગૂઢભાવાત્મકમ્" એ પદનો પ્રયોગ કર્યો. પ્રભુ પોતે સ્ત્રીગૂઢભાવાત્મા છે. સ્ત્રીના સૌંદર્યની અને ભાવની અનેક છટા હોય છે. તેમાં કોમળતા, લાલિત્ય, મધુરતા, પ્રસન્નતા જેવા અનેક ગુણો રહેલા હોય છે. તેને લઈને સ્ત્રીસૌંદર્ય વિશેષ શોભાયમાન બને છે. પ્રભુમાં આવો સ્ત્રીભાવ ગૂઢ રીતે રહેલો છે તેમ સૂચવવા માટે આપણા પુષ્ટિમાર્ગમાં પ્રભુને અંગીકાર થતા શૃંગાર પૈકી મોટાભાગના શૃંગાર સ્ત્રીસ્વરૂપને અનુરૂપ હોય છે.

'સ્ત્રીગૂઢભાવાત્મક' પદથી એમ પણ સૂચવવામાં આવ્યું કે સ્ત્રીભાવથી સમૃદ્ધ એવા શ્રીસ્વામિનીજી અને વ્રજગોપિકાઓ શ્રીપ્રભુના હૃદયમાં બિરાજમાન છે. તેમના અપૂર્વ સૌંદર્યથી ભગવાન અલૌકિક રીતે સુશોભિત છે. વેદ વગેરેની શ્રુતિઓ પણ આ અલૌકિક ભાવ સ્વરૂપને જાણી શકયા નથી, કારણ કે આ દિવ્ય સ્વરૂપ અપ્રમેય સ્વરૂપ છે. પ્રમાણો ત્યાં સુધી પહોંચી શકયા નથી. માટે આ લૌકિક જગતમાં પ્રસિદ્ધ નથી. તે અત્યંત ગૂઢ છે. માટે ભગવાનના હૃદયમાં રહેલ સ્ત્રીભાવને અહીં ગૂઢ કહેવામાં આવ્યો છે.

આ સ્ત્રીગૂઢભાવ ભગવાનના હૃદયમાં રહેલો છે તેમ સૂચવવા માટે શ્રીગુસાંઈજી મહારાજે એક પદ વાપર્યું – 'નિજહૃદ્ગતમ્' : અર્થાત્ આ અસાધારણ ધર્મરૂપી સૌંદર્ય ભગવાનના પોતાના હૃદયમાં રહેલું છે, અન્યત્ર ક્યાંય રહેલું નથી.

શ્રીગોપાલદાસજી આ પંક્તિના વિવેચનમાં વિશેષમાં એમ સમજાવે છે કે નિત્યલીલામાં શ્રીગોકુલ વગેરે સ્થાનોમાં પ્રગટ થયેલી નિત્યલીલાના સર્વે જીવો મને જુએ તેવી ઇચ્છાથી ભગવાને પોતાના હૃદયમાં રહેલા સૌંદર્યને પ્રથમ વખત વ્રજમાં બહાર પ્રગટ કર્યું હતું, તે જ આ સ્ત્રીગૂઢભાવાત્મક સૌંદર્ય છે.

શ્રીગુસાંઈજી મહારાજે આમ આ પદની પ્રથમ પંક્તિમાં આપણને સમજાવ્યું કે સદાનંદ કૃષ્ણ જે પૂર્ણ પુરુષોત્તમ પરમાનંદરૂપ છે તેમના હૃદયમાં અલૌકિક સ્ત્રીભાવ બિરાજમાન છે. જે જગત માટે અતિ ગૂઢ

છે. તેથી જગત તેનું રહસ્ય જાણી શકયું નથી. એવા પોતાના હૃદયમાં બિરાજતા અલૌકિક સ્ત્રી ગૂઢ ભાવને તેમણે બહાર પ્રગટ કર્યો.

બીજી પંકિતમાં પ્રથમ પદ છે 'પુંરૂપમ્': પુંરૂપ એટલે જેનાથી પુરુષ ઓળખાય તે તેનો પું નામનો ધર્મ. આપણે આગળ જોઈ ગયા કે બ્રહ્મ ભકતોને માટે સાકાર બનતાં ભગવાન કહેવાયા. તેમણે પોતાના ભકતોના મનોરથ પૂરા કરવા નરાકારરૂપ ધારણ કર્યું. તેથી ભગવાન પુરુષાકારે પ્રગટ થયા છે. માટે તેમનું બાહ્ય સ્વરૂપ પુંરૂપનું છે. આપણે આગળ એ પણ સમજી ચૂકયા છીએ કે ધર્મ અને ધર્મી વચ્ચે અભેદ છે. એટલે કે બંને એક જ છે. માટે પુંરૂપ એ ભગવાનનો ધર્મ છે તો પુંરૂપ એ ભગવાનનું ધર્મી સ્વરૂપ પણ છે. માટે પુંરૂપી સૌંદર્ય કહેવામાં આવ્યું. ભગવાનનું પુંરૂપ એ કેવળ તેમનું બાહ્ય સ્વરૂપ નથી, પણ હૃદયનો ધર્મ પણ છે. તેથી ભગવાનના અલૌકિક સૌંદર્યનું વર્ણન કરતાં અહીં શ્રીગુસાંઈજી મહારાજે એમ સમજાવ્યું કે જેમ ભગવાનમાં ગૂઢ રીતે સ્ત્રીભાવ રહેલો છે તેમ પુંભાવ પણ રહેલો છે. સ્ત્રીભાવને પોતાનું આગવું સૌંદર્ય છે તે જ રીતે પુંભાવને પણ પોતાનું આગવું સૌંદર્ય છે.

ટીકાકારે ધર્મ અને ધર્મીનો અભેદ સમજાવતાં સુંદર રીતે બતાવ્યું કે જેમ સૂર્ય અને સૂર્યપ્રકાશ વચ્ચે અભેદ છે તેમ ભગવાન અને ભગવાનના પુંરૂપ વચ્ચે પણ અભેદ છે.

શ્રીગોપાલદાસજી તેમની ટીકામાં વિશેષમાં કહે છે કે પુંરૂપ શબ્દથી શ્રીપ્રભુનું બીજું સ્વરૂપ સમજાય છે. પુંરૂપ પ્રભુના હૃદયમાં બિરાજમાન હતું, તે બહાર પ્રગટ થયું. આ પુંરૂપ સૌંદર્ય પરમ શોભન સમયે વ્રજમાં નંદાલયમાં પ્રગટ થયું હતું. પ્રભુ લીલામાં પુંરૂપ પ્રગટ રીતે ધારણ કરી બિરાજમાન છે. એમ પણ આ દ્વારા સૂચવવામાં આવ્યું છે.

આમ, શ્રીગુસાંઈજી મહારાજે આપણને સમજાવ્યું કે ભગવાનના હૃદયમાં ગૂઢ રીતે સ્ત્રીભાવ અને પુંભાવ રહેલા છે. તે પૈકી ભગવાને પોતે બહાર પુંભાવનું સ્વરૂપ પોતાને માટે પ્રગટ કર્યું, જ્યારે શ્રીસ્વામિનીજી આદિ ગોપિકાઓ રૂપે સ્ત્રીભાવનું સ્વરૂપ પ્રગટ કર્યું. આમ લીલામાં પ્રભુ બે સ્વરૂપે બિરાજમાન થયા.



જેમ ભગવાનમાં પ્રગટ રીતે પુંભાવ અને ગૂઢ રીતે સ્ત્રીભાવ બિરાજમાન છે તેમ શ્રીસ્વામિનીજીના હૃદયમાં ગૂઢ રીતે પુંભાવ અને પ્રગટ રીતે સ્ત્રીભાવ બિરાજમાન છે, એમ સમજવું.

રસશાસ્ત્રના નિયમ પ્રમાણે નાયક અને નાયિકામાં નાયક ભોકતા અને નાયિકા ભોજ્ય હોય છે. આથી રસશાસ્ત્ર પ્રમાણે નાયક પુંરૂપ પ્રગટ કરે છે જ્યારે નાયિકા સ્ત્રીરૂપ પ્રગટ કરે છે. જો કે નાયકના હૃદયમાં પણ સ્ત્રીભાવ અને નાયિકાના હૃદયમાં પુંભાવ તો રહેલા હોય છે જ. પરંતુ તેઓ લીલા સમયે પોતાના આ ગૂઢ ભાવોને પ્રગટ થવા દેતા નથી. કારણ કે પુંભાવ અને સ્ત્રીભાવ સાથે રહે તો રસ પ્રગટ ન થાય. લીલામાં રસાભાસ થાય. જ્યારે નાયક ભોકતા બને ત્યારે તે ભોજ્ય બની શકે નહિ અને નાયિકા ભોજ્ય બને ત્યારે તે ભોકતા બની શકે નહિ. રમણનું આ શુદ્ધ સ્વરૂપ છે. નાયક ભોજ્ય બને અને નાયિકા ભોકતા બને તો તેને વિપરીત રમણ કહેવાય છે.

આથી નિત્યલીલામાં લીલા વિહાર વખતે શ્રીઠાકોરજી પોતાનું પુંરૂપ પ્રગટ કરતા અને શ્રીસ્વામિનીજી પોતાનું સ્ત્રીરૂપ પ્રગટ કરતા. શ્રીઠાકોરજી લીલારમણમાં ભોકતા અને શ્રીસ્વામિનીજી લીલારમણમાં ભોજ્ય બનતા. આ સમયે શ્રીઠાકોરજી પોતાના હૃદયમાં રહેલા સ્ત્રીભાવને ગુપ્ત રાખતા અને શ્રીસ્વામિનીજી પોતાના હૃદયમાં રહેલા પુંભાવને ગુપ્ત રાખતા.

પરંતુ એક દિવસ જુદી લીલા ભગવાને પ્રગટ કરી. ભગવાને પોતાના હૃદયમાં રહેલું સ્ત્રીભાવનું ગૂઢ સ્વરૂપ બહાર પ્રગટ કર્યું. ત્યારે શ્રીસ્વામિનીજીએ પોતાના હૃદયમાં બિરાજતું પુંભાવનું સ્વરૂપ બહાર પ્રગટ કર્યું. તેનું નિરૂપણ શ્રીગુસાંઈજી મહારાજ આ પદની બીજી પંકિતમાં '**તદન્તરગતમ્**' પદથી કરે છે. અહીં તદ્ શબ્દનો અર્થ શ્રીસ્વામિનીજી એવો કરવાનો છે. તેનું કારણ ટીકામાં એવું સમજાવવામાં આવ્યું છે કે શ્રીસ્વામિનીજીનું સ્પષ્ટ નામ આમાં આપવામાં આવ્યું નથી. કારણ કે વેદાદિ વચનો પરોક્ષવાચી રહ્યાં છે. એનું કારણ દેવો પરોક્ષપ્રિય છે. રસશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે રસને ગુપ્ત રાખવાથી રસ વધુ અદ્ભુતતા ધારણ કરે છે. રસનિષ્પત્તિ વધુ રોચક બને છે. આથી કહેવામાં આવ્યું કે પ્રગટ કરે રસ જાય. માટે રસાનુભવ માટે પરોક્ષવાચી ભાષાનો પ્રયોગ કરવામાં આવ્યો છે. આથી વેદાદિ વચનો પરોક્ષવાચી હોય છે. આને પરોક્ષવાદ કહેવામાં આવે છે.

જેમ શ્રીભાગવતમાં ક્યાંય રાધા શબ્દનો પ્રયોગ પ્રત્યક્ષ રીતે થયો નથી તેમ અહીં પણ શ્રીસ્વામિની પદનો પ્રયોગ પ્રત્યક્ષ રીતે થયો નથી. કારણ કે શ્રીભાગવતની જેમ આ પદ્ય પણ ભગવદ્‌વાણી છે. શાસ્ત્ર મુજબ પત્નીનું નામ પ્રગટ રીતે લેવાતું નથી. માટે ભગવાને સ્વયમ્ શાસ્ત્રનો આ નિયમ શ્રીભાગવત આદિ ભગવદ્‌વાણીમાં સ્વીકાર્યો છે. આથી અહીં તદ્ શબ્દથી શ્રીસ્વામિનીજીને સમજવાના છે.

શ્રીસ્વામિનીજીના હૃદયમાં બિરાજતું પુંભાવનું સ્વરૂપ પણ તેમની ઇચ્છાથી બહાર પ્રગટ થયું એમ આ પદ દ્વારા સમજાય છે.

શ્રીગોપાલદાસજી વિશેષમાં સમજાવે છે કે આ બંને બહાર પ્રગટ થયેલાં ગૂઢ સ્વરૂપોનું પરસ્પર મિલન થતાં એકીકરણ થયું. આ મિલન સૂચવવા માટે બીજી પંક્તિમાં **'આવીવિષદ્'** પદ વપરાયું છે. જેમાં મૂળ ધાતુ 'વિષ્' છે. તેને પ્રેરકવાચક પ્રત્યય લાગતાં આ રૂપ બન્યું છે. સંસ્કૃતમાં તેને પ્રેરક રૂપ કહે છે, જેનો અર્થ થાય છે પ્રવેશ કરવામાં આવ્યો. અર્થાત્ શ્રીઠાકોરજી અને શ્રીસ્વામીનીજી બંને સ્વરૂપોની ઇચ્છાથી તેમના હૃદયમાંથી બહાર પ્રગટ થયેલા આ ગૂઢ ભાવાત્મક સ્વરૂપો પરસ્પરમાં પ્રવેશ્યા.

આ સ્વરૂપોનો પરસ્પરમાં પ્રવેશ થયો એમ સૂચવવા બીજી પંક્તિમાં છેલ્લું પદ છે **'સ્વપ્રિયે'** સ્વ પ્રિય એટલે પોતાને પ્રિય. શ્રીસ્વામિનીજીને શ્રીઠાકોરજી પ્રિય હોવાથી અહીં શ્રીઠાકોરજી માટે સ્વપ્રિય શબ્દ વપરાયો. આમ પરસ્પરને પ્રિય એવાં સ્વરૂપોનું મિલન થતાં એક વિશેષ સ્વરૂપ પ્રગટ થયું. જે ઉભય સ્વરૂપોને પ્રિય હતું, કારણ કે ઉભય સ્વરૂપોમાંથી તે સ્વરૂપ પ્રગટ થયું હતું. આ સ્વરૂપોને પ્રિય હોવાથી તે સ્વરૂપ માટે પણ અહીં **'સ્વપ્રિયે'** પદનો પ્રયોગ થયો છે. આ ત્રીજું સ્વરૂપ એટલે આપણા શ્રીવલ્લભ.

આમ બીજી પંક્તિમાં શ્રીગુસાંઈજી મહારાજે આપણને સમજાવ્યું કે શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીના હૃદયમાં બિરાજતા સ્ત્રીભાવ અને પુંભાવના ગૂઢ સ્વરૂપો બહાર પ્રગટ થયાં હતાં તેમનું પરસ્પર મિલન થવાથી એકબીજાના હૃદયમાં બિરાજ્યા. પરિણામે તેમને પ્રિય એવું એક વિશેષ સ્વરૂપ પ્રગટ થયું. બંને સ્વરૂપોની આ લીલા થઈ, એમ સૂચવવા અહીં ક્રિયાપદનું પ્રેરકરૂપ વપરાયું.



હવે ત્રીજી પંક્તિમાં આ વિશેષ સ્વરૂપને શ્રીગુસાંઈજી મહારાજ નિરૂપણ કરે છે. તેમાં પ્રથમ પદ છે **'સંશ્લિષ્ટૌ'** આમાં મૂળ ધાતુ 'શ્લિષ્' ધાતુ છે. તેનો અર્થ ભેટવું અર્થાત્ આલિંગન આપવું એવો થાય છે. તેમાં 'ક્તિન્' પ્રત્યય લાગ્યો છે. આ પ્રત્યય ભાવવાચક છે. ભાવ એટલે પ્રેમ. આથી આ રૂપ બન્યું છે. આ પદથી શ્રીગુસાંઈજી મહારાજ એવું સમજાવે છે કે બહાર પ્રગટ થયેલાં બે ગૂઢ ભાવાત્મક સ્વરૂપોનો કેવળ ગૂપચૂપ સંયોગ જ નથી થયો. પરંતુ વિવિધ સમયથી જુદા જુદા રસની વિવિધ લીલાઓના રસનો આ સ્વરૂપે પૂર્ણ અનુભવ કર્યો છે. બીજા શબ્દોમાં કહીએ તો લીલામાં ઉપયોગી વિવિધ સામગ્રીઓ સહિત ઉભય સ્વરૂપો સાથે આ વિશેષ સ્વરૂપનો સંશ્લેષ થયો છે એમ સૂચવવા માટે આ પદમાં સમ્ ઉપસર્ગ લગાડવામાં આવ્યો છે. આથી આ સ્વરૂપ રાસસ્ત્રીભાવપૂરિત વિગ્રહ સ્વરૂપ છે.

આમ આ પદથી શ્રીવલ્લભ સ્વરૂપની લીલાનું નિરૂપણ કર્યું. હવે તેમના રસાત્મક સ્વરૂપનું નિરૂપણ કરતા આ પદ્યની પંક્તિમાં શ્રીગુસાંઈજી મહારાજ આજ્ઞા કરે છે **'બભૌરસમયઃકૃષ્ણઃ'** અર્થાત્ રસપ્રચુર શ્રીકૃષ્ણ શોભ્યા. ટીકાકાર મહાનુભાવો આ પદાવલીનો અર્થ સ્પષ્ટ કરતાં સમજાવે છે કે શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી શૃંગાર રસનું સ્વરૂપ છે. શૃંગાર રસના બે દલ છે. સંયોગ અને વિપ્રયોગ. શ્રીઠાકોરજીનું પુંરૂપ સંયોગરસનું સ્વરૂપ છે. તો શ્રીસ્વામિનીજીનું સ્ત્રીરૂપ વિપ્રયોગનું સ્વરૂપ છે. આ બંને ગૂઢ સ્વરૂપો શૃંગાર રસાત્મક હોવાથી જે ત્રીજું સ્વરૂપ પ્રગટ થયું તે **'રસમયઃ'** છે. શૃંગાર રસનું અલૌકિક સ્વરૂપ સાક્ષાત્ ભગવાન પોતે છે, તેથી પ્રગટ થયેલું વિશેષ શ્રીવલ્લભ સ્વરૂપ પણ સદાનંદ **'કૃષ્ણઃ'** છે. આ સ્વરૂપમાં સંયોગ અને વિપ્રયોગ બંને રસ એકસાથે પ્રગટ હોવાથી તે સ્વરૂપની શોભા વિશેષ પ્રકારની છે એમ કહેવામાં આવ્યું.

દશમ સ્કંધના સુબોધિનીના પ્રારંભમાં શ્રીમહાપ્રભુજીએ આ રસાત્મક સ્વરૂપને નમન કરતાં મંગલાચરણમાં કહ્યું કે મારા હૃદયરૂપી શેષનાગ ઉપર લીલારૂપી સાગરમાં શયન કરતા અને હજારો લક્ષ્મીઓ રૂપી લીલાઓથી સેવાતા કલાનિધિ પ્રભુને હું નમન કરું છું. તેમાં વર્ણવેલી પ્રભુની સર્વ લીલાઓથી શ્રીવલ્લભ પૂર્ણરૂપે પૂરિત છે એમ સમજાવવામાં આવ્યું. આમ શ્રીવલ્લભ નિત્યલીલામાં સર્વ લીલાઓના રસને ઝીલનારા છે અને તેને કારણે અત્યંત શોભાયમાન છે, એમ સમજાય છે.

ત્રીજી પંક્તિનું છેલ્લું પદ છે **'તત્સાક્ષિકમ્'** આમાં શ્રીવલ્લભનું કાર્ય સમજાવવામાં આવ્યું છે. શ્રીવલ્લભની ક્રિયા પણ વિશિષ્ટ છે. સામાન્ય રીતે એક વ્યક્તિ કાર્ય કરતી હોય ત્યારે બીજી વ્યક્તિ તેના કાર્યનું નિરીક્ષણ કરે. જેને આપણે સાક્ષી એટલે પોતાની આંખોથી બીજાના કાર્યને અવલોકનાર. કાર્ય કરનાર વ્યક્તિ પોતે પોતાના કાર્યનો સાક્ષી બને શકે નહિ. એ કાર્ય સારું કે ખોટું થયું છે તે સાક્ષી નક્કી કરી શકે, ક્રિયા કરનાર વ્યક્તિ તેનો નિર્ણય કરી શકે નહિ. પરંતુ અહીં શ્રીવલ્લભ ઉભય ભાવાત્મક સ્વરૂપે લીલારસ માણે પણ છે અને તે લીલારસના દર્શન પણ વલ્લભ સ્વરૂપે કરે છે. માટે તેઓ આ સર્વ લીલાનું સાક્ષી સ્વરૂપ છે એમ આ પદથી કહેવામાં આવ્યું.

જીવાત્મામાં જ્ઞાન, ઇચ્છા, કાર્ય કરવાની શક્તિ વગેરે બાબતો રહેલી છે. આપણા શરીરમાં જીવાત્માની સાથે અંતર્યામી સ્વરૂપે પરમાત્મા રહેલા છે. તેમની પ્રેરણા પ્રમાણે જીવાત્મા જ્ઞાન, ઇચ્છા, કાર્ય વગેરેનો ભોગ ભોગવી શકે છે. તેવી રીતે નિત્યલીલા અને તેનું રસપાન દૈવી જીવો શ્રીમહાપ્રભુજીની કૃપાથી કરી શકે છે. કારણ જેમ અંતર્યામી આપણા શરીરમાં સાક્ષીરૂપે બિરાજમાન છે અને તેથી જીવાત્માને ભોગ ભોગવવાની પ્રેરણા કરનાર છે તેમ ભગવલ્લીલામાં સાક્ષી તરીકે શ્રીમહાપ્રભુ બિરાજમાન છે. આથી તેમની કૃપા વિના ભગવલ્લીલાનો અનુભવ થઈ શકતો નથી. શ્રીમહાપ્રભુજી સાક્ષી સ્વરૂપ હોવાથી આપે શ્રીઠાકોરજીની સેવા દ્વારા લીલાપ્રાપ્તિનો માર્ગ આપણને બતાવ્યો.

આમ ત્રીજી પંક્તિમાં શ્રીગુસાંઈજી મહારાજે શ્રીમહાપ્રભુજીના ત્રણ સ્વરૂપો આપણને સમજાવ્યા. નિત્યલીલામાં શ્રીમહાપ્રભુજી ત્રણ સ્વરૂપે બિરાજમાન છે, જે નીચે પ્રમાણે છે. (૧) **રસમયઃકૃષ્ણઃ'**— આ સ્વરૂપથી શ્રીમહાપ્રભુજીનો પુંભાવ દર્શાવ્યો. શ્રીવલ્લભ વસ્તુતઃ કૃષ્ણ એવ છે તેમ જણાવ્યું. સદાનંદ કૃષ્ણ સ્વરૂપ એ શ્રીમહાપ્રભુજીનું પ્રથમ સ્વરૂપ છે. (૨) 'શ્રીમહાપ્રભુજી સ્ત્રીભાવનું સ્વરૂપ પણ છે, તે રહસ્ય **'સંશ્લિષ્ટૌ'** પદથી બતાવવામાં આવ્યું. આ પદથી એમ સમજાવ્યું કે ગોપીજનોના ભાવથી પૂર્ણ એવા શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજીનાં પ્રિયા પણ છે. શ્રીમહાપ્રભુજીનું આ સ્વામિની સ્વરૂપ છે. (૩) શ્રીમહાપ્રભુજીનું સાક્ષી સ્વરૂપ **'તત્સાક્ષિકમ્'** પદથી કહેવામાં આવ્યું. શ્રીઠાકોરજીની સેવાના ઉપદેશ દ્વારા શ્રીમહાપ્રભુજીએ જીવોને લીલારસનો અનુભવ કરવાની પ્રેરણા આપી અને તે માટે કૃપા કરી. આ તેમનું સાક્ષી સ્વરૂપ છે.



હવે આ પદ્યની ચોથી અને છેલ્લી પંક્તિમાં શ્રીગુસાંઈજી મહારાજે આજ્ઞા કે **'તત્ત્રીતયાત્મકમરૂપમ્ વલ્લભમ્ સદા પરમ્ અભિધ્યેયમ્'** ઉપરોક્ત ત્રણે સ્વરૂપે બિરાજતા શ્રીવલ્લભ છે. વલ્લભ શબ્દનો અર્થ છે પ્રિય. તેઓ ભગવાનને અને ભગવાનના લીલા પરિકરને પ્રિય છે. માટે તેમનું નામ વલ્લભ પડ્યું. આમ અહીં તેમનું નામકરણ પણ કરવામાં આવ્યું છે. આવા પરમ સૌંદર્યવાન શ્રીવલ્લભ છે એમ કહેવાનું કારણ એ છે કે શ્રીઠાકોરજીમાં પોતાના પુંભાવનું સૌંદર્ય બહાર પ્રગટ છે. શ્રીસ્વામિનીજીમાં પોતાના સ્ત્રીભાવનું સૌંદર્ય બહાર પ્રકટ છે, જ્યારે શ્રીવલ્લભમાં પુંભાવ અને સ્ત્રીભાવ એમ બંને ભાવોનું સૌંદર્ય બહાર પ્રગટ હોવાથી તેમના રૂપને પરમરૂપ કહ્યું છે. તેમનું સૌંદર્ય પરમસૌંદર્ય છે. માટે તેમના આ પરમસૌંદર્ય સ્વરૂપનું ધ્યાન કરવું. ટીકાકાર મહાનુભાવો ધ્યાન કરવાનું કારણ આપે છે. જેમને ભગવલ્લીલા રસનો અનુભવ કરવાની ઇચ્છા હોય એવા ભક્તોએ શ્રીવલ્લભ સ્વરૂપનું અવશ્ય ધ્યાન કરવું. કારણ કે શ્રીવલ્લભ સાક્ષી સ્વરૂપ હોવાથી તેમનું ધ્યાન કરનાર ભક્તો પર કૃપા કરીને તેમને ભગવદ્‌લીલાનો રસાનુભવ કરાવવા શક્તિમાન છે. શ્રીગોપલાદાસજી સમજાવે છે કે હૃદયમાં ભાવાત્મક સ્વરૂપ પધારે તે માટે સ્વરૂપ–યોગ્યતા આવશ્યક છે. જેમ લાકડાંમાં ગુપ્ત રીતે અગ્નિ રહેલો હોવા છતાં બહારથી અગ્નિ તેમાં પ્રવેશ કરે ત્યારે તે લાકડાંમાં રહેલો અગ્નિ પ્રગટ થાય છે તેમ ભક્તના હૃદયમાં પ્રભુ પ્રવેશ કરે એ માટે ભક્તના હૃદયમાં રહેલો વિરહનો સ્થાયીભાવ પ્રજ્વલિત થાય તે કાર્ય વૈશ્વાનર સ્વરૂપ શ્રીવલ્લભથી જ શક્ય છે. આમ ભક્તના વિરહભાવને પ્રજ્વલિત કરવા માટે શ્રીવલ્લભનું શરણ અતિ આવશ્યક છે. આથી વિપ્રયોગનો અનુભવ ઇચ્છતા ભક્તોએ શ્રીવલ્લભના આ સ્વરૂપનું અવશ્ય ધ્યાન કરવું.

અહીં એક પ્રશ્ન થાય કે આ ધ્યાન ક્યારે કરવું ? તેના જવાબમાં શ્રીગુસાંઈજી મહારાજે **'સદા'** પદ આપ્યું. કર્મમાર્ગમાં કર્મ કરવા માટે સમયના નિયમો છે. પુષ્ટિમાર્ગમાં સમયનો કોઈ નિયમ નથી. માટે હંમેશાં અહર્નિશ ધ્યાન કરવું એમ આ પદથી સૂચવવામાં આવ્યું છે.

આમ આ છેલ્લી પંક્તિમાં શ્રીગુસાંઈજી મહારાજે આપણને સમજાવ્યું કે કૃષ્ણ, સ્વામિની અને સાક્ષી એવા ત્રણે સ્વરૂપોથી પરમ શોભાયમાન તથા ભગવલ્લીલામાં સૌને અતિ પ્રિય એવા શ્રીવલ્લભ સ્વરૂપનું ભગવલ્લીલાનો અનુભવ ઇચ્છતા વિપ્રયોગ અનુભવવા ઇચ્છતા ભક્તોએ અહર્નિશ હંમેશાં ધ્યાન કરવું.

આમ આ પદનો સારાંશ ફરી એકવાર વિચારી લઈએ તો શ્રીઠાકોરજીના હૃદયમાં બિરાજતું શ્રીગૂઢભાવવાળું સ્વરૂપ અને શ્રીસ્વામિનીજીના હૃદયમાં બિરાજતું પુંભાવવાળું સ્વરૂપ બહાર પ્રગટ થયાં, જેમનું પરસ્પરમાં મિલન થતાં એક ત્રીજું સ્વરૂપ પ્રગટ થયું જે શ્રીવલ્લભ. આપનામાં શ્રીઠાકોરજી, શ્રીસ્વામિનીજી અને સાક્ષીભાવના ત્રણ રૂપો બિરાજમાન છે. આવા અલૌકિક સ્વરૂપનું સૌ વૈષ્ણવોએ રાત–દિવસ ધ્યાન ધરવું જોઈએ.

આ સ્વરૂપના રૂપ, ગુણ અને લીલાઓનું વિશેષ નિરૂપણ શ્રીગુસાંઈજી મહારાજે શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં ૧૦૮ નામોથી કર્યું છે. જે હવે પછી આપણે વિચારીશું.

દ્વિજવર રૂપ પ્રકટ પુરુષોત્તમ શ્રીવલ્લભ આચાર્ય નામ ।
કૃષ્ણાનન સાકાર બ્રહ્મ હરિ પૂર્ણાનંદ પૂરણકામ ॥
નિઃસાધન પતિ પાખંડખંડન માયાવાદ નિરાકૃત રૂપ ।
જગત ઉદ્ધારણ સબ સુખકારણ પુષ્ટિ બ્રજમંડલકે ભૂપ ॥
શ્રુતિ આચાર ધર્મ પ્રતિપાલન લાલન ગુણગણ ગાથ ।
નિજજન મનરંજન ગંજન મિથ્યાવાદ અનાથ ॥
શ્રીભાગવત સાર ગૂઢરસ કથન જપત જનપોષણ આસ ।
મહિમા અમિત અલ્પમતિ કયોં કર કહિ ન સકત હૈ દાસ ॥

શ્રીવલ્લભ ભક્તન વેદ આધાર ।
શ્રીલક્ષ્મણગૃહ પ્રકટ ભયે સેવા ભક્તવિહાર ॥
શ્રીભાગવત પ્રકાશ વિશદ કહી ધર્મ વેદ આચાર ।
પરમ કૃપાલ દયાનિધિ પૂરણ તીન લોક પર સાર ॥
કૌન કહે ગુણ રૂપ તિહારે લીલા અગમ અપાર ।
શ્રીગોવર્ધન સ્થિત ઉત્સાહ નિરખત પ્રેમ ભર ભાર ॥
બલ બલ ચરણદાસ અભિલાખન તોરે ભવજંજાર ।
અબ હુલસત વિલસત દિન રાતિન દર્શન ભોગ અહાર ॥

॥ શ્રીદ્વારકેશો જયતિ ॥
॥ શ્રીવાક્પતયે નમઃ ॥

२

# શ્રીસપ્તશ્લોકી

**ભૂમિકા :**

શ્રીમહાપ્રભુજીને પ્રભુએ ત્રણ વખત આજ્ઞા કરી – નિત્યલીલામાં પાછા પધારો. પ્રભુને શ્રીમહાપ્રભુજી પોતાના સ્વામી ગણે છે. શ્રીમહાપ્રભુજી પોતાને 'કૃષ્ણદાસ' કહે છે. સ્વામીની આજ્ઞાનું પાલન કરવું એ સેવકનો – દાસનો – ધર્મ છે. આથી શ્રીમહાપ્રભુજીએ નિત્યલીલામાં પાછા પધારવા કાશીમાં આસુરવ્યામોહલીલા કરી.

આ સમયે આપના પુત્ર શ્રીવિઠ્ઠલનાથજીની વય પંદર વર્ષની હતી. શ્રીવિઠ્ઠલનાથજીને મન શ્રીમહાપ્રભુજી કેવળ પિતા જ ન હતા. શ્રીમહાપ્રભુજીના અલૌકિક ભગવત્સ્વરૂપને તેઓ જાણતા હતા. એ અલૌકિક સ્વરૂપનો અનુભવ અને દર્શન પૃથ્વી પર ન થવાથી શ્રીવિઠ્ઠલનાથજી શ્રીગુસાંઈજી મહારાજને ઘણો વિરહતાપ થયો. તેના ફળ રૂપે તેમને તેમના અંતઃકરણમાં શ્રીમહાપ્રભુજીના દિવ્ય સ્વરૂપનો અલૌકિક અનુભવ થયો. શ્રીમહાપ્રભુજી ભગવત્સ્વરૂપ છે.

ભગવાનનું સ્વરૂપ જ દિવ્ય નથી, દિવ્ય હોય તેમનું નામ પણ છે, તેમના ગુણો પણ દિવ્ય હોય છે અને તેમની લીલાઓ પણ દિવ્ય હોય છે. તેવી રીતે શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ, નામ, ગુણો અને લીલા દિવ્ય છે. શ્રીગુસાંઈજીના અંતઃકરણમાં શ્રીમહાપ્રભુજીનાં રૂપ, નામ, ગુણો અને લીલાના દિવ્ય, આનંદમય સ્વરૂપ પ્રકટ થયાં.

જગતમાં માનવસ્વભાવ સુખના અનુભવને સ્વજનો સાથે વહેંચનારો છે. આપણને આનંદ થાય તો, તે આનંદની વાત બીજાઓને હોંશે હોંશે કરીએ છીએ. આથી પૃથ્વી પર જેમને ભગવાનના આનંદ સ્વરૂપનો અનુભવ થયો, તેમણે તેમણે તે દિવ્ય અનુભવ તેમની વાણીમાં ગાયો છે. તેનાં બે કારણો છે : (૧) આનંદના અનુભવને, વારંવાર યાદ કરી



મમળાવવામાં ય આનંદ આવે છે, "માણ્યું તેનું સ્મરણ કરવું એ ય છે એક લ્હાવો." (૨) જેમને આવો અનુભવ થયો નથી, તેમને પણ આ અનુભવવાણી આનંદ આપે છે, ભગવાનમાં પ્રેમ વધારે છે, કારણ ભગવાનના રૂપની જેમ ભગવાનનું નામ, ગુણ, લીલા પણ આનંદરૂપ છે. ભગવાનના સ્વરૂપની જેમ ભગવાનની કથા પણ અમૃતમય છે. ભગવાનનું સ્વરૂપ જીવોનો ઉદ્ધાર કરે, તેમ ભગવાનની કથા પણ જીવોનો ઉદ્ધાર કરે છે.

ભક્તકવિ જયદેવજી, સૂરદાસજી આદિએ ગાયેલાં પદો આપણા મનને પ્રભુમાં પરોવી દે છે, મનને આનંદ આપે છે, તો શ્રીગુસાંઈજી મહારાજ તો સાક્ષાત ભગવત્સ્વરૂપ છે. નિત્યલીલામાં શ્રુતિરૂપા ગોપીજનોનાં સ્વામિની છે. વેદની શ્રુતિનું સ્વરૂપ છે. વેદની શ્રુતિઓથી ઉત્તમ પ્રભુયશ કોણ ગાઈ શકે? આથી શ્રીગુસાંઈજીને શ્રીમહાપ્રભુજીનો જે દિવ્ય અનુભવ અંતઃકરણમાં થયો, તે આપે ચાર સ્તોત્રોમાં ગાયો છે : (૧) **"સૌંદર્યપદ્ય"** સ્તોત્રમાં શ્રીમહાપ્રભુજીનું દિવ્ય સ્વરૂપ નિત્યલીલામાં કેવી રીતે પ્રગટ થયું અને આપ "વલ્લભ" કેમ કહેવાયા, તેનું રસાત્મક નિરૂપણ એક જ શ્લોકમાં કર્યું. (૨) **"શ્રીસર્વોત્તમ સ્તોત્ર"**– આ સ્તોત્રમાં ૩૫ શ્લોકો છે. તેમાં શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ નામો દ્વારા શ્રીમહાપ્રભુજીના અલૌકિક સ્વરૂપ અને આચાર્યસ્વરૂપ, ગુણો અને ચરિત્રોનું નિરૂપણ કર્યું છે. શ્રીમહાપ્રભુજીના દિવ્ય ચરિત્રનું તેમાં ગાન છે. (૩) **"સપ્તશ્લોકી"**– નામ પ્રમાણે આ સ્તોત્રમાં સાત શ્લોક છે. તેમાં શ્રીમહાપ્રભુજીના દિવ્ય ગુણોનું ગાન (૪) **"શ્રીવલ્લભાષ્ટક"** આ સ્તોત્રના આઠ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીના અલૌકિક રૂપ–સ્વરૂપનું નિરૂપણ છે. શ્રીમહાપ્રભુજીના દિવ્ય સ્વરૂપનું સંપૂર્ણ નિરૂપણ આ ચાર સ્તોત્રોના કુલ એકાવન શ્લોકોમાં છે.

આ પૈકી આપણે અગાઉ શ્રીસૌંદર્યપદ્ય અને શ્રીસર્વોત્તમસ્તોત્રનું મનન–ચિંતન કર્યું. હવે શ્રીસપ્તશ્લોકીનું રહસ્ય સમજવા પ્રયત્ન કરીશું. ગુણ માટે સંસ્કૃતમાં 'ધર્મ' શબ્દ વપરાય છે. 'ધર્મ' શબ્દના જુદા જુદા અર્થ છે. તેમાંનો એક અર્થ છે ગુણ. માણસમાં જુદા જુદા ગુણ જોવા મળે છે. તે લૌકિક ગુણો છે. ભગવાનમાં આવા લૌકિક ગુણો હોતા નથી. આથી વેદ ભગવાનને 'નિર્ગુણ' કહે છે. નિર્ગુણનો અર્થ છે જેમનામાં લૌકિક ગુણો નથી તે. ભગવાનમાં જે ગુણો છે, તે દિવ્ય છે,

અલૌકિક છે. તે અર્થમાં વેદ ભગવાનને 'સગુણ' કહે છે. ભગવાનમાં અનેક અલૌકિક ગુણો છે, તેમાં છ મુખ્ય છે – ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય. આ છ ગુણો અથવા ધર્મો ભગવાનમાં હોવાથી ભગવાનને 'ધર્મી' કહેવામાં આવે છે.

શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજી અલગ–અલગ સ્વરૂપે દર્શન આપે છે, પરંતુ મૂળમાં બંને એક જ સ્વરૂપ છે. તેથી જે દિવ્ય છ ગુણો શ્રીઠાકોરજીમાં છે, તે બધા જ ગુણો શ્રીમહાપ્રભુજીમાં પણ છે. આ ગુણોને ધારણ કરનાર શ્રીમહાપ્રભુજી પણ ધર્મી સ્વરૂપ છે. જેમ ભગવાનમાં લૌકિક ગુણો નથી, તેમ શ્રીમહાપ્રભુજીમાં પણ લૌકિક ગુણો નથી. આમ, શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજીમાં રહેલા ગુણો–ધર્મો શ્રીગુસાંઈજીએ 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર'ના મંગલાચરણના શ્લોકમાં સમજાવ્યા, જે આપણે અગાઉ સમજી ગયા છીએ.

પરંતુ જેમ શ્રીઠાકોરજીના દિવ્ય ગુણો અને તે ગુણોવાળું ધર્મી સ્વરૂપ જગતમાં આદિકાળથી પ્રસિદ્ધ છે, તેમ શ્રીમહાપ્રભુજીના દિવ્ય ગુણો અને તે ગુણોવાળું ધર્મી સ્વરૂપ જગતમાં પ્રસિદ્ધ ન હતું. આથી, શ્રીગુસાંઈજીએ કૃપા કરી શ્રીમહાપ્રભુજીનું ધર્મ–ધર્મી સ્વરૂપ આ સ્તોત્રમાં સમજાવ્યું. તેના પ્રથમ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીનું ધર્મી સ્વરૂપ સમજાવ્યું. બીજા શ્લોકથી સાતમા શ્લોક સુધી ક્રમશઃ એક એક ગુણ–સ્વરૂપ સમજાવ્યું. આમ, આ સ્તોત્ર 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર'ના પ્રથમ શ્લોકનું જ ભાષ્ય છે. ત્યાં શ્રીમહાપ્રભુજીનું ધર્મ–ધર્મી સ્વરૂપ સૂક્ષ્મ રૂપમાં–બીજ સ્વરૂપે બતાવ્યું હતું. તેનું જ વિસ્તૃત વિવરણ જાણે વૃક્ષ સ્વરૂપે, આ સ્તોત્રમાં થયું છે.

વેદ સાક્ષાત ભગવદ્વાણી છે. વેદના મૂળ ત્રણ ગ્રંથો–ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ–વેદત્રયી તરીકે પ્રસિદ્ધ છે. તેવી રીતે શ્રીગુસાંઈજી મહારાજે પણ શ્રીવલ્લભસ્વરૂપનું ગુણગાન કરવા રચેલાં ત્રણ સ્તોત્રો–શ્રીસર્વોત્તમ સ્તોત્ર, શ્રીસપ્તશ્લોકી, શ્રીવલ્લભાષ્ટક–સ્તોત્રત્રયી છે. વેદનું બીજ 'ગાયત્રીમંત્ર' છે, તેમ આ સ્તોત્રત્રયીનું બીજ 'સૌંદર્યપદ્ય' છે. વેદનું ગાન શ્રુતિઓએ કર્યું છે, તેમ આ સ્તોત્રોનું ગાન શ્રુતિરૂપા સ્વરૂપ શ્રીગુસાંઈજીએ કર્યું છે.

વેદનું રહસ્ય સમજાવવા, મહર્ષિ વ્યાસજીથી લઈને અનેક આચાર્યોએ ભાષ્યો રચ્યાં છે. તેમ આ સ્તોત્રો પણ ઘણાં ગૂઢ અને ગહન હોવાથી, તેમનું રહસ્ય સમજાવવા ઘણા મહાનુભાવોએ 'ટીકા'ઓ રચી



છે. 'શ્રીસપ્તશ્લોકી' સ્તોત્રની બે ટીકાઓ પ્રસિદ્ધ છે. એક ટીકાના લેખક અજ્ઞાત–અનામી છે. તેમણે ટીકાના અંતે તેમનું નામ આપ્યું નથી. પરંતુ તેની ભાષાશૈલી પરથી વિદ્વાનોનું અનુમાન છે કે તે ટીકા શ્રીગુસાંઈજીના ત્રીજા પુત્ર શ્રીબાલકૃષ્ણજીની હોવાનો સંભવ છે. આ ટીકા 'વ્યાખ્યા'ના નામે પ્રસિદ્ધ છે, છપાયેલી છે. બીજી ટીકા, શ્રીમહાપ્રભુજીથી પાંચમી પેઢીએ થઈ ગયેલા શ્રીહરિરાયજીની છે, જેમને આપણે 'શિક્ષાપત્ર'ના લેખક તરીકે યાદ કરીએ છીએ. તેમને શ્રીમહાપ્રભુજી પ્રત્યે અનન્ય ભાવ હતો. તેમણે સતત ત્રણ દિવસ–રાત શ્રીસર્વોત્તમ સ્તોત્રના જપ કરેલા. તેના ફળ સ્વરૂપે તેમને શ્રીમહાપ્રભુનો સાક્ષાત અનુભવ પણ થયો હતો. આ ટીકા "વિવૃત્તિ"ના નામે પ્રસિદ્ધ છે.

બંને ટીકાઓ એક બીજાની પૂરક છે. તેથી બંને ટીકાઓને સાથે રાખીને આ સ્તોત્રના રહસ્યને સમજવાની કોશીશ કરીશું. સૌ પ્રથમ બંને ટીકાકારોએ તેમની ટીકાઓના આરંભમાં રજુ કરેલા મંગલાચરણના શ્લોકો સમજીએ.

## "વ્યાખ્યા"કારનું મંગલાચરણ

યઃ કૃષ્ણલીલામૃતસારસિંધુષુ
પ્રવૃદ્ધ તત્પ્રેમપરિપ્લુતઃ સ્વયમ્ ।
તાવત્સ્વરૂપૈઃ સુરસાત્મકૈઃ સદા
ક્રીડત્યયં માં કૃપયા સ ઈક્ષતામ્ ॥૧॥

**ભાવાર્થ** : કૃષ્ણની અમૃતમયી લીલાના મહાસાગરમાં તેઓ ડૂબેલા છે અને તેથી તેઓ પોતે કૃષ્ણ પ્રત્યેના અતિશય પ્રેમથી પરિપૂર્ણ છે. આથી તેઓ નિત્યલીલામાં સદા પોતાના આવા સુરસાત્મક સ્વરૂપથી ક્રીડા કરી રહ્યા છે. તેઓ મારા પર કૃપા કરી, મને દર્શન આપો.

આમ, આ શ્લોકમાં નામનિર્દેશ કર્યા વિના 'વ્યાખ્યા'કારે શ્રીમહાપ્રભુજીના લીલાસ્વરૂપનું નિરૂપણ કરી, તેમનાં દર્શનની અભિલાષા પ્રકટ કરી. શ્રીમહાપ્રભુજીએ 'દશમ સ્કંધ' પરનાં 'સુબોધિની'ના મંગલાચરણના શ્લોક–'નમામિ હૃદયેશેષે'માં પોતાનું આ સ્વરૂપ પ્રકટ કર્યું હતું. તેને શ્રીગુસાંઈજીએ 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર'માં 'પ્રતિક્ષણનિકુંજસ્થલીલારસસુપૂરિત': નામમંત્રમાં પ્રકટ કર્યું હતું. એ જ દિવ્ય રસાત્મક, પ્રેમાત્મક, લીલાત્મક સ્વરૂપનાં દર્શનની અભિલાષાથી "વ્યાખ્યા" કાર આ શ્લોક રચે છે.

મંગલાચરણના અનેક હેતુઓ છે. તેમાંનો એક હેતુ જેમનું ગુણગાન ગાવું છે, તે ઇષ્ટનું સ્મરણ કરી, તેમને વંદન કરવાનો છે. શ્રીમહાપ્રભુજી 'ગોપીગીત'નાં 'સુબોધિની'માં ભગવત્કથાનું સ્વરૂપ સમજાવતાં આજ્ઞા કરે છે કે, જ્યારે આપણા ઇષ્ટ આપણી આંખોનો વિષય ન હોય, આપણી સામે પ્રત્યક્ષ ન હોય, ત્યારે આપણને તેમનો વિરહતાપ થાય છે. તે સ્થિતિમાં ભક્ત ક્રમશઃ ચાર કાર્યો કરે છે : (૧) અન્વેષણ (શોધ) (૨) અનુકરણ (૩) ગાન (૪) રુદન. આ સ્થિતિમાં નેત્રોમાંથી આંસુ રૂપે જળ વહે છે, જ્યારે હૃદય લાકડાની જેમ સળગે છે. જળ અને અગ્નિ ભેગાં થાય, ત્યારે ધૂમાડો થાય. સામાન્ય લાકડાનો ધૂમાડાની વાસ નાકને ગમતી નથી. પરંતુ ચંદનના લાકડાનો–અગરબત્તીનો–ધૂમાડો સુગંધ આપે છે. તેમ વિરહતાપથી સળગતા હૃદયમાં વિયોગનાં અશ્રુ ભળતાં, ચંદનના ધૂમાડાની સુવાસ જેવું સુંદર ભગવદ્ ગુણગાન પ્રકટ થાય છે.

એ જ પ્રકાર અહીં અનુભવવા મળે છે. શ્રીમહાપ્રભુજીનાં દર્શનના ઉત્કટ વિરહના અગ્નિ અને અશ્રુના સંગમથી આ શ્લોકમાં દર્શનની આર્તિ પ્રકટ થઈ છે.

પ્રભુની અવતારદશામાં પ્રભુ પોતાના સ્વરૂપથી જીવોનો ઉદ્ધાર કરે છે, જ્યારે અનવતાર દશામાં પોતાના નામથી જીવોનો ઉદ્ધાર કરે છે. નામના સેવનથી સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. આથી 'વ્યાખ્યા'કાર શ્રીમહાપ્રભુજીના સ્વરૂપાનંદની પ્રાપ્તિ માટે, આ સ્તોત્રની ટીકા રચી, તે દ્વારા ગુણગાન કરવા તત્પર થયા છે. તેમનો 'વ્યાખ્યા' રચવાનો હેતુ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપાનંદની પ્રાપ્તિનો છે.

પરંતુ 'વ્યાખ્યા'કાર જાણે છે કે તેમની પોતાની શકિતથી આ ગુણગાન શકય નથી. જેમણે આ સ્તોત્ર રચ્યું છે, તે શ્રીગુસાંઈજી મહારાજ જ 'મૂકં કરોતિ વાચાલમ્' છે. તેઓ હૃદયમાં પ્રકાશ કરે, તો જ આ સ્તોત્ર સમજાય. આથી મંગલાચરણના બીજા શ્લોકમાં શ્રીગુસાંઈજીનું સ્મરણ કરે છે.

યદર્થમીદૃગ્રસમૂર્તિરાવિર્જાતા હિ વૈશ્વાનર સૂનુમૂર્તિઃ ।
સા ચાપિ તાદૃગ્રસભાવરૂપા કૃપાદૃશા માં શરણં કરોતુ ॥ ૨ ॥



**ભાવાર્થ** : જે પુષ્ટિજીવોને પ્રભુના સ્વરૂપાનંદની પ્રાપ્તિ કરાવવાના હેતુસર રસાત્મક સ્વરૂપે શ્રીમહાપ્રભુજી પ્રકટ થયા. તેમના પુત્ર અગ્નિકુમાર શ્રીગુસાંઈજી પણ શ્રીમહાપ્રભુજીના જ ભાવસ્વરૂપ છે અને તેમના જેવા જ કૃપાળુ પણ છે; માટે મને શરણમાં રાખો.

આ શ્લોકમાં શ્રીગુસાંઈજીનું સ્વરૂપ સમજાવ્યું. સિક્કાની બે બાજુની જેમ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી અલગ અલગ સ્વરૂપે દર્શન આપતા હોવા છતાં, મૂળભૂત રીતે બંને એક જ સ્વરૂપ ભગવત્સ્વરૂપ છે. વળી બંને કરુણાસાગર છે. નિજજનો પર કૃપા કરવા માટે તો પૃથ્વી પર પધાર્યા છે. એટલે "વ્યાખ્યા" કાર તેમના શરણની યાચના કરે છે, કારણ 'શરણ થકી સહુ સહેલું'.

મંગલાચરણ બાદ 'વ્યાખ્યા' કાર શ્રીગુસાંઈજીએ આ સ્તોત્રની રચના કેમ કરી; તેનું કારણ સમજાવે છે.

શ્રીમહાપ્રભુજી નિત્યલીલામાં દિવ્ય, અલૌકિક ભગવત્સ્વરૂપે બિરાજે છે, પણ આપે પૃથ્વી પર અવતાર ધારણ કર્યો તે 'સન્મનુષ્યાકૃતિ' સ્વરૂપે. આથી સામાન્ય લૌકિક જીવો આપના સાચા સ્વરૂપને ઓળખી શકતા નથી. મનુષ્યરૂપ ધારણ કર્યું હોવાથી, આપ અન્ય મનુષ્યની જેમ જણાય છે. દૈવી–પુષ્ટિ–જીવો પણ આપના અલૌકિક ઉત્કર્ષ (ગુણો)ને જાણતા નથી. તે જણાવવા શ્રીગુસાંઈજીએ આ સ્તોત્ર દ્વારા જગતમાં શ્રીમહાપ્રભુજીના અલૌકિક ગુણો પ્રસિદ્ધ કર્યા, કારણ કે ત્રણે કાળમાં ભૂત, વર્તમાન, ભવિષ્યમાં આવા અલૌકિક ધર્મો અન્ય કોઈમાં જોવા મળ્યા નથી કે મળવાના પણ નથી. શ્રીવલ્લભ-રસનો જે અનુભવ શ્રીગુસાંઈજીએ કર્યો, તે નિજજનો માટે અતિગૂઢ ભાવશૈલીમાં આ સ્તોત્રમાં પ્રકટ કર્યો છે.

## "વિવૃત્તિ" કારનું મંગલાચરણ

'વિવૃત્તિ' કાર શ્રીહરિરાયજી ત્રણ શ્લોકથી મંગલાચરણ કરે છે. તેના પ્રથમ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીને, બીજા શ્લોકમાં શ્રીગુસાંઈજીને અને ત્રીજા શ્લોકમાં તેમના તાતચરણ શ્રીગોવિંદરાયજી, તથા પિતૃચરણ શ્રીકલ્યાણરાયજીને વંદન કરે છે.

નમામિ શ્રીમહાચાર્ય – ચરણામ્બુરુહદ્વયમ્ ।
યત્કૃપાલેશતો બુદ્ધિઃ શ્રીમત્પ્રભુકૃતૌ ભવેત્ ॥ ૧ ॥

શ્રીમદ્ આચાર્યચરણના બંને ચરણકમળોમાં હું નમન કરું છું. તેમની કૃપાથી શ્રીમત્ પ્રભુચરણ શ્રીગુસાંઈજીની આ કૃતિ (ગ્રંથ) મા મારી બુદ્ધિનો પ્રવેશ થાય અર્થાત્ શ્રીમહાપ્રભુજીની કૃપાથી શ્રીગુસાંઈજીનો આ ગ્રંથ મને સમજાય. (૧)

શ્રીવિઠ્ઠલેશચરણં કલેશમાત્રનિવર્તકમ્ ।
વંદે વિશેષવિજ્ઞાન – સંસિદ્ધ્યૈ તત્કૃતાવિહ ॥ ૨ ॥

શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણનાં ચરણકમળ કલેશમાત્રને દૂર કરનારાં છે. તેમની આ કૃતિ (ગ્રંથ) નું મને વિશેષ જ્ઞાન પ્રાપ્ત થાય તે હેતુથી હું તેમને વંદન કરું છું. (૨)

નમામિ તાતચરણાન્ સતતં સપિતામહાન્ ।
યદાશ્રયાદહં જાતઃ સ્વાચાર્યં શરણં ગતઃ ॥ ૩ ॥

મારા તાતચરણ શ્રીગોવિંદરાયજી (જેઓ શ્રીગુસાંઈજીના દ્વિતીય પુત્ર છે.) અને પિતૃચરણ શ્રીકલ્યાણરાયજી (જેઓ શ્રીગોવિંદરાયજીના પુત્ર છે) ને હું સતત નમન કરું છું. તેમના આશ્રયથી જ મને શ્રીઆચાર્ય ચરણનું શરણ પ્રાપ્ત થયું છે. (૩)

આમ, ત્રણ શ્લોકથી પોતાના પૂર્વપુરુષોને વંદન કરીને, 'વિવૃત્તિ'કાર આ ટીકાની પ્રસ્તાવના કરે છે :–

શ્રીગુસાંઈજીએ 'શ્રીવલ્લભાષ્ટક'માં શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ વર્ણવ્યું છે. શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજી અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરે છે, તેથી પંડિતો આપને અગ્નિ સ્વરૂપ કહે છે, પરંતુ ખરેખર તો આપ શ્રીકૃષ્ણ જ છે, તેથી આપના એ સ્વરૂપને જાણનારા તો આપને શ્રીગોકુલેશ સ્વરૂપે જ ભજે છે.

તેઓ 'વસ્તુતઃ કૃષ્ણ એવ' છે એવું નક્કી શાના આધારે થાય? શ્રીહરિરાયજી સમજાવે છે કે આપના ગુણોના આધારે આ વાત નક્કી થાય. તેથી આપનામાં કૃષ્ણના ગુણો અર્થાત્ લક્ષણો છે એ વાત સમજાવવા શ્રીગુસાંઈજીએ આ ગ્રંથ – "શ્રીસપ્તશ્લોકી"ની રચના કરી છે. શ્રીકૃષ્ણ



છ વિશિષ્ટ ધર્મયુક્ત ધર્મી સ્વરૂપ છે, તેમ શ્રીમહાપ્રભુજી પણ શ્રીકૃષ્ણના એ જ છ ધર્મયુક્ત ધર્મી સ્વરૂપ છે એનું નિરૂપણ શ્રીગુસાંઈજીએ આ સ્તોત્રના સાત શ્લોકોથી કર્યું છે. તેથી આ સ્તોત્રનું નામ 'સપ્તશ્લોકી' છે.

શ્રીમહાપ્રભુજી પોતાના છ વિશિષ્ટ ધર્મોથી ફળ આપનારા છે, તેમ પોતાના દિવ્ય સ્વરૂપથી પણ ફળ આપનારા છે એમ આ સ્તોત્રથી સમજાય છે. તેના પ્રથમ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીના છ ધર્મો સહિતના ધર્મી સ્વરૂપનું નિરૂપણ છે અને પછીના દરેક શ્લોકમાં ક્રમશઃ ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય રૂપી ગુણો-લક્ષણો-ધર્મોનું નિરૂપણ છે.

**શ્લોક ૧**

[ છંદ = શિખરિણી ]

સ્ફુરત્કૃષ્ણપ્રેમા – મૃત રસભરેણાતિભરિતા
વિહારાન્કુર્વાણા વ્રજપતિવિહારાબ્ધિષુ સદા ।
પ્રિયા ગોપીભર્તુઃ સ્ફુરતુ સતતં વલ્લભ ઇતિ
પ્રથાવત્યસ્માકં હૃદિ સુભગમૂર્તિઃ સકરુણા ॥ ૧ ॥

**શબ્દાર્થ :**

**સ્ફુરત્**=દિવ્યતાથી સ્ફુરી રહેલા (પ્રકાશી રહેલા); **કૃષ્ણપ્રેમામૃત રસભરેણાતિભરિતા** = કૃષ્ણ+પ્રેમ+અમૃત+રસભરેણ+અતિ+ભરિતા= કૃષ્ણના પ્રેમ (આનંદ) રૂપી રસથી સંપૂર્ણ ભરેલા; **વિહારાન્કુર્વાણા**= વિહારાન્ + કુર્વાણા = વિહાર કરતા; **વ્રજપતિ વિહારાબ્ધિષુ** = વ્રજપતિ + વિહાર + અબ્ધિષુ = વ્રજપતિ શ્રીકૃષ્ણના લીલાવિહાર રૂપી સમુદ્રોમાં; **સદા** = હંમેશાં; **પ્રિયા** = પ્રિય; **ગોપીભર્તુઃ** = ગોપીપતિ (શ્રીકૃષ્ણ); **સ્ફુરતુ** = સ્ફુરાયમાન રહો (પ્રકાશિત રહો); **સતતં** = સતત; **વલ્લભ ઇતિ** = વલ્લભ નામનું; **પ્રથાવતી** = અતિ પ્રસિદ્ધ; **અસ્માકં** = અમારા; **હૃદિ** = હૃદયમાં; **સુભગમૂર્તિઃ** = સુ (અલૌકિક) ભગ (ઐશ્વર્ય આદિ ધર્મો) અર્થાત્ અલૌકિક ધર્મોવાળું દિવ્ય સ્વરૂપ, **સકરુણા** = મહા દયાળુ

**શ્લોકાર્થ :** દિવ્યતાથી પ્રકાશમાન કૃષ્ણના પ્રેમ (આનંદ) રૂપી અમૃત રસથી સંપૂર્ણ ભરેલા, શ્રીવ્રજપતિ–કૃષ્ણના લીલાવિહાર રૂપી સાગરોમાં હંમેશાં વિહાર કરતા, ગોપીપતિ શ્રીકૃષ્ણના પ્રિય, "વલ્લભ"

નામથી સર્વત્ર પ્રસિદ્ધ, મહા દયાળુ અને અલૌકિક ધર્મોવાળું એ દિવ્ય સ્વરૂપ અમારા હૃદયમાં સતત સ્ફુરાયમાન રહો અર્થાત્ પ્રકાશમાન બની બિરાજો અને અમને અનુભવ કરાવો. (૧)

**વિવરણ :**

**(૧) "વ્યાખ્યા" કારે સમજાવેલું રહસ્ય :**

આ શ્લોકમાં શ્રીવલ્લભ–શ્રીમહાપ્રભુજીનાં ત્રણ સ્વરૂપોનું નિરૂપણ છે. (૧) મૂળરૂપ સુભગ સ્વરૂપ (૨) લીલારસાત્મક સ્વરૂપ (૩) અવતાર રૂપ = આચાર્ય સ્વરૂપ. આ ત્રણે સ્વરૂપે બિરાજતા શ્રીમહાપ્રભુજી સૌને ફળ આપનારા છે. વળી આપ સર્વોત્કૃષ્ટ છે. આપનાથી મોટું અન્ય કોઈ જ નથી.

સૌ પહેલાં આપણે આપના સુભગ સ્વરૂપને સમજીએ. આ સ્વરૂપનું, વર્ણન, આ શ્લોકમાં **'સુભગમૂર્તિ:'** પદથી કરવામાં આવ્યું છે. **'સુભગમૂર્તિ:'** શ્રીકૃષ્ણ પરબ્રહ્મ, પૂર્ણપુરુષોત્તમનું સાકાર સ્વરૂપ છે, તેઓ 'રસો વૈ સઃ' છે એટલે કે દિવ્ય શૃંગાર રસનું મૂર્તિમાન સ્વરૂપ છે. તેમને 'ભગવાન' કહ્યા છે, કારણ 'ભગ' એટલે દિવ્ય ગુણ. જેમનામાં ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એવા છ દિવ્ય ગુણો રહેલા છે તે ભગવાન. 'કૃષ્ણ' શબ્દ પણ આજ વાત સમજાવે છે. 'કૃષ' એટલે સર્વ સમર્થ. જેમનામાં આ છ દિવ્ય ગુણો હોય તે જ સર્વ સમર્થ હોય. 'ણ' એટલે આનંદ સ્વરૂપ. આમ, છ દિવ્ય ધર્મોવાળું જે ધર્મી આનંદ સ્વરૂપ તે 'કૃષ્ણ.'

વેદની શ્રુતિ કહે છે આવા પરબ્રહ્મ શ્રીકૃષ્ણ એકાકી હતા. 'સ એકાકી ન રમતે.' તેઓ એકલા એકલા શી ક્રીડા કરે ? તેથી 'સ દ્વિતીયમ્ ઐચ્છત્' તેમણે ક્રીડા માટે પોતાનામાંથી, પોતાનાં જ અનેક વિવિધ સ્વરૂપો પ્રકટ કર્યાં.

શ્રીકૃષ્ણ પોતે દિવ્ય ધર્મોવાળા હોવાથી તેમને 'સુભગમૂર્તિ' = કહ્યા સુ = ઉત્તમ, દિવ્ય. ભગ = અલૌકિક ધર્મ, અર્થાત્ ઉત્તમ દિવ્ય અલૌકિક ધર્મોવાળું સ્વરૂપ.

જેમ સાકરની બધી બનાવટોમાં સાકરનો જ સ્વાદ અને ગુણો હોય, તેમ પોતાની રસક્રીડા માટે શ્રીકૃષ્ણે પોતાનામાંથી જે સ્વરૂપો પ્રકટ કર્યાં, તે પણ શ્રીકૃષ્ણના દિવ્ય ધર્મોવાળાં છે. શ્રીકૃષ્ણે પ્રકટ કરેલું



આવું એક સ્વરૂપ **'શ્રીવલ્લભ'** છે. તેમનામાં શ્રીકૃષ્ણના છ દિવ્ય ધર્મો રહેલા છે. તેઓ આનંદાત્મક છે. આમ ગુણોથી અને સ્વરૂપથી તેઓ શ્રીકૃષ્ણરૂપ છે. તેથી તેમના આ મૂળ સ્વરૂપને અહીં **'સુભગમૂર્તિ:'** કહ્યું.

આ મૂળ સ્વરૂપનું પ્રાકટ્ય કેવી રીતે થયું તે શ્રીગુસાંઈજીએ "સૌંદર્ય પદ્ય"માં આપણને અગાઉ સમજાવ્યું છે.

શ્રીકૃષ્ણની નિત્યલીલામાં પ્રકટ થયેલ શ્રીવલ્લભ, નિત્યલીલામાં લીલાના રસાત્મક સાક્ષી સ્વરૂપે બિરાજ્યા. એ લીલા રસાત્મક સ્વરૂપનું હવે નિરૂપણ કરે છે.

**"પ્રિયા ગોપીભર્તુ:" :—**

શ્રીકૃષ્ણ ગોપીપતિ છે – ગોપીજનવલ્લભ છે. આ ગોપીજનોમાં શ્રુતિરૂપા અને ઋષિરૂપા ગોપીજનો છે. તેમની ચિરંતન ઈચ્છા હતી કે શ્રીકૃષ્ણ તેમને પતિરૂપે પ્રાપ્ત થાય. આમાંના શ્રુતિરૂપા ગોપીજનો 'અન્યપૂર્વા' છે, કારણ લૌકિક રીતે તેમના અન્ય પતિ છે, પરંતુ તેમના અલૌકિક પતિ શ્રીકૃષ્ણ જ છે. જયારે ઋષિરૂપા ગોપીજનો કુમારિકાઓ હોવાથી 'અનન્યપૂર્વા' છે. તેમણે શ્રીકૃષ્ણને જ પોતાના પતિ તરીકે સ્વીકાર્યા છે. આમ, સમસ્ત ગોપીજનોના અલૌકિક પતિ શ્રીકૃષ્ણ છે તેથી તેમને **'ગોપીપતિ' 'ગોપીભર્તુ:'** કહ્યા.

જેમ બધાં ગોપીજનોને શ્રીકૃષ્ણ પ્રાણથી યે પ્રિય છે, તેમ શ્રીકૃષ્ણને પણ બધાં જ ગોપીજનો પ્રિય છે. એમ આ **'ગોપીભર્તુ:'** પદથી સૂચવે છે. કારણ 'ભર્તા' એટલે રક્ષણ કરનાર, ભરણ પોષણ કરનાર. તેઓ ગોપીજનોના પ્રેમનું રક્ષણ પોતાનો પ્રેમ આપીને કરે છે. આથી શ્રીકૃષ્ણ 'ગોપીજનવલ્લભ' છે.

સર્વ ગોપીજનો પણ નિત્યલીલામાં શ્રીકૃષ્ણના શ્રીઅંગમાંથી જ પ્રકટ થયેલા હોવાથી કૃષ્ણરૂપો જ છે. પોતાનું રૂપ પોતાને પ્રિય હોય તેથી પણ શ્રીકૃષ્ણ 'ગોપીજનવલ્લભ' – **'ગોપીભર્તુ:'** છે.

આવા શ્રીગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણને શ્રીવલ્લભ વિશેષ પ્રિય છે. શ્રીવલ્લભ નિત્યલીલામાં શ્રીસ્વામિની સ્વરૂપે બિરાજમાન છે. તેથી આપને **'પ્રિયા ગોપીભર્તુ:'** કહ્યા, અર્થાત્ આપ શ્રીગોપીપતિ શ્રીકૃષ્ણનાં પ્રિયા–પ્રિયતમા છે. આ આપનું સ્વામિની સ્વરૂપ લીલારસાત્મક સ્વરૂપ છે.

જેમ શ્રીકૃષ્ણને શ્રીવલ્લભ અતિ પ્રિય છે, તેમ શ્રીવલ્લભને શ્રીકૃષ્ણ પણ અતિ પ્રિય છે. બંને સ્વરૂપો પ્રિયતમ-પ્રિયતમાના ભાવથી બિરાજે છે. બંનેને પરસ્પર અતિ પ્રેમ છે "વપુ દોય પ્રાણ એક" બંને સ્વરૂપોની એકરૂપતા છે, તેથી અહીં શ્રીવલ્લભને **'પ્રિયાગોપીભર્તુઃ'** ના સ્વરૂપે **'સુભગમૂર્તિ'** કહ્યા છે. આપના પૂર્ણ સૌભાગ્યનું આમાં નિરૂપણ છે.

**"પ્રિયા ગોપીભર્તુઃ"** : પદથી શ્રીવલ્લભના પરમ સૌભાગ્યનું એક બીજું લક્ષણ પણ સમજાય છે. પતિ-પત્ની પરસ્પરને પ્રિય હોય ત્યારે તેમનું પરસ્પરનું પરમ સૌભાગ્ય કહેવાય, પતિને પત્ની પ્રિય હોય, પણ પત્નીને પતિ પ્રિય ન હોય, અથવા તેથી ઊલટું, પત્નીને પતિ પ્રિય હોય, પણ પતિને પત્ની પ્રિય ન હોય તો પરમ સૌભાગ્ય સંભવી શકે નહિ. આ પદથી એમ સમજાય છે કે શ્રીકૃષ્ણને શ્રીવલ્લભ પ્રિય છે, તો શ્રીવલ્લભને શ્રીકૃષ્ણ પણ એટલા જ પ્રિય છે. પરસ્પરમાં ઉત્કટ પ્રીતિ છે.

"ભર્તુઃ" શબ્દમાં એક વિશેષ ભાવ રહેલો છે. શ્રીકૃષ્ણ ગોપીજનોના પતિ છે અર્થાત્ તેમના સ્વામી છે. ગોપીજનો શ્રીકૃષ્ણનાં દાસી છે. પતિસુખનું પરમ સૌભાગ્ય પત્નીને જ મળે છે, અન્ય સ્ત્રીને નહિ. કારણ કે પત્ની જ પોતાના પતિના સુખ માટે સર્વ કાર્ય કરે છે, પતિની સેવા કરે છે. પતિ સાથે અંતરંગ એકાંતનો અધિકાર તેને છે. તે પતિ સાથે એકાંતમાં નર્મ અને મર્મની રહસ્યવાર્તા કરી શકે છે. તેથી તે પતિની કેવળ પત્ની જ નથી, પ્રિયતમા પણ છે. પતિને પોતાને સ્વાધીન રાખે છે, આવાં ગોપીજનો છે. તેઓ શ્રીકૃષ્ણને પોતાના પ્રેમથી પોતાને વશ રાખે છે. આવાં ગોપીજનોનાં સ્વામિની સ્વરૂપે શ્રીવલ્લભ નિત્ય લીલામાં બિરાજે છે. તેથી શ્રીકૃષ્ણ શ્રીવલ્લભને સ્વાધીન છે – વશમાં છે. આમ, પોતાના સ્વામી શ્રીકૃષ્ણને પોતાના વશમાં રાખનારા શ્રીવલ્લભ છે, આખું બ્રહ્માંડ પ્રભુના વશમાં છે, ત્યારે એ પ્રભુ શ્રીવલ્લભના વશમાં છે, તેથી તો આપણે તેમને 'મહાપ્રભુ' કહીએ છીએ. શ્રીવલ્લભનો આ પણ ઉત્કર્ષ છે.

વળી જે સ્ત્રી તેના પતિની પત્ની અને પ્રિયતમા બંને હોય, તે સ્ત્રીથી તેના પતિની કોઈ વાત છાની હોઈ શકતી નથી. આમ, શ્રીવલ્લભ પણ શ્રીકૃષ્ણને પૂર્ણ રૂપે જાણનારા છે. તેઓ શ્રીકૃષ્ણને જેટલા જાણે છે, તેટલું અન્ય કોઈ જાણતું નથી. આ બાબત પણ આપનું પરમ સૌભાગ્ય સૂચવે છે.



શ્રીવલ્લભનું મૂળસ્વરૂપ કૃષ્ણસ્વરૂપ જ છે એમ જણાવવા માટે આ શ્લોકની પ્રથમ પંક્તિમાં જ શ્રીગુસાંઈજી મહારાજે આજ્ઞા કરી : **"સ્ફુરત્ કૃષ્ણપ્રેમામૃતરસભરેણાતિભરિતા"** શ્રીવલ્લભ કૃષ્ણ-પ્રેમામૃતરૂપી દિવ્ય આનંદરસથી પરિપૂર્ણ સ્વરૂપે ઝળકે છે, આથી શ્રીગુસાંઈજી મહારાજે 'શ્રીસર્વોત્તમસ્તોત્ર'માં ૧૦૮ નામોના પ્રારંભમાં આપનાં બે નામ આપ્યાં – 'આનંદઃ' અને પરમાનંદઃ' તેનું કારણ ત્રીજા નામમાં આપ્યું – 'શ્રીકૃષ્ણાસ્યં'! આપ શ્રીકૃષ્ણના મુખારવિંદ સ્વરૂપ છે. જેમ વ્યક્તિથી તેનું મુખ અલગ ન હોય, તેમ શ્રીકૃષ્ણથી શ્રીવલ્લભ અલગ નથી. આથી આપ કૃષ્ણરસસ્વરૂપ છે – 'વસ્તુતઃ કૃષ્ણ એવ' છે.

આમ, શ્રીવલ્લભનું મૂળસ્વરૂપ કૃષ્ણનું જ પુંભાવાત્મક સ્વરૂપ છે.

આમ, શ્રીગુસાંઈજી મહારાજે શ્રીવલ્લભનું મૂળ સ્વરૂપ સમજાવ્યું કે આપ **"પ્રિયા ગોપીભર્તુઃ"** શ્રીગોપીજનવલ્લભનાં સ્વામિની-પ્રિયા હોવાથી **'સુભગમૂર્તિઃ'** અલૌકિક છ ધર્મયુક્ત દિવ્ય ભગવત્સ્વરૂપ છે.

હવે ટીકાકાર મહાનુભાવ શ્રીવલ્લભનું લીલારસાત્મક સ્વરૂપ સમજાવે છે. તેઓ એક પ્રશ્ન કરે છે : લૌકિકમાં પતિ-પત્ની એક બીજાને પ્રિય હોય તેવાં કાર્યો કરે ત્યારે તેમની પરસ્પરની પ્રીતિ વધે છે. અહીં શ્રીવલ્લભ અને શ્રીકૃષ્ણે પરસ્પરની પ્રીતિ વધે એવી કઈ લીલાઓ કરી?

તેનો ખુલાસો શ્રીગુસાંઈજી મહારાજ **'સ્ફુરતુ'** પદથી કરે છે. તેની સાથે એક બીજું પદ છે – **'સતત'**, 'સતત' એટલે સતત – પ્રતિક્ષણ 'સ્ફુરતુ' એટલે સ્ફુરે છે. શ્રીવલ્લભમાં પ્રતિક્ષણ નવા નવા ભાવો સ્ફુરે છે. શ્રીવલ્લભ અને શ્રીકૃષ્ણ મૂળ સ્વરૂપે એક જ હોવાથી, શ્રીકૃષ્ણની જેમ શ્રીવલ્લભ પણ સદાનંદ, રસાત્મક, ગૂઢભાવાત્મક છે. આપનામાં દિવ્ય પુંભાવ અને સ્ત્રીભાવ રહેલો છે. આમ આપ દિવ્ય આનંદરસ-પ્રેમામૃતથી પરિપૂર્ણ છે, પરંતુ નિત્યલીલામાં આપ સ્વામિની સ્વરૂપે બિરાજમાન હોવાથી, સ્વામીના સુખ માટે આપના હૃદયમાં વિવિધ લીલાના ભાવો હર પળે પ્રકટે છે, અર્થાત્ આપ લીલારસથી સભર સ્વભાવવાળા છે. પ્રભુના-સ્વામીના સુખ માટે વિવિધ લીલાઓ કરવામાં આપ સદા તત્પર છે.

રસશાસ્ત્રમાં રસ કેવી રીતે પ્રકટ થાય તે સમજાવ્યું છે. નાયક – નાયિકા માટે રસને યોગ્ય વાતાવરણ હોવું જોઈએ. એ વાતાવરણમાં વિવિધ હાવભાવ, ચેષ્ટાઓ, નૃત્ય-ગીત આદિ ક્રિયાઓ – લીલાઓ થવી

જોઈએ. ત્યારે હૃદયમાં રહેલો સ્નેહનો મૂળભાવ રસાત્મક સ્વરૂપ ધારણ કરે છે. તેમાં સંયોગલીલાની જેમ માનલીલા પણ રસને પ્રકટ કરવામાં મદદ કરે છે. આથી રસને ગાઢ બનાવી સ્વપ્રભુને સુખ આપવા શ્રીવલ્લભ સ્વામિની સ્વરૂપે વિવિધ ભાવોવાળી માનલીલા કરે છે. તે દ્વારા કયારે પરિહાસ–હાંસી–કરે છે અર્થાત્ મજાક–મશ્કરી કરે છે. કયારેક મર્મમાં નર્મ વચનો કહે છે અર્થાત ઝઘડો કરે છે, તો કયારેક ગુસ્સો બતાવી કટાક્ષ વચનો પણ કહે છે, આવા વિવિધ ભાવો પ્રકટ કરીને સ્વપ્રભુને સુખદાન કરે છે–રીઝવે છે.

આમ **'સ્ફુરતુ સતત'** પદો દ્વારા શ્રીગુસાંઈજી મહારાજે સમજાવ્યું કે શ્રીવલ્લભ મૂળ સ્વરૂપે **'સુભગમૂર્તિઃ'** છે, તેમ લીલા-રસાત્મક સ્વામિની સ્વરૂપે પણ **'સુભગમૂર્તિઃ'** છે.

શ્રીવલ્લભના લીલારસાત્મક સ્વરૂપનો વિચાર કરતાં ટીકાકાર મહાનુભાવને એક બીજો પ્રશ્ન થાય છે–નિત્યલીલામાં બધાં ગોપીજનો હરિપ્રિયા છે. પ્રેમનો વ્યવહાર સામાન્ય રીતે એવો હોય છે કે, તમે એકને પ્રિય થાવ, તેને અનુકૂળ બનો એટલે બીજાના ઈર્ષાપાત્ર બનો. બીજાને પ્રતિકૂળ બનો. આ સ્થિતિમાં શ્રીવલ્લભને નિત્યલીલામાં સૌનું પ્રિયત્વ કેવી રીતે પ્રાપ્ત થયું ? કારણ સૌનું પ્રિયત્વ જયાં સુધી પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી આપ **'સુભગમૂર્તિઃ'** પરમ સૌભાગ્ય સ્વરૂપ કેવી રીતે કહેવાય ?

શ્રીગુસાંઈજી મહારાજ તેનો ખુલાસો **"વિહારાન્ કુર્વાણો વ્રજપતિવિહારાબ્ધિષુ સદા"** એ પંક્તિથી કરે છે. **'વ્રજપતિ'** એટલે વ્રજના પતિ સ્વામી, જે વ્રજના સંબંધવાળા છે તે સૌના પતિ શ્રીકૃષ્ણ છે. જેમ પતિ પત્નીને સુખદાન કરે, તેમ શ્રીકૃષ્ણ પ્રત્યેક વ્રજગોપિકાને અલૌકિક સુખદાન કરનારા છે. આથી, રાસમાં જેટલાં ગોપીજનો હતાં, તેટલાં સ્વરૂપો ધારણ કરી શ્રીકૃષ્ણે પ્રત્યેક ગોપીજનને એક જ સમયે સ્વરૂપાનંદનું દાન કર્યું હતું. વ્રજલીલામાં પણ પ્રત્યેક ગોપિકાના ભાવનું સ્વરૂપ ધારણ કરીને, શ્રીકૃષ્ણ તેમના લીલામનોરથો પરિપૂર્ણ કરે છે, આથી 'શ્રીવલ્લભાખ્યાનમાં કહેવાયું કે 'સકલ વ્રજમાં પોઢિયા, વ્હાલો કરે વિશ્રામ' માટે શ્રીમહાપ્રભુજીએ પણ સમજાવ્યું કે "લક્ષ્મી-સહસ્રલીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્". કલાનિધિ શ્રીકૃષ્ણ હજારો લક્ષ્મીરૂપા ગોપીજનોની વિવિધ લીલાઓથી સેવાય છે. આમ, જેટલાં



ગોપીજનો છે તેટલા લીલાસાગર છે, **'વિહારાબ્ધિષુ'** એટલે લીલા-સાગરોમાં, **'વિહારાન્ કુર્વાણો' 'સદા'** શ્રીવલ્લભ સદા વિહાર કરે છે. દરેક ગોપીજનના ભાવનો અલગ અલગ લીલાસાગર છે. દરેક ગોપીજનને શ્રીવલ્લભ અતિપ્રિય છે, તેથી દરેક ગોપીજનની વિનંતીથી શ્રીવલ્લભ તેમના લીલાસાગરમાં વિહાર કરે છે.

સામાન્ય રીતે પ્રિયતમ સાથેના વિહારમાં પ્રિયતમા અન્યની હાજરી સહન કરે નહિ. પરંતુ અહીં નિત્યલીલામાં બધાંજ ગોપીજનો શ્રીવલ્લભને લીલાવિહારમાં પધરાવે છે. જો શ્રીવલ્લભ બધાં ગોપીજનોને અનુકૂળ ન હોય તો આપને દરેક લીલાસાગરનો અનુભવ પ્રાપ્ત ન થાય. આથી સિદ્ધ થાય છે કે શ્રીવલ્લભ સર્વને અનુકૂળ છે, કારણ આપ સર્વને પ્રિય છે. આમ સર્વ વ્રજભક્તો દ્વારા આપનું પરમ સૌભાગ્ય–ઉત્કર્ષ–સિદ્ધ થયું છે. તેથી લીલારસાત્મક સ્વરૂપે પણ શ્રીવલ્લભ આપ **'સુભગમૂર્તિઃ'** છે.

શ્રીવલ્લભ કૃપાશક્તિનું સાક્ષાત સ્વરૂપ છે. આપના દ્વારા જ સર્વ વ્રજભક્તોને શ્રીકૃષ્ણનો લીલારસાનુભવ પ્રાપ્ત થાય છે શ્રીવલ્લભની કૃપા વિના તે શકય નથી. શ્રીવલ્લભમાં આવું અલૌકિક સામર્થ્ય હોવાથી **'સુભગમૂર્તિઃ'** છે.

આમ, શ્રીગુસાંઈજી મહારાજે શ્રીવલ્લભનું બીજું સ્વરૂપ લીલારસાત્મક સ્વામિની સ્વરૂપ સમજાવ્યું.

હવે આપ શ્રીવલ્લભનું પૃથ્વી પર પ્રસિદ્ધ ત્રીજું સ્વરૂપ આચાર્ય સ્વરૂપ સમજાવે છે.

ટીકાકાર મહાનુભાવ પ્રશ્ન કરે છે–જેઓ મૂળ સ્વરૂપે–કૃષ્ણ સ્વરૂપે પૂર્ણાનંદ–સદાનંદ છે અને લીલારસાત્મક સ્વરૂપે–સ્વામિની સ્વરૂપે કૃપાશક્તિરૂપા છે, તેવા **'સુભગમૂર્તિઃ'** શ્રીવલ્લભને પૃથ્વી પર પધારવાનું કેમ થયું ?

શ્રીગુસાંઈજી મહારાજ તેનો જવાબ આપે છે–આ **'સકરુણા'** છે અર્થાત્ કરુણાસાગર છે. દયા અને કરુણામાં થોડો તફાવત છે. ઉપકાર પર ઉપકાર કરવો તે દયા. અપકાર પર ઉપકાર કરવો તે કરુણા. શ્રીવલ્લભ આવા કરુણાસાગર છે. કરુણા એ આપનો સ્વભાવ છે. આપે

નિત્યલીલામાં વ્રજભક્તોને શ્રીકૃષ્ણ પ્રાપ્ત કરાવી આપ્યા એ આપની કરુણા. તેવી રીતે લીલામાંથી વિખૂટા પડી, પૃથ્વી પર અટવાતા પુષ્ટિજીવોનો ઉદ્ધાર કરવા આપ કરુણા કરી, પૃથ્વી પર પધાર્યા. એ આપનું ત્રીજું સ્વરૂપ–આચાર્ય સ્વરૂપ. આ સ્વરૂપે આપ જગતમાં **'પ્રથાવતી'** એટલે પ્રસિદ્ધ છે.

આપના આ આચાર્ય સ્વરૂપને સૌ જાણે છે. **"વલ્લભ ઇતિ"**– આપ પૃથ્વી પર પણ શ્રીવલ્લભ નામે જ પ્રસિદ્ધ છે. નિત્યલીલામાં પણ આપનું તેજ નામ છે. પરંતુ જગતના જીવોને આપના મૂળસ્વરૂપ અને લીલાસ્વરૂપનો અનુભવ નથી. જો કે આપ નિશ્ચિતરૂપે પૃથ્વી ઉપર પણ પોતાના કૃપાપાત્ર જીવોને પોતાના એ અલૌકિક સ્વરૂપોનો અનુભવ કરાવે જ છે. આપના શરણાગત જીવોને એ અલૌકિક અનુભવનું આપે દાન કર્યું છે અને આજે પણ કરે છે. આથી સિદ્ધ થાય છે કે આપ ભલે ભૂતળ પર આચાર્ય સ્વરૂપે પ્રસિદ્ધ હોય, છતાં આપનાં અલૌકિક સ્વરૂપોથી પણ આપ પૃથ્વી ઉપર પણ બિરાજમાન છે જ.

જો તેમ ન હોય તો પુષ્ટિજીવોને ભગવદ્રસનું દાન થયું છે તે થાત જ નહિ. આપ આચાર્ય સ્વરૂપે પણ અંદર–બહાર પૂર્ણાનંદ છે, આપના આ સ્વરૂપમાં પણ આનંદની જરા પણ ઊણપ નથી. આપ પુષ્ટિજીવો પર એવી કૃપા કરે છે કે આપનાં પ્રાકટ્ય દ્વારા આપે પુષ્ટિજીવોને સ્વરૂપ જ્ઞાન કરાવી, સ્વરૂપાનુભવ કરાવી, સ્વરૂપાનંદનું દાન કર્યું છે. આથી પુષ્ટિમાર્ગના પ્રાકટ્ય માટે આપની સાથે શ્રીકૃષ્ણ પણ શ્રીગોવર્ધનનાથજી સ્વરૂપે પ્રકટ થયા છે.

૮૪ વૈષ્ણવોની વાર્તામાંથી આ હકીકત સિદ્ધ થાય છે. અનેક ભક્તોને આપે પોતાના આ અલૌકિક સ્વરૂપનો અનુભવ કરાવ્યો છે, જે તેમણે પદોમાં ગાયો છે.

આવા ત્રણ સ્વરૂપે–અલૌકિક છ ધર્મો સહિત બિરાજમાન **'સુભગમૂર્તિઃ શ્રીવલ્લભ 'અસ્માક' હૃદિ'**–અમારા હૃદયમાં **'સતત'** સતત, પ્રતિક્ષણ 'સ્ફુરતુ'–સ્ફુરાયમાન થાવ–અમને દર્શન આપો, એવી શ્રીગુસાંઈજી મહારાજ વિનંતી કરે છે.



## (૨) 'વિભૂતિ' કારે સમજાવેલું રહસ્ય :

અહીં 'મૂર્તિ' પદ દ્વારા શ્રીવલ્લભનું ધર્મીસ્વરૂપ સમજવું. 'સુભગા' એટલે સુંદર. ઐશ્વર્ય આદિ ધર્મો જેમાં છે તે ધર્મી. ભગ એટલે આ છ ધર્મો તેથી ભગવાન એટલે આ છ ધર્મો જેમનામાં છે તે. આ ધર્મો બે પ્રકારના છે. (૧) મર્યાદામાર્ગીય (૨) પુષ્ટિમાર્ગીય. અહીં શ્રીવલ્લભના ધર્મીસ્વરૂપમાં પુષ્ટિમાર્ગીય છ ધર્મો રહેલા છે તેમ સમજવું.

પ્રથમ આવા પુષ્ટિમાર્ગીય ધર્મીસ્વરૂપ શ્રીવલ્લભના પુષ્ટિમાર્ગીય ઐશ્વર્ય ધર્મને પ્રકટ કરે છે. પ્રથમ પંક્તિ–**સ્ફુરત્ કૃષ્ણપ્રેમામૃત-રસભરેણાતિભરિતા**"માં ઐશ્વર્ય ધર્મનું નિરૂપણ છે. રસશાસ્ત્ર મુજબની રસાત્મક પ્રભુની રમણલીલા એમનો ઐશ્વર્ય ધર્મ છે. કૃષ્ણ પૂર્ણબ્રહ્મ હોવા છતાં ભક્તની સાથે રસરૂપ થઈને રસાત્મક લીલા કરે છે. આ તેમનો વિરુદ્ધધર્માશ્રય ગુણ છે. અહીં 'કૃષ્ણરસ'ને 'અમૃત' કહ્યો છે, કારણ કે તે મૃત્યુને દૂર રાખે છે. દેહાદિને ભુલાવે છે. પરમાનંદનો અનુભવ કરાવે છે. વિરહમાં જીવનને ટકાવે છે. વિરહને સહન કરે તેવું સામર્થ્ય અર્થાત્ સેવોપયોગી દેહ આપનાર છે. ભક્તના હૃદયમાં જ્યારે રસાત્મક ભગવાનની સ્ફૂર્તિ થાય છે, ત્યારે ત્યાં મૃત્યુ આવી શકતું નથી. આથી આ 'કૃષ્ણરસ' અમૃત છે. આવા કૃષ્ણરસ રૂપી અમૃતમય શ્રીવલ્લભ છે.

ભગવાનના વિપ્રયોગમાં ગોપીજનો ભગવાનના ગુણગાન દ્વારા સમય વિતાવે છે. ત્યારે ગુણગાન કરતાં, તેમનામાં કૃષ્ણપ્રેમ પ્રકટે છે. આ કૃષ્ણપ્રેમ શ્રીસ્વામિનીજીના હૃદયમાં રહેલો ભાવવિશેષ છે. તે જ્યારે ગુણગાન દ્વારા બહાર પ્રકટ થાય છે, ત્યારે એ સુધા હૃદયમાંથી અધરોમાં આવે છે. બધાં સ્વામિનીઓ – ગોપીજનોના અધરોમાં રહેલી આ સુધા એકત્ર થાય છે. જેમ સોનાનો રસ બનાવી, તેને બીબામાં ઢાળવામાં આવે તો તે રસ મૂર્તિ રૂપે જણાય છે, તેમ સર્વ ગોપીજનોનો કૃષ્ણરસ એકત્ર થતાં, તેમાંથી જે સુંદર સ્વરૂપ પ્રકટ થયું તે આપણા શ્રીવલ્લભ. આમ શ્રીવલ્લભ વ્રજભક્તોના અલૌકિક સુધારસનું સાક્ષાત્ સ્વરૂપ છે. આપનામાં રહેલી આ સુધા સદા સ્થાયી છે. છતાં આપ પૃથ્વી પર પધારે છે, ત્યારે પ્રાકૃત મનુષ્યોના જેવી કૃતિઓ કરી, આસુરી જીવોને મોહ પમાડી દૂર રાખે છે. આ આપનો **'ઐશ્વર્ય'** ધર્મ છે.

હવે બીજી પંક્તિ–**"વિહારાન્ કુર્વાણો વ્રજપતિવિહારાબ્ધિષુ સદા"**થી આપનો **"વીર્ય"** ધર્મ સમજાય છે. ભગવાનનું સ્વરૂપ અલૌકિક શૃંગાર રસાત્મક છે. શૃંગાર રસનાં બે સ્વરૂપ (૧) સંયોગ (૨) વિપ્રયોગ. તેથી ભગવાન શ્રીકૃષ્ણનું સ્વરૂપ સંયોગ અને વિપ્રયોગ એમ બે રૂપવાળું છે. તેમાં સંયોગના અનુભવ બાદ, વિયોગનું દાન કરવું તથા તે વિયોગ રૂપી અગ્નિ ભક્તના દેહને ભસ્મ ન કરે તે રીતે ભક્તને વિરહનો અનુભવ કરાવવો એ ભગવાનનો **"વીર્ય"** ધર્મ છે.

આથી બીજી પંક્તિમાં આવા વીર્યધર્મવાળા ભગવાન માટે **"વ્રજપતિ"** શબ્દ વાપર્યો છે, કેમકે વ્રજજનો નિઃસાધન ભક્તો છે. ભગવાન તેમના આધાર અને રક્ષક રૂપે ફળરૂપ છે. તેઓ ભક્તોની અનન્યતાને ટકાવે છે અને તેમને તેમના ધર્મ અને ભાવનો બોધ કરે છે તેથી તેમના પતિ છે.

ભગવાન સાથેના ભક્તના લીલાવિહારો ભક્તના ભાવને દૃઢ કરે છે, સાથે સાથે મનને લૌકિકમાંથી દૂર કરી, અલૌકિકમાં તલ્લીન કરે છે; લીલાવિહારોમાં રાસદિલીલા મુખ્ય છે. ભગવાને પોતાના સ્વરૂપ તથા ધર્મની મર્યાદાઓનો ત્યાગ કરી, ભક્તોને રાસના પરમ ફળનું દાન કર્યું છે. રાસનો આ દિવ્ય રસ ભક્તોના હૃદયમાં સ્થિર થયો હોવાથી, વિરહાવસ્થામાં વ્રજ–સ્વામિનીઓએ ભગવાનનાં ગુણગાન ગાયાં, ત્યારે જે શબ્દો પ્રકટ થયા તે અમૃતના સમુદ્રરૂપ હતા. તેમાં તેમનાં દેહ–ઈન્દ્રિયો એવાં ડૂબી ગયાં કે તેઓ દેહાનુસંધાન જ ભૂલી, અંતઃકરણથી લીલાવિહારમાં ડૂબી ગયાં. ત્યારે ભગવાને પોતાના **'વીર્ય'** ધર્મથી તેમના દેહનું રક્ષણ કર્યું.

શ્રીવલ્લભ પણ મૂળ સ્વરૂપે 'કૃષ્ણ' હોવાથી આપે પણ ભૂતળ પરના દૈવીજીવોને શરણે લઈ, એ નિઃસાધન જીવોને પ્રભુની લીલાઓનું દાન કરી, વિરહાનંદનો અનુભવ કરાવ્યો છે. એ આપનું અલૌકિક **'વીર્ય'** છે.

હવે ત્રીજી પંક્તિમાં **"પ્રિયા ગોપીભર્તુઃ"** પદાવલીથી આપનો **'યશ'** ધર્મ સમજાય છે. ભગવાન પોતાના ભક્તની આર્તિને જાણીને ન આપવા યોગ્ય એવા અદેય પોતાના સ્વરૂપનું પણ કરુણાપૂર્વક ભક્તને દાન કરે છે. આ ભગવાનનો યશધર્મ છે.



વ્રજનાં ગોપીજનો નિઃસાધન ભક્તો છે. ભગવાન જ તેમનું સર્વસ્વ છે. ભગવાન સિવાય અન્ય કશાની અપેક્ષા તેમને નથી. ભગવાનનો એક ક્ષણનો ય વિયોગ થાય તો તેઓ પ્રાણ ત્યાગી દે, એવાં ઉત્કૃષ્ટ ભાવવાળાં છે. આથી જ ભગવાને તેમનો સ્વીકાર કર્યો છે–આ સ્વીકારમાં ભગવાનને ય કોઈ સ્વાર્થ નથી. તેઓ ગોપીજનોને પોતાના સ્વરૂપાનંદનું દાન કરીને, તેમના પ્રાણ ટકાવે છે અને રક્ષણ કરે છે માટે આવા ભગવાન **'ગોપીભર્તુઃ'** છે. અને ગોપીજનો **'પ્રિયા ગોપીભર્તુઃ'** છે.

જેમ ભક્તને ભગવાન માટે આર્તિ થાય છે, તેમ ભગવાનને ભક્ત માટે આર્તિ રહે છે, શ્રીવલ્લભ લીલામાં સાક્ષીસ્વરૂપ હોવાથી ભગવાનની ભક્ત માટેની આર્તિ વિવિધ મધુર, કોમળ વચનોથી નિવૃત્ત કરી, ભગવાન અને ભક્તનો મેળાપ કરાવે છે. તે દ્વારા ભગવાનને સુખનો અનુભવ કરાવે છે. આથી શ્રીકૃષ્ણ લીલામાં શ્રીવલ્લભને પોતાનાથી ક્ષણવાર પણ દૂર કરતા નથી, માટે શ્રીવલ્લભને અહીં **'પ્રિયા ગોપીભર્તુઃ'** કહ્યા છે. આપ શ્રીગોપીજનવલ્લભને અતિ પ્રિય છે.

'ભર્તા' શબ્દનો એક બીજો અર્થ છે – 'બિભર્તિ ઇતિ ભર્તા' જેમને હૃદયમાં ધારણ કરવામાં આવે તે. જેમ ભક્તો ભગવાનને પોતાના હૃદયમાં ધારણ કરે છે, તેમ ભગવાન ભક્તો – ગોપીજનોને પોતાના હૃદયમાં ધારણ કરે છે તેથી તેઓ **'ગોપીભર્તુઃ'** છે. ભક્તોનો વિપ્રયોગ જ્યારે ભગવાનને થાય છે, ત્યારે શ્રીમહાપ્રભુજી ભગવાનના તાપને શમાવે છે. માટે શ્રીવલ્લભ ભગવાનના પ્રીતિપાત્ર છે, ભગવાન તેમના વિના રહી શકતા નથી. આ શ્રીવલ્લભનો 'યશ' ધર્મ છે.

ત્રીજી પંક્તિના અંતમાં અને ચોથી પંક્તિની શરૂઆતમાં **'વલ્લભ ઇતિ પ્રથાવતી'** પદાવલી છે. તે શ્રીવલ્લભના 'શ્રી' ધર્મને વ્યક્ત કરે છે. ભગવાન શ્રીયુક્ત છે. આપનું શ્રીઅંગ આભૂષણોને ય ઝાંખાં પાડે એવું–સુંદર તેજસ્વી છે. આપ કામદેવના પણ કામદેવ છે. આપનું અલૌકિક સૌંદર્ય–શોભા એ આપનો 'શ્રી' ધર્મ છે.

શ્રીવલ્લભ પૃથ્વી પર પ્રકટ થયા અને પ્રસિદ્ધ થયા. દૈવી જીવો રૂપી વિશ્વનો ઉદ્ધાર કરવાનું સામર્થ્ય જગતમાં પ્રખ્યાત થયું. આપની આ ખ્યાતિ આપની શોભા છે. તે આપનો 'શ્રી' ધર્મ છે.

જ્યારે ભગવાન રાસમંડલમાં ગોપીજનોની વચ્ચે પ્રગટ થયા ત્યારે શ્રીશુકદેવજીએ કહ્યું કે ભકતના સમુદાયમાં બિરાજવાથી ભગવાનની શોભા વધી છે. તેમ શ્રીવલ્લભ પણ પૃથ્વી પર ભકતના સમુદાયમાં બિરાજવાથી આપની શોભા અધિક થઈ છે. શ્રીવલ્લભના પૃથ્વી પરના પ્રાકટ્ય પછી આપની શોભા વધી છે તેમ આ પદોથી સમજાય છે.

છેલ્લી પંકિતમાં '**સુભગમૂર્તિ:**' પદથી શ્રીવલ્લભના '**જ્ઞાન**' ધર્મ સમજાય છે. ભકતને જ્યારે વિયોગાવસ્થામાં અંદરનું કે બહારનું કંઈ પણ જ્ઞાન ન રહે, ત્યારે અન્ય ભકત રસમાર્ગથી તેને ભગવત્સ્વરૂપનું જ્ઞાન કરાવે છે. આ પુષ્ટિમાર્ગીય જ્ઞાન છે. તેથી જ્યારે ભકતો ભગવાનના વિયોગમાં અતિ દુઃખી થાય છે તથા તેમને એમ લાગે છે કે હવે તેમના પ્રાણ ચાલ્યા જશે, ત્યારે શ્રીવલ્લભ ત્યાં પ્રકટ થઈ, તેવા ભકતને ભગવાનનો વિચાર સમજાવી, તેના વિયોગાગ્નિને શાંત કરે છે. આ શ્રીવલ્લભનો 'જ્ઞાન' ધર્મ છે.

'ભગ' શબ્દનો એક અર્થ ઐશ્વર્ય છે, તો બીજો અર્થ જ્ઞાન છે. તેથી વ્યાસજી પરાત્પર પરબ્રહ્મ માટે 'ભગવાન' શબ્દ વાપરે છે. ભગવાન એટલે જ્ઞાનવાન. લૌકિક મનુષ્યોમાં આ જ્ઞાન હોતું નથી. અહીં જ્ઞાનના અર્થમાં 'ભગ' શબ્દ છે. તેને 'સુ' ઉપસર્ગ લાગ્યો છે. 'સુભગ' એટલે સારું જ્ઞાન. જે જ્ઞાન પ્રભુને પણ પ્રસન્ન કરે તે સારું જ્ઞાન-'**સુભગ**' શ્રીવલ્લભમાં આવું સારું જ્ઞાન હોવાથી, આપને '**સુભગમૂર્તિ:**' કહ્યા છે.

'સુભગ'નો બીજો અર્થ છે સુંદર, '**સુભગમૂર્તિ:**' એટલે સુંદર સ્વરૂપ. 'જેવી આકૃતિ તેવા ગુણો' એ ન્યાયે, જેમનું સૌંદર્ય અલૌકિક હોય, તેમના ગુણો પણ અલૌકિક હોય, જેમનામાં ભગવાનની સેવાને લાયક સૌંદર્ય હોય, તેનામાં તેને અનુરૂપ ગુણો પણ હોય. આવા ગુણવાન શ્રીવલ્લભ છે, કારણ કે આપનામાં 'જ્ઞાન' ધર્મ છે.

શ્લોકમાં અંતિમ શબ્દ છે '**સકરુણ**'. તે દ્વારા શ્રીવલ્લભનો વૈરાગ્ય ધર્મ સમજાય છે. ભગવાનનો અલૌકિક વૈરાગ્ય ધર્મ લૌકિક વૈરાગ્યથી જુદા પ્રકારનો છે. ભગવાનનો વૈરાગ્ય એટલે ભકતમાં પ્રીતિ અને તે સિવાયના અન્ય લોકોમાં અપ્રીતિ. શ્રીમહાપ્રભુજીનો પણ આ જ સ્વભાવ છે. આપને આપના ભકતોમાં પ્રીતિ છે. તે સિવાયના મનુષ્યોમાં રાગનો અભાવ છે.



અહીં એક પ્રશ્ન થાય કે–દયા તો સર્વમાં હોવી જોઈએ. તો ભગવાન ભકત તરફ દયા રાખે અને અન્ય તરફ નહિ એવું કેમ સંભવે ?

ટીકાકાર તેનો ખુલાસો કરે છે–અહીં 'દયા' શબ્દ નથી, 'કરુણા' શબ્દ છે. દયા અને કરુણામાં તફાવત છે. નિઃસ્વાર્થ ભાવે પરદુઃખ દૂર કરવાની ઇચ્છા તે કરુણા. શ્રીવલ્લભમાં આવી કરુણા પોતાના સેવકો માટે છે. તેથી તો એ જીવોના ઉદ્ધાર માટે આપે પૃથ્વી પર અવતાર લીધો. આ જીવો અન્ય માર્ગો તરફ જતા હતા, તેમને પ્રેમથી સમજાવી, પ્રભુના ચરણાશ્રિત કર્યા માટે આપ '**સકરુણા**' કરુણાવાન છે. આ આપનો 'વૈરાગ્ય' ધર્મ છે.

ભગવાન સ્વયં કરુણાવાન છે. શ્રીવલ્લભ પણ કરુણાવાન છે. આપનામાં પોતાની કરુણાની સાથે, ભગવાનની કરુણા પણ ઉમેરાઈ છે. તેથી આપનામાં બેવડી કરુણા છે. આવી બેવડી કરુણાથી આપે શુદ્ધ પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો છે. તે દ્વારા ભગવાનથી પણ આપે વિશેષ દયા બતાવી છે.

ભગવાનમાં દયા ઉપરાંત અનેક ગુણો છે, જે શ્રીવલ્લભમાં પણ છે, તો કેવળ 'કરુણા'નો ગુણ કેમ વર્ણવ્યો ? એનો જવાબ એ છે કે બધા ગુણોના પ્રમાણમાં આપનામાં 'કરુણા'નો ગુણ સવિશેષ છે, માટે આપને 'મહાકારુણિકઃ' કહ્યા છે. આપે પુષ્ટિમાર્ગ પ્રકટ કરીને ભકતોના ઉપર ઘણો મોટો ઉપકાર નિઃસ્વાર્થ ભાવે–કરુણાભાવે કર્યો છે. આ આપનો 'વૈરાગ્ય' ધર્મ છે.

શ્લોકના અંતમાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે આવા અંતરંગ છ અલૌકિક ધર્મો સહિતના અલૌકિક શ્રીવલ્લભનું ધર્મીસ્વરૂપ–સુભગમૂર્તિ અમારા હૃદયમાં બિરાજો. અહીં છઠ્ઠી વિભકિતનો પ્રયોગ છે. આ વિભકિત 'સંબંધ'ના અર્થમાં વપરાય છે. તેથી શ્રીગુસાંઈજી એમ સૂચવે છે કે જે ભકતના હૃદયમાં આ સ્વરૂપ બિરાજે, તે ભકતના સંબંધીઓના હૃદયમાં પણ આપ બિરાજે.

આમ, આ પ્રથમ શ્લોકમાં શ્રીવલ્લભના અંતરંગ છ ધર્મો અને ધર્મી સ્વરૂપનું નિરૂપણ થયું. હવે બાકીના છ શ્લોક પૈકી એક એક શ્લોકમાં શ્રીગુસાંઈજી મહારાજ ઐશ્વર્ય આદિ છ ધર્મો શ્રીવલ્લભમાં બહિરંગ રૂપે કેવી રીતે બિરાજે છે તે સમજાવે છે.

**ચરિત્ર-સંગતિ :**

પૃથ્વી પર શ્રીવલ્લભના છ ધર્મ સહિત અલૌકિક ધર્મી સ્વરૂપનો સૌ પ્રથમ અનુભવ શ્રીદામોદરદાસ હરસાનીજીને પાંચ વર્ષની વયે થયો. ત્યારે તેઓ તેમના પિતાની સાથે યાત્રા કરતાં, ચંપારણ્ય ગયા હતા. ત્યાં શ્રીવલ્લભનું પ્રાગટ્ય થયું હતું. તે વખતે શ્રીવલ્લભના બાલસ્વરૂપમાં તેમને અલૌકિક શ્રીબાલકૃષ્ણલાલનાં દર્શન થયા હતાં. શ્રીવલ્લભનું આ પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપ તેમના નેત્રોમાં અને હૃદયમાં વસી ગયું. પરિણામે આ સ્વરૂપ હંમેશ માટે ક્યારે પ્રાપ્ત થાય તેના વિરહમાં તેઓ રાત-દિવસ તેમના ઘરના ગોખમાં બેસી શ્રીવલ્લભની પ્રતીક્ષા કરતા હતા.

તેમની વય પંદર વર્ષની થઈ ત્યારે એક દિવસ અચાનક શ્રીવલ્લભ સેવકો સાથે તેમના ગામમાં પધાર્યા અને તેમના ઘર પાસેથી પસાર થતા હતા. તે વખતે બાહ્ય રીતે શ્રીવલ્લભે દક્ષિણના બ્રાહ્મણની જેમ ધોતી ઉપરણો ધારણ કર્યો હતો. અને મસ્તકે લાંબા કેશનો અંબોડો બાંધેલો હતો. દસ વર્ષના દક્ષિણના બ્રાહ્મણ કુમારનું સ્વરૂપ હતું. પરંતુ શ્રીદામોદરદાસજીને દર્શન થતાંની સાથેજ અલૌકિક પૂર્ણપુરુષોત્તમના સ્વરૂપની ઝાંખી થઈ. પરિણામે તેમણે ગોખમાંથી જ પડતું મૂક્યું. ત્યારથી તેઓ સદાકાળ શ્રીવલ્લભની સાથે જ રહ્યા, અને શ્રીવલ્લભના અલૌકિક ધર્મીસ્વરૂપનો અનુભવ કરતા રહ્યા.

શ્રીવલ્લભ નિત્યલીલામાં પાછા પધાર્યા તે પછી પણ શ્રીદામોદરદાસજીને દર ત્રીજા દિવસે પોતાનાં અલૌકિક દર્શન આપતા હતા. તેને લઈને શ્રીદામોદરદાસજીનો દેહ ટકી રહ્યો.

શ્રીદામોદરદાસજીની જેમ શ્રીવલ્લભના આ અલૌકિક સ્વરૂપનો અનુભવ બીજા અનેક સેવકોને પણ થયો છે. જેમાં શેઠ પુરુષોત્તમદાસ, પદ્મનાભદાસ, પ્રભુદાસ જલોટા, એકા ક્ષત્રાણી, કન્હૈયા શાલ, સુરદાસજી, કુંભનદાસજી આદિ મુખ્ય છે.

**કીર્તન-સંગતિ :**

શ્રીવલ્લભના આ ધર્મીસ્વરૂપનો અનુભવ શ્રીપદ્મનાભદાસજીએ નીચેના પદમાં ગાયો છે.



દેખે મદનમોહન દેખિયત જિત તિત કરુણામય શ્રીવલ્લભમૂર્તિ
કહત ન બને મગ્ન સ્નેહ રંગ આનંદ સંપત્તિ સબ લાલસા
રાસ રસકી ભ્રુકુટી પૂરતી (૧)

નખશિખ પ્રતિચિત દેય અવલોકિત પૈયત નિધિ વૃન્દાવન જે દૂરિત
પદ્મનાભ પ્રભુ ચરણ કમલ યુગલ અમલ સોં ગોપીજન
વલ્લભકી સ્ફૂર્તિ (૨)

**ભાવાર્થ :**

શ્રીવલ્લભના રોમરોમમાં શ્રીમદનમોહનજી બિરાજી રહ્યા છે. અર્થાત્ આપ કૃષ્ણપ્રેમામૃત રસથી પરિપૂર્ણ છે. આપશ્રીનું સ્વરૂપ કરુણામય છે. આપ પ્રભુના સ્નેહમાં મગ્ન છે. એનો રંગ આપના શ્રીઅંગ પર બિરાજે છે. આનંદરૂપી સંપત્તિથી આપનું મન ભરેલું છે. આવા શ્રીવલ્લભના નખશિખ દર્શન કરતા એમના યુગલ ચરણકમળથી શ્રીગોપીજનવલ્લભની સ્ફૂર્તિ થાય છે. આપના સ્વરૂપમાં શ્રીવૃન્દાવનની રહસ્યલીલાની સતત સ્ફૂર્તિ થાય છે.

શ્રીહરિરાયજી આ સ્વરૂપનું નિરૂપણ નીચે પ્રમાણે કરે છે.

હરિલીલામૃતસિંધુ સમ્પૂરિત ભક્તહેત અવતાર
શ્રીગોપીજનવલ્લભ વલ્લભ કરત જુ નિત્ય વિહાર

**ભાવાર્થ :**

શ્રીઠાકોરજીના લીલારૂપી અમૃતસાગરથી આપ પરિપૂર્ણ છે. શ્રીગોપીજનવલ્લભને આપ વલ્લભ-પ્રિય છે. તેથી આપની સાથે પ્રભુ સદા વિહાર કરે છે. એવા શ્રીવલ્લભ ભક્તોના હિત માટે પ્રગટ થયા છે.

બીજા શ્લોકમાં આપના ઐશ્વર્ય ધર્મનું નિરૂપણ છે.

**શ્લોક : ૨**

[છંદ : આર્યા]

શ્રીભાગવત પ્રતિપદ મણિવરભાવાંશુભૂષિતા મૂર્તિઃ ।
શ્રીવલ્લભાભિધાન સ્તનોતુ નિજદાસસ્ય સૌભાગ્યમ્ ॥ ૨ ॥

**શબ્દાર્થ:** **ભાગવત** = શ્રીભાગવત; **પ્રતિપદ** = દરેક પદ (શબ્દ); **માણવર** = ઉત્તમ રત્ન; **ભાવાંશુ** = ભાવ + અંશુ = ભાવ રૂપી કિરણો; **ભૂષિતા** = શોભતું **મૂર્તિ:** = સ્વરૂપ; **શ્રીવલ્લભાભિધાન:** = શ્રીવલ્લભ + અભિધાન: = શ્રીવલ્લભ નામ; **તનોતુ** = વિતરણ કરો (વિસ્તાર કરો); **નિજદાસસ્ય** = પોતાના સેવકોનું; **સૌભાગ્યમ્** = સૌભાગ્ય. (૨)

**શ્લોકાર્થ** : શ્રીભાગવતનું દરેક પદ (શબ્દ) ઉત્તમ રત્ન રૂપ છે. તે પદનો ભાવ તેના કિરણ રૂપ છે. આવા શ્રીભાગવતના દરેક પદ રૂપી ઉત્તમ રત્નનાં કિરણ જેવા તે પદોના ભાવથી શોભતું શ્રીવલ્લભનું સ્વરૂપ 'શ્રીવલ્લભ' નામથી જગતમાં પ્રસિદ્ધ છે. તેઓ પોતાના સેવકોના સૌભાગ્યનો વિસ્તાર કરો (વધારો). (૨)

**વિવરણ :**

**(૧) 'વ્યાખ્યા' કારે સમજાવેલું રહસ્ય :**

પ્રશ્ન થાય : શ્રીમહાપ્રભુજીમાં ઉપર કહ્યા તે છ ધર્મો રહેલા છે, તે કેવી રીતે સમજાય ? તેનું પ્રમાણ શું ?

એના જવાબમાં શ્રીગુસાંઈજી મહારાજ શ્રીવલ્લભના ભાવાત્મક સ્વરૂપમાં રહેલા આ ધર્મોનું બહિરંગ (બહારથી સમજી શકાય તેવું) સ્વરૂપ હવે બતાવે છે. આ બીજા શ્લોકમાં આપના **"ઐશ્વર્ય"** ધર્મનું નિરૂપણ છે.

આપનું ભાવાત્મક સ્વરૂપ શ્રીભાગવતના પ્રત્યેક પદથી અલંકૃત છે. શ્રીભાગવતનું એકેક પદ ઉત્તમોત્તમ રત્ન રૂપ છે. રત્નમાંથી કિરણો ચમકે છે, જે પહેરનારને ચમકાવે છે. તેમ શ્રીભાગવતનાં પદ રૂપી રત્નોમાંથી તે પદના ભાવ રૂપી કિરણો પ્રકટે છે. તે ભાવ રૂપી કિરણોથી શ્રીવલ્લભનું ભાવાત્મક સ્વરૂપ અતિ શોભી રહ્યું છે. આ ભાવ રૂપી કિરણો આપના બાહ્ય અને અંતરંગ ઉભય સ્વરૂપની શોભા વધારે છે.

અહીં શ્રીભાગવતનાં પદને 'મણિ' ન કહેતાં, **'મણિવર'** કહ્યાં; કારણ **'વર'** શબ્દથી શ્રીગુસાંઈજી મહારાજ એમ સમજાવે છે કે અન્ય વિદ્વાનોની સમજમાં શ્રીભાગવતનાં પદોનો જે ભાવ પ્રકટ થયો, તેના



કરતાં વિશેષ ઉત્તમ એવો પુષ્ટિરૂપી લીલાનો ભાવ શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કર્યો. માટે શ્રીભાગવતનાં પદેપદે પુષ્ટિરસાત્મક લીલા રૂપી ઉત્તમ મણિ રહેલાં છે. એવા ઉત્તમોત્તમ પુષ્ટિરસાત્મક ભાવથી શ્રીવલ્લભ અલંકૃત છે.

જેમ સૌભાગ્યવતી સ્ત્રી તેના પતિ તરફથી મળેલાં રત્નહાર આદિ આભુષણોથી શોભાયમાન થાય છે, તેમ શ્રીવલ્લભ પણ પોતાના સ્વામી એવા પ્રભુના નામાત્મક સ્વરૂપ શ્રીભાગવતનાં પદો રૂપી ઉત્તમ રત્નોથી શોભાયમાન છે.

**'વર'** શબ્દથી એક બીજું રહસ્ય સમજાય છે. નવપરિણિત યુગલમાં નૂતન રસભાવો ઊછળે છે, તેનાથી તેઓ શોભે છે. તેમ શ્રીવલ્લભના 'વર' નૂતન રસભોકતા શ્રીકૃષ્ણ છે. જેમ નવવધૂ નૂતન રસભાવોથી શોભાયમાન થઈ, પોતાના પતિને પ્રસન્ન કરે છે, તેમ શ્રીવલ્લભ પણ શ્રીભાગવતના પદોના નિત્ય નૂતન રસાત્મક ભાવો પ્રકટ કરી, પોતાના સ્વામી શ્રીકૃષ્ણને પ્રસન્ન કરે છે. શ્રીવલ્લભના હૃદયમાં પ્રતિક્ષણ આવા પુષ્ટિભાવોના તરંગો પ્રકટે છે. એ ભાવતરંગો જ્યારે ઉત્કટ રૂપે ઊછળે છે, ત્યારે બહાર પ્રકટ થાય છે, આ ભાવ રૂપી રત્નકિરણોથી શ્રીવલ્લભનું સ્વરૂપ અંદર-બહાર શોભે છે.

આગળ જોઈ ગયા કે ભકતોના વૃંદમાં ભગવાનની શોભા અધિક હોય છે. તેમ નિજસેવકોના સમૂહમાં શ્રીવલ્લભ પણ અધિક શોભાયમાન બને છે. આપ પ્રતિદિન 'બેનુગીત પુનિ યુગલગીત કી રસ બરખા' વર્ષાવે છે ત્યારે ભકતોને શ્રીવલ્લભના આ અલૌકિક ઐશ્વર્યનું જ્ઞાન થાય છે.

શ્રીભાગવત 'નિગમકલ્પતરુ'નું પાકેલું મધુર ફળ છે. તેથી સમગ્ર શ્રીભાગવત રસરૂપ છે. તેનું પ્રત્યેક પદ રસપૂર્ણ છે. છતાં અહીં **'વર'** પદથી એવું સૂચન થયું છે કે દશમસ્કંધમાં રાસલીલાનું જે 'ફળપ્રકરણ' છે તે સૌથી વધુ રસાત્મક છે. તેમાં શુદ્ધપુષ્ટિલીલા અને શુદ્ધપુષ્ટિરસ છે, જે અન્ય પદોમાં નથી. આવા 'ફળપ્રકરણ'ના પ્રત્યેક પદના શુદ્ધપુષ્ટિરસાત્મક ભાવ રૂપી કિરણોથી શ્રીવલ્લભ શોભે છે.

શ્રીભાગવતનાં અન્ય પદોમાં જ્યાં જ્યાં વેદોકત કર્મો વગેરેનું નિરૂપણ છે, ત્યાં ત્યાં પણ તે તે ધર્મો આધિદૈવિક, અલૌકિક, રસાત્મક ક્રિયા, જ્ઞાન, શકિત રૂપ છે. તેવી જ રીતે અન્ય અવતારો પણ મૂળ

સ્વરૂપના જ અંશ, કલા રૂપ છે. તેથી તેઓ પણ તે તે સ્વરૂપે રસરૂપ છે. આમ સંપૂર્ણ શ્રીભાગવત ભાવાત્મક–રસાત્મક છે, તેથી જે જીવનો જેવો અધિકાર, તે મુજબ તે કૃપા કરી, સાધનહીન જીવને, તે તે સાધન પ્રાપ્ત કરાવી, તે દ્વારા તે જીવનો ઉદ્ધાર કરવા સમર્થ છે. આથી શ્રીભાગવતમાં સર્વનો અધિકાર છે.

શ્રીવલ્લભનું સ્વરૂપ પણ શ્રીભાગવતના જેવું જ ભાવાત્મક–રસાત્મક છે. પરંતુ આપ પૃથ્વી પર નિજજનોનો ઉદ્ધાર કરવા પધાર્યા છે. આ જીવોનો સ્વધર્મ લૌકિકવૈદિક કાર્યો કરવાનો છે, તે કરવાથી તેમને ભક્તિમાર્ગમાં પ્રતિબંધ થાય છે અને ન કરવાથી વેદની આજ્ઞાનું ઉલ્લંઘન થાય છે. આથી ઘણાને આ પુષ્ટિમાર્ગ વેદપ્રમાણિત હોવા વિશે શંકા થાય છે. આથી આપે નિજજનો પર કૃપા કરી આજ્ઞા કરી કે લૌકિકવૈદિક ધર્મો કાપટ્યભાવથી-દેખાવ ખાતર–મન લગાવ્યા વિના આચરવા. એ લૌકિકવૈદિક ધર્મોને પણ સેવાના ભાગ રૂપે આચરવા.

આવા શ્રીભાગવતના રસાત્મક ભાવથી શોભતા શ્રીવલ્લભ, આપના આ અલૌકિક ઐશ્વર્યથી, નિજજનોના 'વલ્લભ'–પ્રિય–બન્યા છે. આથી પૃથ્વી ઉપર પણ આ જ શ્રીવલ્લભ નામથી આપ પ્રસિદ્ધ છે. આપની પાસે જ આ અલૌકિક ઐશ્વર્ય રૂપી સૌભાગ્ય છે, અન્યની પાસે નથી. આથી આપ જ આપના નિજસેવકોને તેનું દાન કરવા સમર્થ છે, અન્ય કોઈ સમર્થ નથી, આથી શ્રીગુસાંઈજી વિનંતી કરે છે કે આપના આ સૌભાગ્ય રૂપી ઐશ્વર્યનું આપ નિજસેવકોને દાન કરવાની કૃપા કરો. આ સૌભાગ્ય આપ નિજજનોને વહેંચી આપો.

## (૨) "વિવૃત્તિ" કારે સમજાવેલું રહસ્ય :

આ શ્લોકમાં પ્રથમ શબ્દ છે **'શ્રીભાગવત'**, **'શ્રી'** એટલે શોભા શ્રીભાગવત એટલે શોભાયુક્ત ભાગવત જેમાં શબ્દ અને અર્થ બંનેની એવી સુંદરતા છે કે તેને વાંચતાં અને સાંભળતાં મન પ્રસન્ન થાય છે.

શ્રી એટલે સમૃદ્ધિ. શ્રીભાગવતમાં એવી અલૌકિક સમૃદ્ધિ છે કે તેનો આશ્રય કરનાર જે લૌકિક કે અલૌકિક ઇચ્છા કરે, તે પરિપૂર્ણ થાયછે.

ભાગવતને શ્રીયુક્ત કહેવાનું ત્રીજું કારણ એ છે કે તે ભગવાનનું નામાત્મક સ્વરૂપ છે. પ્રભુનું સ્વરૂપ જે કાર્ય કરે છે, તે જ કાર્ય પ્રભુનું નામાત્મક સ્વરૂપ પણ કરે છે. જ્યારે જ્યારે પ્રભુ અવતાર લે છે, ત્યારે



ત્યારે પ્રભુનું નામાત્મક સ્વરૂપ પણ અવતરે છે. આવા ભાગવતમાં પ્રભુના ગુણગાનરૂપ એકતાનતા છે. તેમાં પૂર્ણપુરુષોત્તમ પ્રભુનું છ ગુણયુક્ત ચરિત્ર વર્ણવ્યું છે. જે જીવ તેને ધારણ કરે છે, તેના હૃદયનો તે નિરોધ કરે છે. તેના હૃદયને અજવાળનાર અલૌકિક સૂર્ય રૂપ છે. તેથી તેને **'શ્રીભાગવત'** કહ્યું છે.

**'ભાગવત'** શબ્દની વ્યુત્પત્તિ છે **'ભગવતઃ ઈદ્દં'** અર્થાત્ આ ભગવાનનું જ રૂપ છે. ભગવાન પોતાના રૂપ અને નામ વડે જીવોનો ઉદ્ધાર કરે છે. જેમ ભગવાનનું રૂપ જગતનો ઉદ્ધાર કરનારું છે, તેમ ભગવાનનું નામાત્મક સ્વરૂપ પણ જગતનો ઉદ્ધાર કરે છે. શ્રીવેદવ્યાસે મહાભારત ઉપરાંત પુરાણોની રચના કરી, છતાં તેમના મનનો ક્લેશ ઓછો ન થયો. ત્યારે મહર્ષિ નારદની સલાહથી, તેમણે સમાધિમાં ભગવાનની દશ પ્રકારની લીલાનાં દર્શન કર્યાં અને તે લીલાને ગ્રંથસ્થ કરી તે ભાગવત. આ ભાગવત સર્વોદ્ધારક છે તેથી તેને **'શ્રીભાગવત'** કહ્યું. 'શ્રી'નો એક અન્ય અર્થ છે 'સ્વામિની'. સ્વામિનીઓ સહિતની ભગવાનની લીલાને પ્રતિપાદન કરનાર તે 'ભાગવત'. તે બંનેને શોભા આપનાર છે તેથી 'શ્રીભાગવત'.

આ શ્રીભાગવતનાં પદો ઉત્તમોત્તમ મણિઓ છે. જેમ મણિ અંધકારને દૂર કરી, પ્રકાશ ફેલાવે, તેમ આપણા હૃદયમાં અહંતા-મમતાને કારણે માયિક અંધકાર છે. તેનું નિવારણ આ પદો સ્વપ્રકાશથી કરે છે. સ્વપ્રકાશથી તેઓ ભગવત્સ્વરૂપને યથાર્થ રૂપમાં બતાવે છે, નાનકડા દીવાનો પ્રકાશ અતિ અલ્પ હોય છે, તેથી તે વસ્તુને સ્પષ્ટ રીતે બતાવી શકતો નથી, જ્યારે કિંમતી મણિનો પ્રકાશ વસ્તુને સ્પષ્ટ રીતે બતાવે છે. આથી શ્રીભાગવતનાં પદોને સામાન્ય જ્ઞાન આપનારા દીવા સાથે ન સરખાવતાં, ઉત્તમ જ્ઞાન કરાવનારા મણિ કહ્યાં છે. તેથી એમ સૂચવ્યું છે કે જે ઉત્તમોત્તમ જ્ઞાન શ્રીભાગવત દ્વારા મળે છે, તે અન્ય પદોથી મળતું નથી. માટે શ્રીભાગવતનાં પદોને મણિ–રત્ન સાથે સરખાવ્યાં છે.

જેમ રત્નને સોનામાં જડવામાં આવે, ત્યારે તેની શોભા અનેકગણી વધે છે, તેમ ભક્તોને લઈને ભગવાનની શોભા પણ ઘણી વધે છે. ભક્તોને લઈને તે મણિઓ રૂપી પદોનાં ભાવરૂપી કિરણો પ્રકાશે છે. પ્રભુ આભૂષણપ્રિય છે તેથી પોતાના ભક્તોના ભાવરૂપી કિરણોને પોતાના

સ્વરૂપ પર ધારણ કરી પ્રસન્ન થાય છે. આ પદોનાં ભાવ રૂપી કિરણો અત્યંત પ્રભાવશાળી હોવાથી ભગવાનને ભક્તવશ્ય બનાવે છે. તેનો અનુભવ કરનાર તેમાં લોભાય છે. આ પદોના ભાવ ગ્રહણ કરવામાં ઘણી સરળતા છે. પરમભાગ્યવાન ભકતોને જ આ ભાવ સમજાય છે. આ ભાવ રૂપ તેજમાં એવું સામર્થ્ય છે કે બધાનાં હૃદયમાં પ્રવેશે છે તે સર્વત્ર ફેલાય છે. હૃદયમાં રહેલા અજ્ઞાન રૂપી અંધકારને દૂર કરી ભગવાનના માહાત્મયનો પ્રકાશ કરે છે. આથી તેમને ધારણ કરવામાં ભગવાનને પણ પ્રસન્નતા થાય છે.

શ્રીવલ્લભ શ્રીકૃષ્ણ સ્વરૂપ હોવાથી, જેમ આ કિરણોનો સંબંધ ભગવાન સાથે છે, તેમ શ્રીવલ્લભ સાથે પણ છે. તેથી શ્રીવલ્લભ પુષ્ટિજીવોના સંસારના તાપની પીડાને દૂર કરી, તેમના હૃદયમાં ભગવાનના દર્શનનો તાપ પ્રકટ કરે છે અને ભગવત્સાક્ષાત્કાર કરાવી, તે વિરહતાપનું નિવારણ કરે છે. તેથી શ્રીવલ્લભમાં સૂર્ય અને ચંદ્ર બંનેનું સામર્થ્ય છે. સૂર્ય તાપ આપે છે, તેમ શ્રીવલ્લભ વિરહતાપનું દાન કરે છે. ચંદ્ર શીતળતા આપે છે, તેમ શ્રીવલ્લભ ભગવત્સાક્ષાત્કાર કરાવી ભકતોના હૃદયને શીતળ કરે છે.

અહીં એક પ્રશ્ન થાય–સૂર્યનો પ્રકાશ નિરાકાર છે ત્યારે સૂર્યના તેજોમય સ્વરૂપ જેવું શ્રીવલ્લભનું સ્વરૂપ છે, એમ કહીએ તો શું શ્રીવલ્લભનું સ્વરૂપ નિરાકાર જાણવું ?

ટીકાકાર તેની સ્પષ્ટતા કરે છે. શ્રીવલ્લભનું સ્વરૂપ નિરાકાર નથી. તે ભાવાત્મક સાકાર સ્વરૂપ છે. તે સ્વરૂપ રસ રૂપ હોવાથી આનંદાકાર છે.

ત્યાં ફરી પ્રશ્ન થાય છે કે જગતમાં શ્રીવલ્લભનાં જે સ્વરૂપે દર્શન થાય છે, તે તો સાધારણ મનુષ્ય સ્વરૂપ છે.

તેનો જવાબ એ છે કે નિત્યલીલામાં ભગવાન શ્રીકૃષ્ણ હજારો લક્ષ્મીરૂપા ગોપીજનોની મધુરા પ્રેમલક્ષણાભક્તિથી સેવાય છે. આ ભક્તિને મુખારવિંદની ભક્તિ કહેવાય છે. આ મુખારવિંદની ભક્તિનું સ્વરૂપ તે શ્રીવલ્લભ છે. આ ગોપીજનોને આપ અત્યંત પ્રિય હોવાથી આપનું 'વલ્લભ' નામ પ્રસિદ્ધ છે. આવા આપ શ્રીભાગવતનાં પદરત્નોનાં ભાવકિરણોથી અત્યંત શોભાયમાન છે. તેથી આપનું પ્રસિદ્ધ નામ 'શ્રીવલ્લભ' છે.



શ્રીગુસાંઈજી સમજાવે છે કે ભાવાત્મક શ્રીવલ્લભ પણ ભગવાનની જેમ સાધનસાધ્ય નથી, કૃપાસાધ્ય છે. તેથી આપ શ્રીવલ્લભને વિનંતી કરે છે કે કૃપા કરીને પોતાના દાસોના સૌભાગ્યને વિસ્તારો–વધારો.

દાસ પદવી બે રીતે પ્રાપ્ત થાય છે. (૧) સાક્ષાત સંબંધથી (૨) પરંપરાથી. સાક્ષાત સંબંધવાળા દાસોનો ઉલ્લેખ અહીં **'નિજ'** શબ્દથી કર્યો છે. આવા દાસ સ્વતંત્ર ભક્તિવાળા અને નિજલીલામાં સ્થિત છે. પરંપરાથી જે 'દાસ' પદવીને પામ્યા છે, તેમનું સૌભાગ્ય પણ આપ વિસ્તારે એવી વિનંતી કરી છે.

સૌભાગ્યનું દાન કરો, એમ ન કહેતાં, સૌભાગ્યનો વિસ્તાર કરો એમ કહેવા **'તનોતુ'** પદ વાપર્યું, કારણ આ અલૌકિક સૌભાગ્યની ઉત્પત્તિ અને વૃદ્ધિ સાધનસાધ્ય નથી, કૃપાસાધ્ય છે.

અહીં અન્ય કોઈ ફળની માગણી ન કરતાં સૌભાગ્ય માગ્યું, કારણ જ્યાં સુધી કોઈપણ સ્ત્રીનો પતિ જીવતો હોય, ત્યાં સુધી તે સ્ત્રી સૌભાગ્યવતી કહેવાય છે. તેમ શ્રીવલ્લભ અમારા સ્વામી છે. તેઓ સદા અમારા મસ્તકે બિરાજે એ જ અમારું સૌભાગ્ય છે. આ સૌભાગ્ય પ્રાપ્ત થતાં, સર્વ ફળ આપોઆપ પ્રાપ્ત થશે જ.

આમ, આ બીજા શ્લોકમાં શ્રીભાગવતના ભાવથી શોભાયમાન ઐશ્વર્યવાળા શ્રીવલ્લભના સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવ્યું. હવે ત્રીજા શ્લોકમાં આપના 'વીર્ય' ધર્મનું નિરૂપણ છે.

## ચરિત્ર-સંગતિ

શ્રીપદ્મનાભદાસજી કનોજમાં રહેતા હતા. તેઓ શ્રીભાગવતના પ્રસિદ્ધ કથાકાર હતા. શ્રીમહાપ્રભુજી કનોજ પધાર્યા ત્યારે આપની કીર્તિ સાંભળીને શ્રી પદ્મનાભદાસજી મળવા આવ્યા. શ્રીમહાપ્રભુજીના મુખથી શ્રીભાગવતની કથા શ્રવણ કરીને તેઓ ઘણા જ પ્રસન્ન થયા. તેમને શ્રીમહાપ્રભુજીના અલૌકિક સ્વરૂપનાં દર્શન થયાં. જાણે શ્રીમહાપ્રભુજીના શ્રીઅંગ પર શ્રીભાગવતના શબ્દો અલૌકિક રત્નોરૂપે અલંકારમાં જડાઈને શોભી રહ્યા છે. અને તેના કિરણોથી શ્રીવલ્લભનું સ્વરૂપ પ્રકાશી રહ્યું છે.

શ્રીમહાપ્રભુજી જ્યાં જ્યાં પધારતા ત્યાં ત્યાં શ્રીભાગવતનું પારાયણ કરતા. તદુપરાંત ભક્તોની વિનંતીથી આપ તેમને શ્રીભાગવતનો રસાસ્વાદ કરાવતા. એકાદ શ્લોકના વ્યાખ્યાનમાં દિવસોના દિવસો વીતી જતા. આપ અડેલમાં હંમેશ માટે બિરાજ્યા ત્યારબાદ દરરોજ બપોરે વેણુગીત અને યુગલગીતની રસવર્ષા કરતા. શ્રીસુબોધિનીજી દ્વારા આપે શ્રીભાગવતનો અલૌકિક રસ પ્રગટ કર્યો છે.

## કીર્તન-સંગતિ :

શ્રીહરજીવનદાસ આ શ્લોકનો ભાવ નીચેની પંક્તિઓમાં ગાય છે.

શ્રીવલ્લભ અવતાર ભયો ભુવ

શ્રીભાગવત ગૂઢ સર્વરસ પ્રગટ કિયો શ્રીલક્ષ્મણ સુવ.

શ્રીકૃષ્ણદાસજી નીચે પ્રમાણે ગાય છે.

શ્રીભાગવત વિશદકરણકો ભક્તિમાર્ગ વિસ્તારન.

કૃષ્ણદાસ કરુણાનિધિ પ્રગટે નિજ્જન કે પ્રતિપાલન.

શ્રીપદ્મનાભદાસજીએ પણ આ શ્લોકનો ભાવ નીચેના પદમાં ગાયો છે.

શ્રીમદ્‌વલ્લભ રૂપ સુરંગે.

નખશિખ પ્રતિ ભાવન કે ભૂષણ વૃંદાવન સંપત્તિ અંગ અંગે.

## શ્લોક : ૩ :

[ છંદ : શાર્દૂલવિક્રીડિત ]

માયાવાદતમો નિરસ્ય મધુભિત્સેવાખ્યવર્ત્માદ્‌ભુતં
શ્રીમદ્‌ગોકુલનાથસંગમસુધાસંપ્રાપકં તત્ક્ષણાત્ ।
દુષ્પ્રાપં પ્રકટં ચકાર કરુણારાગાતિસંમોહનઃ
સ શ્રીવલ્લભભાનુરુલ્લસતિ યઃ શ્રીવલ્લવીશાંતરઃ ॥ ૩ ॥

## શબ્દાર્થ :

**માયાવાદતમો** = માયાવાદ રૂપી અંધકાર; **નિરસ્ય** = હટાવીને; **મધુભિત્**=મધુ નામના દૈત્યને મારનાર ભગવાનની; **સેવાખ્યવર્ત્માદ્‌ભુતં** = સેવા + આખ્ય + વર્ત્મ + અદ્‌ભુતં = સેવા નામનો અદ્‌ભુત માર્ગ; **શ્રીમદ્‌ગોકુલનાથ સંગમ સુધા સંપ્રાપકં**=શ્રીમદ્‌ગોકુલનાથના સંગમની સુધા મેળવી આપનાર; **તત્ક્ષણાત્**=તે જ ક્ષણથી; **દુષ્પ્રાપં**= ઘણાં કષ્ટોથી પણ ન મળે તેવો; **પ્રકટં ચકાર** = પ્રકટ કર્યો; **કરુણારાગાતિસંમોહનઃ** = કરુણા + રાગ + અતિસંમોહનઃ = કરુણા અને પ્રેમમાં મુગ્ધ થઈને, **સ** = તે; **શ્રીવલ્લભભાનુરુલ્લસતિ** = શ્રીવલ્લભ + ભાનુઃ + ઉલ્લસતિ = શ્રીવલ્લભ રૂપી સૂર્ય શોભે છે; **યઃ** = જે; **શ્રીવલ્લવીશાંતરઃ** = શ્રીવલ્લવી + ઈશ + અંતરઃ = શ્રીગોપીજનોના ઈશ (સ્વામી) જેમના અંતઃકરણમાં છે. (૩)



## શ્લોકાર્થ :

દૈવીજીવો ઉપરની કરુણાથી અને ભગવાન પ્રત્યેના પ્રેમથી મુગ્ધ થઈને, માયાવાદ રૂપી અંધકારને હટાવીને અનેક કષ્ટોથી પણ ન મળે તેવો મધુ નામના દૈત્યને મારનાર ભગવાનની સેવાનો અદ્‌ભુત માર્ગ પ્રકટ કરીને, તે જ ક્ષણથી શ્રીગોકુલનાથની સંગમ – સુધા જેમણે મેળવી આપી છે અને જેમના અંતઃકરણમાં શ્રીગોપીજનોના ઈશ શ્રીકૃષ્ણ બિરાજમાન છે, તેવા શ્રીવલ્લભ રૂપી સૂર્ય શોભે છે. (૩)

## વિવરણ :

### (૧) "વ્યાખ્યા" કારે સમજાવેલું રહસ્ય :

આગળના બે શ્લોકોમાં જેમના ધર્મી સ્વરૂપ અને ઐશ્વર્ય ધર્મનું નિરૂપણ કરવામાં આવ્યું તે શ્રીવલ્લભ સૂર્ય સમાન છે. જેમ ગગનમંડળમાં સૂર્ય શોભે છે, તેમ ભૂતળ પર શ્રીવલ્લભ શોભે છે.

માયાવાદને અંધકાર સાથે સરખાવ્યો છે. જેમ અંધકારને કારણે વસ્તુનું સાચું જ્ઞાન થતું નથી, તેમ અજ્ઞાનને કારણે પણ વસ્તુનું સાચું જ્ઞાન થતું નથી. તેથી અજ્ઞાન પણ એક પ્રકારનો અંધકાર જ છે. વેદ આદિ સર્વ શાસ્ત્રોના મતે બ્રહ્મ (પરમાત્મા) અનાદિ, અનંત, સત્ય, સદાનંદ છે. તેઓ સર્વતંત્ર છે, સર્વસમર્થ છે. તેમણે પોતાનામાંથી, પોતે જ જગત ઉત્પન્ન કર્યું છે, તેઓ જગતના અણુ-અણુમાં સર્વવ્યાપી છે. તેથી જગત સત્ય છે. જગતમાંની જીવસૃષ્ટિ તેમના અંશરૂપ છે. શાસ્ત્રોનો આ સિદ્ધાંત 'બ્રહ્મવાદ' કહેવાય છે. પરંતુ આ વિષયના સાચા જ્ઞાનના અભાવમાં, ઘણા વિદ્વાનો અને આચાર્યોએ જગત બ્રહ્મમાંથી

પ્રકટ થયાનું ન સ્વીકારતાં, તે માયામાંથી પ્રકટ થયું છે અને તેથી જગત મિથ્યા છે તેમ કહ્યું. તેમનો આ મત 'માયાવાદ' કહેવાય છે. આ 'માયાવાદ' અજ્ઞાનમૂલક, ભ્રામક છે. તેનાથી પરમાત્માનું સાચું જ્ઞાન ન થતાં, પરમાત્મા તરફ અજ્ઞાન થવાથી, અંધકાર ફેલાયો છે. માટે અહીં 'માયાવાદ'ને અંધકાર કહ્યો છે.

માયાવાદને કારણે જુદા જુદા આચાર્યોએ ભગવત્પ્રાપ્તિ માટે જ્ઞાન ઉપાસના આદિ પોતપોતાના મતોનો પ્રચાર કર્યો હતો. તે અજ્ઞાન હોવાથી લોકો અંધકારમાં અટવાયેલા હતા ત્યારે જેમ સૂર્ય પૂર્વ દિશામાં ઊગતાં, રાત્રીના અંધકારને હટાવે છે, તેમ શ્રીવલ્લભે ભૂતળ પર પ્રકટ થઈ, 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ'નો બોધ કરાવી, દૈવીજીવોની દૃષ્ટિ આગળ ફેલાયેલ માયાવાદ રૂપી અંધકારને દૂર કર્યો અને તે દ્વારા જ્ઞાન, ઉપાસના આદિ માર્ગોની નિરર્થકતા સમજાવી, આથી શ્રીવલ્લભને સૂર્ય સાથે સરખાવ્યા.

સૂર્ય અંધકારને હટાવી પ્રકાશ આપે છે, જેથી સાચી વસ્તુનું, સાચી દિશાનું જ્ઞાન થાય છે, તેમ શ્રીવલ્લભે શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનો સિદ્ધાંત સમજાવી, તેના પ્રકાશમાં ભગવાનની પ્રાપ્તિ માટેનો સરળ અને સુંદર સેવામાર્ગ બતાવ્યો, જે અદ્ભુત છે.

મધુ નામનો દૈત્ય હતો. તે દોષરૂપ હતો. તેને મારનાર શ્રીકૃષ્ણ 'મધુસૂદન' કહેવાયા. આમ શ્રીકૃષ્ણ પોતાના જીવોને પોતાની પ્રાપ્તિમાં નડતરરૂપ થતા દોષો દૂર કરનારા છે. તેથી આવા દોષનિવારક કૃપાળુ ભગવાનની સેવાનો અદ્ભુત અતિવિલક્ષણ-સર્વોત્કૃષ્ટ માર્ગ શ્રીવલ્લભે બતાવ્યો. તેથી આપ સૂર્ય સમાન છે.

અહીં પ્રશ્ન થાય કે—સેવામાર્ગ અદ્ભુત છે. જીવો તે માર્ગે ચાલે તો તેમને ક્યારે, ક્યું ફળ મળે?

તેનો જવાબ છે—

શ્રીકૃષ્ણ—પૂર્ણપુરુષોત્તમને અહીં '**શ્રીગોકુલનાથ**' કહ્યા છે. 'શ્રી' એટલે અલૌકિક શોભા—સંપત્તિ. 'ગોકુલ'=નિઃસાધન ભક્તોનો સમૂહ. 'નાથ'=સ્વામી જે નિઃસાધન ભક્તોના સ્વામી હોવાથી તેમને પોતાની અલૌકિક શોભા—સંપત્તિનું દાન કરનારા છે તે સાક્ષાત



રસાત્મક, પુષ્ટિપુરુષોત્તમ, પ્રભુ તેમનો '**સંગમ**' થતાં તેમના સ્વરૂપાનંદ રૂપી '**સુધા**'—અમૃતની પ્રાપ્તિ તે સેવામાર્ગનું ફળ. આવું દિવ્ય, દુર્લભ ફળ '**સંપ્રાપકમ્**'=સારી રીતે પૂર્ણ રીતે પ્રાપ્ત થાય છે.

આ ફળ '**તત્ક્ષણાત્**'-તે જ ક્ષણે-સેવામાર્ગ પર ચાલવાથી પ્રાપ્ત થાય છે. ત્યારે રસાત્મક પ્રભુના સંયોગ અને વિપ્રયોગ એમ ઉભય રસનો અનુભવ તે જીવને થાય છે.

અહીં એવો પણ પ્રશ્ન થાય કે આ ફળની પ્રાપ્તિમાં કાલકૃત પ્રતિબંધ નડે તો? તેના જવાબમાં કહે છે કે '**મધુભિત્**'—ભગવાન મધુ જેવા દૈત્યોના સંહારક છે, તેથી કાળના પણ કાળ છે; 'કાલનિયામક' છે. માટે કાલકૃત પ્રતિબંધોની આ સેવામાર્ગમાં કોઈ સંભાવના નથી.

'**મધુભિત્**'માં '**મધુ**' પદનો બીજો અર્થ છે 'વસંતઋતુ'. વસંતઋતુ ઉલ્લાસ—આનંદની ઋતુ છે. તેથી એમ સૂચવે છે કે આ સેવામાર્ગ આનંદદાયી છે.

અહીં એક બીજો પ્રશ્ન જાગે—ભગવત્સેવામાર્ગનું આવું ફળ આજ પહેલાં કદી સાંભળવામાં આવ્યું નથી, તો હવે તે કેવી રીતે પ્રકટ થયું? તેના જવાબમાં શ્રીગુસાંઈજી કહે છે "**કરુણા**" પોતાના દૈવીજીવો પર શ્રીપ્રભુને અને શ્રીમહાપ્રભુને અત્યંત કરુણા છે—નિઃસ્વાર્થ દયા છે. સાથે સાથે શ્રીપુરુષોત્તમમાં 'રાગ' સ્નેહ છે. આથી શ્રીપુરુષોત્તમની પ્રસન્નતા માટે અને દૈવીજીવોના ઉદ્ધાર માટે શ્રીવલ્લભે કરુણા, પ્રેમ આદિથી અતિ મુગ્ધ બનીને આ સેવામાર્ગ પ્રકટ કર્યો છે.

'**આદિ**' પદથી એમ સમજાય છે કે શ્રીપ્રભુમાં પ્રેમ, આસક્તિ, વ્યસન, સર્વાત્મભાવ આદિ ભાવો સારી રીતે સિદ્ધ થતાં, મન સહિતની બધી ઇન્દ્રિયો, ભગવત્સ્વરૂપમાં નિરોધ પામે, ત્યારે ભગવત્સ્વરૂપ સિવાય સર્વત્ર અરુચિ જન્મે, અને તેને લઈને સેવામાર્ગમાં પ્રેમ વધે. આ સર્વનું કારણ શ્રીવલ્લભની કરુણા છે, તે સિવાય તે શક્ય નથી. આથી, આવો માર્ગ બતાવ્યા પછી પણ, તે માર્ગે ચલાવનારા શ્રીવલ્લભ છે એમ સમજાય છે.

આવું ઉત્તમ ફળ બધાને સુલભ નથી—શ્રીવલ્લભની કૃપા થાય તેને જ સુલભ છે, એમ સમજાવવા '**દુષ્પ્રાપ**' કહ્યું.

'**દુષ્પ્રાપ**'નો બીજો ભાવ કહ્યો. શ્રીપ્રભુમાં પ્રેમ, આસકિત આદિ જાગતાં વિરહતાપકલેશથી જ્યારે વિપ્રયોગભાવ સિદ્ધ થાય છે, ત્યારે જ આ ફળ પ્રાપ્ત થાય છે. તે સિવાય આ ફળ પ્રાપ્ત થતું નથી, એમ બતાવવા '**દુષ્પ્રાપ**' કહ્યું, આમ સેવામાર્ગનું આ ફળ, અન્ય માર્ગોનાં ફળો કરતાં ઉત્તમ તો છે જ વળી, શ્રીવલ્લભની કૃપા વિના મળતું નથી એમ નકકી થયું.

આમ સૂર્યના પ્રકાશ આપવાના ધર્મની સાથે શ્રીવલ્લભના સત્ય સિદ્ધાન્ત પ્રકાશિત કરવાના ધર્મની સરખામણી કરતાં એવો પ્રશ્ન થાય કે સૂર્ય તો પ્રાકૃત-જડ-છે તેનું શું?

તેનો ખુલાસો "**શ્રીવલ્લવીશાંતર:**" પદથી કરે છે. '**શ્રીવલ્લવી**'= શ્રીગોપીજનો, "**ઇશ**" = સ્વામી, '**આંતર:**' = અંતઃકરણમાં બિરાજમાન, અર્થાત્ જેમના અંતઃકરણમાં શ્રીગોપીજનવલ્લભ બિરાજમાન છે તે.

સૂર્યના હૃદયકમળમાં નારાયણ બિરાજમાન છે. તેમ શ્રીવલ્લભના હૃદયકમળમાં સાક્ષાત પૂર્ણપુરુષોત્તમ બિરાજમાન છે. આથી સૂર્ય કરતાં ય શ્રી વલ્લભનું વિલક્ષણ અલૌકિક સ્વરૂપ છે. વળી સૂર્યમાં તો એક જ નારાયણનો વાસ છે, જ્યારે શ્રીવલ્લભના હૃદયકમળમાં સર્વ ગોપીજનોના ભાવ રૂપ સર્વ સ્વરૂપોનો વાસ છે. આથી શ્રીવલ્લભ સૂર્ય કરતાં અનેક ગણા અલૌકિક પ્રકાશમાન છે. જેમ સૂર્ય જગતને પ્રકાશ આપી, તે દ્વારા લોકોને તેમનું ઇચ્છિત ફળ આપે છે, તેમ શ્રીવલ્લભ પણ દૈવી જીવોને તેમનું ઇચ્છિત ફળ આપે છે, એમ સમજાય છે.

શ્રીવલ્લભના આચાર્યસ્વરૂપનો આ '**વીર્ય**' ધર્મ છે. સાથે સાથે અહીં શ્રીવલ્લભના લીલાત્મક સ્વરૂપનો '**વીર્ય**' ધર્મ પણ ગુપ્ત રીતે કહેવાયો છે. તે સમજીએ.

એક વખત ભગવાન પોતે નિકુંજમાં એકલા બિરાજયા હતા. ત્યારે વ્રજજનોના સમુદાયમાં બિરાજમાન શ્રીસ્વામિનીજીને બોલાવી લાવવા માટે, આપે પોતાના પરમ સૌભાગ્ય રૂપ શ્રીવલ્લભને મોકલ્યા. ત્યાં જઈને શ્રીવલ્લભે શ્રીપ્રભુના સૌંદર્ય, માધુર્ય, પરમ સ્નેહ, કોમળતા આદિ ગુણોનું ગાન કર્યું અને શ્રીસ્વામિનીજીને તેનો બોધ કરાવ્યો. શ્રીસ્વામિનીજીમાં માનનો ભાવ હતો. તેને લઈને મોહ રૂપી વચનો



કહ્યાં, અને શ્રીપ્રભુ પાસે જવાની આનાકાની કરી. શ્રીવલ્લભે મધુર વચનોથી આ માનભાવ નિવૃત્ત કર્યો. ચિરકાળના મનોરથ સિદ્ધ કરવામાં માનભાવ રૂપી પ્રતિબંધથી જે વિરહતાપ થયો હતો, તેને દૂર કર્યો. સાક્ષાત સર્વસમર્પણરૂપા સેવાના માર્ગ દ્વારા જ ભગવત્પ્રાપ્તિ સમજાવી.

શ્રીસ્વામિનીજી નિકુંજસદન તરફ જવા તત્પર થયાં. પરંતુ વ્રજમાંથી નિકુંજમાં જવા માટેના માર્ગો અનેક હતા. તેમાંથી કયા માર્ગે જવું એ શ્રીવલ્લભે બતાવતાં બિનંતી કરી કે જે માર્ગ ઉપર ભગવાનનાં ચરણચિહ્નો અંકિત છે, તે માર્ગે પધારો; કારણ કે તે માર્ગે ભગવાન નિકુંજમાં પધાર્યા છે. શ્રીસ્વામિનીજી ભગવચ્ચરણારવિંદનાં દર્શન દ્વારા, ભગવાનનો તાપકલેશ કરતાં તે માર્ગે નિકુંજમાં પધાર્યાં. ત્યાં આપને શ્રીગોકુલનાથના સંગમસુધાની પ્રાપ્તિ ત્વરિત થઈ.

આ માર્ગમાં અતિ રમણીય હંસ આદિ પક્ષીઓનાં યુગલોના વિવિધ કલરવનું શ્રવણ કરતાં, પ્રિયતમ પ્રભુના ચરણસ્પર્શથી રસવતી બનેલી ભૂમિના સ્વરૂપને અવલોકતાં, આપના હૃદયમાં કરુણાનો સાત્ત્વિક ભાવ પ્રકટ થયો જેને 'દીનતા' કહેવામાં આવે છે. આ 'દીનતા'માંથી પ્રેમ જાગે છે, જેનું પહેલું લક્ષણ 'ચક્ષુરાગ' છે. તે દ્વારા રસાત્મક પ્રભુ ભકતનાં દેહ, ઇન્દ્રિય, અંતઃકરણને સ્વરૂપાત્મક-રસાત્મક બનાવે છે. જે માર્ગ જ આવો રસાત્મક હોય, એ માર્ગે મળનારા સ્વરૂપની રસાત્મકતાની તો વાત જ શી કરવી?

આ સમયે શ્રીસ્વામિનીજીને પધરાવી લાવવાથી શ્રીપ્રભુને પ્રિય થવાથી જે 'શ્રીવલ્લભ' કહેવાયા છે, તે આ માર્ગ પર સૂર્યની જેમ શોભે છે. શ્રીયુગલસ્વરૂપની પ્રસન્નતા નિરખીને ઉલ્લાસ પામે છે.

જ્યારે શ્રીપ્રભુ નિકુંજમાં પ્રતીક્ષા કરે છે, ત્યારે શ્રીસ્વામિનીજીને પધરાવી, તેની વધામણી ખાતા શ્રીવલ્લભ આગળ આગળ પધારી રહ્યા છે અને કહી રહ્યા છે કે "આપ પધાર્યા છે" ત્યારે શ્રીપ્રભુનાં લોચનો ઉલ્લાસ પામે છે. આપ પ્રભુજીના લોચન રૂપ છે, તેથી આપ પણ પ્રસન્ન છે. આપની આ સૂર્યરૂપતા છે.

આવા અદ્ભુત માર્ગ પર રહેનારની સ્થિતિ કેવી હોય તે સમજવા જેવું છે. શ્રીગોપીજનો સહિત પ્રભુ જેમના અંતઃકરણમાં પધારે, તે આ માર્ગે ચાલી શકે. પ્રભુની લીલાભાવનાનું ભાવન કરતાં જે રસનો

અનુભવ થાય તેને લઈને તે ભકતનાં દેહ, ઈન્દ્રિય, અંતઃકરણ, આત્મા રસાત્મક બને છે. માર્ગનું આવું સ્વરૂપ બતાવનાર શ્રીવલ્લભને સૂર્ય સમાન કહ્યા – 'ભકિતમાર્ગાબ્જમાર્તંડઃ' = ભકિતમાર્ગ રૂપી કમળને ખિલવનાર સૂર્ય.

## (૨) ''વિભૂત્તિ'' દ્વારે સમજાવેલું રહસ્ય :

'વીર્ય' ધર્મનું લક્ષણ શું? પરપક્ષનું ખંડન અને સ્વપક્ષનું રક્ષણ શ્રીવલ્લભે માયાવાદનું ખંડન કરી, શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું રક્ષણ કર્યું એ આપનો 'વીર્ય' ધર્મ છે.

'વીર્ય'નું બીજું લક્ષણ છે – કોઈથી ન થઈ શકે તેવું કાર્ય – તપ – તે વીર્ય. સેવામાર્ગ દ્વારા ભગવત્પ્રાપ્તિ કરાવવી એ પણ શ્રીવલ્લભ સિવાય અન્ય કોઈથી થઈ શકે તેમ નથી, તેથી તે પણ 'શ્રીવલ્લભ'નો અલૌકિક 'વીર્ય' ધર્મ છે.

'વીર્ય'નાં આ બંને લક્ષણો સૂર્યમાં પણ રહેલાં છે, તેથી શ્રીવલ્લભનો 'વીર્ય' ધર્મ સમજાવવા, સૂર્ય સાથે સરખામણી કરી છે.

ખરું સ્વરૂપ છુપાવી, બીજું સ્વરૂપ બતાવવું એનું નામ માયા. માયાનો વાદ-સિદ્ધાંત-અજ્ઞાન રૂપી અંધકારમય છે. અજ્ઞાન રૂપી અંધકાર ભગવત્ શાસ્ત્રો રૂપી પ્રકાશથી દૂર થાય. આથી શ્રીવલ્લભે શ્રીભાગવતનો ગૂઢ અર્થ પ્રકટ કરીને, માયાવાદ રૂપી અંધકારને દૂર કર્યો-તેનું ખંડન કર્યું. જેમ દૂષિત વસ્તુને દૂર ફેંકવામાં આવે, તેમ માયાવાદનું ખંડન કરી, તેને દૂર ફેંક્યો. તે ફરી અંતરાય ન કરે, તે માટે બ્રહ્મવાદનું સ્થાપન પણ કર્યું.

મધુ દૈત્યને વેદની શ્રુતિના મળ રૂપ કહ્યો છે. મળ ગંદકી છે, તેથી તેને દૂર કરવામાં આવે છે. આથી ભગવાને મધુ દૈત્યનો સંહાર કરી, શ્રુતિનો મળ દૂર કર્યો. ભગવાને સ્વયં શ્રુતિનો શુદ્ધ અર્થ પ્રકટ કર્યો. આથી ભગવાન 'મધુભિદ્' કહેવાયા. ભગવાને સ્વયં એવો સેવામાર્ગ પ્રકટ કર્યો કે જે પર ચાલનારા આપોઆપ ભગવાનને પ્રાપ્ત થાય. તે માર્ગ પર ચાલવામાં પ્રતિબંધ કરનારા અસુરોનો સંહાર ભગવાને પોતે કર્યો છે. તેથી સેવામાર્ગે ચાલવામાં કોઈ વિઘ્ન કે ભય નથી.



'મધુ'નો બીજો અર્થ છે અક્ષરબ્રહ્મ. ભગવાને નિજજીવોને અક્ષરબ્રહ્મથી છૂટા પાડી, તેમને નિજાનંદનું દાન કર્યું. માટે તેઓ 'મધુભિત્' છે.

'મધુ' એટલે યાદવો, ભગવાને તેમને પોતાના સ્વજનો ગણી, પોતાની નિત્યલીલામાં સ્થાન આપ્યું. તેથી તેમણે ભગવાનની સેવા કરી. ભગવાનની નિત્ય સેવા કરતાં, તેઓ ભગવાનની જેમ નિત્ય સ્વરૂપવાળા થયા.

'મધુ' એટલે ભગવદ્રસ. ભગવાન ભકતને પોતાના રસનું દાન કરે છે. વેણુનાદ દ્વારા આ રસ ભકતોને પ્રાપ્ત થાય છે.

શ્રીવલ્લભે આવા 'મધુભિત્' પૂર્ણપુરુષોત્તમની સેવાનો માર્ગ પ્રકટ કર્યો. તેમાં પૂજાનો પ્રકાર નથી. તે પર ચાલવામાં કોઈ કલેશ નથી, પણ બગીચામાં ફરતાં જેવો આનંદ થાય તેવો આનંદ છે તેથી આ સેવામાર્ગને 'અદ્ભુત' કહ્યો છે. તેમાં સાધન સ્વલ્પ છે. ફળ સર્વથી શ્રેષ્ઠ છે, તેથી આ માર્ગ આશ્ચર્યકારક છે. શ્રીમદ્ગોકુલનાથની સંગમ-સુધાની પ્રાપ્તિ કરાવનારો આ માર્ગ છે. 'શ્રી' એટલે શોભાયમાન એવો આ માર્ગ છે.

'શ્રી' એટલે લક્ષ્મી પણ જેમની પાસે ગૌણ છે એવા ગોકુલપતિ, ગોકુલસ્થ ભકતના લૌકિક ધર્મો પણ તેને પ્રાપ્ત કરાવે છે. તેને વિપ્રયોગ આપી તપાવે છે. તેને સંયોગ આપી જીવાડે છે દાવાગ્નિ, કાલીય-વિષપાન, ગોવર્ધનધારણ દ્વારા તેનું રક્ષણ કરે છે. ભકતોનો આ પ્રત્યક્ષ અનુભવ છે. આવા ભગવાનને મેળવી આપનારો આ સેવામાર્ગ છે. તેના પર ચાલનારને ભગવાન પોતાની સર્વાભોગ્ય સુધાનું દાન કરે છે.

આ માર્ગની વિશેષતા એ છે કે તેમાં દાખલ થતાંની સાથે જ તેનું ફળ મળે છે. તેમાં બીજો શ્રમ કરવાની જરૂર નથી.

અહીં પ્રશ્ન થાય કે તો પછી આ માર્ગ પર બધા કેમ ચાલતા નથી? તેના જવાબમાં કહે છે આ માર્ગ દુષ્પ્રાપ્ય છે. ભગવાનનો અનુગ્રહ જેના ઉપર થાય તે જ આ માર્ગે ચાલી શકે છે. આ માર્ગ સ્વકૃતિ કે શકિતથી સાધ્ય નથી.

આ સેવામાર્ગ દુષ્પ્રાપ્ય હોવાનાં બીજાં પણ બે કારણો છે. સેવા રૂપી મુખારવિંદની ભક્તિ સુખસાધ્ય નથી. સેવામાર્ગમાં પ્રભુ સુખસેવ્ય છે છતાં તેઓ અલૌકિક સૂર્યરૂપ હોવાથી ભકતોને તાપનું દાન કરે છે. જ્યાં તાપકલેશ ત્યાં દુઃખ. તેથી તે દુષ્પ્રાપ્ય છે. ગોપીજનો, કૌંડન્ય મુનિ જેવા ભકતોનો આ અનુભવ છે.

અહીં એક પ્રશ્ન થાય શ્રીવલ્લભને સૂર્ય સાથે સરખાવ્યા છે. સૂર્યમાં 'રાગ'–સ્નેહ રહેલો છે. તો શ્રીવલ્લભમાં તેવો 'રાગ' કયાં છે?

તેના ઉત્તરમાં શ્રીગુસાંઇજી આજ્ઞા કરે છે–શ્રીવલ્લભમાં કરુણા રૂપી રાગ છે. સ્વાર્થ વિના પરદુઃખ દૂર કરવું તે કરુણા. કરુણાથી સર્વમાં મન પ્રસન્ન થાય છે, તેથી કરુણા એ 'રાગ' છે. 'રાગ' એને કહેવાય કે જેમાં 'સ્વ'નો બધો વિચાર છોડી, 'સ્વીય'ને–પોતાનાને–દુઃખમુકત કરવામાં આવે. જેમાં 'સ્વીય' સિવાય બીજાની ઉપેક્ષા કરવામાં આવે.

લોકપ્રસિદ્ધ સૂર્ય કરતાં શ્રીવલ્લભ રૂપી સૂર્યમાં વિલક્ષણતા છે. સૂર્યમાં 'રાગ' સવાર–સાંજ દેખાય છે. જ્યારે શ્રીવલ્લભમાં સર્વદા છે. કરુણાનો બીજો અર્થ કૃપા છે. નિજજનોને ભગવત્પ્રાપ્તિ કરાવવા સારુ શ્રીવલ્લભ તેમના પર રાગ–કૃપા–રાખે છે.

સૂર્યને વેદાત્મક કહ્યો છે. શ્રીવલ્લભની વાણી પણ વેદાત્મક છે. સૂર્ય ભગવાનના નેત્રરૂપ છે, તેમ શ્રીવલ્લભ પણ ભગવાનના નેત્રરૂપ છે. જેમ સૂર્યમાં નારાયણ બિરાજમાન છે, તેમ શ્રીવલ્લભમાં **'શ્રીવલ્લવીશ'** શ્રીગોપીજનવલ્લભ બિરાજમાન છે, તેથી અહીં **'શ્રીવલ્લવીશાંતરઃ'** કહ્યા **'શ્રીવલ્લવીશ'** એ પ્રભુનું ભાવાત્મક સ્વરૂપ છે.

જેમ શ્રીવલ્લભના હૃદયમાં શ્રીગોપીજન સહિત પ્રભુ બિરાજમાન છે, તેમ ગોપીજનો અને પ્રભુના હૃદયમાં શ્રીવલ્લભ પણ બિરાજમાન છે. આમ સૂર્યની જેમ, મંડળની મધ્યમાં રહી, શ્રીવલ્લભ સર્વના હિતની વસ્તુ ઉપર પ્રકાશ પાડે છે. આથી આપ **'શ્રીવલ્લભભાનુ'** છે.

આમ ત્રીજા શ્લોકમાં શ્રીવલ્લભના **'વીર્ય'** ધર્મનું દર્શન કરાવ્યું હવે ચોથા શ્લોકમાં આપના **'યશ'** ધર્મનું નિરૂપણ કરે છે.



## ચરિત્ર–સંગતિ :

શ્રીમહાપ્રભુજી દસ વર્ષની કિશોર વયથી ભારત પરિક્રમા કરવા પધાર્યા. આપે સતત ત્રણ વખત આખા ભારતની યાત્રા કરી. યાત્રા દરમ્યાન દરેક સ્થળે આપે માયાવાદી પંડિતો સાથે શાસ્ત્ર ચર્ચાઓ કરી તેમને પરાજિત કર્યા હતા. દક્ષિણભારતમાં વિદ્યાનગરમાં, પૂર્વભારતમાં જગન્નાથપુરીમાં, ઉત્તરભારતમાં કાશીમાં, મધ્યભારતમાં ઓડછા અને ઉજ્જૈનમાં, મોટીમોટી સભાઓમાં આપે બધા પંડિતોને નિરુત્તર કર્યા હતા. બે સ્થળે આપનો કનકાભિષેક પણ થયો હતો. આમ, આપે સમગ્ર ભારતમાં માયાવાદનું ખંડન કરી શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ સ્થાપ્યો હતો. તદુપરાંત આપે અણુભાષ્ય, તત્ત્વાર્થદીપ નિબંધ વગેરે ગ્રંથો દ્વારા પણ બ્રહ્મવાદનું સ્થાપન અને માયાવાદનું ખંડન કર્યું હતું.

સં. ૧૫૪૭માં શ્રાવણ સુદ એકાદશીની મધ્યરાત્રીએ ગોકુળમાં સાક્ષાત પ્રભુએ પ્રગટ થઈ આપને બ્રહ્મસંબંધ મંત્રનું દાન કર્યું હતું અને દૈવી જીવોને તે મંત્રનું દાન કરી સેવામાર્ગ પ્રગટ કરવા આજ્ઞા કરી હતી. આપની આજ્ઞા સ્વીકારીને સૌ વૈષ્ણવો પ્રભુની સેવામાં તત્પર થયા હતા.

## કીર્તન–સંગતિ :

ઉદયો ભાનુ ભૂતલ દ્વિજરાય
મિટ ગયો તિમિર પાખંડ કર્મ પથ પુષ્ટિભકિત પ્રગટાય.

## ભાવાર્થ :

દ્વિજરાજ શ્રીવલ્લભરૂપી સૂર્ય પૃથ્વી પર ઉદય પામ્યો તેથી માયાવાદ-રૂપી પાખંડ કર્મમાર્ગનો અંધકાર દૂર થયો. અને પુષ્ટિભક્તિ પ્રગટ થઈ.

માયાવાદ સબ ખંડ ખંડન કર અતિ આનંદ ભયે,
ગિરિધર લીલા વિસ્તારણ કારણ દિનદિન કેલી રહે;
સગુણદાસ શિર હસ્તકમલ ધર શ્રીચરણાનુજ ગહે.

## ભાવાર્થ :

સમગ્ર માયાવાદના ઝીણા–ઝીણા ટુકડા કરી તેનું સંપૂર્ણ ખંડન કર્યું. તેથી સૌને આનંદ થયો. શ્રીપ્રભુની લીલા વિસ્તારવા માટે આપ રોજેરોજ ભગવદ્‌વાર્તા કરતા રહ્યા. સગુણદાસજી કહે છે કે મેં આપના ચરણનું શરણ સ્વીકાર્યું. તેથી આપે મારા મસ્તકે આપનો હસ્તકમળ ધર્યો.

સેવા ભજન બતાય નિજજનકો મેટયો યમ વ્યોહાર
કુંભનદાસપ્રભુ ગિરિધર આયે દૈવી ઉતરે પાર.

**ભાવાર્થ :**

આપે સેવામાર્ગ બતાવી નિજજનોને યમયાતનામાંથી મુકત કર્યા. આપના પધારતા દૈવી જીવો સંસાર સાગર તરી ગયા.

**શ્લોક ૪ :**

[ છંદ : પૃથ્વી ]

કવચિત્ પાંડિત્યં ચેન્ન નિગમગતિઃ સાપિ યદિ ન
ક્રિયા સા સાપિ સ્યાદ્યદિ ન હરિમાર્ગે પરિચયઃ ।
યદિ સ્યાત્ સોપિ શ્રીવ્રજપતિરતિર્નેતિ નિખિલૈ-
ર્ગુણૈરન્યઃ કો વા વિલસતિ વિના વલ્લભવરમ્ ॥ ૪ ॥

**શબ્દાર્થ :**

**કવચિત્** = કયાંક; **પાંડિત્યં** = પંડિતાઈ, ચેન્ન = ચેત્ + ન = હોય પણ, હોતું નથી; **નિગમગતિઃ** = વેદનું જ્ઞાન; **સાપિ** = સા + અપિ = તે હોય તો પણ; **ન** = નથી; **સા ક્રિયા** = તેનું આચરણ; **સાપિ સ્યાદ્યદિ** = સા + અપિ + સ્યાત્ + યદિ = જો તે હોય તો પણ; **ન** = નથી; **હરિમાર્ગે** = હરિમાર્ગનો (ભક્તિમાર્ગનો); પરિચયઃ = પરિચય; **યદિ સ્યાત્ સોપિ** = યદિ + સ્યાત્ + સઃ + અપિ = જો તે હોય તો પણ; **શ્રીવ્રજપતિર્રતિર્નેતિ** = **શ્રીવ્રજપતિ** + **રતિઃ** + **ન** + **ઇતિ** = શ્રીવ્રજપતિમાં પ્રેમ નથી હોતો; **નિખિલૈઃ** = બધા; **ગુણૈઃ** = ગુણો; **અન્યઃ** = બીજા; **કો** = કઃ = કોનામાં; **વિલસતિ** = શોભે છે; **વિના** = સિવાય; **વલ્લભવરમ્** = શ્રીવલ્લભવર (૪)

**શ્લોકાર્થ :**

કોઈકમાં પંડિતાઈ હોય, પણ વેદનું જ્ઞાન ન હોય. તે બંને જાણનાર જો કોઈ હોય તો, તેનામાં તે મુજબનું આચરણ ન હોય. (વેદમાં બતાવેલાં કર્મો તે ન કરતો હોય) કદાચ કોઈમાં આ ત્રણે બાબતો હોય, તો પણ તે ભક્તિમાર્ગથી પરિચિત ન હોય. કદાચ તે



ભક્તિમાર્ગનો જાણકાર હોય, પણ તેનામાં ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યેનો પ્રેમ ન હોય. આ બધા જ ગુણો જેમનામાં એકત્ર હોય એવા શ્રીવલ્લભવર સિવાય બીજું કોણ છે? અર્થાત્ વેદશાસ્ત્રોના ઉત્તમ જાણકાર, વૈદિક કર્મો નિષ્ઠાપૂર્વક કરનારા, ભક્તિમાર્ગના મર્મજ્ઞ અને શ્રીવ્રજાધીશ ભગવાનને પ્રેમ કરનારા તથા બીજાઓને એ માર્ગે ચલાવનારા કેવળ શ્રીવલ્લભ જ છે.

**વિવરણ :**

બંને મહાનુભાવ ટીકાકારોએ આ શ્લોકનો ક્રમ જુદો જુદો સ્વીકાર્યો છે. 'વ્યાખ્યા' કારે આ શ્લોકને સાતમા ક્રમમાં–સ્તોત્રના અંતિમ શ્લોક તરીકે લીધો છે. ત્યારે 'વિવૃત્તિ' કારે તેને ચોથા ક્રમમાં લીધો છે.

શ્રીવલ્લભમાં બહિરંગ રૂપે બિરાજમાન છ ધર્મોની રીતે વિચારતાં આ શ્લોકમાં 'વૈરાગ્ય' ધર્મના નિરૂપણ કરતાં "યશ" ધર્મનું નિરૂપણ વિશેષ જણાય છે, આથી 'વિવૃત્તિ' કારે સ્વીકારેલો ક્રમ જ સ્તોત્રપાઠ આદિમાં આજે સ્વીકારાયેલો છે.

**(૧) "વ્યાખ્યા"કારે સમજાવેલું રહસ્ય :**

માયાવાદનું ખંડન કરવાનું સામર્થ્ય તો કદાચ અન્ય કોઈમાં પણ સંભવે. પરંતુ તેથી એમ ન માની લેવાય કે તેમનામાં વેદનું યથાર્થ જ્ઞાન છે. જ્યારે વ્યક્તિને રસાત્મક–આનંદાત્મક બ્રહ્મના સ્વરૂપનું સાદ્યંત – આદિથી અંત સુધીનું સંપૂર્ણ – જ્ઞાન થાય અને તે સાથે સર્વધર્મનું જ્ઞાન થાય ત્યારે જ તેને વેદનું યથાર્થ જ્ઞાન કહેવાય. વિદ્વત્તાની સાથે આવું યથાર્થ વેદજ્ઞાન બધાને હોતું નથી.

જેમનામાં આ બંને બાબતો છે, તેઓ વેદમાં બતાવેલાં કર્મો નિષ્ઠાપૂર્વક કરતાં હોય તેવું જાણવા મળતું નથી. અર્થાત્ તેમના વિચાર અને આચારમાં એકરૂપતા જોવા મળતી નથી.

ક્યારેક એવી વ્યક્તિ પણ મળી જાય કે જેનામાં વિદ્વત્તા, વેદનું જ્ઞાન અને વૈદિક કર્મમાં નિષ્ઠા હોય. આવા ત્રણ ત્રણ ગુણો હોવા છતાં તે કર્મજડ હોવાથી તેને ભગવન્માર્ગ–ભક્તિમાર્ગ–નો પરિચય–જાણકારી હોતી નથી.

અહીં ભગવન્માર્ગ માટે **'હરિમાર્ગ'** શબ્દ વાપર્યો છે. **'હરિ'** એટલે સર્વદુઃખહર્તા ભગવાન. તેમનો માર્ગ એટલે તેમને મેળવવા માટેનો માર્ગ જે સાક્ષાત ફળરૂપ ભક્તિમાર્ગ છે. આ ફલાત્મક માર્ગનો પરિચય કોઈને નથી. સૌને જ્ઞાન, કર્મ, ઉપાસના જેવા માર્ગોનો જ અભ્યાસ છે. અર્થાત્ ભક્તિમાર્ગ પર ચાલવાનો અભ્યાસ નથી.

કદાચ ભક્તિમાર્ગે ચાલનાર પણ કોઈ મળી જાય, પણ તેનામાં **'શ્રીવ્રજપતિરતિ'** તો નથી જ હોતી. **'શ્રીવ્રજપતિ'** એટલે સાક્ષાત રસાત્મકલીલા સહિતના પ્રભુ–પૂર્ણપુરુષોત્તમ ધર્મી સ્વરૂપ. **'રતિ'** એટલે ભગવાન પ્રત્યેનો પ્રેમ. ભગવાનમાં શ્રીવલ્લભને જેવો પ્રેમ છે, તેવો પ્રેમ ભક્તિમાર્ગે ચાલનાર અન્ય કોઈને નથી.

આથી કેવળ શ્રીવલ્લભમાં જ આ સર્વ ગુણો–વિદ્વત્તા, યથાર્થ વેદજ્ઞાન, વૈદિક કર્મનિષ્ઠા, ભક્તિમાર્ગનું આચરણ અને ઉત્કટ ભગવદ્ પ્રેમ છે. આ સર્વ ગુણો અન્ય કોઈમાં નથી. માટે શ્રીવલ્લભ **'વર'** એટલે શ્રેષ્ઠ છે.

આગળના શ્લોકમાં શ્રીવલ્લભને ભાવરૂપ મણિથી શોભતા કહ્યા. ગુણોના અભાવમાં રત્નોની શોભા અધૂરી છે. ગુણવાન વ્યક્તિ જ રત્નોથી અધિક શોભે છે. ભાવરૂપ મણિઓ શ્રીવલ્લભના આવા સર્વોત્તમ ગુણોથી એવા શોભે છે કે જાણે આ ગુણોની રત્નખચિત વૈજયંતી માળા આપે ધારણ કરી ન હોય! આવી શોભા અન્યત્ર ક્યાંય નથી માટે આપને **'શ્રીવલ્લભવર'** કહ્યા છે.

આવા ગુણોવાળા 'શ્રીવલ્લભ' વિલસે છે–**'વિલસતિ'** એમ કહ્યું, કારણ કે આવા 'વર'ને પામીને આ ગુણો પણ અધિક શોભાયમાન બન્યા છે. જેમ પત્નીના ગુણો પતિની સાથે જ શોભે છે, તેમ પ્રભુ પ્રત્યેના પ્રેમનો ગુણ શ્રીવલ્લભ સાથે જ શોભે અન્યત્ર નહિ. આમ કહી, શ્રીવલ્લભનો ઉત્કર્ષ સૂચવ્યો છે. આનાથી વધુ બીજો કયો ઉત્કર્ષ હોય?

## (૨) "વિવૃત્તિ"કારે સમજાવેલું રહસ્ય :

**'કવચિત્'** શબ્દથી શ્રીગુસાંઈજી એમ સૂચવે છે કે બધામાં શાસ્ત્રીય જ્ઞાન હોતું નથી.



**'પાંડિત્ય'** એટલે વિદ્વત્તા. તે શબ્દ 'પંડા' પરથી બન્યો છે. 'પંડા' એટલે બુદ્ધિ. જેનામાં બુદ્ધિ હોય તે પંડિત. બુદ્ધિ કયાં તો સહજ–કુદરતી–હોય અથવા અભ્યાસથી મેળવાય. બંને પ્રકારે જેનામાં બુદ્ધિ આવે, તે પંડિત. આવા પંડિતો ન્યાય આદિ શાસ્ત્રોને જાણનારા હોય છે. પરંતુ તેમને વેદ જાણવાની ઈચ્છા હોતી નથી. આવા લોકો પણ અતિ અલ્પ સંખ્યામાં જ જોવા મળે છે.

આવા વિદ્વાનોને 'વેદ' જાણવાની ઈચ્છા હોય, પણ તેમની બુદ્ધિ જ ત્યાં સુધી પહોંચે નહિ. એટલે વેદને યથાર્થ જાણે એવી પંડિતાઈ જ તેમનામાં હોતી નથી, પરિણામે તેઓ વેદનું તાત્પર્ય–રહસ્ય જાણતા નથી. તર્કશક્તિથી તેમના મનમાં જે અર્થ આવે તેઓ અર્થ કરે છે. જે લોકો ન્યાયશાસ્ત્રની મદદથી વેદનો અર્થ કરે છે, તેમને 'વેદબાહ્ય' સમજવા. તેમના માટે તો 'પંડિત' શબ્દ પણ ન વપરાય. માટે **'ચેત્'** પદ મૂક્યું.

અહીં પ્રશ્ન થાય–વેદવેદાન્તનો વિચાર કરનારા તો ઘણા વિદ્વાનો છે. ત્યારે એમ કેમ કહ્યું કે વેદાદિનો ખરો અર્થ કરનાર નથી?

તેનું કારણ એ છે કે વેદને જાણવા છતાં તેમાં કહેલા ધર્મોને આચરણમાં મૂકનારા તો બહુ વિરલ જ હોય છે. તેઓ લૌકિક કાર્યોમા વધારે કુશળ હોય છે. તેથી વેદના ક્રિયાકાંડ જાણવા છતાં તે કરતા નથી અને લૌકિક વ્યવહારમાં રચ્યાપચ્યા રહે છે.

અહીં બીજો પ્રશ્ન થાય–શ્રુતિઓએ બતાવેલાં કર્મો કરનારા પણ જોવા તો મળે જ છે.- તેનું શું?

તેનો ખુલાસો આ છે–જે લોકો વૈદિક કર્મો કરે છે, તે તેની વિધિને જાણીને કરતા નથી તેથી તેમને વૈદિક ફળ મળતું નથી. છતાં કોઈ સમજીને કરનારા પણ હોઈ શકે. તેઓ બ્રહ્માર્પણબુદ્ધિથી વેદમર્યાદાને જાળવીને આ કર્મ કરતા હોય, તેમના માટે અહીં **'સ્યાત્'** પદ મૂક્યું.

આવા કર્મનિષ્ઠોને ભગવાનમાં નિષ્ઠા હોતી નથી, માત્ર તેમના કર્મમાં જ નિષ્ઠા હોય છે. તેથી તેમણે કરેલાં કર્મો તેઓ ભગવાનને અર્પણ કરતા નથી. પરિણામે તે કર્મ વ્યર્થ જાય છે. તેનું ફળ તેમને

મળતું નથી. આવા લોકોને સર્વ પ્રકારે ભકતનાં સર્વ દુઃખોને હરનાર ભગવાનનો પરિચય હોતો નથી. ભગવાનનું તેમને સામાન્ય જ્ઞાન પણ હોતું નથી.

એક બીજો પ્રશ્ન થાય કે પૂજામાર્ગને જાણનારા ઘણા પંડિતો છે. ત્યારે કેવી રીતે કહેવાય કે, તેઓ ભગવાનને સામાન્ય રીતે પણ જાણતા નથી?

તેનો ખુલાસો એ છે કે પૂજામાર્ગ હરિમાર્ગ નથી. કારણ કે પૂજામાર્ગમાં જે દેવ–દેવીઓની પૂજા કરવામાં આવે છે તે બધાં શ્રીહરિ ભગવાનના વિભૂતી સ્વરૂપો છે. તેથી તેમની પૂજાને સેવા ન કહેવાય. પૂજાને સેવા કહેવી એ અપરાધ છે.

અહીં બીજો પ્રશ્ન થાય કે, બધી નદીઓ અંતે સમુદ્રને મળે છે. તેમ પરંપરાથી ભગવાનના વિભૂતિ સ્વરૂપોનું પૂજન પણ ભગવાનને જ પહોંચશે તો તેમાં દોષ શું છે?

તેનો જવાબ એ છે કે, જે ભકતના હૃદયમાં ભગવાન પ્રત્યે પ્રેમ હોય તે ભકતનું હૃદય વ્રજ છે. 'વ્રજ' શબ્દનો અર્થ છે ચાલવું. જે હૃદયમાં સામે ચાલીને ભગવાન પહોંચે તે વ્રજ. આ વ્રજ નિઃસાધન છે. કારણ કે, તે ભકતો પાસે ભગવાન સુધી પહોંચવાનું કોઈ સાધન નથી.

વળી, મનુષ્યે કરેલા સાધનોથી પુરુષોત્તમ મળતા પણ નથી. તેઓ ભકતના પ્રેમથી જ વશ થાય છે. માટે પ્રભુ નિઃસાધનના પાત કહેવાય છે. આવા નિઃસાધન ભકતોના વ્રજમાં પ્રગટ થઈ ભગવાને સર્વ પ્રકારે ભકતની રક્ષા કરી છે. તેનું કારણ ભકતનો પ્રેમ છે.

પૂજામાં પ્રેમ નથી, સેવામાં પ્રેમ છે. રતિ એટલે રમણ. જેમની ગતિ બીજી દિશામાં હોય અન્ય દેવ–દેવી તરફ હોય તેમને ભગવાન સાથે રમણનું અલૌકિક ફળ કયારેય ન મળે. આથી વ્રજના ભકતોને જે સર્વોત્તમ ફળ મળ્યું એવું ફળ બીજાઓને તો ન જ મળે. આવું ફળ કેવળ શ્રીવલ્લભને પ્રાપ્ત થયું છે. જે બીજા કોઈને પ્રાપ્ત થયું નથી.

ઉપર ગણાવેલા અને ન ગણાવેલા બધા ગુણો શ્રીવલ્લભમાં જ શોભે છે. વ્યાસજી પર ભગવાનની કૃપા થતાં તેમના હૃદયમાં ભગવાનના ગુણો પ્રગટ થયા. તે ગુણો વડે વ્યાસજી શોભા પામ્યા. પરંતુ જેના ઉપર ભગવાનની કૃપા ન હોય તે ભગવાનનું નામ પણ ન લઈ શકે કે ન શોભી શકે.



અહીં એક પ્રશ્ન થાય કે શું આવા ગુણો બ્રહ્માજીમાં પણ છે? કારણ કે, જો બ્રહ્માજીમાં આવા ગુણો ન હોય તો તેમની રચેલી સૃષ્ટિમાં આવા ગુણો કયાંથી આવે?

તેનો જવાબ એ છે કે, પુષ્ટિજીવોની સૃષ્ટિ બ્રહ્માજીની સૃષ્ટિથી જુદી છે. ભગવાને પોતાની લીલા માટે પુષ્ટિસૃષ્ટિ પ્રગટ કરી છે. તેથી ભગવાને પોતાની આ સૃષ્ટિમાં આવા ગુણો પોતાની લીલા માટે પ્રગટ કર્યા છે.

શ્રીવલ્લભ આવા ગુણો સહિત ભકતના હૃદયમાં પધારે છે. પછી તે હૃદયમાં અનેક ભાવો પ્રગટ કરે છે ભકતના હૃદયમાં ભગવાનના વિરહની તીવ્ર વેદના હોય છે. તેને શાંત કરી તે ભકતને ભગવાનના સ્વરૂપમાં સ્થિતિ કરાવે છે. આ કાર્ય શ્રીવલ્લભ સિવાય બીજું કોણ કરી શકે. માટે એમ કહ્યું કે, શ્રીવલ્લભ સિવાય આવા ગુણો ધરાવનાર અન્ય કોઈ થયું નથી.

સામાન્ય રીતે માણસ ગુણોથી શોભે છે. પરંતુ શ્રીવલ્લભનું સ્વરૂપ એવું છે કે, તે ગુણોને પણ શોભાવે છે. આપ, દોષરહિત અને ગુણોથી પૂર્ણ છે. આપનું સ્વરૂપ જ મુખ્ય છે. ગુણો તો ગૌણ છે. જેમ, સેવક સેવા કરે તેમ આ ગુણો શ્રીવલ્લભના સ્વરૂપની સેવા કરે કરનારા છે.

શ્રીવલ્લભનું સ્વરૂપ જેમ નિત્ય છે. તેમ તેમના ગુણો પણ નિત્ય છે. તેથી તેઓ શ્રીવલ્લભવર છે. શ્રીઠાકોરજીના પ્રીતિપાત્રો અનેક છે. તે સૌમાં શ્રીવલ્લભ શ્રેષ્ઠ છે. સૌમાં શ્રેષ્ઠ બનવું એવો ગુણ શ્રીવલ્લભમાં જ છે.

જેમ પત્ની પતિને ન છોડી શકે તેમ આ ગુણો શ્રીવલ્લભને પોતાના વર–પતિ ગણી તેમને છોડી બીજે જઈ શકતા નથી. અથવા જાનમાં ઘણા લોકો ગયા હોય પરંતુ કન્યા તો વરને જ પરણે છે. તેમ આ બધા ગુણો શ્રીવલ્લભને વરેલા છે. માટે શ્રીવલ્લભને અહીં "શ્રીવલ્લભવર" કહ્યા છે.

આવા ગુણોને લઈને શ્રીવલ્લભનો યશ દશે દિશાઓમાં વ્યાપેલો છે. એટલે આ શ્લોકમાં આ ગુણો દ્વારા શ્રીવલ્લભના 'યશ' ધર્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે. હવે પાંચમા શ્લોકમાં આપના 'શ્રી' ધર્મનું નિરૂપણ છે.

**ચરિત્ર સંગતિ :**

શ્રીમહાપ્રભુજીના સેવકોમાં પદ્મનાભદાસજી, રામાનંદ પંડિત, માધવ ભટ્ટ કાશ્મીરી, અને બીજા અનેક શાસ્ત્ર-પારંગત વિદ્વાનો પણ હતા. વિદ્વાનોને આશ્રય આપનારા રાજા-મહારાજા પણ આપના સેવક થયા હતા. શ્રીવલ્લભની અદ્વિતીય વિદ્વત્તા, શ્રીવલ્લભે બતાવેલ સેવાનો પુષ્ટિ ભક્તિમાર્ગ, શ્રીવલ્લભના જીવનમાં વિચાર ને આચારની એકતા વગેરે ગુણોથી સૌ આપનાથી પ્રભાવિત હતા. શ્રીવલ્લભની બાળવયમાં પણ કાશીના વિદ્વાનો આપને "બાલસરસ્વતી" કહી બોલાવતા. છ માસમાં સર્વ શાસ્ત્રોનો વિદ્યાભ્યાસ આપે પૂરો કર્યો હતો.

**કીર્તન સંગતિ :**

જોં પૈ શ્રીવલ્લભ પ્રકટ ન હોતે ।
ભૂતલ ભૂષણ વિષ્ણુસ્વામી પથ શૃંગાર શાસ્ત્ર સબ રોતે ॥ ૧ ॥
પ્રેમ સ્વરૂપ પ્રકટ પુરુષોત્તમ બિના પાયે કૈસે જોતે ।
સેવા કાજ લાલ ગિરિધર કી કુસુમ દામ કૈસે પોતે ॥ ૨ ॥
કર આસરો રહે જે નિજજન તે ભવપાર કયોં હોતે ।
સગુણદાસ સિદ્ધાંત બિના યહ ઉર કપાટ કયોં ખોતે ॥ ૩ ॥

**શ્લોક : ૫**

(છંદ = શાર્દૂલવિક્રીડિત)

માયાવાદી કરીન્દ્રદર્પ દલનેનાસ્યેન્દુ રાજોદ્ગતઃ
શ્રીમદ્ભાગવતાખ્ય દુર્લભસુધાવર્ષેણ વેદોક્તિભિઃ ।
રાધાવલ્લભસેવયા તદુચિતપ્રેમ્ણોપદેશૈરપિ
શ્રીમદ્વલ્લભનામધેય સદૃશો ભાવી ન ભૂતોઽસ્ત્યપિ ॥ ૫ ॥

**શબ્દાર્થ :**

**માયાવાદી**=માયાવાદના પંડિત; **કરીન્દ્ર**=મદોન્મત્ત ગજરાજ **દર્પ** = અભિમાન; **દલનેન** = ખંડિત કરનાર; **આસ્ય** = મુખારવિંદ; **ઇન્દુરાજ**=ચંદ્ર; **ઉદગતઃ** = પ્રકટ થયો; **શ્રીભાગવતાખ્ય** = શ્રીભાગવતમાં રહેલી; **દુર્લભ** = દુર્લભ; **સુધાવર્ષેણ**=સુધા (અમૃત) વરસાવીને; **વેદોક્તિભિઃ** = વેદવચનો દ્વારા; **રાધાવલ્લભસેવયા** = શ્રીરાધાવલ્લભની સેવા દ્વારા; **તદુચિત**=તેના માટે જરૂરી; **પ્રેમ્ણોપદેશૈરપિ**= પ્રેમના ઉપદેશ દ્વારા; **શ્રીવલ્લભનામધેય**= 'શ્રીવલ્લભ' નામને ધારણ કરનાર; **સદૃશો**=જેવો; **ભાવિ ન**=ભવિષ્યમાં થશે નહિ; **ભૂતોઽસ્ત્યપિ**=ભૂતકાળમાં થયો પણ નથી. (૫)



**શ્લોકાર્થ :**

માયાવાદી પંડિતો રૂપી મદોન્મત ગજરાજોમાં અભિમાન-મદ-ને ચૂર ચૂર કરી ખંડિત કરનાર, ભગવાનના મુખારવિંદ ચંદ્ર રૂપે પ્રકટ થઈને, વેદવચનો દ્વારા શ્રીભગવતમાં રહેલા દુર્લભ અમૃતની વર્ષા કરનારા અને શ્રીરાધાવલ્લભની સેવા દ્વારા, તેને માટે જરૂરી પ્રેમનો ઉપદેશ કરનાર, 'શ્રીવલ્લભ' નામને ધારણ કરનાર તેમના જેવા કોઈ ભૂતકાળમાં થયા નથી કે ભવિષ્યમાં થશે પણ નહિ. (૫)

**વિવરણ**

## (૧) "વ્યાખ્યા" કારે સમજાવેલું રહસ્ય :

'વ્યાખ્યા' કારે આ શ્લોકને છઠ્ઠા ક્રમે લીધો છે, તેથી તેમના માટે તેમાં 'જ્ઞાન' ધર્મનું નિરૂપણ છે, જ્યારે 'નિવૃત્તિ' કાર તેને પાંચમા ક્રમે મૂકી, 'શ્રી' ધર્મનું નિરૂપણ બતાવે છે.

માયાવાદ રૂપી મહામત્ત ગજેન્દ્ર છે જે બીજાઓને ઉખેડી નાંખે છે. તેનામાં દર્પ-અભિમાન-વધી જવાથી, તેનું ખંડન કરવા માટે ભગવાનના મુખારવિંદ ચંદ્રરાજ પ્રકટ થયા તેમને 'શ્રીમદ્'-શ્રીમાન કહ્યા; કારણકે આપ અલૌકિક ષડ્ગુણો રૂપી 'શ્રી' યુક્ત છે. આપે ભગવાનના નામાત્મક શ્રીભાગવત જે અંતઃકરણને પૂર્ણાનંદ આપનાર છે તેનું દુર્લભ અમૃત વરસાવ્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો, દુઃખ રૂપ માયાવાદને દૂર કરીને, પોતે પ્રકટ કરેલા ભક્તિમાર્ગના આનંદનું દાન કર્યું છે.

વળી આપે વેદમાં બતાવેલા રસાત્મક, આનંદરૂપ બ્રહ્મનું નિરૂપણ કર્યું છે અને વેદમાં કહેલા ધર્મનું સ્થાપન પણ કર્યું છે. વિશેષમાં લીલાસ્થ ભક્તો-ગોપીજનો સહિતના શ્રીરાધાવલ્લભ શ્રીકૃષ્ણની સેવા સ્વમાર્ગ પુષ્ટિમાર્ગમાં ફળરૂપા છે એમ બતાવ્યું છે. તે રસરૂપા છે.

તેનું દાન થાય તો જ તે પ્રાપ્ત થાય છે, અન્યથા પ્રાપ્ય નથી. તેમાં ય માનસી સેવા જ ઉત્કૃષ્ટ છે. સેવ્ય પ્રભુ પ્રત્યે સર્વાત્મભાવ દ્વારા પ્રેમપૂર્વક સેવા કરવાનો આપે ઉપદેશ કર્યો છે. આમ આપનામાં 'શ્રી' નામનો સર્વોત્કૃષ્ટ ધર્મ રહેલો છે.

આવા 'શ્રીવલ્લભ' નામ ધારણ કરેલા શ્રીમહાપ્રભુજી સમાન ત્રણે કાળમાં કોઈ નથી. કોઈ ભૂતકાળમાં થયું નથી, કે ભવિષ્યમાં થશે પણ નહિ.

## (૨) "વિભ્રાન્તિ" કારે સમજાવેલું રહસ્ય :

અહીં માયાવાદીઓને મદવાળા હાથી જેવા એટલા માટે કહ્યા કે તે પોતાના અને પરાયાનો વિચાર કર્યા વિના, આંખો મીંચીને ચાલે છે તેથી તેઓ વેદમાર્ગને જાણતા નથી. તેઓ અજ્ઞાનીઓને મોહ પમાડે છે. તેઓ નૈયાયિકો – ન્યાયશાસ્ત્રના વિદ્વાનોમાં શ્રેષ્ઠ છે. તેમને ભક્તિમાર્ગનો વિરોધ કરવાનો ગર્વ છે. તેથી શ્રીવલ્લભ તેમના મતનું પ્રતિપદ ખંડન કરે છે, એ તેમના દર્પ – અભિમાન – નું દલન છે.

શત્રુનું માહાત્મ્ય વધારવાથી અંતે પોતાનું માહાત્મ્ય વધે છે. માયાવાદીઓને મહામત્ત ગજરાજ કહ્યા. આવા શક્તિશાળીઓને પણ શ્રીવલ્લભે પરાજિત કર્યા. આથી અંતે શ્રીવલ્લભનું જ માહાત્મ્ય વધ્યું છે.

આ માયાવાદીઓને તેમના લોકો સહાય કરે છે, તેથી તેઓ અતિશય ગર્વવાળા છે. ગર્વના કારણે તેમનામાં તામસબુદ્ધિ છે. પરિણામે તેઓ ભક્તોને દુઃખ દેનારા છે. તેમને પરાજિત કરવાથી, તેમની સ્વસ્થતા જણાય. આ તેમના દર્પનું દલન – ખંડન – છે. આમ કરીને શ્રીવલ્લભે સન્મતનું – શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું સ્થાપન કર્યું. શ્રીવલ્લભનો આ 'જ્ઞાન' ગુણ છે.

ભગવાનના મુખમાંથી શ્રુતિઓ પ્રગટ થઈ, તેથી ભગવાનનું મુખ શ્રુતિઓને બેસવાનું સ્થાન છે આથી ભગવન્મુખને **'આસ્ય'** કહ્યું. ભગવન્મુખ અલૌકિક ચંદ્રરૂપ છે. ચંદ્ર માટે 'ઈન્દુ' શબ્દ વપરાય છે. તે 'ઈદિ' ધાતુ પરથી બનેલો છે, જેનો અર્થ છે પરમ ઐશ્વર્ય. વળી ચંદ્ર તાપહારક છે. માયારૂપી અંધકારને દૂર કરી પ્રકાશ આપનાર છે. તે પૂર્ણ છે, માટે તેને અહીં 'રાજા' કહ્યો છે. ભગવાનના મુખરૂપ હોવાથી તે નિષ્કલંક છે કોઈ દિવસ તેનો અસ્ત થતો નથી.



આવા ભગવન્મુખારવિંદ સ્વરૂપ શ્રીવલ્લભ અલૌકિક ચંદ્રરાજ છે. આવા શ્રીવલ્લભના મુખારવિંદમાંથી નીકળેલી વાણી–ભાગવતરૂપી દુર્લભ સુધા વેદરૂપા છે. વેદરૂપી કલ્પવૃક્ષનું પાકેલું ફળ તે શ્રીભાગવત. ૧૮ પુરાણોથી પણ અત્યંત શોભાયમાન એવા શ્રીભાગવતનું મંથન કરવાથી આ દુર્લભ સુધા પ્રાપ્ત થઈ. તે ભક્તને સુલભ અને અભક્તને દુર્લભ છે. કર્મ, જ્ઞાન અને મર્યાદા ભક્તિના માર્ગે ચાલનારને દુર્લભ છે. પુણ્યાદિથી અપ્રાપ્ય છે. કેવળ ભગવદ્‌વિરહતાપથી મળે છે.

આ દુર્લભ સુધા શ્રીવલ્લભે વરસાવી તેનાથી નિજજનોનાં હૃદય રસતરબોળ થયાં આમેય કોઈના ય દ્વારા સન્માર્ગનું નિરૂપણ થાય ત્યારે ભક્તનું હૃદય આર્દ્ર થાય, ત્યારે સાક્ષાત ભગવન્મુખારવિંદ સ્વરૂપ શ્રીવલ્લભ દ્વારા તેનું નિરૂપણ થતું હોય તો કહેવું જ શું ? શ્રીભાગવતનું રહસ્ય શ્રીવલ્લભે વેદવાક્યોનાં પ્રમાણોથી જ સમજાવ્યું છે. એટલે તેમાં વેદનો લેશ માત્ર પણ વિરોધ નથી. જેમ વેદ ભગવદ્‌વાણી છે, તેમ શ્રીવલ્લભનું મુખ ભગવન્મુખ હોવાથી, શ્રીવલ્લભવાણી પણ વેદવાણી છે. વેદ સ્વતઃ પ્રમાણ છે, તેમ શ્રીવલ્લભવાણી પણ સ્વતઃ પ્રમાણ છે, સર્વ ફળ આપનારી છે, નિત્ય અને અલૌકિક છે. તેનો વિરોધ કરનારને બહિર્મુખ જાણવા.

આમ શ્રીવલ્લભના જ્ઞાનની શોભા – 'શ્રી' નું નિરૂપણ શ્રીગુસાંઈજી મહારાજે કર્યું. હવે શ્રીવલ્લભના સ્વરૂપની શોભા – 'શ્રી' નું નિરૂપણ કરે છે.

શ્રીવલ્લભ **'રાધાવલ્લભ'** – શ્રીરાધાજીને વ્હાલા છે. શ્રીરાધાજી ભગવાનનું શ્રીસ્વરૂપ – સિદ્ધિસ્વરૂપા છે. જે વ્યક્તિ સુંદર હોય, તેની પ્રિય વ્યક્તિ પણ સુંદર જ હોય. શ્રીભાગવતમાં પક્ષીઓને ભગવાનની સુંદરતાનાં પરીક્ષક કહ્યાં છે, તેઓ ભગવાનને દર્શનીયોમાં શ્રેષ્ઠ માની, તેમને વશ થાય છે. તેઓ મૌન રાખી, નેત્રો મીંચી ભગવાનના વેણુનાદનું શ્રવણ કરે છે ત્યારે તેમાં સૌંદર્યની સીમા છે. તેમ અલૌકિક સુંદરતાનિધાન શ્રીરાધાજીને પ્રિય એવા શ્રીવલ્લભ પણ અલૌકિક સુંદરતાનિધાન છે. આપના સ્વરૂપનો આ 'શ્રી' ગુણ છે.

લક્ષ્મીજી ભગવાનનાં પત્ની છે, પણ ભગવાન શ્રીરાધાજીના સૌંદર્યથી તેમને વશ થયા છે, તેથી શ્રીકૃષ્ણને શ્રીરાધાજી અતિ પ્રિય છે.

તેવી રીતે ભક્તે પણ ભગવાનના સૌંદર્યમાં મુગ્ધ થઈ, ભગવાનથી શ્રેષ્ઠ અન્ય કોઇ નથી એમ જાણી, ભગવાનની સેવા કરવી એમ અહીં સમજાય છે.

શ્રીવલ્લભમાં કેવળ સ્વરૂપની સુંદરતા નથી, ભાવની પણ ઉત્તમતા છે. તેમનો ભગવત્પ્રેમ ફલરૂપ છે. ભગવાન રસરૂપ હોવાથી આપની સ્વામિનીઓ પણ રસરૂપા છે. એમની લીલામાં સાક્ષી સ્વરૂપે શ્રીવલ્લભ બિરાજમાન છે. આપ મધુર વચનોથી ઉભય સ્વરૂપોને પ્રસન્ન કરી, તેમનું હિત કરનારા છે. આપનો આવો અલૌકિક પ્રેમ આપના સ્વરૂપનો 'શ્રી' ગુણ છે – આપના સ્વરૂપની શોભારૂપ છે.

શ્રીવલ્લભના જ્ઞાન અને સ્વરૂપમાં રહેલા 'શ્રી' ગુણનું નિરૂપણ કરી, હવે શ્રીગુસાંઈજી મહારાજ આપની ક્રિયા (લીલા)માં રહેલા 'શ્રી' ગુણનું નિરૂપણ કરે છે.

ભણાવવા કરતાં ઉપદેશ આપવો શ્રેષ્ઠ કાર્ય છે, કારણ ઉપદેશમાં દયાળુતા રહેલી છે. 'ઉપ' = નજીક, 'દેશ' = આપવું. સામી વ્યક્તિની પાસે રહીને, તેને પરમ ફળનું દાન કરવું તેનું નામ ઉપદેશ–બીજા આચાર્યો શિષ્યોને મંત્રોપદેશ કરે છે ત્યારે તે મંત્ર તે શિષ્યના માટે સાધનરૂપ હોય છે. શ્રીવલ્લભની બાબતમાં આવું નથી શ્રીવલ્લભ જ્યારે જે જીવને શરણે લઇ મંત્રોપદેશ કરે છે, ત્યારે પોતે જ જીવને પરમ ફળનું દાન કરે છે. જેમાં પોતાની સત્તા છોડી, બીજાની સત્તા સ્થાપવામાં આવે તેને 'દાન' કહેવાય. આથી શ્રીવલ્લભ દ્વારા જે જીવને મંત્રોપદેશ પ્રાપ્ત થાય છે, તેને પોતાને કંઈ કરવાનું રહેતું નથી. શ્રીવલ્લભની કૃપાથી જ તેને પરમ ફળ પ્રાપ્ત થાય છે.

અહીં પ્રશ્ન થાય કે તો પછી આજીવન સેવા કરવાનો ઉપદેશ શા માટે આપવામાં આવ્યો ?

તેનો જવાબ એ છે કે તે જીવ બીજાના દુઃસંગમાં ન પડે અને પરમ ફળ રૂપે પ્રાપ્ત થયેલા ભગવાન પ્રત્યે તે કર્તવ્યપરાયણ બની રહે.

આમ શ્રીવલ્લભ સેવા, પ્રેમ અને ઉપદેશ એમ ત્રણ રીતે શોભાયમાન છે. તેથી આપનું શ્રીવલ્લભ નામ યથાર્થ છે. તેમના જેવા અન્ય કોઈ થયા હોય તેવું આજ સુધી સાંભળવામાં આવ્યું નથી. તેમના જેવું આજે બીજું કોઈ છે પણ નહિ. હોય તો અવશ્ય દેખાય. તેમના સમાન ભવિષ્યમાં કોઈ થશે પણ નહિ.



શ્રીવલ્લભના નામની જ કોઈ સમાનતા કરી શકે તેમ નથી, તો તેમના રૂપની સમાનતા તો સંભવતી જ નથી. આપની સેવાની તો વાત જ શી કરવી ? આપના સેવકોના પણ આપ વલ્લભ–પ્રિય છે. જેમણે પૂર્વે પુણ્યપુંજ એકત્ર કર્યાં હોય તે જ શ્રીવલ્લભની સેવા કરી શકે.

આમ, આ શ્લોકમાં શ્રીવલ્લભની શોભારૂપ '**શ્રી**' ધર્મનું નિરૂપણ થયું. હવે આપના '**જ્ઞાન**' ધર્મનું નિરૂપણ કરે છે.

## ચરિત્ર–સંગતિ :

કૃષ્ણદાસ મેઘન શ્રીમહાપ્રભુજીના પરમ કૃપાપાત્ર સેવક હતા. શ્રીમહાપ્રભુજી સાક્ષાત પૂર્ણપુરુષોત્તમ છે એવો તેમને અનુભવ હતો. તેમની ઇચ્છા હતી કે તેમના વિદ્યાગુરુએ શ્રીમહાપ્રભુજીના પ્રાગટ્ય સમયે સમાધિમાં અનુભવ કરી કહ્યું હતું કે હાલ પૃથ્વી પર કોઇક સ્થળે પ્રભુનું પ્રાકટ્ય થઈ રહ્યું છે. એ વિદ્યાગુરુને એક વખત શ્રીમહાપ્રભુજીનાં દર્શન થાય. પરંતુ તેમના વિદ્યાગુરુએ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં શંકા કરી ત્યારે તેમણે હાથમાં અગ્નિ લઈ શ્રીમહાપ્રભુજી પૂર્ણપુરુષોત્તમ છે એમની સમાન કોઈ થયું નથી કે થશે પણ નહિ એ વાત સિદ્ધ કરી આપી હતી.

## કીર્તન–સંગતિ :

પ્રકટે શ્રીવલ્લભ સુખરાશી
પ્રાચીદિશ જ્યોં ચંદ્રપ્રકટ હોઇ ત્યોં શ્રીઅંગ પ્રકાશી (૧)
દેવસ્વરૂપ રતિપતિ લાજત હેં મોહી સબ સુખનિતા
ભક્ત ચકોર મગ્ન રસ પીવત તનશુદ્ધિ કોઈ ન જનિતા (૨)
બ્રહ્મવાદ દૃઢ ભૂપર કરકેં દુષ્ટન મતહિં વિદાર
ગજગતિ ચાલ નિરખ વલ્લભકી ભીમ કિયો બલિહાર (૩)

**શ્લોક : ૬**

(છંદ : પૃથ્વી)

યદંઘ્રીનખમંડલપ્રસૃતવારિપિયૂષયુગ્
વરાંગહૃદયૈઃ કલિસ્તૃણમિવેહ તુચ્છીકૃતઃ ।
વ્રજાધિપતિરિન્દિરાપ્રભૃતિમૃગ્યપાદાંબુજઃ
ક્ષણેન પરિતોષિતસ્તદનુગત્વમેવાસ્તુ મે ॥ ૬ ॥

**શબ્દાર્થ :**

**યદ્** = જેમના; **અંઘ્રી** = ચરણકમળના; **નખમંડલ** = નખમંડળમાંથી; **પ્રસૃત** = વહેતાં; **વારિ** = જળ; **પિયૂષ** = અમૃત; **યુગ્** = પ્રાપ્ત થયું છે; **વરાંગ** = મસ્તક; **હૃદયૈઃ** = હૃદય; **કલેઃ** = કલિયુગને; **તૃણમિવેહ** = તૃણમ્ + ઈવ ઈહ = અહીં તણખલાની જેમ; **તુચ્છીકૃતઃ** = તુચ્છકારે છે; **વ્રજાધિપતિઃ** = વ્રજના અધિપતિ; **ઈ. દેશપ્રભૃત** = લક્ષ્મી વગેરે; **મૃગ્ય** = શોધે છે; **પાદામ્બુજઃ** = ચરણકમળ; **ક્ષણેન** = ક્ષણવારમાં; **પરિતોષિતઃ** = સંતુષ્ટ કર્યા છે; **તદ્** = તેમનું; **અનુગત્વમ્** = સેવકપણું; **અસ્તુ** = હજો; **મે** = મને (૬)

**શ્લોકાર્થ :**

જેમના ચરણકમળના નખમંડળમાંથી વહેતું જળરૂપી અમૃત, જે ભક્તોના મસ્તક અને હૃદયને પ્રાપ્ત થયું છે; તે ભક્તો કળિયુગને તણખલાની જેમ તુચ્છકારે છે. અને લક્ષ્મીજી વગેરે પણ જેમનાં ચરણકમળની શોધમાં છે એવા વ્રજના અધિપતિ શ્રીકૃષ્ણને જેમણે ક્ષણવારમાં સંતુષ્ટ કર્યા છે એવા શ્રીવલ્લભનું દાસપણું–દાસત્વ–મને પ્રાપ્ત થાવ. (૬)

**વિવરણ :**

"વ્યાખ્યા"કારે આ શ્લોક ચોથા ક્રમે મૂકયો છે, જ્યારે 'વિવૃત્તિ'કારે તેને છઠ્ઠા ક્રમે મૂકયો છે.

## (૧) "વ્યાખ્યા"કારે સમજાવેલું રહસ્ય :

શ્રીપ્રાણવલ્લભના ચરણકમળના નખમંડળમાંથી વહેતું જળ અમૃતરૂપ છે. આ અમૃતરૂપ જળથી જે ભક્તોનાં મસ્તક અને હૃદય ભીંજાય છે, તે અંગો શ્રેષ્ઠ–અલૌકિક–બની જાય છે. તેથી તે ભક્તો કળિયુગને પણ તણખલા જેવો ગણી, તેને તુચ્છકારે છે. અર્થાત્ તણખલાની જેમ કળિયુગને નગણ્ય ગણે છે–તેને ગણત્રીમાં જ લેતા નથી.

ભગવદ્ ચરણજળથી અલૌકિક બનેલાં અંગો જોતાં, કલિયુગને ભય લાગે છે કે તેમનામાં પ્રવેશ કરવા જતાં પોતે ભસ્મ થઈ જશે. તેથી કળિયુગ પોતે જ આવા ભક્તોથી દૂર રહે છે. આથી કળિયુગની શક્તિ તણખલા સમાન છે–ભક્તોને માટે.



વળી આ ચરણામૃત રસાત્મક છે. આથી લક્ષ્મીજી આદિ ભક્તો, જ્યારે ભગવાનનાં ચરણકમળને શોધતાં, તેમને પ્રાપ્ત કરે છે, ત્યારે લીલારસાત્મક પ્રભુના ચરણામૃતના પ્રભાવથી, તેઓ ક્ષણવારમાં પ્રભુને પ્રસન્ન કરે છે.

અહીં એક ગૂઢ રહસ્ય સમજવા જેવું છે. ભગવદ્ચરણારવિંદ રસરૂપ છે. તેમાંથી વહેતું ચરણજળ પણ રસાત્મક–રસપૂર્ણ છે. તેનો સંબંધ થતાં પુષ્ટિરસનો સંબંધ–પ્રાપ્તિ–થાય છે. તેના દ્વારા ભગવત્સ્વરૂપમાં નિષ્ઠા અને વિવિધ ભાવો પ્રકટે છે. તેને લઈને હૃદય સહિત શરીરનાં બધાં અંગોને રસાત્મક સ્વરૂપનાં પ્રત્યક્ષ દર્શન, સ્પર્શ આદિની અભિલાષા વિશેષ પ્રમાણમાં થાય છે. તે અભિલાષા સિદ્ધ થતાં, તે ભક્તોનાં રૂપ ભગવાન જેવાં બની જાય છે. ત્યારે અલૌકિક વિરહાગ્નિમાં કળિયુગ પણ તણખલાની જેમ બળી જાય છે. પછી વિરહરૂપી ક્લેશ દૂર થતાં, તે જ ક્ષણે પ્રભુનો સાક્ષાત સંબંધ થતાં, વ્રજાધિપતિ તે ભક્તથી પ્રસન્ન થાય છે. આમ ચરણજળનો આવો સર્વોત્તમ ઉત્કર્ષ છે.

જેવાં અલૌકિક ચરણકમળો અને ચરણરજ પ્રભુનાં છે, તેવાં જ શ્રીમહાપ્રભુનાં પણ છે. શ્રીવલ્લભનાં ચરણકમળ અને ચરણામૃત આ જ ફળ આપે છે. શ્રીવલ્લભના શરણે જવાથી, આપના અલૌકિક ચરણામૃતનો સંબંધ આપણા શરીર અને હૃદય સાથે થવાથી, વ્રજના અધિપતિ શ્રીકૃષ્ણમાં આપણી રતિ–પ્રેમ–થાય છે.

આમાંથી એક બીજો ભાવ પણ પ્રકટ થાય છે. અગાઉના શ્લોકમાં શ્રીવલ્લભને સૂર્ય રૂપ કહ્યા. અહીં આપના ચરણકમળમાંથી વહેતા જળ વિશે કહ્યું. તેના દ્વારા કલિના ખંડનની વાત કરી. તેથી ભગવાનનો સંતોષ બતાવ્યો.

શ્રીમહાપ્રભુજીએ 'શ્રીયમુનાષ્ટક' સ્તોત્રમાં 'યમોપિ ભગિનીસુતાન્' એ શ્લોકમાં શ્રીયમુનાજીનો સાધારણ ધર્મ બતાવ્યો–શ્રીયમુનાજી પોતાના જીવોને યમયાતના ભોગવવા દેતાં નથી. ત્યાર પછીના શ્લોક 'ઈયં તવ કથાધિકા' માં શ્રીયમુનાજીનો અસાધારણ ધર્મ–તનુનવત્વનું દાન બતાવ્યો. મંડળમાંથી પધારતાં શ્રીયમુનાજીના જળમાં કલિના દોષોનું ખંડન કરવાનું સાધારણ સામર્થ્ય હોવાથી આપ 'કાલિંદી' કહેવાયાં. આપના સાન્નિધ્યથી અમને તનુનવત્વની પ્રાપ્તિ થાય એવી પ્રાર્થના કરવામાં આવી.

આમ શ્રીયમુનાજીમાં ભગવાનને પ્રસન્ન કરવા રૂપી અસાધારણ ધર્મ છે તેમ કહ્યું. એ જ પ્રમાણે શ્રીવલ્લભનાં ચરણસંબંધી આ જળમાં પણ કલિનું ખંડન કરવા રૂપી સાધારણ ધર્મ અને વ્રજાધિપતિને પ્રસન્ન કરવા રૂપી અસાધારણ ધર્મ છે. તનુનવત્વની પ્રાપ્તિ માટે જેમ શ્રીયમુનાજીનું સાન્નિધ્ય જરૂરી છે, તેમ તનુનવત્વ માટે અહીં શ્રીવલ્લભના દાસત્વની વિનંતી કરવામાં આવી. તનુનત્વ પ્રાપ્ત થતાં ભગવાનનો સ્નેહ સુલભ થાય છે, એમ સમજાય છે. શ્રીયમુનાજીએ જેમ કુમારિકાઓના મનોરથ પૂર્ણ કર્યા, તેમ આધુનિક સમયમાં શ્રીવલ્લભ નિજસેવકોના મનોરથ પૂર્ણ કરે છે. શ્રીયમુનાજીનું જળ રસાત્મક છે, તેમ શ્રીવલ્લભનું ચરણામૃત પણ રસાત્મક છે.

## (૨) "વિવૃત્તિ" કારે સમજાવેલું રહસ્ય :

શાસ્ત્રોમાં જ્ઞાનને અક્ષરાત્મક–અક્ષરબ્રહ્મનું સ્વરૂપ કહ્યું છે. અક્ષરબ્રહ્મ દુઃખ દૂર કરે છે અને કાલ સાથેનો જીવનો સંબંધ મિટાવે છે, જીવાત્માને પોતાનામાં લીન કરી, મોક્ષ આપે છે. વિશેષમાં ભક્તિ સિદ્ધ કરે છે. આ અક્ષરબ્રહ્મ ભગવાનના ચરણારવિંદ રૂપ છે. તેથી ભગવાનનાં ચરણારવિંદ **'જ્ઞાન'** ધર્મનું સ્વરૂપ છે. જે સંસારનું અજ્ઞાન દૂર કરી, ભગવત્સ્વરૂપ સમજાવે તે જ્ઞાન. આવો 'જ્ઞાન' ધર્મ શ્રીવલ્લભમાં પ્રકટ છે.

શ્રીવલ્લભનાં ચરણનખમંડલો કોમળ અને સ્નિગ્ધ છે. તેના પર અભિષેક કરાતું જળ ત્યાં ન રહેતાં નીચેની તરફ વહે છે. તે કેવળ જળ નથી, પણ ચરણકમળનું અમૃત છે–ચરણામૃત છે. આવું અલૌકિક ચરણામૃત શ્રીવલ્લભના સેવકો તેમના મસ્તકે અને હૃદય પર ધારણ કરે છે. આથી શ્રીવલ્લભ ચરણામૃત સ્વરૂપે નિજભક્તોના મસ્તકે અને હૃદયમાં બિરાજી, તેમને અભય બનાવે છે.

કલિયુગ જગતના અન્ય જીવોને ભયભીત કરે છે, પણ અભયદાન પામેલા શ્રીવલ્લભના સેવકો કલિયુગને ગણત્રીમાં જ લેતા નથી, તેનાથી ભય પામતા નથી. કલિયુગને તણખલા જેવો તુચ્છ ગણે છે. શ્રીવલ્લભના જ્ઞાનાત્મક ચરણકમળના અમૃતનો આ ઉત્કર્ષ છે.

અહીં કોઈ શંકા કરે–કોઈ લડવૈયા પાસે વાઘણ આવી ચડે, ત્યારે તે અંદરથી ભય પામે, પણ લોકમાં બીકણ ન ગણાઈ જાય તે માટે, ત્યાં



ઊભો રહી વાઘણનો સામનો કરે. તેમ ભક્ત થઈને ડરવું એ દેહાભિમાન કહેવાય ભક્તને માટે કલંક રૂપ ગણાય. આથી તમારા ભક્તો કલિને નહિ ગણતા હોય !

તેના જવાબમાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે–શ્રીવલ્લભના સેવકોને તો કલિ વાઘ જેવો દેખાતો જ નથી, તણખલા જેવો જ દેખાય છે. તણખલું જેમ અનાયાસ પગ નીચે કચડાઈ જાય, તેમ કલિયુગ ભક્તના પગ નીચે કચડાય છે. આમ શ્રીવલ્લભનું ચરણામૃત કાલ સાથેનો સંબંધ મિટાવે છે. જ્ઞાનાત્મક અક્ષરબ્રહ્મ રૂપી ચરણનો આ પ્રથમ ઉત્કર્ષ છે.

અક્ષરબ્રહ્મનું બીજું કાર્ય છે મોક્ષ આપવાનું. શ્રીવલ્લભના ચરણામૃતથી ભક્તોને સહજમાં વ્રજાધિપતિની પ્રાપ્તિ થાય છે. ભગવત્પ્રાપ્તિ મોક્ષથી યે અધિક છે. જ્ઞાનાત્મક અક્ષરબ્રહ્મ રૂપી ચરણનો આ બીજો ઉત્કર્ષ છે. આમ ભક્તના અનિષ્ટની નિવૃત્તિ અને ઇષ્ટની પ્રાપ્તિ થાય છે. આ બંને જ્ઞાનનાં કાર્ય છે.

વ્રજ નિઃસાધન છે, તેના રક્ષક–સ્વામી–છે એક પત્નીવ્રતવાળા ભગવાન. આવા ભગવાને પોતાના વિરહમાં સંતપ્ત વ્રજભક્તોને શાંત કરવા, ઉદ્ધવજીને વ્રજમાં મોકલ્યા હતા. આવા વ્રજાધિપતિ શ્રીકૃષ્ણને શ્રીવલ્લભ ક્ષણવારમાં પ્રસન્ન કરે છે.

'ક્ષણ'નો બીજો અર્થ છે ઉત્સવ. શ્રીવલ્લભ વિવિધ ઉત્સવોથી શ્રીકૃષ્ણને પ્રસન્ન કરે છે.

કર્મ આદિ માર્ગમાં કેટલાક લોકો પોતાનાં માથાં કાપી ભગવાનને પ્રસન્ન કરે છે. વૃક જેવા અસુરો પોતાના શરીરમાંથી માંસ કાપી, હોમ કરે છે, પશુ પક્ષીઓ પણ ભગવાનને પ્રસન્ન કરે છે. આમાં શ્રીવલ્લભનો ઉત્કર્ષ ક્યાં ?

તેનો જવાબ શ્રીગુસાંઈજી આપે છે–લક્ષ્મીરૂપા ગોપીજનોએ ભગવાનને શોધવા ઘણું કષ્ટ ઉઠાવ્યું, વૃક્ષોને પૂછ્યું, આખી રાત શોધ્યા પણ ન મળ્યા. જ્યારે ભગવાને સ્વયં કૃપા કરી, ત્યારે તેમનાં ચરણકમળનાં દર્શન થયાં. તો સામાન્ય જનને તો થાય જ ક્યાંથી ?

એમ પણ સમજાય છે કે ભગવાનનાં ચરણકમળો લક્ષ્મીરૂપા ગોપીજનોને અધીન છે–તેમને પ્રાપ્ત થયાં છે. ગોપીજનોની કૃપા વિના તે પ્રાપ્ત થવાનો સંભવ નથી.

આ ભગવદ્જ્ઞાન જેમને પ્રાપ્ત થયું છે, તેમનું કર્તવ્ય ભક્ત બની, ભગવાનની ભક્તિ કરવાનું છે. પ્રભુ પોતાના અંતરંગ સેવકોની પાછળ પાછળ પધારે છે, તેમના વિના કયાંય પધારતા નથી. આથી જ્યારે ભગવત્સ્વરૂપનો હૃદયમાં પ્રકાશ થાય, ત્યારે જ શ્રીવલ્લભનું દાસત્વ સિદ્ધ થાય. આ માર્ગમાં દાસ્ય જ પરમ ફળ રૂપ છે. તે સાધનથી પ્રાપ્ત નથી, કેવળ કૃપાથી જ પ્રાપ્ય છે. તેથી શ્રીગુસાંઈજી પણ દાસભાવથી શ્રીવલ્લભનું દાસ્ય માંગે છે.

એમાં એવો પણ ભાવ છે કે મારા સંબંધવાળા જે જીવો છે, તે બધાને આપનું દાસ્ય પ્રાપ્ત થાવ, મને એકલાને નહિ. મારા આપની સાથેના સંબંધથી તેમને પણ આ ફળ-દાસત્વ-સિદ્ધ થાય.

ચરણારવિંદનું દાસત્વ એ જ પુષ્ટિજીવોનો 'જ્ઞાન' ધર્મ છે; કારણ શ્રીવલ્લભનાં ચરણકમળો **'જ્ઞાન'** ધર્મ રૂપ છે તે જોયું. હવે છેલ્લા-છઠ્ઠો-ધર્મ "વૈરાગ્ય"નું નિરૂપણ સાતમા-અંતિમ શ્લોકમાં કરે છે.

## ચરિત્ર-સંગતિ :

માધવભટ્ટ કાશ્મીરી બ્રાહ્મણ હતા. તેમના ગુરુ કેશવ ભટ્ટની સાથે તેઓ શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. તેમણે દીનતાથી **શ્રીમહાપ્રભુજીના** ચરણકમળમાં બેસી શ્રીભાગવતકથામૃતનું પાન કર્યું. શ્રીવલ્લભના ચરણકમળની રજ તેમના હૃદય અને મસ્તકને લાગતાં તેઓ શ્રીવલ્લભના કૃપાપાત્ર સેવક થયા. શ્રીવલ્લભની સાથે રહી ગ્રંથલેખનની સેવા આજીવન કરી. શ્રીવલ્લભના ચરણકમળનો આવો અદ્ભુત પ્રતાપ છે.

સિંધમાં નગરઠઠ્ઠામાં નારાયણદાસ લુવાણા થઈ ગયા. બાળપણથી તેઓ રોગી હતા. આખા શરીરે ફોલ્લાઓ થયા હતા. કોઈ દવા અસર કરતી ન હતી. ત્યારે શ્રીવલ્લભ ત્યાં પધાર્યા. આપના ચરણસ્પર્શથી નારાયણદાસનું શરીર તે જ ક્ષણે નિરોગી થઈ ગયું.

## કીર્તન-સંગતિ :

નમો વલ્લભાધીશ-પદકમલ-યુગલે સદા
વસતુ મમ હૃદય વિવિધ રસભાવ વલિતમ્,
અન્યમહિમાऽऽભાસ વાસના વાસિતં
મા ભવતુ જાતુ નિજભાવ ચલિતમ્. (૧)



ભજતુ ભજનીયમતિશયિત રુચિરં ચિરં
ચરણ-યુગલં સકલ ગુણ સુલલિતમ્,
વદતિ 'હરિદાસ' ઇતિ મા ભવતુ મુક્તિરપિ
ભવતુ મમ દેવ શત જન્મ ફલિતમ્. (૨)

શ્રીવલ્લભજુ કે ચરણકમલ ભજ અરે મન જો ચાહે પરમારથ
મારગ વામ કામ હિત કારણ સબ પાખંડ કરત ઉદરારથ (૧)
દેવી દેવ દેવતા હરિ વિનં સબકોઉ ભજત આપને સ્વારથ
શ્રીભાગવત ભજનરસ મહિમા શ્રીમુખ વાકય કહ્યો જો યથારથ (૨)
તીન્યોં લોક વિદિત યહ મારગ જીવ અનેક કિયેજુ કૃતારથ
મોહનદાસ શરણ આયે વિન ખોયે દિન પાછિલે અકારથ (૩)
રુચિર પદકમલ શ્રીવલ્લભાધીશકે રૈન ઔર દિવસ નિજ શિરસિ ધરિયે
ગહત દઢ બાંહ જિહિં કાન શ્રીનંદસુત પત્ર ફલ પુષ્પ સેવાનુસરિયે (૧)
પ્રેમભાવતેં નિકટ સંતત રહત રાખ વિશ્વાસ વતતેં ન ટરિયે
શ્રીવિઠ્ઠલગિરિધરન લક્ષ્મણ સુવન ભક્તકે ભવનમેં વાસ કરિયે (૨)

## શ્લોક : ૭

(છંદ : પૃથ્વી)

અઘૌઘતમસાવૃતં કલિભુજંગમાસાદિતં
જગદ્વિષયસાગરે પતિતમસ્વધર્મે રતં ।
યદીક્ષણસુધાનિધિઃ સમુદિતોનુકમ્પામૃતા
દમૃત્યુકરોત્ ક્ષણાત્તદનુગત્વમેવાસ્તુ મે ॥ ૭ ॥

## શબ્દાર્થ :

**અઘૌઘ** = પાપનો સમૂહ; **તમસાવૃતં** = અંધકારથી છવાયેલું; **કલિભુજંગ** = કલિ રૂપી સાપથી; **આસાદિતં** = ગળાયેલું; **જગદ્** = જગત; **વિષય-સાગરે** = વિષય રૂપી સાગરમાં; **પતિતં** = પડેલું; **અસ્વધર્મે રતં** = પોતાનો ધર્મ છોડી, અન્ય ધર્મમાં આસક્ત થયેલું; **યદીક્ષણ** = યત = જેમણે; **ઈક્ષણ** = નેત્ર; **સુધાનિધિઃ** = ચંદ્ર; **સમુદિતો** = પ્રકટ કર્યો; **અનુકંપામૃતાત્** = અનુકંપા + અમૃતાત્ = કૃપા રૂપી અમૃત વડે; **અમૃત્યુમકરોત્** = અમૃત્યુમ્ + અકરોત્ = મૃત્યુમાંથી બચાવી લીધું; **ક્ષણાત્** = ક્ષણવારમાં; **તદનુગત્વ-મેવાસ્તુ મે** = તત + અનુગત્વમ + એવ + અસ્તુ + મે = તેમનું શરણ મને પ્રાપ્ત થાવ. (૭)

**શ્લોકાર્થ :**

પાપના સમૂહ રૂપી અંધકારથી છવાયેલા, કલિયુગ રૂપી સાપથી ગળાયેલ, વિષયવાસનાના સાગરમાં ડૂબી પતિત થયેલા, સ્વધર્મ છોડી અન્ય ધર્મમાં આસકત થયેલા જગતને જોઈને જેમનાં નેત્ર રૂપી ચંદ્ર પ્રગટ થયા અને કૃપા રૂપી અમૃતથી તે જગતને મૃત્યુમાંથી એક ક્ષણમાં બચાવી લીધું, તેમનું–શ્રીવલ્લભનું શરણ મને પ્રાપ્ત થાવ. (૭)

**વિવરણ :**

**(૧) "વ્યાખ્યા" કારે સમજાવેલું રહસ્ય :**

**"અઘૌઘતમસા"**–'પાપના સમૂહ રૂપ અંધકાર' પદથી અંતઃકરણના અંધાપાનું નિરૂપણ છે. જેના અંતકરણમાં અંધકાર–અંધાપો હોય, તેની બાહ્ય દૃષ્ટિ પણ તેવી જ બને તેનાથી તે સંસારના વિષયોમાં આસકત થાય. તે ઓછું હોય તેમ તેને કાલ–કલિ–રૂપી સાપ ચારે કોરથી ડસે. જેમ વિષ ચડતાં માણસ બેભાન થઈ જાય, તેમ કલિના વિષ રૂપી મોહથી તે સંપૂર્ણ અંધ બની જાય. તેને જરાય સત્યાસત્ય સૂઝે જ નહિ. તેમાં જગતમાં મિથ્યાં સંસાર છે, તે તો વિષયોનો સાગર છે. અંદર–બહારથી અંધ બનેલી વ્યકિત તેમાં પડે તેની નવાઈ જ ન હોય તેમાં મોટા મોટા મગરમચ્છો હોય. તેમાં પડેલ પોતે ડૂબે અને બીજાને પણ ડુબાડે. તેની આ સ્થિતિને સમજાવવા એમ કહ્યું કે તે પોતાનો નથી એવા ધર્મમાં રત–તત્પર–છે, આસકિતવાળો છે. અર્થાત્ સમુદ્રમાં પડેલો માણુસ, સમુદ્રને તરવા અસમર્થ હોવાથી, તેમાં ડૂબી મરે છે તેમ પોતાનો ધર્મ છોડી અન્ય ધર્મમાં ફસાયેલો પણ અંતે તેમાં ડૂબી મરે છે.

આવી રીતે સંસારના વિષસાગરમાં ડૂબી ગયેલા જીવનો પણ ઉદ્ધાર ભગવાનનાં નેત્રકમળ કરે છે અર્થાત્ ભગવાન જે દુષ્ટ જીવને પણ દર્શન આપે છે, તેનો સહજમાં ઉદ્ધાર થાય છે. ભગવાનની જેમ શ્રીવલ્લભનાં નેત્રકમળ પણ એવાં જ છે. અહીં આ નેત્રોને અમૃતના નિધિ રૂપ ચંદ્ર કહ્યાં છે. શ્રીવલ્લભનાં નેત્રકમળોમાં કૃપા રૂપી અમૃતનો નિધિ ભરેલો છે. તેથી આપ દૃષ્ટિના દાન દ્વારા દુષ્ટતમ જીવોનો પણ ઉદ્ધાર કરી, તેમને મૃત્યુના મુખમાંથી બચાવે છે. તેથી આપનાં ચરણ-



કમળનું શરણ મને પ્રાપ્ત થાવ. જયાં નાશની પૂરી સંભાવના છે, ત્યાં પણ આપના શરણથી મારો નાશ નહિ થાય, મારું રક્ષણ થશે. આપ 'અમૃત' રૂપ છે તેથી મને મૃત્યુ વગેરેના ભયથી મુકત કરશો.

આમ વિચારી મરણના ભયથી બચવા શુદ્ધ ભાવથી શ્રીવલ્લભના શરણે જવાથી આપના ચરણામૃતથી કલિકાલનો ભય નિવૃત્ત થાય છે. વિપ્રયોગરસના અનુભવની સ્થિતિમાં શ્રીગુસાંઈજી મહારાજે દીનતાપૂર્ણ ભાવથી આ વિનંતી કરી છે.

**(૨) "વિવૃત્તિ" કારે સમજાવેલું રહસ્ય :**

ભગવાનની કૃપાથી જ ભકતોને બીજા માણસોમાં રાગ–સ્નેહનો અભાવ થાય છે, ભગવાન સિવાય રાગનો અભાવ એટલે વૈરાગ્ય. આવો વૈરાગ્ય પ્રભુની ફળરૂપા કૃપાથી મળે છે, એમ આ શ્લોકમાં શ્રીગુસાંઈજી સમજાવે છે.

પાપો ત્રણ પ્રકારના હોય છે. શરીરથી થતાં, વાણીથી થતાં અને મનથી થતાં, બીજી રીતે જોઈએ તો, પાપો, આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક એમ પણ ત્રણ પ્રકારના હોય છે. મનુષ્યોમાં આ પાપો ઢગલાના રૂપમાં રહેલા હોય છે. તેનું જ બીજું નામ અંધકાર છે. આ અંધકાર બધી વસ્તુઓને તેના સાચા સ્વરૂપમાં જોવા દેતો નથી. પરિણામે આખું જગત અંધકારથી ઢંકાઈ ગયું છે.

'અઘ' શબ્દનો એક બીજો અર્થ છે. પ્રતિબંધ–નડતર જીવનમાં આવતા અનેક પ્રતિબંધોને લઈને માણસો અંદરથી અને બહારથી વિપરીત ભાવો ધરાવતા થાય છે. તેઓ માયામાં પૂરેપૂરા લપટાઈ જાય છે. પરિણામે તેમને શાસ્ત્રોનો સાચો પ્રકાશ દેખાતો નથી. તેઓ અજ્ઞાનના અંધકારમાં ડૂબી જાય છે.

આમ, પાપના કારણે અને અજ્ઞાનના કારણે આવા મનુષ્યોમાં અંધકાર દવા જાય છે. કામ, ક્રોધ, મોહ વગેરે દુર્ગુણો અંધકાર છે. આખું જગત તેનાથી વ્યાપેલું છે. તેને દૂર કરવા માટે શ્રીવલ્લભ પૃથ્વી પર પ્રગટ થયા છે. એમ સૂચવવા શ્રીગુસાંઈજીએ કહ્યું કે, શ્રીવલ્લભના નયનચંદ્ર પ્રકાશ્યાં છે.

કલિયુગ મહાસર્પ જેવો છે. ફૂંક મારવાની સાથે જ તે સર્વના પ્રાણ હરી લે છે અને જગતને ગળી જાય છે. આવા કળિયુગરૂપી મહાસર્પના વિષનું મારણ કેવલ અમૃત છે. આવું અમૃત ચંદ્રમાં રહેલું છે. તેનાથી મરેલો માણસ પણ જીવતો થાય છે. આવું અમૃત શ્રીવલ્લભના નેત્રમાં પણ રહેલું છે. કળિયુગના વિષથી મરેલા જગતને ફરી શ્રીવલ્લભના ચંદ્ર સમાન નેત્રો જીવતા કરે છે.

કળિયુગમાં બધા વિષથી પીડિત છે. કારણ સૌ વિષયમાં રચ્યા–પચ્યા છે. વિષયો વિષ જેવા છે. વિષયોમાં પડવાથી જગત છિન્ન–ભિન્ન થઈ ગયું છે.

માણસ પગથી ચાલે છે. જ્યારે સાપ પેટે ચાલે છે. સાપ જેવા દુષ્ટ લોકો ભકતોને દુઃખ આપે છે અને અભકતોને સુખ આપે છે. આવા લોકોના હાથમાં જગત આજે ફસાઈ ગયું તેથી જગતને સન્માર્ગમાં વિશ્વાસ નથી. જગતને મહાપુરુષોની કૃપા વિના બીજું કોઈ બચાવી શકે તેમ નથી.

જગતના લોકો વિષયરૂપી સાગરમાં ડૂબેલા છે. આ સાગર અગાધ છે. સાગરનું જળ ખારું હોય છે. તેથી તેનાથી તરસ છીપતી નથી. તેમ વિષયોથી પણ મનને સંતોષ થતો નથી. આ વિષયસાગરમાં કામ, ક્રોધ વગેરે વાસનાઓનાં મોજાં ઊછળે છે. તેમાં સુખના ભ્રમરૂપી મગરો હોય છે. જે સાગરમાં પડેલા લોકોને ગળી જાય છે. આવા વિષયસાગરરૂપી સમુદ્રમાં જગત ડૂબેલું છે.

માણસ ઝેરવાળા પદાર્થમાં પડવાથી મરતો નથી. પરંતુ તેમાં રહેલા ઝેરથી મરે છે. સંસારસાગરમાં પડેલા લોકો ઊંધા માથે પડવાથી બહારનું કંઈ જોઈ શકતા નથી, તેથી તેમાં ડૂબી મરે છે.

જગતના લોકો પોતાનો ધર્મ છોડી પારકા ધર્મમાં આસકત થાય છે. પરિણામે તેમને ભગવાન સંબંધી ભાવ રહેતો નથી. તેઓ આત્મધર્મરૂપી સ્વધર્મને છોડી દેહના ધર્મોને પ્રાધાન્ય આપે છે. તેને કારણે તેઓ સંસારસાગરમાં ડૂબે છે. જો તેઓ પોતાના આત્મધર્મને સમજી ભગવાનને પકડી લે અને બીજું બધું છોડી દે તો તેમને કોઈ વાંધો આવતો નથી. માટે ભગવાને ગીતામાં પારકા ધર્મ એવા દેહધર્મોને છોડવાની આજ્ઞા કરી છે.



આવા જગતને બચાવવા શું ઉપાય કરવો જોઈએ એવો પ્રશ્ન થાય. એના જવાબમાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે શ્રીવલ્લભની દૃષ્ટિ અમૃતથી ભરેલા ચંદ્રરૂપ છે. વળી તે કરુણાથી પણ ભરેલી છે. તેથી તે પાપરૂપી અંધકારને દૂર કરી શકે છે. કાળરૂપી સાપના ઝેરને અમૃતવર્ષણથી ઉતારી શકે છે.

જ્યારે ચંદ્રોદય થાય ત્યારે સાગરમાં ભરતી આવે છે તે વખતે મોટા–મોટા મોજાઓ ઉછળે છે. એ મોજાઓ સાગરમાં ડૂબેલી વસ્તુઓને કિનારે ફેંકી દે છે, તેમ શ્રીવલ્લભનાં ચંદ્રસમાન નેત્રો જેના ઉપર પડે તેના ઉપર કૃપા કરી તેને અલૌકિક દેહ આપે છે. તેનું પોષણ નેત્રોથી કરે છે. તેના મનમાં લૌકિક ઇચ્છાઓ પ્રગટ થવા દેતા નથી, તેનો તાપ દૂર કરે છે. તે શરણે આવેલા જીવને લીલાસૃષ્ટિમાં પ્રવેશ કરાવી નવતનુ પ્રદાન કરે છે.

પૃથ્વી પરનો ચંદ્ર વધતો–ઘટતો રહે છે. પરંતુ શ્રીવલ્લભનો કૃપા-દૃષ્ટિરૂપી ચંદ્ર કાયમ પૂર્ણ હોય છે. આવી રીતે જગતનો ઉદ્ધાર કરવામાં આપને જરાપણ પરિશ્રમ થતો નથી કે તેમાં વિલંબ પણ થતો નથી. શ્રીવલ્લભ, દર્શનમાત્રથી જીવને કૃતાર્થ કરે છે. આ શ્રીવલ્લભનો વૈરાગ્ય ધર્મ છે. જગતમાંથી રાગ છોડાવી જીવનો ભગવાનમાં રાગ કરે છે. અંતમાં શ્રીગુસાંઈજી અલૌકિક ફળપ્રાપ્તિ માટે પ્રાર્થના કરે છે કે આવા શ્રીવલ્લભનાં ચરણ અમારો આશ્રય બનો. અમને શરણ આપો. 'શરણ' શબ્દના જુદા–જુદા અર્થ છે. તેનો એક અર્થ છે 'ઘર'. બીજો અર્થ છે રક્ષક. શ્રી વલ્લભનાં ચરણ અમારું નિવાસસ્થાન બનો. અને અમારા રક્ષક પણ બનો. શ્રીવલ્લભ અમારું સર્વ કંઈ સિદ્ધ કરનારા થાવ. શ્રીગુંસાંઈજી વિનંતી કરે છે કે મારા આશ્રિતોને માટે પણ એમનાં ચરણારવિંદ શરણરૂપ બનો.

જેને ભગવાનની કૃપા થઈ છે અને તેથી જેનું મન ભ્રમરની જેમ શ્રીમહાપ્રભુજીના ચરણકમળમાં રહે છે, જેમને શ્રીમહાપ્રભુજીની શરણાગતિનું જ બળ છે એવા ભકતોએ ફળમાં સંદેહ ન રાખવો અને તેમનાં ચરણમાં નિશ્ચિંત બનીને રહેવું.

આમ, આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીમાં બિરાજમાન વૈરાગ્ય ધર્મનું નિરૂપણ કરવામાં આવ્યું. ઉપર મુજબ પ્રથમ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીના અંતરગ છ. ધર્મો સહિત ધર્મીસ્વરૂપનું નિરૂપણ પ્રથમ શ્લોકમાં કર્યું.

બાકીના છ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીમાં પ્રગટ છ ધર્મોનું નિરૂપણ કર્યું. અંતમાં બંને મહનુભાવ ટીકાકારો પોતપોતાના ટીકાગ્રંથનો ઉપસંહાર કરે છે તે જોઈએ.

સમાજથી તરછોડાયેલા ઘણા જીવો શ્રીમહાપ્રભુજીના શરણે આવ્યા હતા. વેદમાર્ગે જેમને ધર્માચરણના અધિકાર નથી આપ્યા, એવાં શૂદ્રો અને સ્ત્રીઓને પણ શરણે લઈ, શ્રીમહાપ્રભુજીએ તેમનો ઉદ્ધાર કર્યો હતો. વિષયવાસનામાં આસક્ત જીવોને પણ સેવાના માર્ગે વાળ્યા હતા. અનેક પાપીઓને આપે નિર્મળ અને પવિત્ર બનાવ્યા હતા. ૮૪ વૈષ્ણવોની વાર્તામાં આનાં જવલંત ઉદાહરણો છે.

## કીર્તન સંગતિ :

કલિમેં જીવન વલ્લભ પ્રગટે ।<br>
ગતિ ન હુતી જે કહું અધમનકી અબ સબ પાપ કટે ॥ ૧ ॥<br>
કરી જો કૃપા ધરકેં કર મસ્તક કીને અપને દાસ ।<br>
યે સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમ દાસ રસિક ભલી આસ ॥ ૨ ॥

## ચરિત્ર સંગતિ :

શ્રીવલ્લભ કે ચરણકમલકો અતુલ પ્રતાપ બરાન્યો ન જાઈ ।<br>
સ્વર્ગ મૃત્યુ પાતાલ લોક કે જીવત ઈનહી કે ગુણ ગાઈ ॥ ૧ ॥<br>
મનુજ કિયે સબ દનુજ દેવતા દૈવી જીવ જાનિ અપનાય ।<br>
અતિ ટેઢે ખલ બિકટ વક્રમતિ તે તે ઉદ્ધરે પરમ પદ પાય ॥ ૨ ॥

## ઉપસંહાર :

### ૧. વ્યાખ્યાકારે કરેલો ઉપસંહાર :

વ્યાખ્યાકાર બે શ્લોકોથી નીચે પ્રમાણે ઉપસંહાર કરે છે. સંસાર–સાગરમાં ડૂબેલા અને વિષયોરૂપી મોજામાં ઉછળતા મને શ્રીમહાપ્રભુજી જ ઉદ્ધારો. (૧)

જે કંઈ લખાયું છે તેને શ્રીમહાપ્રભુજીનું જ કૃપાબળ જાણવું. જો આ જ્ઞાન હૃદયમાં સ્થિર થાય તો તેનાથી સર્વ કંઈ શુભ થશે. (૨)



### ૨. વિવૃત્તિકારે કરેલો ઉપસંહાર :

વિવૃત્તિકાર શ્રીહરિરાયજી આઠ શ્લોકથી ઉપસંહાર કરે છે. શ્રીવલ્લભાચાર્યની કૃપાજ જેનું એક માત્ર સાધન છે એવા શ્રીહરિરાયજીએ આ સાત શ્લોકોની ઉત્તમ વિવૃત્તિ રચી છે. (૧)

શ્રીગુસાંઈજીએ કરેલા ગ્રંથની વ્યાખ્યા જીવની બુદ્ધિ કરી શકતી નથી. પરંતુ તેમના કૃપાબળથી તેમના ભક્તો અશક્યને પણ શક્ય બનાવે છે. (૨)

શ્રીગુસાંઈજીની વાણીમાં મારા વચનો ભળી ગયાં છે. માટે તે ગ્રહણ કરવા લાયક છે. કારણ કે, ગંગાજીમાં ભળેલું અન્ય જળ પણ ગંગાજળ બની જાય છે તેથી ડાહ્યો માણસ તેની નિંદા કરતો નથી. (૩)

આ સ્તોત્રની ટીકા રચવાનું મારા માટે યોગ્ય ન હતું. પણ મેં બાળસ્વભાવથી તેમ કર્યું છે હું દીન છું. તથા તેમનો વંશજ છું. આપ દયાળુ છે તેથી મને પોતાનો ગણી ક્ષમા કરશે. (૪)

જેવું મોં તેવું વકતવ્ય. છતાં શ્રીમહાપ્રભુજીના સંબંધથી બધી વસ્તુઓ શોભે છે. મારાં વચનો પણ શ્રીવલ્લભને લગતા હોવાથી જગતમાં શોભશે. (૫)

મેં શ્રીવલ્લભના સ્વરૂપનું નિરૂપણ કરી તેનું રહસ્ય પ્રગટ કરવાનો મોટો અપરાધ કર્યો છે પણ મારા આ મોટા દોષને શ્રીગુસાંઈજી કૃપા કરી ક્ષમા કરશે. (૬)

મારી એટલી જ વિનંતી છે કે મારું મન અનન્ય થઈને શ્રીવલ્લભના ચરણકમળમાં રહે.

શ્રીબાલકૃષ્ણના કહેવા માત્રથી બાલભાવે આ બાળકે થોડું કહ્યું છે. મારા પ્રભુચરણ મને પ્રસન્ન થાઓ. (૮)

આ પ્રમાણે શ્રીવલ્લભાચાર્યજીના ચરણકમળની રજનો અભિષેક થતાં જેને મહારાજ્ય પ્રાપ્ય થયું છે એવા શ્રીહરિરાયજીએ કરેલી સપ્તશ્લોકીની વિવૃત્તિ અહીં સંપૂર્ણ થાય છે.

## ૩

# શ્રીવલ્લભાષ્ટક

## ભૂમિકા :

શ્રીગુસાંઈજી મહારાજે શ્રીવલ્લભ-સ્વરૂપનું નિરૂપણ કરતાં રચેલી સ્તોત્રત્રયી પૈકીનું ત્રીજું સ્તોત્ર છે 'શ્રીવલ્લભાષ્ટક'. અષ્ટક એટલે આઠ શ્લોકોનું સ્તોત્ર. શ્રીવલ્લભના સ્વરૂપનું નિરૂપણ કરતું અષ્ટક એટલે શ્રીવલ્લભાષ્ટક.

'શ્રીસપ્તશ્લોકી'માં શ્રીવલ્લભના ધર્મ-ધર્મી સ્વરૂપનું નિરૂપણ હતું. અહીં શ્રીવલ્લભના રૂપ-સ્વરૂપનું નિરૂપણ છે. શ્રીવલ્લભના લીલાત્મક અને સન્મનુષ્યાકૃતિ – ઉભય સ્વરૂપનું નિરૂપણ આ સ્તોત્રમાં છે. આ સ્તોત્રના આઠે શ્લોકો 'શાર્દૂલવિક્રીડિત' છંદમાં છે.

આ સ્તોત્રનું રહસ્ય સમજાવવા મહાનુભાવોની રચેલી ચાર સંસ્કૃત ટીકાઓ નીચે પ્રમાણે છે.

(૧) ચતુર્થકુમાર શ્રીગોકુલનાથજીની ટીકા – "વિવરણ".

(૨) પંચમકુમાર શ્રીરઘુનાથજીની ટીકા – "ટીકા"

(૩) શ્રીપુરુષોત્તમજી કૃત શ્રીગોકુલનાથજીની ટીકા 'વિવરણ'ની 'વિવૃત્તિ'

(૪) અનામી ટીકાકારની ટીકા – "ભક્તિરસજલધિ".

આ ચારે ટીકાઓના આધારે 'શ્રીવલ્લભાષ્ટક'નો ભાવ યથાશક્તિ સમજીશું.

**શ્લોક : ૧**

શ્રીમદ્વૃંદાવનેન્દુપ્રકટિતરસિકાનંદસંદોહરૂપ –
સ્ફૂર્જદ્રાસાદિલીલામૃતજલધિભરાક્રાંતસર્વોપિ શશ્વત્ ।
તસ્યૈવાત્માનુભાવપ્રકટનહૃદયસ્યાજ્ઞયા પ્રાદુરાસીદ્
ભૂમૌ યઃ સન્મનુષ્યાકૃતિરતિકરુણસ્તં પ્રપદ્યે હુતાશમ્ ॥ ૧ ॥



**શબ્દાર્થ :**

**શ્રીમદ્વૃંદાવનેન્દુપ્રકટિતરસિકાનંદસંદોહરૂપસ્ફૂર્જત્-**
**શ્રીમદ્વૃંદાવનેન્દુ** = શ્રીવૃંદાવનચંદ્રે; **પ્રકટિતરસિકાનંદ** = રસિક ભક્તોમાં પ્રકટ કરેલ આનંદ; **સંદોહરૂપસ્ફૂર્જત્** = તેનું તાત્પર્યરૂપ સ્વરૂપ; **રાસાદિલીલામૃતજલધિભરાક્રાંત સર્વ : – રાસાદિ** = રાસ વગેરે; **લીલામૃતજલધિ** = લીલાઓ રૂપી અમૃતના સાગરથી, **ભરાક્રાંત સર્વ** : = જેમનાં બધાં અંગો ભરેલાં છે તે, **અપિ** = પણ, **શશ્વત્** = હંમેશાં, **તસ્ય** = તેમના; **એવ** = જ; **આત્માનુભાવ પ્રકટન હૃદયસ્ય** = પોતાના હૃદયને થયેલો અનુભવ પ્રકટ કરવાની; **આજ્ઞયા** = આજ્ઞાથી, **પ્રાદુરાસીદ્** = પ્રકટ થયા; **ભૂમૌ** = ભૂમિ પર, **યઃ** = જેઓ; **સન્મનુષ્યાકૃતિઃ** – દિવ્ય મનુષ્યદેહ ધારણ કરનારા; **અતિકરુણઃ** = અતિ કરુણાળુ. **તમ્** = તેમને; **પ્રપદ્યે** = શરણે જાઉં છું; **હુતાશમ્** = અલૌકિક અગ્નિસ્વરૂપને. (૧)

**શ્લોકાર્થ :**

શ્રીમદ્વૃંદાવનચંદ્ર – પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચંદ્રે રસિક ભક્તોમાં જે આનંદ પ્રકટ કર્યો, તે આનંદના તાત્પર્યરૂપ શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ છે. વળી રાસ વિગેરે લીલાઓના અમૃત રૂપી સાગરથી આપનાં બધાં અંગો પારપૂર્ણ છે. આવા શ્રીમહાપ્રભુજી પ્રભુની આજ્ઞા થવાથી, ભૂમિ ઉપર પોતાનો લીલાત્મક અનુભવ પ્રકટ કરવા તથા પૃથ્વી પરના દૈવી જીવો ઉપર અતિ કરુણા કરવા માટે, દિવ્ય મનુષ્યદેહ ધારણ કરીને પ્રકટ થયા. એ અલૌકિક અગ્નિસ્વરૂપ શ્રીમહાપ્રભુજીને શરણે હું છું. (૧)

**વિવરણ :**

## ટીકાઓના પ્રારંભનાં મંગલાચરણ :

શ્રીગોકુલનાથજી તેમના "વિવરણ"ના પ્રારંભમાં એ શ્લોકથી નીચે પ્રમાણે મંગલાચરણ કરે છે.

જેમના ચરણની રજે મારા હૃદયમાં પધારી, પ્રભુ મને ક્યારે મળે એવી ચટપટી જગાવી – મારા મનને ચંચળ કર્યું એવા શ્રીગુસાંઈજીએ રચેલાં શ્રીમહાપ્રભુજીનાં સ્તોત્રોનું વિવરણ કરવા હું તત્પર થયો છું,

ત્યારે તે વિવરણ કરવામાં મને સફળતા મળે તે હેતુથી પિતૃચરણ–શ્રીગુસાંઇજીનાં ચરણકમળોને નમન કરું છું. એ પ્રભુમાં અતિ વિશ્વાસ રાખીને, હું વિવરણ કરવાનો આરંભ કરું છું.

શ્રીગોકુલનાથજીએ સમજાવ્યું કે શ્રીમહાપ્રભુજી–શ્રીગુસાંઇજીનાં ચરણકમળની રજ પણ અતિ દિવ્ય છે. એનો સ્પર્શ આપણી આંખોને, મસ્તકને અને હૃદયને થતાં પ્રભુદર્શનનો વિરહતાપ જાગે છે. આથી આપણે ચરણસ્પર્શ કરીએ છીએ. ચરણસ્પર્શથી આપણામાં દૈન્ય જાગે છે. રજના સ્પર્શથી વિરહતાપ જાગે છે. વિરહતાપથી અંતઃકરણ શુદ્ધ અને પવિત્ર બને છે. ત્યારે શ્રીમહાપ્રભુજી–શ્રીગુસાંઇજીની દિવ્ય વાણીનો હૃદયમાં પ્રકાશ થાય છે.

શ્રીરઘુનાથજી તેમની "ટીકા"ના આરંભે નીચે મુજબ મંગલાચરણ કરે છે.

જે રાસરસિકેન્દ્રશેખર આનંદસાગર છે, તે પોતાની ઇચ્છાથી વલ્લભકુળમાં પ્રકટ થયા છે. તેમને હું વંદન કરું છું.

શ્રીરઘુનાથજીએ 'શ્રીવલ્લભાષ્ટક'નો સમગ્ર સાર, બીજ રૂપે આ શ્લોકમાં આપી દીધો શ્રીમહાપ્રભુજી અન્ય કોઈ નથી, સાક્ષાત રાસરસિકેન્દ્ર શેખર પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણચંદ્ર છે.

શ્રીપુરુષોત્તમજી તેમની "વિવૃત્તિ"માં આજ્ઞા કરે છે –

હું શ્રીવલ્લભાચાર્યજીના ચરણકમલની રજને નમન કરું છું. તેમના કૃપાબળથી, તેમના અષ્ટકની 'વિવૃત્તિ'નો ભાવ કહું છું.

અનામી ટીકાકાર તેમની "ભક્તિરસજલધિ" ટીકાના પ્રારંભે શ્રીગુસાંઇજીને નીચે મુજબ વંદન કરે છે.

જે પ્રભુ પુષ્ટિસૃષ્ટિની પ્રવૃત્તિ માટે પ્રકટ થયા, તે સ્વરૂપની પ્રાપ્તિ માટે હું નિત્ય શ્રીવલ્લભાત્મજ – શ્રીગુસાંઇજીને વંદન કરું છું.

શ્રીગુસાંઇજીને શ્રીમહાપ્રભુજીના દિવ્ય સ્વરૂપનો અનુભવ થતાં, તેમણે આ સ્તોત્ર રચ્યું. તે સ્તોત્રના મનન–ચિંતન દ્વારા, શ્રીગુસાંઇજીની કૃપાથી આપણને પણ શ્રીમહાપ્રભુજીના દિવ્ય સ્વરૂપનો અનુભવ અવશ્ય થશે એવા ભાવથી નિત્ય શ્રીમહાપ્રભુજી–શ્રીગુસાંઇજીને વંદન કરવાં એવો આ શ્લોકનો ભાવ થાય છે.



આમ, આ ચારે મંગલાચરણોથી એવું સમજાય છે કે –

શ્રીમહાપ્રભુજી સાક્ષાત પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણચંદ્ર સ્વરૂપ છે. આપ પુષ્ટિસૃષ્ટિના ઉદ્ધાર માટે પ્રકટ થયા છે. આપના ચરણકમળની દિવ્ય રજમાં અલૌકિક સામર્થ્ય રહેલું છે. આપના દિવ્ય સ્વરૂપનો અનુભવ શ્રીગુસાંઈજીની કૃપાથી શકય છે. એ માટે દીનતા અને વિરહતાપૂર્વક નિત્ય શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનાં ચરણકમળોનાં નમન–વંદન–કરવાં.

## સ્તોત્ર રચવાનો હેતુ :

શ્રીપુરુષોત્તમજી શ્રીવલ્લભસ્વરૂપ સમજાવે છે. બધી શ્રુતિઓએ પરબ્રહ્મ પરમતત્ત્વનું સચ્ચિદાનંદ સ્વરૂપે નિરૂપણ કર્યું છે. અન્ય શાસ્ત્રોએ નિર્વિશેષ અને સવિશેષ એવા ભેદ તેમાં જોયા. કેટલાકે એ પરમતત્ત્વને વિષ્ણુ, શિવ વગેરેનાં રૂપોથી જોયું. તો તે સ્વરૂપના વિચાર પ્રમાણે, ફળપ્રાપ્તિનો પણ તેમણે વિચાર કર્યો. વેદવ્યાસજીએ વેદના અર્થોનો પ્રકાશ કર્યો. તેમણે મહાભારત આદિ પુરાણો રચ્યાં. પરંતુ તેમને સંતોષ ન થયો. ત્યારે નારદજીના ઉપદેશથી સમાધાન મેળવી, ભક્તિ વધારનારી સંહિતા-ભાગવત–પ્રકટ કરી. શ્રીશુકદેવજીએ ભાગવતકથા કરી. તેનાથી વ્યાસજીને સંતોષ થયો. વ્યાસજીએ ભાગવતમાં સમજાવ્યું કે "કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્". કૃષ્ણ જ સ્વયં ભગવાન છે. ભાગવતના દસમા અને અગિયારમા સ્કંધમાં કૃષ્ણના પરબ્રહ્મ સ્વરૂપનું તેમણે નિરૂપણ કર્યું. વળી અગિયારમા સ્કંધમાં શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને આજ્ઞા કરી કે, "હે ઉદ્ધવ, તારી સર્વ પ્રવૃત્તિ–નિવૃત્તિ છોડી, તું મારા શરણે આવ. સર્વાત્મભાવથી જ મને પ્રાપ્ત કરી શકાશે." આમ ભગવાને સ્વયં તેમને પ્રાપ્ત કરવા માટેના સર્વાત્મભાવ રૂપી સાધન અને તેમની પ્રાપ્તિ રૂપી ફળનો ઉપદેશ આપ્યો છે. ભગવાન શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ, પરમ તત્ત્વ છે એમ વ્યાસજીએ સમજાવ્યું. એ વાત કોઈક જ પૃથ્વી પર જાણે છે. એનું જ્ઞાન ન હોવાથી જ બીજાં રૂપોને ભગવાન માનવામાં આવ્યાં છે

જેઓ આ સ્વરૂપના અધિકારી નથી, તેમને તે સમજાતું નથી. પરંતુ દૈવીજીવોને પોતાનું સ્વરૂપ સમજાવવા, ભગવાને કૃપા કરી, શ્રીમહાપ્રભુજીને તેમનો લીલાત્મક અનુભવ આ જીવોને સમજાવવા, પૃથ્વી પર પ્રકટ થવાની આજ્ઞા કરી.

શ્રીગોકુલનાથજી બતાવે છે કે કદાચ કોઈ ભગવદીયને એવી શંકા થાય કે શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ અલૌકિક છે, આપના ગુણો–ધર્મો અલૌકિક છે, આપના અંતરંગ ભગવદીયો પણ અલૌકિક છે. તો આવા અલૌકિક શ્રીમહાપ્રભુજી પૃથ્વી પર મનુષ્યરૂપે જન્મ કેમ લે? કોઈ ભગવદીયને આવી શંકા થાય, કારણ તેનું કારણ–રહસ્ય તેઓ જાણતા નથી.

શ્રીપુરુષોત્તમજી સમજાવે છે કે ભગવદીયને શંકા કેમ થાય? કારણ તેઓ આ રહસ્યને જાણવા માટે મંદ કે મધ્યમ અધિકારી છે, ઉત્તમ અધિકારી નથી. વળી દુઃસંગદોષને લઈને પણ આવી શંકા થાય.

શ્રીગોકુલનાથજી આજ્ઞા કરે છે. બીજા સાધારણ મનુષ્યોની જેમ શ્રીમહાપ્રભુજીના જન્મનો વિચાર કરવો નહિ.

શ્રીપુરુષોત્તમજી શાસ્ત્રોનાં પ્રમાણો આપી સમજાવે છે. ભાગવતના અગિયારમા સ્કંધમાં નિરૂપણ છે કે આચાર્ય સ્વરૂપ અંતઃ બહિઃ બંને રીતે અલૌકિક ભગવત્સ્વરૂપ છે. શ્વેતાશ્વેતર ઉપનિષદમાં પણ દેવ અને ગુરુની એકરૂપતા બતાવી, બંનેની ભક્તિ સમાન છે તેમ કહ્યું છે. આથી સિદ્ધ થાય છે કે આપણા આચાર્યવર શ્રીમહાપ્રભુજી ભગવત્સ્વરૂપ છે.

છતાં કોઈને પ્રશ્ન થાય કે શ્રીરામાનુજ, શ્રીમધ્વ આદિ પણ આચાર્યો છે. તેમના કરતાં શ્રીમહાપ્રભુજીમાં કંઇ વિશેષતા છે?

એના જવાબ રૂપે શ્રીગુસાંઈજીએ 'શ્રીવલ્લભાષ્ટક' રચ્યું છે. શ્રીમહાપ્રભુજીના પ્રાદુર્ભાવનો અસાધારણ હેતુ અને અસાધારણ કાર્ય બતાવી, શ્રીગુસાંઈજી સર્વ સંદેહોની નિવૃત્તિ કરે છે, એમ શ્રીગોકુલનાથજીએ આજ્ઞા કરી.

અનામી ટીકાકાર કહે છે, પોતાના જીવો પર કરુણા કરીને, શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ સમજાવવા શ્રીગુસાંઈજીએ આ અષ્ટક રચ્યું. તેમાં આઠ શ્લોકથી ધર્મિ–ધર્મસ્વરૂપનું નિરૂપણ કર્યું. ધર્મિ સ્વરૂપ શૃંગારરસનું સ્વરૂપ છે. શૃંગારરસનાં બે દળ–સંયોગ અને વિપ્રયોગ છે. તેથી પહેલા શ્લોકમાં સંયોગ રસાત્મક સ્વરૂપનું અને બીજા શ્લોકમાં વિપ્રયોગ રસાત્મક સ્વરૂપનું નિરૂપણ છે. બાકીના શ્લોકમાં ધર્મસ્વરૂપનું નિરૂપણ છે.



શ્રીરઘુનાથજીએ કોઈ ભૂમિકા બાંધી નથી, સીધી જ ટીકા શરૂ કરી છે.

## શ્લોક ૧ નું વિવેચન :

**શ્રીમત્** = **શ્રી**યુકત, **શ્રી**સહિત. 'શ્રી' શબ્દના ઘણા અર્થ છે. તે પૈકી અહીં બે અર્થ વિસ્તારવામાં આવ્યા છે. (૧) શોભા (૨) સંપત્તિ-લક્ષ્મી. વૃંદાવન શ્રીયુકત છે એમ કહ્યું. તેથી બીજાં વન કરતાં વૃંદાવન વિલક્ષણ છે એવું સૂચન કર્યું. કદાચ કોઇ કહે કે બીજાં વનો પણ શ્રીયુકત–શોભાયુકત હોય છે તો અહીં 'શ્રીમત્' શબ્દથી એમ સમજાય છે કે, ગોપીગીતમાં કહ્યા પ્રમાણે "શ્રયત ઇંદિરા શશ્વદત્ર હિ" અર્થાત્ અહીં શ્રી લક્ષ્મી કાયમ માટે રહેલાં છે. સાક્ષાત લક્ષ્મીજીનો નિવાસ અન્ય વનોમાં નથી. આમ અલૌકિકતાની બાબતમાં અન્ય વનો કરતાં વૃંદાવન વિલક્ષણ છે.

'શ્રી' શબ્દનો એક ત્રીજો અર્થ કર્યો – શ્રીમાન્ ભગવાન. ભગવાનના અલૌકિક રમણથી જે શોભાવાન છે તે.

"**વૃંદાવન**" = વૃંદા સ્રીનું નામ છે. સ્રીરૂપા ગોપીજનોને જે સુખ આપનારું છે તેવું વન એટલે વૃંદાવન.

આમ વૃંદાવનમાં શ્રીયુકત ભગવાન સાથે ભક્તોનું અલૌકિક રમણ સદા થયા કરે છે તેથી તે અલૌકિક શોભાયમાન અને સુખદ છે.

"**ઇન્દુ**" = ચંદ્ર. વેદની શ્રુતિ કહે છે, "સોમઃ ઔષધિનામ્ અધિપતિઃ" અર્થાત્ ચંદ્ર વનસ્પતિઓનો અધિપતિ છે. આથી લૌકિક ચંદ્ર પૃથ્વીનાં લૌકિક વનોનો અધિપતિ છે. ચંદ્ર પોતાની શીતળતાથી વનને આનંદ આપી, અમૃતનું દાન કરી, વનનું પોષણ કરે છે.

'ઇન્દુ' શબ્દમાં 'ઉન્દ્' ધાતુ છે. તેનો અર્થ છે ભીંજવું. જે બીજાને ભીંજવે, રસતરબોળ કરે તે 'ઇન્દુ'. લૌકિક વનોને તેના અમૃતથી રસતરબોળ કરનાર ચંદ્ર તેમનો અધિપતિ છે, તેમ વૃંદાવનને અલૌકિક રસથી ભીંજવનાર શ્રીકૃષ્ણ '**વૃંદાવનચંદ્ર**' છે – વૃંદાવનના અધિપતિ છે. તેમણે વેણુનાદ દ્વારા આ વનમાં સર્વત્ર પોતાનું સ્વરૂપામૃત પધરાવી તેને રસતરબોળ કર્યું છે. આથી સાક્ષાત રસાત્મક પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું અધિપતિપણું આ વનને – વૃંદાવનને ઘણું જ આનંદદાયક છે. આ બાબતમાં પણ વૃંદાવન અન્ય વનોથી વિલક્ષણ છે.

**"પ્રકટિત રસિકાનંદ સંદોહરૂપ"** : શ્રીકૃષ્ણચંદ્રે અલૌકિક વૃંદાવનમાં વેણુનાદ દ્વારા અને વિવિધ રસાત્મક લીલાઓ દ્વારા આનંદ-રસ પ્રકટ કર્યો-વહેવડાવ્યો. આ અલૌકિક આનંદ રસિક ભક્તોને પ્રાપ્ત થયો. લીલારસથી પરિપૂર્ણ આ આનંદરસનું ઘનીભૂત સ્વરૂપ એ 'સંદોહ રૂપ'. ભગવાન સ્વયં આનંદ રૂપ છે. તેમણે પોતાના આનંદ સ્વરૂપનો અનુભવ, પોતાના રસિક ભક્તોને કરાવ્યો. આથી ભક્તોને ભગવાનના આનંદરસનો અનુભવ ઘનીભૂત સ્વરૂપે થયો. આ આનંદસ્વરૂપ ભગવાનનું જ તદ્રૂપ સ્વરૂપ છે. આવું અલૌકિક રસાત્મક આનંદાત્મક સ્વરૂપ 'સ્ફૂર્જત્' = પ્રકાશિત થયું.

**'સ્ફૂર્જત્'** : આ આનંદાત્મક સ્વરૂપ અતિ શોભાયમાન હતું. વાદળમાંથી ગર્જના સાથે વીજળી ચમકે તેમ પ્રકાશતું હતું.

આમ, આ પ્રથમ પંક્તિમાં શ્રીગુસાંઈજી મહારાજે શ્રીમહાપ્રભુજીના નિત્યલીલામાં થયેલા પ્રાકટ્યનો પ્રકાર વર્ણવ્યો. શ્રીવૃંદાવનચંદ્ર શ્રીકૃષ્ણના રસિક ભક્તો સાથેના લીલાવિલાસમાંથી શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય થયું. શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજીના આનંદરસનું ઘનીભૂત અતિ શોભાયમાન ભગવદ્રસસ્વરૂપ છે. અર્થાત્ શ્રીઠાકોરજી જ શ્રીમહાપ્રભુજીના અવર સ્વરૂપે દર્શન આપે છે. શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજીથી ભિન્ન નથી.

હવે બીજી પંક્તિમાં રસાત્મક શ્રીવલ્લભસ્વરૂપનું નિરૂપણ કરે છે. **"રાસાદિલીલામૃતજલધિ"**– આધિદૈવિક, અલૌકિક વૃંદાવનમાં ભગવાને પોતાના ભક્તો સાથે રાસાદિ લીલાઓ કરી છે. **'રાસ'** શબ્દનો અર્થ છે, 'રસાનાં સમૂહઃ'–રસોનો સમૂહ તે રાસ. જે લીલા દ્વારા અલૌકિક રસ પ્રકટ થાય અને અનુભવાય તે રાસલીલા. 'રાસ-પંચાધ્યાયી' પ્રમાણે ભગવાને શરદની રાત્રિએ વૃંદાવનમાં નૃત્ય, ગીત આદિની સ્થળલીલા કરી, પછી જળવિહાર અને કુંજવિહાર આદિ લીલાઓ કરી. આથી, અહીં **'રાસાદિ'** શબ્દથી આ બધી અલૌકિક રસાત્મક લીલાઓનું સૂચન છે.

આ સર્વ ક્રીડાઓને **'લીલા'** કહી છે, કારણ તે ભગવત્કૃત છે. જે કરવામાં જરાય શ્રમ ન થાય અને આનંદ પ્રકટ થાય તે લીલા. મનુષ્યની કૃતિ લીલા બની શકતી નથી. મનુષ્યની કૃતિમાં વિકાર હોય



છે. ભગવત્કૃતિ અવિકારી, નિર્દોષ, વિશુદ્ધ હોય છે. ભગવાનની રાસાદિ લીલાઓ આવી અવિકારી, નિર્દોષ, વિશુદ્ધ છે એમ અહીં **'લીલા'** શબ્દથી સમજાવ્યું.

આવી ભગવાનની લીલાઓ રસાત્મક–**'અમૃત'** મયી છે. સ્વર્ગના અમૃતમાં મધુરતા છે અને મરણ આદિ દોષોમાંથી મુક્ત કરવાની શક્તિ છે. તેથી સ્વર્ગના દેવો અમર છે. ત્યારે આ તો ભગવાનનું **'લીલામૃત'** છે. સ્વર્ગામૃત કરતાં લીલામૃત અનેક રીતે અલૌકિક છે. ભગવાનની લીલાઓના અમૃતમાં એવું સામર્થ્ય છે કે, જે જીવો આ લીલાઓની કથાનું શ્રવણ દ્વારા પાન કરે છે, તેમના મરણ આદિ સર્વ દોષો દૂર થાય છે. તેનું શ્રવણ મધુર હોય છે. આવી શક્તિ સ્વર્ગામૃતમાં ય નથી.

આ ભગવલ્લીલા એકલ દોકલ વહેતી નદી જેવી નથી. એનું લીલામૃત નાની નદીના જળ જેટલું નથી. તે તો **'જલધિ'**–મહાસાગર છે. મહાસાગર અગાધ જળનો ભંડાર હોય છે. તેમાં એકએકથી ચડિયાતાં મોજાં ઉછળ્યા કરે છે. તેવી રીતે ભગવાનના લીલામૃતના અનેક મહાસાગરો છે. સૌ અગાધ રસામૃતથી ભરેલા છે. તેમાં રસતરંગો સતત ઊછળે છે.

શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજીના લીલારસના આનંદનું ઘનીભૂત સ્વરૂપ છે, તેથી આપ આ લીલામૃતના મહાસાગરોમાં સદા નિમગ્ન છે. **'સર્વઃ'** પદથી એમ સૂચવ્યું કે આપનું પ્રત્યેક અંગ આ લીલામૃતથી છલોછલ ભરપૂર છે. આપના દેહ, ઇન્દ્રિયો, પ્રાણ, અંતઃકરણ–સર્વ આ લીલામૃતથી પરિપૂર્ણ છે એમ સૂચવવા **"જલધિભરાક્રાંત"** = લીલામૃતના સાગરથી પૂરેપૂરા છલકાતા અંગોવાળા છે એમ કહ્યું.

સાગરમાં તો ભરતીટાણે જ મોજાં ઊછળે. પરંતુ આ રસસાગર લૌકિક નથી, અલૌકિક છે, તેથી તેમાં રસભાવની સતત ભરતી રહે છે. પરિણામે આ લીલારસના તરંગો આપના સ્વરૂપમાં સતત ઊછળે છે એમ **'શશ્વત્'** પદથી સૂચવે છે.

આમ, બીજી પંક્તિમાં શ્રીવલ્લભના અલૌકિક રસાત્મક સ્વરૂપનું નિરૂપણ કર્યું. ભગવલ્લીલાના રસામૃતના મહાસાગરો જેમના અંગેઅંગમાં ઊછળી રહ્યા છે એવા શ્રીવલ્લભ 'અમૃત' સ્વરૂપ છે

શ્રીપુરુષોત્તમજી આજ્ઞા કરે છે – શ્રીગુસાંઈજીએ બતાવ્યું કે શ્રીમહાપ્રભુજી આંતર–બાહ્ય બંને રૂપે પૂર્ણરસાત્મક, પરબ્રહ્મ છે. શ્રીગોકુલનાથજીએ સમજાવ્યું કે આ રસપૂર્ણત્વના નિરૂપણથી શ્રીમહાપ્રભુજીના આંતરબાહ્ય ધર્મો સમજાય છે. શ્રીપુરુષોત્તમજીના મતે શ્રીમહાપ્રભુજીના આ ધર્મો સ્વરૂપભૂત અને કાર્યભૂત છે અર્થાત્ સ્વરૂપ અને કાર્ય સાથે સંબંધ ધરાવનાર છે. આપનું સ્વરૂપ જેમ રસાત્મક છે, તેમ આપનાં કાર્યો પણ રસાત્મક છે. આ આપનો મૂળ ધર્મ છે.

આનાથી પ્રથમ વાત એ સિદ્ધ થઈ કે શ્રીઠાકોરજીના અને શ્રીમહાપ્રભુજીના મૂળ સ્વરૂપમાં અભેદ છે. શ્રીમહાપ્રભુજીના લીલાત્મક સ્વરૂપ અને સન્મનુષ્યાકૃતિ સ્વરૂપમાં પણ અભેદ છે.

બીજી વાત એ સિદ્ધ થાય છે કે કૃષ્ણાવતાર માટે બ્રહ્માદિ દેવોએ પ્રાર્થના કરી હતી. અહીં શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય આવી કોઈ પ્રાર્થનાને લઈને થયું નથી. તેના મૂળમાં પ્રભુની પોતાની જ ઇચ્છા રહેલી છે. અવતાર – પ્રાકટ્યની આજ્ઞા દ્વારા પોતાનું મૂળ રૂપ ગુપ્ત રાખવાનું અભિપ્રેત હોવાનું સમજાય છે.

આથી ત્રીજી પંક્તિમાં શ્રીવલ્લભના પૃથ્વી પરના પ્રાગટ્યનું કારણ સમજાવ્યું છે.

**"તસ્યૈવ"** = તેમની જ – બીજા કોઈની નહિ. પ્રશ્ન થાય – તેમની એટલે કોની? જવાબ છે – તેમની એટલે શ્રીવૃંદાવનચંદ્રની. અન્ય કોઈની નહિ. કૃષ્ણાવતારમાં જેમ દેવો, પૃથ્વી આદિની વિનંતીથી ભગવાને અવતાર લીધો હતો, તેમ દેવો કે ભક્તોની ઇચ્છા અને વિનંતીથી શ્રીવલ્લભનું પ્રાકટ્ય નથી. ભગવાન શ્રીકૃષ્ણચંદ્રની ઇચ્છા જ કારણભૂત છે–સ્વયં ભગવાને પ્રકટ થવાનું નક્કી કર્યું છે.

**"આજ્ઞયા પ્રાદુરાસીદ્"** – આથી ભગવાનની જ આજ્ઞાથી શ્રીવલ્લભ પ્રકટ થયા. શ્રીમહાપ્રભુજી પણ પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપ હોવાથી, દુનિયામાં લૌકિક મનુષ્યની જેમ તેમનો જન્મ તો સંભવતો જ નથી. તેમનો પ્રાદુર્ભાવ થયો છે – જન્મ થયો જ નથી.



માતાના ગર્ભમાં નવ માસ રહી, બાળક દુનિયામાં આવે, તે જન્મ કહેવાય. ભગવાન પૃથ્વી પર જેમને પોતાનાં માતાપિતા રૂપે પ્રસિદ્ધ કરવા ઇચ્છે, તેમની સન્મુખ પ્રકટ થાય અને અલૌકિક બાળસ્વરૂપ અંગીકાર કરે, તે પ્રાદુર્ભાવ – પ્રાકટ્ય. કૃષ્ણાવતારમાં મથુરા અને ગોકુળ એમ બંને સ્થળે, આમ જ કૃષ્ણ સ્વરૂપે ભગવાન પ્રકટ થયા હતા. એ જ રીતે શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય પણ પૃથ્વી પર અલૌકિક રીતે થયું છે. લક્ષ્મણભટ્ટજી અને ઇલ્લમાજી ચંપારણ્ય પહોંચ્યાં, ત્યારે ઇલ્લમાજીને અધૂરા માસે ગર્ભસ્રાવ થયો હતો. તે ગર્ભને મૃત જાણી પાંદડામાં ઢાંકી, વૃક્ષની બખોલમાં મૂકી, આગળ ચાલ્યા હતાં.

રાતે તેમને સ્વપ્ન દ્વારા ભગવદાજ્ઞા થઈ કે તમારે ત્યાં હું પ્રગટ થયો છું. તમે પાછા ફરો. સવારે પાછા આવતાં લક્ષ્મણભટ્ટજી અને ઇલ્લમાજીએ શમીવૃક્ષની છાયામાં એક અગ્નિકુંડ જોયો. તેની વચ્ચે એક વર્ષની વયનું હોય એવું દિવ્ય બાળક ખેલી રહ્યું હતું. ઇલ્લમાજી તેને લેવા દોડયાં. અગ્નિએ માર્ગ આપ્યો. ઇલ્લમાજીએ બાળકને ઊંચકી લીધું. તે જ આપણા શ્રીવલ્લભ.

આમ શ્રીવલ્લભનું પ્રાગટ્ય પ્રાકૃત બાળકની જેમ થયું નથી. તેઓ પૃથ્વી પરથી લૌકિક મનુષ્યની જેમ તિરોહિત થયા નથી. ગંગાજીની મધ્યધારામાં તેઓ ઊભા રહ્યા. તે વખતે આકાશમાંથી દિવ્ય તેજનો પુંજ ઊતરી આવ્યો. તે દ્વારા આપ સદેહે નિત્યલીલામાં પધાર્યા. આપનો આવિર્ભાવ અને તિરોભાવ છે – આપનાં જન્મ અને મરણ નથી.

આપણને પ્રશ્ન થાય કે શ્રીમહાપ્રભુજી નિત્યલીલામાં શ્રીવૃંદાવનમાં બિરાજતા હતા. તેમને પ્રભુએ પૃથ્વી પર પ્રગટ થવાની આજ્ઞા શા માટે કરી? તેના જવાબમાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે.

**"આત્માનુભાવપ્રકટનહૃદયસ્ય"** પ્રભુએ પોતે રાસાદિ-લીલાઓનો જે અનુભવ નિત્યલીલામાં કર્યો તે પ્રગટ કરવાની હૃદયમાં ઇચ્છા થવાથી આપે શ્રીવલ્લભને પૃથ્વી પર પ્રકટ થવાની આજ્ઞા કરી.

અહીં પ્રશ્ન થાય કે – પ્રભુએ પોતાનો લીલા – અનુભવ વૃંદાવનમાં પ્રકટ કરવાનું કેમ ન વિચાર્યું? પૃથ્વી પર પ્રકટ કરવાનું કેમ વિચાર્યું? તેનો જવાબ ચોથી પંક્તિમાં 'અતિકરુણ:' પદથી શ્રીગુસાંઈજીએ આપ્યો છે.

**'આર્તકરુણઃ'** – પ્રભુ અત્યંત કરુણાવાન છે. દયા અને કરુણામાં થોડો તફાવત છે. દયામાં સૂક્ષ્મ રીતે બદલો મેળવવાની ઇચ્છા હોય છે, જયારે કરુણા નિરપેક્ષ હોય છે. દયામાં ફરજનો ભાવ છે. કરુણામાં સ્નેહનો ભાવ છે. પ્રભુ પોતાના જીવો પર નિરપેક્ષ સ્નેહ કરનારા છે. નિત્યલીલામાંથી છૂટા પડી, પૃથ્વી પર ભટકતા પોતાના પુષ્ટિજીવોનો ઉદ્ધાર કરવા, એ જીવોને નિત્યલીલાનો અનુભવ કરાવવા શ્રીમહાપ્રભુજીને પૃથ્વી પર પધારવાની પ્રભુએ આજ્ઞા કરી.

બીજું એક કારણ એ પણ હતું કે જેમને રાસાદિલીલાનો અનુભવ હોય, તે જ તેનું પૃથ્વી પર નિરૂપણ કરી શકે. શ્રીભાગવતમાં રહેલો આ ગૂઢલીલારસ શ્રીમહાપ્રભુજી સિવાય અન્ય કોઈ સમજાવી શકે તેમ ન હતું, કારણ તે અનુભવ કેવળ શ્રીમહાપ્રભુજીને જ હતો. શ્રીમહાપ્રભુજીએ આ વાત સ્વયં 'સુબોધિની'ના પ્રારંભમાં કહી છે. લીલા–રસ સાગર રૂપ શ્રીભાગવતનો ગૂઢ અર્થ પ્રકટ કરી, જીવોનો ઉદ્ધાર કરવા પ્રભુએ અતિ કૃપા કરી. તેથી શ્રીમહાપ્રભુજીને પૃથ્વી પર પધારવા આજ્ઞા કરી.

શ્રીમહાપ્રભુજી પોતાના લીલાત્મક મૂળ સ્વરૂપે પૃથ્વી પર પ્રકટ થયા ? એના ઉત્તરમાં શ્રીગુસાંઈજી ચોથી પંક્તિમાં જણાવે છે – **"ભૂમૌ સન્મનુષ્યાકૃતિઃ"** – પૃથ્વી પર આપ સન્મનુષ્યાકૃતિ ધારણ કરીને પધાર્યા છે – પોતાના મૂળ સ્વરૂપે પધાર્યા નથી.

આપણને પ્રશ્ન થાય કે આમ શા માટે કર્યું ? તેનો ખુલાસો એવો છે કે પ્રભુની આજ્ઞા જ એ પ્રકારની હતી. શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય પૃથ્વીના બધા જીવોનો ઉદ્ધાર કરવા માટે નથી. પ્રભુની એવી ઇચ્છા જ નથી. કેવળ પુષ્ટિજીવોને જ લીલારસનો અધિકાર હોવાથી, તેમના માટે જ શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય છે. લૌકિક જીવોને દૂર રાખવા માટે શ્રીમહાપ્રભુજીએ **"સન્મનુષ્યાકૃતિ"** ધારણ કરી હતી.

**'સન્મનુષ્યાકૃતિઃ'** શબ્દમાં 'સત્' શબ્દનો અર્થ છે સાત્ત્વિક ભાવ–શ્રીમહાપ્રભુજીનું પૃથ્વી પરનું સ્વરૂપ સાત્ત્વિક સ્વરૂપ છે. આપ બ્રાહ્મણોમાં ઉત્તમ એવા તૈલંગકુળમાં પ્રકટ થયા. તૈલંગકુળમાં પણ એવા વંશમાં પ્રકટ થયા કે જેમના પૂર્વજોએ સો સોમયજ્ઞો કર્યા હતા.



**'સત્'** શબ્દનો બીજો અર્થ છે સદાત્મક. ભગવાન સદાત્મક છે. સદાત્મક ભગવાન કૃષ્ણ સ્વરૂપે પ્રકટ થયા. ત્યારે લૌકિક જીવોને તેઓ સામાન્ય મનુષ્ય જેવા લાગ્યા હતા, પણ નિજ ભકતોને આપના એ જ રૂપમાં સદાત્મક આનંદસ્વરૂપનો અનુભવ થતો હતો. તેમ અહીં પણ શ્રીમહાપ્રભુજી મનુષ્ય રૂપે પ્રકટ થયા હોવા છતાં નિજજનોને સદાત્મક સ્વરૂપે દર્શન આપે છે.

**"હુતાશમ્"** એટલે અગ્નિ. શ્રીમહાપ્રભુજીએ ભલે પૃથ્વી પર સન્મનુષ્યાકૃતિ સ્વરૂપ ધારણ કર્યું હોય, પણ આપનું મૂળ સ્વરૂપ તો અલૌકિક અગ્નિ વૈશ્વાનર – સ્વરૂપ છે, કારણ આપ પ્રભુના મુખારવિંદ–સ્વરૂપ છે. પ્રભુનું મુખારવિંદ અલૌકિક અગ્નિસ્વરૂપ છે. અલૌકિક અગ્નિ એટલે વિરહતાપાગ્નિ. શ્રીમહાપ્રભુજી વિરહતાપાગ્નિનું સ્વરૂપ છે. વિરહતાપ ત્રિગુણાતીત અને સ્ત્રીભાવાત્મક હોય છે. આથી 'હુતાશમ્' પદ દ્વારા શ્રીગુસાંઈજી સમજાવે છે કે શ્રીમહાપ્રભુજી ત્રિગુણાતીત એટલે નિર્ગુણ અને સ્ત્રીગૂઢભાવાત્મક છે.

અહીં પ્રશ્ન થાય કે શ્રીમહાપ્રભુજીને અગાઉ લીલારસના મહાસાગર કહ્યા અને હવે અલૌકિક અગ્નિ કહ્યા. જળ અને અગ્નિ તો પરસ્પર વિરોધી છે. તે સાથે કેવી રીતે રહી શકે ?

એનો જવાબ એ છે કે જેમ સમુદ્રના જળમાં ભીતર વડવાનલ રહેલો છે તેમ શ્રીમહાપ્રભુજીમાં સંયોગરસાત્મક અમૃતની સાથે વિપ્રયોગ-ભાવાત્મક અગ્નિ પણ રહેલો છે. શ્રીમહાપ્રભુજી જેમ અમૃત સ્વરૂપ છે, તેમ અગ્નિસ્વરૂપ પણ છે. અમૃતસ્વરૂપે આપ લીલારસનો બાહ્ય અનુભવ કરે છે, જ્યારે અગ્નિસ્વરૂપે આપ લીલારસનો આંતર અનુભવ કરે છે. અમૃતસ્વરૂપે આપ પુંભાવાત્મક છે, તો અગ્નિસ્વરૂપે આપ સ્ત્રીભાવાત્મક છે.

આવા શ્રીમહાપ્રભુજીનું શરણ એ જ પુષ્ટિજીવનું સૌભાગ્ય છે. તેથી શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે–**"તમ્ પ્રપદ્યે"** અર્થાત્ હું તેમના શરણે જાઉં છું. સંસ્કૃતમાં શરણ માટે 'પ્રપત્તિ' શબ્દ છે. તે 'પ્રપદ' પરથી બન્યો છે. 'પ્રપદ' એટલે પગનો આગળનો પંજો, 'શરણ' શબ્દનો અર્થ છે ઘર, રક્ષક વ. શ્રીમહાપ્રભુજીનાં ચરણ જ મારું ઘર છે–આશ્રય સ્થાન છે. જેમ ઘર માણસને આશ્રય આપે અને રક્ષણ કરે, તેમ શ્રીમહાપ્રભુજીનાં

ચરણકમળ સિવાય મને બીજો આશ્રય નથી. તેઓ જ મારા રક્ષક છે. મારા ઉદ્ધારની કૃપા તેઓ જ કરે છે. એમણે જ મને સેવક કર્યો છે. જીવ એ હાથ જોડી, મસ્તક નમાવી, શરણાગતિ સ્વીકારવા સિવાય બીજું કંઈ કરી શકતો નથી. એની એ નિઃસાધનતાથી જ શ્રીમહાપ્રભુજી રીઝે છે.

આમ, આ પ્રથમ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીનું લીલાસ્વરૂપ અને ભૂતળ પરનું સ્વરૂપ સમજાવી, આપનું ભૂતળ પર પ્રકટ થવાનું કારણ બતાવ્યું.

**શ્લોક : ૨**

નાવિર્ભૂયાદ્ ભવાંશ્ચેદધિધરણિતલં ભૂતનાથોદિતાસન્
માર્ગધ્વાંતાંધતુલ્યા નિગમપથગતૌ દેવસર્ગેપિ જાતા ।
ઘોષાધીશં તદેમે કથમપિ મનુજાઃ પ્રાપ્નુયુર્નૈવ દૈવી
સૃષ્ટિર્વ્યર્થા ચ ભૂયાન્નિજફલરહિતા દેવ વૈશ્વાનરૈષા ॥ ૨ ॥

**શબ્દાર્થ :**

**ન** = ન; **આવિર્ભૂયાદ્** = પ્રકટ થયા હોત; **ભવાન્** = આપ (શ્રીમહાપ્રભુજી); **ચેત્** = જો; **અધિધરણિતલં** = આ ભૂમિ પર; **ભૂતનાથોદિત** = ભૂતનાથે (મહાદેવજી) પ્રકટ કરેલા; **અસન્ માર્ગધ્વાંતાંધતુલ્યા** = અસત્ય માર્ગોથી અંધ સમાન; **નિગમપથગતૌ** = વેદમાર્ગની ગતિમાં; **દેવસર્ગે** = દૈવી સૃષ્ટિ; **અપિ** = પણ; **જાતા** = થાત; **ઘોષાધીશં** = વ્રજના અધિપતિને; **તદા** = ત્યારે, **ઇમે** = આ; **કથમ્** = કેવી રીતે; **અપિ** = પણ; **મનુજાઃ** = વિચારશીલ મનુષ્યો; **પ્રાપ્નુયુઃ** = પ્રાપ્ત કરત; **ન** = નહિ; **એવ** = જ; **દૈવી સૃષ્ટિ** = દૈવીજીવોની સૃષ્ટિ; **વ્યર્થા** = નિષ્ફળ; **ચ** = અને; **ભૂયાત્** = થાત; **નિજફલરહિતા** = ભગવલ્લીલાની પ્રાપ્તિ વગર; **દેવ** = પ્રભુ; **વૈશ્વાનર** = અલૌકિક અગ્નિસ્વરૂપ; **એષા** = આ (૨)

**શ્લોકાર્થ :**

હે વૈશ્વાનર—અલૌકિક અગ્નિસ્વરૂપ પ્રભુ ! જો આ ભૂમિ પર આપ પ્રકટ થયા ન હોત; તો દૈવીસૃષ્ટિ પણ ભૂતનાથ એવા શંકરે પ્રકટ કરેલા માયાવાદ આદિ અસત્ય માર્ગોથી અંધ સમાન બની જાત અને તેથી તેમની વેદમાર્ગમાં ગતિ થાત નહિ. ત્યારે વ્રજના અધિપતિને વિચારશીલ મનુષ્યો કોઈપણ રીતે પ્રાપ્ત કરત જ નહિ. તેથી દૈવીજીવોની સૃષ્ટિ ભગવલ્લીલાની પ્રાપ્તિ વગર નિષ્ફળ થાત. (૨)



**વિવરણ :**

શ્રીગોકુલનાથજીના મતે આ બીજા શ્લોકમાં શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીનું પૃથ્વી પરનું અસાધારણ કાર્ય સમજાવે છે.

શ્રીરઘુનાથજીના મતે શ્રીગુસાંઈજી સમજાવે છે કે શ્રીમહાપ્રભુજીનું પૃથ્વી ઉપર પ્રાકટ્ય ન થયું હોત તો કેટલું મોટું અનિષ્ટ થાત !

અનામી ટીકાકારના મતે આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીના વિપ્રયોગધર્મી સ્વરૂપનું નિરૂપણ છે.

"**નાવિર્ભૂયાત્**" – શ્રીમહાપ્રભુજી પ્રકટ ન થયાં હોત તો દૈવીજીવોની વેદમાર્ગમાં ગતિ ન થાત અને તેઓ પુષ્ટિપુરુષોત્તમની પ્રાપ્તિ રૂપી ફળથી વંચિત રહી જાત. શ્રીમહાપ્રભુજી પ્રભુના મુખારવિંદ સ્વરૂપ હોવાથી, પ્રભુના મુખારવિંદ રૂપે તો શ્રીમહાપ્રભુજી બિરાજમાન છે જ. તે સ્વરૂપે તો પૃથ્વી ઉપર આપનો આવિર્ભાવ છે જ. પરંતુ તે સ્વરૂપે દૈવીજીવોના ઉદ્ધારનું કાર્ય થઈ શકે નહિ, કારણ=કે આ કાર્ય કરવાની ભગવદાજ્ઞા તે સ્વરૂપને નથી. આથી આ આવશ્યક કાર્યો કરવા ભગવદાજ્ઞાથી શ્રીમહાપ્રભુજી પૃથ્વી પર પ્રકટ થયા. પૃથ્વી માટે શબ્દ વાપર્યો – '**અધિધરણીતલમ્**'. આધિભૌતિક જગતમાં આધિદૈવિક ફળ આપવા શ્રીમહાપ્રભુજી પધાર્યા.

શ્રીમહાપ્રભુજી "**દૈવીસૃષ્ટિ**"ના હિત માટે પધાર્યા છે. દૈવીસૃષ્ટિમાં બે પ્રકારના જીવો છે (૧) મર્યાદાજીવો (૨) પુષ્ટિજીવો. શાસ્ત્રોની મર્યાદા સ્વીકારી, શાસ્ત્રોમાં બતાવેલાં ભગવત્પ્રાપ્તિનાં જ્ઞાન, કર્મ કે ભક્તિનાં સાધનો દ્વારા, તે માર્ગે ચાલનારા જીવો તે મર્યાદા જીવો. કેવળ ભગવત્કૃપા પ્રાપ્ત કરી, તે દ્વારા પ્રભુને પ્રાપ્ત કરનારા જીવો તે પુષ્ટિજીવો. આ બંને પ્રકારના જીવો પૃથ્વી પર ભટકતા હતા. તેથી તેમના બંનેના ઉદ્ધાર માટે શ્રીમહાપ્રભુજી '**અધિધરણીતલમ્**' – પૃથ્વી પર પધાર્યા.

આ બંને પ્રકારના જીવો અલગ હોવાથી, ભગવત્પ્રાપ્તિના તેમના અધિકાર પણ અલગ છે. શ્રીમહાપ્રભુજીએ તેમને તેમના અધિકાર પ્રમાણે ભગવત્પ્રાપ્તિ કરાવી.

આપણને પ્રશ્ન થાય કે મર્યાદા જીવોનો ઉદ્ધાર વેદમાર્ગથી છે. મર્યાદામાર્ગનો પાયો વેદ છે. વેદનું જ્ઞાન મર્યાદામાર્ગનું સાધન છે. તેનાથી મર્યાદા જીવનો મોક્ષ કેમ ન થાય? તે માટે શ્રીમહાપ્રભુજીને પૃથ્વી પર પધારવાની શી જરૂર?

એનો જવાબ વિચારીએ. સાધન યોગ્ય હોય તો ફળ જરૂર મળે. વેદનું યોગ્ય જ્ઞાન મળે તો, તેના ફળરૂપ મોક્ષ જરૂર મળે. પરંતુ પૃથ્વી પર આ સમયમાં વેદનું યોગ્ય જ્ઞાન જાણવા મળતું નથી. જ્ઞાનનો અભાવ છે, તેથી ફળપ્રાપ્તિ થતી નથી.

બીજો પ્રશ્ન થાય – જો પહેલાંના સમયમાં વેદનું યથાર્થ જ્ઞાન હતું, તો આજે એ યથાર્થ જ્ઞાનનો અભાવ કેમ છે?

એનું કારણ કહે છે – જુદા જુદા વિદ્વાનોએ પોતપોતાની સમજ મુજબ વેદવાકયોના જુદા જુદા અર્થ કર્યા અને તે પ્રમાણે કર્મ કરવા માંડયાં. દા.ત. વેદની એક શ્રુતિ છે – "અતપ્ત તનુ (શરીર)નો પ્રભુ અંગીકાર કરતા નથી." કોઈ વિદ્વાને એવો અર્થ કર્યો કે શરીરને તપ્ત કરવા, શરીર પર ડામ લેવા. તેથી લોકોએ દ્વારકાની ડામવાળી છાપો શરીર પર લગડાવવા માંડી. વાસ્તવમાં દાઝેલું શરીર તો સેવામાં કામ જ ન આવે. બીજા વિદ્વાને એવો અર્થ કર્યો કે શરીરને તપાવવા જંગલમાં જઈ ધૂણી ધખાવી, તેની પાસે બેસી શરીરને કષ્ટ આપવું. પરંતુ આ સાચું તપ નથી આ આસુરી તપ છે. તેમાંથી મોક્ષ મળતો નથી. આમ, વેદના સાચા અર્થ સમજાયા નહિ. વિદ્વાનોએ વેદનો અનર્થ કર્યો હતો. સાચો અર્થ શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યો કે પ્રભુના વિરહતાપના અગ્નિથી આપણું શરીર જ્યારે તપે ત્યારે તે શુદ્ધ અને અલૌકિક બને છે. પછી જ પ્રભુ તે શરીરનો અંગીકાર કરે છે. અર્થાત્ વિપ્રયોગ વગર ભગવત્પ્રાપ્તિ થતી નથી. આ વિદ્વાનો પોતાના મત મુજબ અર્થ કરે છે, ફળ પણ પોતાના મત મુજબ બતાવે છે અને મુક્તિ પણ અનેક પ્રકારની બતાવે છે.

આમ વેદના અર્થ કરનારી મુખ્ય છ વિચારધારાઓ પ્રચલિત થઈ. (૧) સાંખ્ય (૨) યોગ (૩) ન્યાય (૪) વૈશેષિક (૫) મીમાંસા (૬) વેદાંત. આ છ વિચારધારા પૈકી કેટલીક નાસ્તિક મત ધરાવનારી પણ છે. અક્ષપાદ અને કણાદ નામના વિદ્વાનોએ સાંખ્ય અને યોગની જે વિચારધારા આપી, તે વેદના મૂળ અર્થથી જુદી છે. શ્રુતિ વિરુદ્ધ હોવાથી



ત્યાજય છે. વેદાંતમાં મહર્ષિ વ્યાસનાં 'બ્રહ્મસૂત્રો' મુખ્ય છે. આ 'બ્રહ્મસૂત્રો' પર આદિ શંકરાચાર્ય જેવા આચાર્યોએ પોતાનાં ભાષ્ય રચ્યાં, જે વેદના મૂળ અર્થને સંપૂર્ણ વફાદાર નથી.

પાછો અહીં પ્રશ્ન થશે–આદિ શંકરાચાર્ય કોઈ સાધારણ વિદ્વાન ન હતા. મહાદેવજીનો અવતાર કહેવાય છે. તો તેમણે વેદના પ્રામાણિક અર્થ કેમ ન બતાવ્યા ?

શ્રીમહાપ્રભુજીએ આનો જવાબ 'નિબંધ'માં આપ્યો છે. સ્વયં ભગવાનની જ તેમને આજ્ઞા હતી કે પૃથ્વી પર પ્રકટ થઈ 'મોહશાસ્ત્રો'નું નિર્માણ કરો, જેથી અનધિકારી જીવ આપોઆપ વેદમાર્ગના ફળથી વિમુખ થાય.

શ્રીગુસાંઈજી અહીં આ જ વાત સમજાવે છે.

**"ભૂતનાથોદિત અસન્માર્ગ"** : ભૂતનાથ એટલે શંકર. આદિ શંકર તેમનો અવતાર. તેમના અવતારનું પ્રયોજન જ ભગવદાજ્ઞા મુજબ 'મોહશાસ્ત્રો'ની રચના દ્વારા અનધિકારી જીવોને ભગવત્પ્રાપ્તિથી વિમુખ કરવાનું હતું. આથી આદિ શંકરાચાર્યે પોતાના 'ભાષ્ય'માં માયાવાદ સમજાવ્યો. તેમણે માયાવાદ ફેલાવ્યો. માયાવાદ વેદથી જુદો પડે છે તેથી તે અસત્ માર્ગ છે, સત્ માર્ગ નથી. તેવી રીતે ન્યાય, મીમાંસા આદિના ગ્રંથો પણ મોહકશાસ્ત્રો છે.

જેમ સમુદ્રમંથનના પ્રસંગમાં ભગવાને 'મોહિની' રૂપ ધરી, દાનવોને મોહ પમાડી, તેમના હાથમાંથી 'અમૃત' કુંભ લઈ લીધો હતો, તેમ આ શાસ્ત્રો પણ અજ્ઞાની જીવોને મોહિત કરી, પોતાની વિચારધારામાં તેમને ખેંચે છે. પરિણામે આવા જીવો સાચા ફળથી ભટકી જાય છે. આથી આ અસત્ માર્ગોને શ્રીગુસાંઈજી **'દેશ્રાંતાંધતુલ્યા'** કહે છે. એ માર્ગો જીવોને પોતાના વિચારોના મોહમાં ફસાવી, આંધળા બનાવી દે છે. જીવો એવા આંધળા બની જાય છે કે પછી તેમને સત્ય સૂઝતું જ નથી.

જેમકે વેદની અનેક શ્રુતિઓ મુક્તિનું સ્વરૂપ બતાવે છે કે જીવને ભગવત્પ્રાપ્તિ એ જ મુક્તિ. ગીતાજી સમજાવે છે કે જીવનો પ્રભુમાં પ્રવેશ એ જ મોક્ષ. ત્યારે માયાવાદીઓ કહે છે પ્રભુ પ્રાપ્તિ એ મોક્ષ નથી.

કલ્પિત જીવનો નાશ એ મોક્ષ છે. આત્મ=નાશ એ કંઈ પુરુષાર્થ નથી. મોક્ષ એ પુ=રુષાર્થ છે. તેથી માયાવાદનો મત વેદવિરુદ્ધ છે માટે અસત્ય છે.

નૈયાયિકો (ન્યાય શાસ્ત્રને માનનારા) કહે છે જગતમાં મુખ્ય સોળ તત્ત્વો છે. એનું જ્ઞાન એ મુક્તિનું કારણ છે. એ જ્ઞાનથી સુખ અને દુઃખનો તદ્દન અભાવ થાય છે. એનું નામ જ મોક્ષ. આનાથી ઊલટું વેદમાં તો એવું વચન છે કે મુક્તિનું સ્વરૂપ અત્યંત આનંદાત્મક છે. તેથી આ ન્યાય દર્શન પણ મોહશાસ્ત્ર છે–અસત્ય છે.

મીમાંસકોના મતે યજ્ઞયાગાદિક કર્મો કરવાથી સ્વર્ગલોકનું સુખ મળે છે. તે જ મોક્ષ છે. પરંતુ સ્વર્ગમાં બ્રહ્માનંદનો અનુભવ નથી. માટે તેને મોક્ષ માની શકાય નહિ. તેથી આ મત પણ અસત્ય છે.

જેને માર્ગની ખબર જ ન હોય, તે નિશ્ચિત સ્થળે પહોંચી શકે જ નહિ. તેવી રીતે આ અસત્ શાસ્ત્રોમાં મુક્તિમાર્ગનું સાચું જ્ઞાન ન હોવાથી, તે માર્ગને અનુસરનારાને સાચો માર્ગ જડતો નથી. તેઓ આમ તેમ ફાંફાં માર્યા કરે છે. આથી તેમને અંધ કહ્યા છે.

આસુરી જીવોને તો વેદનો શુદ્ધ અર્થ પણ સમજાય તેમ નથી, કારણ તેમનો અધિકાર જ નથી. આથી આસુરી જીવો તો સ્વાભાવિક અંધ છે. પરંતુ દૈવીજીવોને તો મોક્ષનો અધિકાર છે. તેઓ વેદનું સાચું જ્ઞાન પામી શકે છે. પરંતુ તેમનો પ્રવેશ અસત્ શાસ્ત્રોમાં થવાથી તેમનામાં પરિસ્થિતિજન્ય અંધત્વ આવ્યું છે, સ્વાભાવિક અંધત્વ નથી. એમ સૂચવવા અહીં **'તુલ્ય'** શબ્દ મૂકયો છે. તેઓ આંધળા જેવા છે. વાસ્તવિક અંધાપો દૂર ન થાય. પરંતુ પરિસ્થિતિજન્ય દુઃસંગથી આવેલો અંધાપો 'સત્સંગથી દૂર' થાય એમ સૂચવવા **'અપિ'** શબ્દ વાપર્યો છે.

એક પ્રશ્ન થાય કે અસત શાસ્ત્રોના દુઃસંગથી શું દૈવી જીવો આસુરી ન બની જાય? તેના જવાબમાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે આ દૈવી જીવો **"દેવસર્ગ"** છે. મર્યાદા જીવો પ્રભુની વાણીમાંથી પ્રકટ થયા છે. જ્યારે પુષ્ટિ જીવો પ્રભુના અંગમાંથી પ્રકટ થયા છે. તેથી તેમની સંભાળ પ્રભુ પોતે લે છે. અસત્ શાસ્ત્રોના સંગથી આ જીવો આસુરાવેશી થાય તેને લઈને તેમને મળનારા ફળથી વંચિત પણ થાય. મર્યાદામાર્ગનું ફળ પ્રભુના અક્ષરબ્રહ્મ=ધામમાં મોક્ષ પામવું તે છે. જ્યારે પુષ્ટિમાર્ગનું ફળ સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમની પ્રાપ્તિ છે.



**"ઘોષાધીશ"** એટલે ઘોષના અધિપતિ, ઘોષ એટલે વ્રજ–વ્રજવાસીઓ નિઃસાધન ભક્તો છે. તેમની પાસે પ્રેમ સિવાય કશું નથી. આવા ભક્તોને પ્રેમ રૂપી સાધનથી જે પ્રાપ્ત થયા, તે વ્રજાધીશ–ઘોષાધીશ. વ્રજમાં નંદગૃહે પૂર્ણપુરુષોત્તમનું જ પ્રાકટ્ય છે. એમની સાથે પુષ્ટિજીવોનો સંબંધ હજારો વર્ષોથી છૂટી ગયો હતો. તે ફરી જોડી આપવા માટે જ શ્રીમહાપ્રભુજી પૃથ્વી પર પધાર્યા. માટે શ્રીમહાપ્રભુજીને **"દૈવ વૈશ્વાનર"** કહ્યા.

"દૈવ" શબ્દ 'દિવ્' ધાતુ પરથી બન્યો છે. 'દિવ્' એટલે ક્રીડા કરવી. શ્રીમહાપ્રભુજી દૈવીજીવોના ઉદ્ધારની અસાધારણ કાર્ય રૂપી ક્રીડા કરવા પૃથ્વી પર પધાર્યા છે. આ કાર્ય અન્ય માટે શ્રમસાધ્ય લાગે, જ્યારે આપના માટે તે 'ક્રીડા' – રમત – છે. તે શ્ર=મસાધ્ય નથી. 'ક્રીડા' આનંદદાયક છે, તેથી આ કાર્ય કરતાં – દૈવીજીવોના ઉદ્ધારથી શ્રીમહાપ્રભુજીને આનંદ – પ્રસન્નતા – થાય છે એમ સમજાય છે.

શ્રીમહાપ્રભુજીને "વૈશ્વાનર" કહ્યા. વૈશ્વાનર એટલે અલૌકિક અગ્નિરૂપ પ્રભુનું મુખારવિંદ. મુખારવિંદમાંથી વેદ પ્રકટ થયેલા. એ વેદની રક્ષા પણ મુખારવિંદસ્વરૂપથી જ કરાવવા માટે શ્રીમહાપ્રભુજીને પૃથ્વી પર પધારવાની ભગવદાજ્ઞા થઇ. શ્રીમહાપ્રભુજીની પહેલાં દૈવી સૃષ્ટિના બે વિભાગ મર્યાદા અને પુષ્ટિ વિશે કોઇ જાણતું ન હતું. આપે તેની સમજ આપી.

જેમ અગ્નિ અંધકાર દૂર કરી પ્રકાશ આપે, ઠંડી રૂપી શિથિલતા હટાવી ઉષ્મા રૂપી સ્ફૂર્તિ આપે, તેમ શ્રીમહાપ્રભુજીએ પણ માયાવાદ રૂપી શિથિલતા હટાવી શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનો સાચો પ્રકાશ આપ્યો. દૈવીજીવોને શરણાગતિની હૂંફ આપી.

શ્રીરઘુનાથજી "વૈશ્વાનર" શબ્દનો એક વિશેષ અર્થ કરે છે. "વિશ્વે સર્વેપિ અનુકંપ્યા નરા યસ્યેતિ." અર્થાત્ વિશ્વમાં બધા મનુષ્યો ઉપર જેમને અનુકંપા છે તે. આ અનુકંપાને લઇને શ્રીમહાપ્રભુજી પૃથ્વી પર પધાર્યા.

આમ, આ શ્લોકમાં શ્રીગુસાંઈજી મહારાજે શ્રીમહાપ્રભુજીનાં અસાધારણ બે કાર્યસ્વરૂપો બતાવ્યાં. (૧) માયાવાદનાં અસત્ શાસ્ત્રોથી વ્યાપેલો અંધકાર શ્રીમહાપ્રભુજીએ દૂર કર્યો અને સત્ સિદ્ધાંતનો પ્રકાશ કર્યો. (૨) મર્યાદા અને પુષ્ટિજીવોને તેમના અધિકાર મુજબ મોક્ષ અને ભગવત્પ્રાપ્તિના માર્ગ બતાવ્યા અને તે માર્ગે તેમનો ઉદ્ધાર કર્યો.

અનામી ટીકાકાર આ શ્લોકનો વિશિષ્ટ અર્થ કરે છે. શ્રીમહાપ્રભુજીના વિપ્રયોગરસાત્મક, સ્રીભાવાત્મક ધર્મિસ્વરૂપને આ શ્લોકથી સમજાવે છે.

હે **"દેવ"** – ક્રીડાત્મક, **"વૈશ્વાનર"** – તાપાત્મક પ્રભુ, **"ભવાન્"** – આપ તાપસ્વરૂપે **"ચેત્ અધધિરાણતવં ન આવિર્ભૂયાત્"** – જો પૃથ્વી પર પ્રકટ ન થયા હોત તો, **"દૈવીસૃષ્ટિર્વૃથા ભૂયાત્"** – આ દૈવીસૃષ્ટિ વ્યર્થ જાત – તેમનો ઉદ્ધાર ન થાત. **"ભૂતનાથ"** = જીવનાથ – જીવોના સ્વામી એવા પ્રભુએ. **"ઉદિત"** કહેલાં (ગીતાનાં) વચનો ન સમજી શકવાથી, **"દેવસર્ગેઽપિ જાતા મનુજાઃ"** = દૈવીસૃષ્ટિમાં જન્મેલા અને વિચારશીલ મનુષ્યો પણ **"કથમથિ"** = પોતે ભગવાનના અંશ રૂપ છે એવા અંશી–અંશ ભેદને ન જાણવાથી, **"ઘોષાધીશં ન પ્રાપ્નુયુઃ"** = અજ્ઞાનવશ સ્વસેવ્યરૂપનું જ્ઞાન મેળવી શકયા ન હોત અને અંશાવતાર એવા મર્યાદા દેવોમાં પુરુષોત્તમ સ્વરૂપનો ભ્રમ રાખી જીવવાથી, ભગવાનની પ્રાપ્તિ કરી શકયા ન હોત. **"નિગમપથગતૌ"** વેદની પુષ્ટિશ્રુતિરૂપા ગોપીજનોએ જે માર્ગે પ્રભુને મેળવ્યા તે માર્ગ **"દેવસર્ગે"** = પ્રભુની સાથે ક્રીડા માટે જન્મેલા, **"જાતા"**–જન્મેલા પુષ્ટિમાર્ગીય જીવોને **"સન્માર્ગધ્વાન્તાંધતુલ્યા"** = અજ્ઞાનથી અંધકાર યુક્ત બન્યા તેથી તેઓ **"ઘોષાધીશં ન પ્રાપ્નુયુઃ"** વ્રજાધીશને પામી શકયા નહિ.

પુષ્ટિસૃષ્ટિમાં ઉત્પન્ન થયેલા જીવોને અન્ય માર્ગનો મોહ કેમ થાય? તેના જવાબમાં કહ્યું કે રાસપંચાધ્યાયીમાં જ્યારે ગોપીજનો રાત્રે વૃંદાવનમાં ભગવાન પાસે આવ્યા ત્યારે ભગવાને પહેલા તેમનું સ્વાગત કરી અંતે ઘેર પાછા જાઓ એવી આજ્ઞા કરી હતી. ઘેર પાછા જવાની ભગવાનની આ આજ્ઞા ગોપીજનોએ માની હોત તો એમ કહેવાત કે, તેમને અન્ય માર્ગમાં મોહ થયો હતો. પરંતુ ભગવત્‌કૃપાથી તેમને એવો મોહ ન થયો માટે તેમણે તે આજ્ઞા માની નહિ. ફળસ્વરૂપે તેમને રાસલીલાનું પરમ ફળ મળ્યું. પરંતુ બધાને આવી સમજ મળતી નથી.

શ્રીમહાપ્રભુજીએ ભક્તિમાર્ગનું સ્વરૂપ સમજાવતાં સ્પષ્ટ રીતે આજ્ઞા કરી કે ભગવાનથી ઉપર કોઇને માની તેમની પાસે આશા રાખી તેમનું ભજન કરવું એ અન્યાશ્રય છે. તેનાથી સૌએ બચવું. શ્રીગુસાંઇજીએ પણ એ જ આજ્ઞા કરી કે નિષ્કામ ભાવે જો ભગવાનનું ભજન કરવમાં આવે તો ભગવાન તેમનો અંગીકાર કરે છે



ભગવાનની જે પુષ્ટિ–પુષ્ટિરૂપા સૃષ્ટિ હતી તે નિષ્કામ ભક્તિના સેવામાર્ગથી અજાણ હતી. પ્રભુને પોતાના સ્વામી સમજીને તેમની સેવા કરવારૂપી ફળથી વિમુખ હતી. જો પ્રભુની પોતાની જ સૃષ્ટિ તેને મળનારા ફળથી વંચિત થાય તો બીજી સૃષ્ટિ એમને મળનારા ફળથી વંચિત રહે એમાં કોઈ આશ્ચર્ય નથી. આથી શ્રીગુસાંઇજીએ સમજાવ્યું કે જેમ વૈશ્વાનર અગ્નિ તાપાત્મક હોવાથી ચારે પ્રકારના અન્નને પચાવે છે. તેમ શ્રીમહાપ્રભુજી વિપ્રયોગ તાપાત્મક હોવાથી પુષ્ટિમાર્ગના ચારે રસરૂપ પુરુષાર્થોને સામગ્રીરૂપે સિદ્ધ કરી આપે છે, અને તેનો અંગીકાર પણ કરે છે. આ અલૌકિક શકિત વિપ્રયોગાત્મક ધર્મી સ્વરૂપની છે. માટે આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીના વિપ્રયોગાત્મક ધર્મીસ્વરૂપનું નિરૂપણ છે.

**શ્લોક ૩**

નહ્યન્યો વાગધીશાચ્છ્રુતિગણવચસાં ભાવમાજ્ઞાતુમીષ્ટે
યસ્માત્સાધ્વી સ્વભાવં પ્રકટયતિ વધૂરગ્રતઃ પત્યુરેવ ।
તસ્માચ્છ્રીવલ્લભાખ્ય ત્વદુદિતવચનાદન્યથા રૂપયન્તિ
ભ્રાંતા યે તે નિસર્ગત્રિદશરિપુતયા કેવલાંધં તમોગઃ ॥ ૩ ॥

**શબ્દાર્થ :**

**ન** = નહિ, **હિ** = જ, **અન્યઃ** = બીજા કોઈ; **વાગધીશાત્** = વાણીના પતિ સિવાય; **શ્રુતિગણવચસામ્** = શ્રુતિઓના સમૂહની વાણીનું; **ભાવમ્** = તાત્પર્ય, **આજ્ઞાતુમ્** = બરાબર જાણવાને, **ઈષ્ટે** = સમર્થ છે, **યસ્માત્** = કારણ કે, **સાધ્વી** = સતી સ્રી, **સ્વભાવમ્** = પોતાનું હૃદય; **પ્રગટયતિ** = પ્રગટ કરે છે (ખુલ્લું કરે છે); **વધૂઃ** = પત્ની; **અગ્રતઃ** = સામે; **પત્યુઃ** = પતિની; **એવ** = જ, **તસ્માત્** = તેથી, **શ્રીવલ્લભાખ્ય** = શ્રીવલ્લભ જેનું નામ છે એવા શ્રીમહાપ્રભુજીએ, **ત્વદુદિતવચનાત્** = કહેલાં વચનોથી, **અન્યથા** = વિરુદ્ધ; **રૂપયન્તિ** = બતાવે; **ભ્રાંતા** = ચિત્તભ્રમ થયેલા; **યે** = જેઓ; તે = તેઓ; **નિસર્ગત્રિદશરિપુતયા** = સ્વાભાવિકરીતે જ આસુરી હોવાથી; **કેવલાંધમ્** = તદ્દન આંધળા હોવાથી; **તમોગઃ** = અંધતમ નરકમાં પડે છે. (૩)

**શ્લોકાર્થ :**

સરસ્વતી (વાણી)ના પતિ શ્રીમહાપ્રભુજી વિના શ્રુતિઓના સમૂહની વાણીનું તાત્પર્ય બરાબર જાણવાને બીજા કોઈ જ સમર્થ નથી; કારણ કે સાધ્વી (પવિત્ર સતી) પત્ની તેનું હૃદય તેના પતિની સામે જ ખુલ્લું કરે છે. તેથી જેમનું નામ શ્રીવલ્લભ છે એવા શ્રીમહાપ્રભુજીએ કહેલાં વચનોથી જે વિરુદ્ધ બોલે છે, તેમને ચિત્તભ્રમ થયો છે. તેઓ સ્વભાવે આસુરી હોવાથી, તેઓ અંધતમ્ નરકમાં પડે છે. (૩)

**વિવરણ :**

અનામી ટીકાકારના મતે આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીના દિવ્ય છ ધર્મો પૈકીનો પહેલો ધર્મ – ઐશ્વર્ય વ્યકત થયો છે.

પ્રશ્ન થાય કે – વેદની બધી શ્રુતિઓ સન્માર્ગનું સ્થાપન કરનારી છે. તે શ્રુતિઓના અર્થનું જેમને યથાર્થ જ્ઞાન થયું છે, તેમને પુષ્ટિમાર્ગનું જ્ઞાન કેમ થયું નથી? પુષ્ટિમાર્ગ પણ શ્રુતિઓએ જ કહેલો બતાવેલો છે.

પુષ્ટમાર્ગીનો જવાબ શ્રીગુસાંઈજી આ શ્લોકમાં આપે છે. વેદો પ્રભુના નિઃશ્વાસરૂપ છે, તેથી પ્રભુના શ્રીમુખની વાણી છે. શ્રીમુખના અધિપતિ અલૌકિક અગ્નિ છે. અલૌકિક અગ્નિ એટલે શ્રીમહાપ્રભુજી. આથી શ્રીમહાપ્રભુજી વાણીના અધિપતિ છે – સરસ્વતીના પતિ છે. વેદના સ્વામી છે. જેમ પત્નીને તેનો પતિ જ સૌથી વધુ અને સારી રીતે જાણે, તેમ શ્રુતિઓનું તાત્પર્ય – રહસ્ય – શ્રીમહાપ્રભુજી જ સૌથી વધુ અને સારી રીતે જાણે છે, તેમના સિવાય બીજા કોઈ એ રહસ્ય પૂરેપૂરું સમજી શકતા નથી શ્રુતિઓ પોતાનું હૃદય પોતાના અધિપતિ શ્રીમહાપ્રભુજી પાસે જ પ્રકટ કરે છે.

વેદની શ્રુતિઓ બીજા આચાર્યો કે વિદ્વાનોની સામે તેમનું હૃદય ખોલતી નથી, કારણ કે જે સ્ત્રી પવિત્ર સતી – પતિવ્રતા – હોય છે, તે તેનું હૃદય કેવળ પોતાના પતિ સામે જ ખોલે છે. તેના હૃદયના ગુપ્ત ભાવ તે બીજાને જણાવતી નથી.

આમ, શ્રીમહાપ્રભુજી એકલા જ વેદશાસ્ત્રોનો પૂર્ણ, યથાર્થ અર્થ જાણનારા હોવાથી, આપે વેદશાસ્ત્રોમાંથી પુષ્ટિમાર્ગ પ્રકટ કરી બતાવ્યો. આ કાર્ય બીજા કોઈના જ વશનું નથી એમ સૂચવ્યું.



શ્રીમહાપ્રભુજીએ વેદાંતનું સાચું જ્ઞાન પ્રકટ કર્યું. સાકાર બ્રહ્મવાદનો વેદનો મુખ્ય સિદ્ધાંત આપે સમજાવ્યો. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે બ્રહ્મ કેવળ નિરાકાર નથી, તે સાકાર પણ છે. બ્રહ્મ વિરુદ્ધધર્માશ્રયી છે. જગત પણ બ્રહ્મનું જ આધિભૌતિક સ્વરૂપ છે, તેથી જગત મિથ્યા નથી, સત્ય છે.

શ્રીમહાપ્રભુજીએ વેદ, બ્રહ્મસૂત્રો, ગીતા અને ભાગવતનાં પ્રમાણો આપીને વેદનો મૂળ સિદ્ધાંત સમજાવ્યો હોવા છતાં, ઘણા લોકો તેને સ્વીકારતા નથી. તેનાથી વિરુદ્ધ વાતો કહે છે, કારણ કે આ લોકો મૂળભૂત આસુરી સ્વભાવના છે. તેથી વેદમાર્ગના અધિકારી જ નથી. અધિકારીને જ જ્ઞાન મળે. આ આસુરી લોકોને આસુરી મુકિત મળે છે એટલે કે તેઓ અંધતમ્ એવા નરકને પામે છે.

શાસ્ત્રો કહે છે કે આસુરી જીવો માયારૂપના ઉપાસક છે. માયાની ઉપાસના કરનારા નરકને પામે છે.

શ્રીપુરુષોત્તમજી વિશેષમાં આ પ્રમાણે સમજાવે છે. શ્રીશંકરાચાર્યે માયાવાદ પ્રગટ કર્યો. પરંતુ ત્યારબાદ શ્રીરામાનુજાચાર્ય વગેરેએ અજ્ઞાનયુકત અંધકારનું નિવારણ કર્યું હતું. પરંતુ વેદના શુદ્ધ, પૂર્ણ અર્થ પ્રકટ કરવા તેઓ પણ અસમર્થ રહ્યા. આથી વાક્‌પતિ શ્રીવલ્લભને પૃથ્વી પર પધારવાનું આવશ્યક બન્યું.

શ્રીરઘુનાથજી આજ્ઞા કરે છે – શ્રીમહાપ્રભુજીનાં વચનો ન સ્વીકારનારા આસુરી છે. તેમને આસુરી ફળ મળે છે. જેમાં સુખનો સ્પર્શ સરખો નથી અને માત્ર કાયમ માટે દુઃખ જ છે એવી સ્થિતિ તે આસુરી ફળ. આસુરી જીવો આવી સ્થિતિને પામે છે.

અનામી ટીકાકાર બતાવે છે–આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીનું નામ **'શ્રીવલ્લભ'** આપ્યું છે. **'શ્રી'** એટલે શ્રીસ્વામિનીજી તેમના વલ્લભપ્રિય એ શ્રીઠાકોરજી. શ્રીસ્વામિનીજી અને શ્રીઠાકોરજી બંનેને પ્રિય એથી શ્રીમહાપ્રભુજીનું નામ 'શ્રીવલ્લભ' છે.

આસુરી જીવો સ્વભાવથી દેવના–ભગવાનના દ્વેષી હોય છે. તેઓ ભગવાનની સર્વોપરિ સત્તાનો સ્વીકાર કરતા નથી. તેઓ ભગવાનની 'માયા' નામની એક શકિતને સર્વોપરિ માની, તેની ઉપાસના કરનારા છે.

શ્રીમહાપ્રભુજી ભગવાનનું મુખારવિંદસ્વરૂપ છે એ જ આપનું અલૌકિક ઐશ્વર્ય છે. જેમ ગોપીજનોએ પ્રભુની સમક્ષ વચનો કહીને પ્રભુની શરણાગતિ મેળવી એ ગોપીજનોનું ઐશ્વર્ય છે તેમ ભગવદાજ્ઞાનું પાલન કરવા શ્રીમહાપ્રભુજી પૃથ્વી પર પધાર્યા એ આપનો રસરૂપ ઐશ્વર્યભાવ છે. આમ આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીના ઐશ્વર્યસ્વરૂપનું નિરૂપણ થયું.

શ્લોક : ૪

પ્રાદુર્ભૂતેન ભૂમૌ વ્રજપતિચરણાંભોજસેવાખ્યવર્ત્મ
પ્રાકટ્યં યત્કૃતં તે તદુત નિજકૃતે શ્રીહુતાશેતિ મન્યે ।
યસ્માદસ્મિન્ સ્થિતો યત્કિમપિ કથમપિ ક્વાપ્યુપાહર્તુમિચ્છ–
ત્યદ્ધા તદ્ગોપિકેશઃ સ્વવદનકમલે ચારુહાસે કરોતિ ॥ ૪ ॥

શબ્દાર્થ :

**પ્રાદુર્ભૂતેન** = પ્રકટ થઈને; **ભૂમૌ** = ભૂમિ ઉપર, **વ્રજપતિ-ચરણાંભોજ** = વ્રજપતિના ચરણકમળની; **સેવાખ્યવર્ત્મ** = સેવાના માર્ગ (પુષ્ટિમાર્ગ)નું; **પ્રાકટ્યમ્** = પ્રાકટ્ય; **યત્** = જે; **કૃતમ્** = કર્યું; **તે** = તમે; **તત્** = તે; **ઉત** = ખરેખર; **નિજકૃતે** = પોતાના ભકતોને માટે; **શ્રીહુતાશેતિ** = હે અલૌકિક અગ્નિ સ્વરૂપ; **મન્યે** = માનું છું; **યસ્માત્** = કારણ કે; **અસ્મિન્** = આ (માર્ગ)માં; **સ્થિત** = રહેલો; **યત** = જે; **કિમ્** = કંઈ; **અપિ** = પણ; **કથમ્** = કોઈપણ પ્રકારે; **અપિ** = પણ; **કવ** = કોઈ પણ સ્થળે; **અપિ** = પણ; **ઉપાહર્તુમ્** = આરોગાવવા; **ઇચ્છતિ** = ઈચ્છે છે; **અદ્ધા** = તરત જ; **તદ્** = તે; **ગોપિકેશ** = શ્રીગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણ; **સ્વવદન કમલે** = પોતાના મુખારવિંદમાં; **ચારુહાસે** = રુચિપૂર્વક હસતાં હસતાં; **કરોતિ** = મૂકે છે. (૪)

શ્લોકાર્થ :

તમે ભૂમિ ઉપર પ્રકટ થઈને, શ્રીવ્રજપતિના ચરણકમળની સેવાના માર્ગ (પુષ્ટિમાર્ગ)નું જે પ્રાગટ્ય કર્યું, તે ખરેખર પોતાના ભકતોના (હિત) માટે છે. હે અલૌકિક અગ્નિસ્વરૂપ શ્રીમહાપ્રભુજી, હું એમ માનું છું. કારણકે આ માર્ગમાં રહેલો જે કોઈ જીવ, કંઈ પણ, કોઈ



પણ પ્રકારે, કોઈ પણ સ્થળે, આરોગાવવા ઈચ્છે છે, તે શ્રીગોપીજન-વલ્લભ શ્રીકૃષ્ણ રુચિપૂર્વક હસતાં હસતાં પોતાના મુખારવિંદમાં મૂકે છે (આરોગે છે.) (૪)

વિવરણ :

શ્રીગોકુલનાથજીના મતે આ શ્લોકમાં પૂર્ણપુરુષોત્તમને અધિક પ્રસન્નતા થાય એવું શ્રીમહાપ્રભુજીએ પૃથ્વી પર કરેલા બીજા અસાધારણ કાર્યનું નિરૂપણ છે.

શ્રીપુરુષોત્તમજીના મતે વેદોને યથાર્થ જાણનાર વેદવ્યાસ પણ જે ન બતાવી શકયા, એ સેવામાર્ગ શ્રીમહાપ્રભુજીએ બતાવ્યો. શ્રીમહાપ્રભુજીની આ અસાધારણતાનું આ શ્લોકમાં નિરૂપણ છે.

શ્રીરઘુનાથજીના મતે અગાઉના શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ પ્રકટ થઈ જગતના અનિષ્ટનું નિવારણ કર્યાનું નિરૂપણ હતું; તો આ શ્લોકમાં આપે જગતનું ઈષ્ટ કર્યાનું નિરૂપણ છે.

અનામી ટીકાકારના મતે આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીના બીજા દિવ્ય ધર્મ–વીર્યનું નિરૂપણ છે. વીર્યથી કીર્તિ પ્રસરે છે. સેવામાર્ગના પ્રાકટ્ય દ્વારા શ્રીમહાપ્રભુજીની કીર્તિ પ્રસરી છે.

શ્રીમહાપ્રભુજીએ પૃથ્વી પર શ્રીવ્રજપતિના ચરણકમળની સેવા કરવાનો માર્ગ પોતાના સંતોષ માટે પ્રકટ કર્યો, કારણ કે આપની પહેલાં જે પૂજામાર્ગ પ્રસિદ્ધ હતો, તેનાથી આપને સંતોષ ન હતો.

શ્રીગોકુલનાથજી પૂજા અને સેવા વચ્ચેનો તફાવત સમજાવે છે. પૂજામાં પરમાત્માનાં વિભૂતિ રૂપો પુજાય છે. સેવામાં રસબ્રહ્મ પરમાત્મા એવા પૂર્ણપુરુષોત્તમ સેવાય છે. પૂજામાં વિધિ–રીત–ની મુખ્યતા છે. સેવામાં સ્નેહ–ભકિત–ની મુખ્યતા છે. પૂજામાં સમય પણ નિયામક છે. સમય સાચવવો જરૂરી છે. સેવામાં ભકતનો મનોરથ નિયામક છે. ભકતને મનોરથ થાય, ત્યારે તે અંગીકાર થઈ શકે છે. સમયનો કોઈ નિયમ નથી. પૂજામાં નૈવેદ્ય વગેરેના જે ઉપચારો કરવામાં આવે, તેનાથી પૂજ્યને જેટલા પ્રમાણમાં સંતોષ થાય, તેવું ફળ આપે. સેવામાં સમર્પણ કરેલી વસ્તુઓનો પ્રભુ પોતે અંગીકાર કરે છે અને દુર્લભ એવા પુરુષાર્થ સિદ્ધ કરે છે. આમ સર્વ રીતે પૂજામાર્ગ વિલક્ષણ છે.

શ્રીમહાપ્રભુજીએ વિચાર્યું કે પ્રભુના પુષ્ટિજીવોની લીલાપ્રાપ્તિનું સર્વોત્તમ ફળ પૂજા દ્વારા પ્રાપ્ત થશે નહિ. આથી તે ફળ આપનાર સેવામાર્ગ આપે પ્રકટ કર્યો. આવો માર્ગ અગાઉ કોઈ વેદોમાંથી બતાવી શક્યું ન હતું. શ્રીમહાપ્રભુજીનું આ અસાધારણ કાર્ય છે. સેવામાર્ગ પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ છે. તેનું નામ નામ પુષ્ટિમાર્ગ છે.

પુષ્ટિમાર્ગમાં પરમાત્માનાં કોઈ વિભૂતિરૂપ સેવ્ય નથી. સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણ જ સેવ્ય છે. શ્રીગુસાંઈજીએ એમનાં ચરણને કમળની ઉપમા આપી. કમળ શીતળ, સુગંધી અને રસાત્મક હોવાથી સુખદ છે. વળી કમળ તાપાત્મક પણ છે. સૂર્યના પ્રકાશથી ખીલે છે. એવી રીતે ભગવાનનાં ચરણ પણ સુખદ અને તાપાત્મક છે. તે પોતાના નિજભક્તો માટે છે, બધા માટે નથી. આથી શ્રીમહાપ્રભુજી પોતાના નિજભક્તોને કૃતાર્થ કરવા માટે પોતે પ્રકટ થયા અને આ સેવામાર્ગ પણ પ્રકટ કર્યો.

શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલા આવા પુષ્ટિમાર્ગમાં જે જીવો સેવકો બનીને રહ્યા છે, જેમની વાણી, મન અને કાયા પ્રભુ સાથે જોડાયેલાં છે, એવા ભક્તો જે કોઈ વસ્તુ, શાસ્ત્રની રીતે કે તે વિના કોઈપણ રીતે, કોઈપણ દેશમાં–કોઈપણ સ્થળે પ્રભુને સમર્પણ કરવાની ઇચ્છા કરે તો, શ્રીગોપીજનવલ્લભ સ્વયં પ્રસન્નતાથી તે આરોગે છે–અંગીકાર કરે છે. **'ગોપીકેશઃ'** શબ્દથી એમ સૂચવ્યું કે પુષ્ટિમાર્ગમાં પ્રભુ શ્રીસ્વામિનીજી સાથે સેવ્ય છે. આથી પ્રભુ સર્વલીલા પરિકર સહિત આરોગે છે. પ્રભુના શ્રીમુખના અધિષ્ઠાતા શ્રીમહાપ્રભુજી છે. તેથી **"સ્વવદનકમલે"** દ્વારા એમ સમજાય છે કે, પ્રભુની સાથે શ્રીમહાપ્રભુજી પણ આરોગે છે.

**"અદ્ધા"** પદથી એમ સૂચવ્યું કે બીજા માર્ગોની પેઠે પ્રભુ બ્રાહ્મણમુખ દ્વારા કે યજ્ઞના અગ્નિ દ્વારા કે દૃષ્ટિ દ્વારા કે ભાવના દ્વારા અંગીકાર નથી કરતા, પણ સાક્ષાત્ આરોગે છે. **"ચારુહાસે"** દ્વારા એમ સમજાવ્યું કે આપ કેવળ ભક્તના સંતોષ માટે નથી આરોગતા, પણ અતિ રુચિપૂર્વક આરોગે છે, તેથી તે આરોગતાં આપના મુખ પર હાસ્ય પ્રકટ થાય છે.



આ શ્લોકમાં **"શ્રાહુતાશ"** પદથી શ્રીમહાપ્રભુજીને સંબોધન કર્યું. તેના દ્વારા પુષ્ટિમાર્ગ પ્રકટ કરવાનું શ્રીમહાપ્રભુજીનું સામર્થ્ય બતાવ્યું. **"મન્યે"** પદ દ્વારા શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં અને સામર્થ્યમાં વિશ્વાસ વ્યક્ત કરે છે.

શ્રીપુરુષોત્તમજીએ વિશેષમાં આજ્ઞા કરી – શ્રીમહાપ્રભુજીએ સેવામાર્ગ **"નિજકૃતે"** એટલે સ્વસંતોષાર્થે પ્રકટ કર્યો. પોતાના અંગીકૃત જીવોને ભગવત્ સ્વરૂપમાં વિશ્વાસ દૃઢ થાય અને તેનાથી કૃતાર્થ થયાનું તેમને જ્ઞાન થાય અને તેનો આનંદ થાય, એ શ્રીમહાપ્રભુજીનો પોતાનો સંતોષ છે. સ્વાર્થ માટે તો બધા પ્રવૃત્તિ કરે, પણ શ્રીમહાપ્રભુજીએ તો પરમાર્થને જ સ્વાર્થ ગણ્યો છે.

શ્રીઠાકોરજીની સાથે એમના મુખારવિંદસ્વરૂપે શ્રીમહાપ્રભુજી પણ ભોગ અંગીકાર કરે છે. આ પ્રકારથી શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજીનો અભેદ સમજાય છે.

શ્રીરઘુનાથજી આજ્ઞા કરે છે–**'શ્રીહુતાશ'** પદથી શ્રીમહાપ્રભુજીનું યજ્ઞભોક્તા સ્વરૂપ સમજાય છે. **'યત્કિમપિ'** એટલે પત્ર, પુષ્પ, ફળ જળ આદિ જે કંઈ અંગીકાર કરાવે તે પ્રભુ આરોગે છે. **'કથમપિ'**–આ સામગ્રી કદાચ અતિ શુદ્ધતાપૂર્ણ ન હોય અથવા શુદ્ધતાના નિયમોપૂર્વક અંગીકાર ન કરાવી હોય તો પણ પ્રભુ તેનો અંગીકાર કરે છે.

અનામી ટીકાકારના મતે **'યત્કિમપિ'** એટલે કદાચ ઉત્તમ ન હોય એવી સામગ્રી પણ પ્રભુ અંગીકાર કરે છે. **'કથમપિ'**–પ્રભુનું દાસત્વ સ્વીકારીને, ભાવાત્મક સ્વરૂપે અંગીકાર કરાવવામાં આવે તો પ્રભુ અંગીકાર કરે છે. **'ક્વાપિ'** એટલે વૃંદાવનમાં કે ભક્તના પોતાના ઘેર પ્રભુ સમાન રૂપે અંગીકાર કરે છે. **'ઉપાહૃતમ્'** પૂરેપૂરા સમર્પણની ભાવનાપૂર્વક આરોગાવેલી સામગ્રી પ્રભુ આરોગે છે. શ્રીઠાકોરજી જે કંઈ આરોગે છે તે, શ્રીસ્વામિનીજીના સંબંધથી જ આરોગે છે.

આ પ્રકારે સેવામાર્ગ બતાવીને, શ્રીમહાપ્રભુજીએ ભક્તો પર કૃપા કરી તે જ શ્રીમહાપ્રભુજીનું વીર્ય–કીર્તિસ્વરૂપ છે.

**શ્લોક ૫**

ઉષ્ણત્વૈકસ્વભાવોઽપ્યતિશિશિરવચઃ પુંજપીયૂષવૃષ્ટી –
ર્રાર્તેષ્વત્યુગ્રમોહાસુરનૃષુ યુગપત્તાપમપ્યત્ર કુર્વન્ ।
સ્વસ્મિન્કૃષ્ણાસ્યતાં ત્વં પ્રકટયસિ ચ નો ભૂતદેવત્વમેતત્
યસ્માદાનંદદં શ્રીવ્રજજનનિચયે નાશકં ચાસુરાગ્નેઃ ॥ ૫ ॥

**શબ્દાર્થ :**

**ઉષ્ણત્વૈકસ્વભાવ** = સ્વભાવ અતિશય ઉષ્ણ; **અપિ** = પણ, **અતિશિશિરવચઃ** = અતિ શીતળ વચન; **પુંજપીયૂષવૃષ્ટિઃ** = અમૃતના પુંજની વૃષ્ટિ; **આર્તેષુ** = વિરહથી પિડાયેલાઓ ઉપર; **અત્યુગ્રમોહાસુરનૃષુ** = અતિશય માયાથી મોહ પામેલા આસુરી જનો પર; **યુગપત્** = એક જ સમયે; **તાપમ્** = તાપ; **અપિ** = પણ; **અત્ર** = અહીં; **કુર્વન્** = કરતાં; **સ્વસ્મિન્** = આપમાં; **કૃષ્ણાસ્યતામ્** = કૃષ્ણનું મુખારવિંદપણું; **ત્વમ્** તમે (આપ), **પ્રકટયસિ** = પ્રકટ કરો છો; **ચ** = અને; **નો** = નથી; **ભૂતદેવત્વ** = મહાદેવનું પ્રાકૃત અગ્નિત્વ; **એતત્** = એ; **યસ્માત્** = કારણકે; **આનંદદમ્** = આનંદ આપવો તે; **શ્રીવ્રજજનનિચયે** = શ્રીવ્રજજનોના સમૂહમાં; **નાશકમ્** = નાશ કરનાર; **ચ** = અને; **આસુરાગ્નેઃ** = આસુરી અગ્નિનો (૫)

**શ્લોકાર્થ :**

(શ્રીમહાપ્રભુજી અલૌકિક અગ્નિસ્વરૂપ હોવાથી) આપનો સ્વભાવ અતિશય ઉષ્ણ છે, છતાં પણ વિરહતાપથી પિડાયેલાઓ ઉપર આપ અતિ શીતળ વચનો દ્વારા અમૃતના પુંજની વૃષ્ટિ કરનારા છે. તે જ સમયે (એકી વખતે) અતિશય માયાથી મોહ પામેલા આસુરી જનોને આપ તાપ આપો છો. આ રીતે આપ આપનું શ્રીકૃષ્ણનું મુખારવિંદપણું પ્રકટ કરો છો. તથા આપનામાં રુદ્ર (મહાદેવ)નું પ્રાકૃત અગ્નિત્વ નથી એમ બતાવો છો. કારણકે આપનું અલૌકિક અગ્નિત્વ વ્રજભકતોના સમૂહને આનંદ આપે છે અને આસુરી અગ્નિનો નાશ કરે છે. (૫)

**વિવરણ :**

શ્રીગોકુલનાથજી આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજી 'શ્રીહુતાશ' – અગ્નિ સ્વરૂપ છે એમ કહ્યું. શાસ્ત્રોના મતે રુદ્ર–મહાદેવમાં પણ અગ્નિત્વ



છે. રુદ્રના અગ્નિત્વ કરતાં શ્રીમહાપ્રભુજીનું અગ્નિત્વ વિલક્ષણ છે એમ આ શ્લોકમાં શ્રીગુસાંઈજી સમજાવે છે.

શ્રીરઘુનાથજીના મતે આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીનું વિરુદ્ધધર્માશ્રય સ્વરૂપ સમજાવ્યું છે.

અનામી ટીકાકારના મતે આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીના ત્રીજા દિવ્ય ધર્મ – યશનું નિરૂપણ છે.

શાસ્ત્રોના બતાવ્યા પ્રમાણે મહાદેવ – રુદ્રમાં અગ્નિત્વ છે. પરંતુ તે અગ્નિત્વ પ્રાકૃત છે, આસુરી છે, માયાવાદ રૂપી પાખંડ રૂપ છે. જ્યારે શ્રીમહાપ્રભુજીનું અગ્નિત્વ અલૌકિક છે. રુદ્રના અગ્નિત્વથી શ્રીમહાપ્રભુજીનું અગ્નિત્વ જુદા જ પ્રકારનું છે. શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજીના મુખારવિંદ સ્વરૂપ છે. મુખારવિંદ એટલે અલૌકિક અગ્નિત્વ, અલૌકિક અગ્નિમાં અગ્નિની ઉષ્ણતા અને અમૃતની શીતળતા બંને એક સાથે રહેલાં હોય છે.

શ્રીમહાપ્રભુજીના અલૌકિક અગ્નિત્વમાં બે તત્ત્વો છે (૧) આસુરી મતો અને આસુરી જનોને બાળવાની ક્ષમતા અને (૨) પ્રભુના વિરહતાપની આર્તિની ઉષ્ણતા. આથી શ્રીમહાપ્રભુજી શરણસ્થ જીવોને વિરહતાપની આર્તિનું દાન કરે છે – ભકતોમાં વિરહતાપ ઉત્પન્ન કરે છે. સાથે સાથે અતિ વિરહતાપથી પીડિત ભકતોને શીતળ વચનો રૂપી અમૃતનો ધોધ વહેવડાવી સ્વસ્થ રાખે છે. આ બંને બાબતો વિરુદ્ધ છે. કોઈ મનુષ્યમાં એકી સમયે આ બે તત્ત્વો એક સાથે ન સંભવે. આવા વિરોધી ધર્મો જેમ પ્રભુમાં છે, તેમ શ્રીમહાપ્રભુજીમાં છે. રુદ્રના અગ્નિત્વમાં આવા વિરોધી ધર્મો નથી. વિરુદ્ધધર્માશ્રયત્વ અલૌકિક છે, તેથી શ્રીમહાપ્રભુજીનું અગ્નિત્વ અલૌકિક – અપ્રાકૃત છે, જ્યારે રુદ્રનું અગ્નિત્વ લૌકિક–પ્રાકૃત છે.

શ્રીમહાપ્રભુજીની વાણીમાં પણ અલૌકિક વિરુદ્ધધર્માશ્રયત્વ છે. આપની વાણી વિરહતાપથી પીડિત ભકતોને શીતળ બનાવે છે. આપના વચનો ભકતોને અતિ શીતળ લાગે છે. તેમના તાપનું હરણ કરે છે. અમૃતરૂપ હોવાથી ભકતોને દિવ્ય જીવન આપે છે – તનુનવત્વ આપે છે. એ જ વાણીનું શ્રવણ અતિશય સાંસારિક મોહમાં ફસાયેલા જીવોને

દઝાડે છે. આવી રીતે એક જ સમયે આપની વાણીના બે વિરુદ્ધ ધર્મો પ્રકટ થાય છે (૧) ભક્તોના તાપની નિવૃત્તિ અને (૨) આસુરી જીવોમાં તાપની પ્રવૃત્તિ. આવો વિરુદ્ધ ધર્મ રુદ્રમાં નથી.

આથી સિદ્ધ થાય કે શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણના મુખારવિંદનું પ્રાકટ્ય છે. રુદ્રનું પ્રાકટ્ય નથી, રુદ્રમાં આસુરી જનોના તાપ નિવૃત્તિ કરવાની શક્તિ છે, પણ તેમના પર અમૃતની વૃષ્ટિ કરવાની શક્તિ નથી. શ્રીમહાપ્રભુજી પ્રભુના મુખરૂપ હોવાથી વ્રજભક્તોના તાપ દૂર કરે છે અને આનંદનું દાન કરે છે. શ્રીમહાપ્રભુજી આસુરી મતોને પણ પોતાના અગ્નિત્વથી ભસ્મ કરે છે માટે આપે માયાવાદનું પૃથ્વી પર ખંડન કર્યું અને બધા માયાવાદીઓને હરાવ્યા.

અનામી ટીકાકારના મતે વિપ્રયોગભાવાત્મક સ્વરૂપને કારણે શ્રીમહાપ્રભુજીનો તાપાત્મક સ્વભાવ છે. છતાં વિપ્રયોગના અનુભવ સમયે પણ જે ભાવાત્મક દાસીભાવવાળા ભક્તો પ્રભુનાં દર્શનના વિરહથી દુઃખી બનીને આપની પાસે આવે છે, તેમને આપ પ્રભુના મિલન માટેનાં શીતળ વચનો રૂપી અમૃતથી સ્વસ્થ કરે છે, જે મુખારવિંદથી શ્રીકૃષ્ણે વ્રજજનોને આનંદનું દાન કર્યું અને દાવાગ્નિનું પાન કર્યું એ જ મુખારવિંદ શ્રીમહાપ્રભુજી સ્વરૂપે પ્રકટ થયું છે.

પ્રભુ અને શ્રીમહાપ્રભુજી ભક્તોને આનંદનું દાન કરનારા અને અન્યોને તાપ આપનારા છે. એમનો આ ગુણ યશ ધર્મનું સ્વરૂપ છે. શ્રીમહાપ્રભુજીનો આ વિરુદ્ધધર્માશ્રય એમના યશનું કારણ છે.

**શ્લોક ૬ :**

આમ્નાયોક્તં યદંભોભવનમનલતસ્તચ્ચ સત્યં વિભો યત્
સર્ગાદૌ ભૂતરૂપાદભવદનલતઃ પુષ્કરં ભૂતરૂપમ્ ।
આનંદૈકસ્વરૂપાત્ત્વદધિભુયદભૂત્કૃષ્ણસેવારસાબ્ધિ
શ્ચાનંદૈકસ્વરૂપસ્તદખિલમુચિતં હેતુસામ્યં હિ કાર્યે ॥ ૬ ॥

**શબ્દાર્થ :**

**આમ્નાયોક્તમ્** = વેદમાં કહ્યું છે; **યત્** = કે; **અંભોભવનમ્** = જળ ઉત્પન્ન થયું; **અનલતઃ** = અગ્નિમાંથી; **તત્** = તે; **ચ** = અને; **સત્યમ્** = સત્ય છે; **વિભો** = હે વિભુ (પ્રભુ); **યત્** = કારણ કે; **સર્ગાદૌ** = સૃષ્ટિના આરંભમાં; **ભૂતરૂપાત્** = ભૂતરૂપમાંથી; **અભવત્** = થયાં; **અનલતઃ** = અગ્નિમાંથી; **પુષ્કરમ્** = જલ; **ભૂતરૂપમ્** = ભૂતરૂપ; **આનંદૈકસ્વરૂપાત્** = કેવળ એક આનંદ સ્વરૂપમાંથી; **ત્વત્** = આપના; **અધિભુ** = પૃથ્વી પર; **યત્** = જે; **અભૂત્** = પ્રકટ થયો; **કૃષ્ણસેવારસાબ્ધિ** = કૃષ્ણની સેવાનો રસસાગર; **આનંદૈક સ્વરૂપઃ** = કેવળ આનંદ સ્વરૂપ; **તત્** = તે; **અખિલમ્** = બધું; **ઉચિતમ્** = યોગ્ય છે; **હેતુસામ્યં** = કારણોમાં સમાનતા; **હિ** = જ; **કાર્યે** = કાર્યમાં. (૬)



**શ્લોકાર્થ :**

હે વિભુ, વેદમાં કહ્યું છે કે અગ્નિથી જળ ઉત્પન્ન થયું તે સત્ય છે. પૃથ્વી પર પ્રાણી સૃષ્ટિની ઉત્પત્તિની શરૂઆતમાં ભૂતરૂપ–જડ અગ્નિમાંથી ભૂતરૂપ–જડ પાણી ઉત્પન્ન થયું. એવી રીતે આપના કેવળ આનંદમય સ્વરૂપમાંથી આ પૃથ્વીપર સદાનંદ શ્રીકૃષ્ણની સેવા રૂપી રસસાગર પ્રકટ થયો તે યોગ્ય જ છે. તેમાં કાર્ય અને કારણના એકરૂપથી સમાનતા છે. (૬)

**વિવરણ :**

શ્રીગોકુલનાથજી આજ્ઞા કરે છે કે આ શ્લોકમાં શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીનું અલૌકિક આનંદપણું સિદ્ધ કરે છે.

શ્રીપુરુષોત્તમજી આજ્ઞા કરે છે કે આગળના શ્લોકમાં બતાવ્યું કે શ્રીમહાપ્રભુજી એક સમયે ભક્તોના સાંસારિક તાપોની નિવૃત્તિ કરે છે અને આસુરી જીવોને તપાવે છે. એમ જાણવાથી આપનું જ્ઞાનાત્મક રૂપ સમજાય છે. પરંતુ સેવામાર્ગના પ્રાકટ્યનો હેતુ આનંદમયતા સિદ્ધ કરવાનો છે એમ આ શ્લોકથી સમજાવે છે.

શ્રીરઘુનાથજીના મતે શ્રીવલ્લભાગ્નિ અલૌકિક અને અપ્રાકૃત છે તેમ આ શ્લોકમાં બતાવ્યું છે.

અનામી ટીકાકારના મતે શ્રીમહાપ્રભુજીનો ચોથો દિવ્ય ધર્મ–શ્રીધર્મ શ્લોકમાં પ્રકટ થયો છે.

વેદમાં સૃષ્ટિની ઉત્પત્તિનો પ્રકાર બતાવ્યો છે. સૃષ્ટિ બે પ્રકારની–જડ અને ચેતન. બંને પ્રકારની સૃષ્ટિ પરમાત્મામાંથી પ્રકટ થઈ. તેમાં જડ સૃષ્ટિ પંચમહાભૂત તત્ત્વોની બનેલી છે. આ પાંચ જડ તત્ત્વો પરમાત્મામાંથી

કેવી રીતે પ્રકટ થયાં તે વેદમાં સમજાવ્યું છે. પરમાત્મામાંથી આકાશ પ્રકટ થયું. આકાશમાંથી વાયુ પ્રકટ થયો. વાયુમાંથી અગ્નિ પ્રકટ થયો. અગ્નિમાંથી જળ થયું. આ પ્રમાણે ભૌતિક પદાર્થોનો ઉત્પત્તિક્રમ છે. ભૌતિક અગ્નિમાંથી જળ ઉત્પન્ન થવાથી જળ પણ ભૌતિક છે. કાર્ય અને કારણની જાતિ એક જ હોય છે.

આ જ નિયમ પ્રમાણે શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ પણ સમજાય છે. શ્રીમહાપ્રભુજી પ્રભુના મુખસ્વરૂપ છે. પ્રભુનું મુખ અલૌકિક અગ્નિસ્વરૂપ છે. તેથી શ્રીમહાપ્રભુજી અલૌકિક અગ્નિસ્વરૂપ છે. પ્રભુનું મુખ આનંદરૂપ છે, તેથી અલૌકિક અગ્નિસ્વરૂપ શ્રીમહાપ્રભુજી આનંદરૂપ છે. આપે સેવારસસાગર પ્રકટ કર્યો. આપ આનંદમય હોવાથી, સેવારસસાગર પણ આનંદમય છે. અલૌકિક અગ્નિમાંથી અલૌકિક રસસાગર પ્રકટ થયો. સેવારસસાગર આપનું કાર્ય છે. તે પ્રકટ કરવાના કારણરૂપ આપ છે. સેવારસસાગર આનંદમય છે, કારણ શ્રીમહાપ્રભુજી આનંદમય છે. કાર્ય અને કારણની એકરૂપતા સિદ્ધ થાય છે. કાર્ય આનંદસાગર હોય તો કારણ પણ આનંદસાગર જ હોય.

શ્રીપુરુષોત્તમજી વિશેષમાં આજ્ઞા કરે છે કે શ્રીકૃષ્ણાવતારમાં શ્રીકૃષ્ણે વેણુનાદ દ્વારા જેમ રસમાર્ગ પ્રકટ કર્યો અને વ્રજભક્તોને એ માર્ગ દ્વારા પોતાનો આનંદનો અનુભવ કરાવ્યો તેમ શ્રીમહાપ્રભુજીએ પૃથ્વી પર સેવામાર્ગના ભક્તોને ઉપદેશ આપ્યો અને તેમના અધિકાર પ્રમાણે તેમને સેવારસના આનંદનો અનુભવ કરાવ્યો છે.

શ્રીરઘુનાથજી આજ્ઞા કરે છે કે આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીને 'વિભો' શબ્દથી સંબોધન કર્યું, કારણ વિભુ એટલે સર્વસમર્થ. જેમ પ્રભુ સર્વ કરવા સમર્થ છે, તેમ શ્રીમહાપ્રભુજી પણ સર્વસમર્થ છે. પ્રભુએ જેમ સૃષ્ટિ પ્રકટ કરી, તેમ શ્રીમહાપ્રભુજીએ પણ પૃથ્વી પર નિત્યલીલાની અલૌકિક સેવાસૃષ્ટિ પ્રકટ કરી. જેમ સોનામાંથી બનેલા કુંડળમાં સોનું જ હોય, તેમ આનંદરૂપ શ્રીમહાપ્રભુજીએ કરેલી સેવા આનંદરૂપ છે.

અનામી ટીકાકાર સમજાવે છે કે તાપાત્મક પ્રભુની પ્રાપ્તિ માટેના તાપભાવમાં સ્વસ્થતા રહે એ માટે આનંદાત્મક સેવામાર્ગ શ્રીમહાપ્રભુજીએ પ્રગટ કર્યો. આનંદમય પ્રભુનું સેવામાર્ગ દ્વારા સેવન લક્ષ્મીરૂપા



ગોપીજનોના ભાવથી કરવાનું છે. સેવામાર્ગ દ્વારા શ્રીમહાપ્રભુજીએ ગોપીજનોના ભાવની 'શ્રી' રૂપતા પ્રકટ કરી, તે આપનો દિવ્ય 'શ્રી' ધર્મ છે.

**શ્લોક ૭ :**

સ્વામિન્ શ્રીવલ્લભાગ્ને ક્ષણમપિ ભવતઃ સન્નિધાને કૃપાતઃ
પ્રાણપ્રેષ્ઠવ્રજાધીશ્વરવદનદિદૃક્ષાર્તિતાપો જનેષુ ।
યત્પ્રાદુર્ભાવમાપ્નોત્યુચિતતરમિદં યત્તુ પશ્ચાદપીત્થં
દૃષ્ટેઽપ્યસ્મિન્મુખેન્દૌ પ્રચુરતરમુદેત્યેવ તચ્ચિત્રમેતત્ ॥ ૭ ॥

**શબ્દાર્થ :**

**સ્વામિન્** = હે સ્વામી; **શ્રીવલ્લભાગ્ને** = હે અગ્નિસ્વરૂપ શ્રીવલ્લભ; **ક્ષણમ્** = એક ક્ષણ; **અપિ** = પણ; **ભવતઃ** = આપનું; **સન્નિધાને** = સાન્નિધ્ય; **કૃપાતઃ** = કૃપાથી; **પ્રાણપ્રેષ્ઠ** = પ્રાણપ્રિય; **વ્રજાધીશ્વરવદન** = શ્રીવ્રજપતિનું વદન; **દિદૃક્ષાર્તિતાપઃ** = નીરખવાની આર્તિનો તાપ; **જનેષુ** = જનોમાં; **યત્** = જે; **પ્રાદુર્ભાવમ્** = પ્રકટ; **આપ્નોતિ** = કરે છે; **ઉચિતતરમ્** = અતિશય યોગ્ય; **ઇદમ્** = આ; **યત્** = જે; **તુ** = તો; **પશ્ચાત્** = પછીથી; **અપિ** = પણ; **ઇત્થં** = એવી જ રીતે; **દૃષ્ટે** = નિરખ્યા પછી; **અપિ** = પણ; **અસ્મિન્** = આ; **મુખેન્દૌ** = મુખચંદ્ર; **પ્રચુરતરમ્** = અત્યંત પ્રચુર; **ઉદેતિ** = પ્રકટે છે, **એવ** = જ; **તત્** = તે; **ચિત્રમ્** = નવાઈ પમાડે એવું; **એતત્** = આ. (૭)

**શ્લોકાર્થ :**

હે અગ્નિસ્વરૂપ શ્રીવલ્લભસ્વામી ! એક ક્ષણ પણ આપનું સાન્નિધ્ય મળે તો, આપની કૃપાથી પ્રાણપ્રિય શ્રીવ્રજપતિનું વદન નિરખવાની આર્તિનો તાપ મનુષ્યમાં પ્રકટ થાય છે, તે તો અતિશય યોગ્ય જ છે. પછીથી (આપનું સાન્નિધ્ય ન હોય ત્યારે) – એ મુખચંદ્ર નીરખ્યા બાદ પણ એનાં દર્શન માટેનો તાપ અત્યંત પ્રચુર પ્રમાણમાં વધે છે. એ બાબત અત્યંત આશ્ચર્ય પમાડે તેવી છે. (૭)

**વિવરણ :**

શ્રીગોકુલનાથજી આજ્ઞા કરે છે કે આગળના શ્લોકમાં લૌકિક અગ્નિથી અલૌકિક અગ્નિની વિલક્ષણતા સમજાવી. હવે આ શ્લોકમાં એ અલૌકિક અગ્નિની વિશિષ્ટતા સમજાવે છે.

શ્રીપુરુષોત્તમજી આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજી આનંદ સ્વરૂપ છે, પણ જગતમાં આનંદના વિવિધ પ્રકાર – ભાવ જાણવા મળે છે, તો શ્રીમહાપ્રભુજીનું આનંદસ્વરૂપ કેવા પ્રકારનું છે તે આ શ્લોકમાં સમજાવ્યું છે.

અનામી ટીકાકારના મતે આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીના પાંચમાં દિવ્ય વૈરાગ્યનું નિરૂપણ છે.

હે અગ્નિસ્વરૂપ, શ્રીવલ્લભાધીશ, આપની સમીપમાં એક ક્ષણ પણ રહેવાનું મળે તો, આપના સામીપ્ય માત્રથી, આપની કૃપાથી શ્રીવ્રજપતિપ્રભુનું વદન નિરખવાની ઇચ્છા જાગૃત થાય છે. તેને લઈને વિપ્રયોગાત્મક તાપ પ્રકટે છે.

જેમ લૌકિક અગ્નિની સમીપતાથી તાપનો અનુભવ થાય, તેમ આપના અલૌકિક અગ્નિની સમીપતાથી વિરહતાપ થાય છે. તે સર્વથા યોગ્ય છે.

લૌકિક અગ્નિમાં નથી એવી એક વિશેષતા આપના અલૌકિક અગ્નિત્વમાં છે. લૌકિક અગ્નિથી દૂર ગયા પછી તેના તાપનો અનુભવ થતો નથી, જ્યારે શ્રીમહાપ્રભુજીનું સાન્નિધ્ય મળ્યા, પછી આપનાથી દૂર જવાનું થાય, ત્યારે પણ એ જ વિરહતાપનો અનુભવ થાય છે જે આપના સાન્નિધ્યમાં થતો હતો. આ એક આશ્ચર્ય છે.

વિશેષ આશ્ચર્ય એ છે કે આપની કૃપાથી શ્રીવ્રજપતિનાં દર્શન કરતાં પણ, દર્શનનો તાપ પ્રકટ અનુભવાય છે. લૌકિક ચંદ્ર તો દર્શન દ્વારા તાપને હરી લે છે, જ્યારે આપના અલૌકિક મુખચંદ્રનાં દર્શનથી તો ઉત્કટ તાપ પ્રકટે છે. આપના વદનચંદ્રનો સુધારસ ભક્તોના લૌકિક તાપનો નાશ કરે છે અને એમાં બિરાજમાન આનંદમય અગ્નિત્વ આનંદાત્મક રસરૂપ વિપ્રયોગતાપ પ્રગટ કરે છે. આ અલૌકિક ધર્મ કેવળ આપનામાં જ છે, અન્ય કોઈમાં નથી. આપ શ્રીયુગલસ્વરૂપના વિપ્રયોગભાવનું સ્વરૂપ હોવાથી, એકક્ષણમાત્રના આપના દર્શનથી ભક્તોમાં વિપ્રયોગાત્મક આનંદનું દાન કરવા સમર્થ છો.

શ્રીપુરુષોત્તમજી વિશેષ પ્રકાશ પાડતાં આજ્ઞા કરે છે કે શ્રીગુસાંઈજીએ આ શ્લોકમાં ત્રણ શબ્દથી સંબોધન કર્યું છે. (૧) સ્વામિન્ (૨) શ્રીવલ્લભ (૩) અગ્ને. તેના બે હેતુ છે કૃપા પ્રાપ્ત કરવાની યોગ્યતા મેળવવાનો



અને દીનતા વ્યકત કરવાનો. સંસ્કૃત કોશ પ્રમાણે 'સ્વામી' શબ્દનો અર્થ છે ઈશ્વર. ઈશ્વર એટલે સર્વસમર્થ. તેમની કૃપા થાય તો જ જે સ્વરૂપની અપેક્ષા છે તે સમજાય, બાકી શાસ્ત્રોમાં પ્રમાણબળથી તે સમજાય તેમ નથી. બીજું સંબોધન શ્રીવલ્લભ નામનો ભગવાન સાથેનો અભેદ બતાવે છે, જે એમ સૂચવે છે કે જે સામર્થ્ય પ્રભુમાં છે, તે જ સામર્થ્ય શ્રીમહાપ્રભુજીમાં છે. ત્રીજું સંબોધન સ્વરૂપબોધ કરાવે છે. શ્રીવલ્લભ અગ્નિસ્વરૂપ છે. આથી શ્રીમહાપ્રભુજી કૃપાપૂર્વક ભગવત્-સાન્નિધ્ય કરાવવાના હેતુથી ભગવદ્દર્શનના તાપરૂપી કાર્ય કરે છે જે આપના સ્વરૂપને અતિ ઉચિત છે. ચંદ્રમાં જલપ્રકૃતિ છે, તેથી શીતળતા આપી, તાપ કરે છે. તેમ શ્રીમહાપ્રભુજીના વદનચંદ્રમાં અલૌકિક સુધારસ રૂપી અલૌકિક જળપ્રકૃતિ છે, તેથી તાપભાવવાળા ભક્તોને શીતળતા આપે છે અને સાથે તેમના તાપભાવ વધારે છે.

શ્રી રઘુનાથજી આજ્ઞા કરે છે ભગવદ્દર્શનની ચિંતા ફળરૂપા હોવાથી, ભગવદીયો માટે ઉચિત છે. વ્રજ સિવાયનાં સ્થાનોમાં ભગવદ્દર્શનની સમયમર્યાદા અતિ મર્યાદિત હોય છે. વ્રજવાસીઓ ભગવાનમાં પૂર્ણરીતે નિરોધ પામેલા હોવાથી તેમને તો દરરોજ દર્શનનો લાભ મળે છે. દિવસભર દર્શન થવાથી રાત્રિએ વિરહનો તેઓ ઉત્કટ અનુભવ કરે છે, પરંતુ પૃથ્વી પર તો શ્રીમહાપ્રભુજીના સેવકોને શ્રીમહાપ્રભુજીના સંબંધ-માત્રથી આવી સ્થિતિ થાય છે તેનું વિશેષ આશ્ચર્ય છે.

અનામી ટીકાકાર સમજાવે છે કે પૃથ્વી પરના મનુષ્યો જન્માદિના અનેક કલેશોવાળો હોવા છતાં, શ્રીમહાપ્રભુજીની સન્મુખ આવતાં જ તેમનામાં ભગવદ્દર્શનનો તાપભાવ જાગે છે. શ્રી એટલે શ્રીસ્વામિનીજી અને વલ્લભ એટલે શ્રીમહાપ્રભુજી. બંને સ્વરૂપ તાપાત્મક અગ્નિસ્વરૂપ છે. તેમના સાન્નિધ્યમાં જ્યારે જીવ પોતાનું સમર્પણ પ્રભુને કરે છે – બ્રહ્મસંબંધ થાય છે. ત્યારે પ્રભુના સ્મરણથી તેનામાં અધિક તાપભાવ પ્રગટે છે. શ્રીવ્રજપતિના નામનું જ્ઞાન સુલભ છે, પણ દર્શન દુર્લભ છે. તે જાણીને જીવને અધિક તાપ થાય છે. આમ થવાનું કારણ એ છે કે શ્રીમહાપ્રભુજીની અલૌકિક દાન આપવાની ઈચ્છા છે. જેમ જેમ શ્રીમહાપ્રભુજીનાં દર્શન થતાં જાય, તેમ તેમ લૌકિક સંબંધ કપાતા જાય, લૌકિક રાગ નાશ પામે. ભગવદ્ભાવ વધે, તેમ તેમ તાપભાવ વધે. અલૌકિક તાપભાવ એ વૈરાગ્યધર્મ છે.

શ્લોક : ૮

અજ્ઞાનાદ્યંધકારપ્રશમનપટુતાખ્યાપનાય ત્રિલોકયા –
મગ્નિત્વં વર્ણિતં તે કવિભિરપિ સદા વસ્તુતઃ કૃષ્ણ એવ ।
પ્રાદુર્ભૂતો ભવાનિત્યનુભવનિગમાદ્યુક્તમાનૈરવેત્ય
ત્વાં શ્રીશ્રીવલ્લભેમે નિખિલબુધજના ગોકુલેશં ભજન્તે ॥ ૮ ॥

શબ્દાર્થ :

**અજ્ઞાનાદ્યંધકારપ્રશમન** = અજ્ઞાન રૂપી અંધકાર દૂર કરવામાં; **પટુતાખ્યાપનાય** = આપની ચતુરાઈ અતિ બળવાન હોવાથી; **ત્રિલોકયામ્** = ત્રણે લોકમાં; **અગ્નિત્વં** = અગ્નિપણું; **વર્ણિતં** = વર્ણવ્યું છે; **તે** = આપનું; **કવિભિઃ** = કવિઓએ; **અપિ** = પણ; **સદા** = હંમેશા; **વસ્તુતઃ** = ખરેખર; **કૃષ્ણ** = કૃષ્ણ; **એવ** = જ; **પ્રાદુર્ભૂતઃ** = પ્રકટ્યા છો; **ભવાન્** = આપ; **ઈતિ** = એવો; **અનુભવ** = અનુભવ; **નિગમાદ્યુક્તમાનૈઃ** = વેદ વગેરે વાણીથી; **અવેત્ય** = જાણીને; **ત્વાં** = આપને; **શ્રીશ્રીવલ્લભ** = હે સહજસુંદર શ્રીવલ્લભ; **ઇમે** = આ (શરણાગતો); **નિખિલબુધજનાઃ** = બધા દૈવી જીવો; **ગોકુલેશમ્** = શ્રીગોકુલેશ તરીકે; **ભજન્તે** = ભજે છે. (૮)

શ્લોકાર્થ :

આપની ચતુરાઈ અજ્ઞાન રૂપી અંધકાર દૂર કરવામાં અતિ બળવાન છે. તેથી કવિઓએ ત્રણે લોકમાં આપના અગ્નિત્વનું હમેશાં વર્ણન કર્યું છે. પણ વસ્તુતઃ આપ સાક્ષાત કૃષ્ણ જ પ્રકટ થયા છો એમ અનુભવથી અને વેદશાસ્ત્રો વગેરેથી જાણીને, હે સહજસુંદર શ્રીવલ્લભ, સૌ ભકતો આપને શ્રીગોકુલેશ સ્વરૂપે ભજે છે. (૮)

વિવરણ

શ્રીગોકુલનાથજી આજ્ઞા કરે છે કે આગળના શ્લોકમાં પ્રભુના મુખના અધિષ્ઠાતા અલૌકિક અગ્નિસ્વરૂપના ગુણોનું વર્ણન કર્યું છે. આ શ્લોકમાં અન્ય પ્રમાણોથી આપનું પૂર્ણપુરુષોત્તમપણું સિદ્ધ કરે છે.

શ્રીપુરુષોત્તમજી આજ્ઞા કરે છે કે શ્રીઠાકોરજીના મૂળ રૂપ અને શ્રીમહાપ્રભુજીના મૂળ રૂપમાં તથા શ્રીમહાપ્રભુજીના મૂળ રૂપ તથા



આપના અવતાર રૂપમાં અભેદ સમજાવી અખંડ બ્રહ્મવાદનો વાસ્તવિક અભેદનો સિદ્ધાંત સિદ્ધ કર્યો છે. શ્રીગુસાંઈજીએ પોતાના અનુભવની અભિવ્યકિત કરી છે.

શ્રીરઘુનાથજીના મતે આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીના વાસ્તવ રૂપનું પૂર્ણ નિરૂપણ છે.

અનામી ટીકાકારના મતે શ્રીમહાપ્રભુજી પોતાના સ્વરૂપમાં પુરુષોત્તમ સ્વરૂપનો અનુભવ કરાવે છે એ આપના છઠ્ઠા દિવ્ય ધર્મ જ્ઞાનનું આ શ્લોકમાં નિરૂપણ છે.

લૌકિક અગ્નિ ઘરનો અંધકાર દૂર કરે તેમ અલૌકિક અગ્નિ વિજાતીય અંધકાર દૂર કરે છે જે પ્રભુના સત્ય સ્વરૂપને સૂઝવા ન દે તે બધા વિજાતીય અંધકાર છે. જેમકે અજ્ઞાન, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, લૌકિક વિષયવાસના અને આસકિત વગેરે. આ વિજાતીય અંધકારો દૂર કરવામાં જે ચતુરાઈ અને સામર્થ્ય જોઈએ, તે આપનામાં છે. શબ્દરસિક કવિઓ પૂર્ણ જ્ઞાની છે. તેઓ શ્રીવલ્લભના અગ્નિનું વર્ણન કરે છે. ત્રણે લોકમાં શ્રીવલ્લભનું અલૌકિક અગ્નિત્વ પ્રસિદ્ધ છે.

આપ અલૌકિક પૂર્ણાનંદ છો. શ્રીકૃષ્ણ પણ પૂર્ણપુરુષોત્તમ હોવાથી અલૌકિક પૂર્ણાનંદ છે. માટે આપ વાસ્તવમાં શ્રીકૃષ્ણસ્વરૂપ – પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપ જ છો. આપનું આ સ્વરૂપ હોવાનાં બે પ્રકારનાં પ્રમાણો મળે છે (૧) પ્રત્યક્ષ પ્રમાણ (૨) આપ્તશબ્દપ્રમાણ.

શ્રીમહાપ્રભુજી કૃષ્ણસ્વરૂપ છે, એવો અનુભવ પ્રત્યક્ષ રીતે અનેક ભકતોને આ સમયમાં થયો છે, જેમાં ૮૪–૨૫૨ વૈષ્ણવો મુખ્ય છે. કૃષ્ણદાસ મેઘનને પણ આ અનુભવ હતો તેથી તેમણે તેમના વિદ્યાગુરુ સામે, સળગતા અંગારા હાથમાં સારો એવો સમય પકડી રાખ્યા અને સંકલ્પ કર્યો કે શ્રીમહાપ્રભુજી પૂર્ણપુરુષોત્તમ ન હોય તો આ અગ્નિ મને બાળજો. આ સાક્ષાત્ અનુભવનું એક પ્રમાણ છે.

નિગમ એટલે વેદ–તે આપ્તશબ્દપ્રમાણ છે. તે મુજબ પુરુષોત્તમ આનંદમય છે. અગ્નિ પુરુષોત્તમનું મુખ છે. તેથી પુરુષોત્તમ સ્વરૂપ અને પુરુષોત્તમમુખનો અભેદ છે. પુરુષોત્તમ સ્વરૂપ આનંદમય છે માટે પુરુષોત્તમ મુખ પણ આનંદમય છે. શ્રીમહાપ્રભુજી પુરુષોત્તમમુખ છે, માટે શ્રીમહાપ્રભુજી પુરુષોત્તમ શ્રીકૃષ્ણ છે.

મૂળ શ્લોકમાં 'નિગમ' પછી 'આદિ' શબ્દ છે. તેનાથી એમ સમજાય છે કે શ્રીમહાપ્રભુજીના મૂળ સ્વરૂપનો અનુભવ કરનારા ભકતોનાં અંતઃકરણનો પણ આ જ અનુભવ છે.

આ બધાં પ્રમાણોનો સારી રીતે વિચાર કરીને અને જાતે અનુભવીને બુદ્ધિમાન ભકતો શ્રીવલ્લભને શ્રીગોકુલેશ સ્વરૂપે ભજે છે.

અહીં 'વલ્લભ' નામ પૂર્વે 'શ્રી' શબ્દ બે વખત વાપર્યો છે, કારણ 'શ્રી' એટલે શ્રીસ્વામિનીજી. પરમાનંદનું દાન કરનારી આ દિવ્ય શક્તિ શ્રીવલ્લભ સ્વરૂપમાં છે. પરમાનંદનું દાન યુગલ સ્વરૂપમાં છે. એટલે વલ્લભમાં યુગલસ્વરૂપ છે એમ પણ બે વખત 'શ્રી' શબ્દના ઉપયોગથી સૂચવ્યું છે. વળી વલ્લભ યુગલસ્વરૂપના પ્રિય સાક્ષીસ્વરૂપ છે એમ પણ સમજાય છે. આમ આપશ્રીમાં પૂર્ણપુરુષોત્તમત્વ સિદ્ધ થાય છે.

શ્રીપુરુષોત્તમજી વિશેષમાં આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજીના પૃથ્વી પરના પ્રાકટ્ય દ્વારા ચાર પ્રતિજ્ઞાઓ સિદ્ધ થઈ (૧) આપનું મૂળ સ્વરૂપ કૃષ્ણસ્વરૂપ છે. બંને સ્વરૂપો એક જ છે. શ્રીમહાપ્રભુજીનું ચંપારણ્યમાં પ્રાકટ્ય થયું, તે જ ક્ષણે શ્રીગિરિરાજજીમાં શ્રીનાથજીબાવાના મુખારવિંદનાં દર્શન થયાં. (૨) આપે પૃથ્વી પર અવતાર લેતાં, ભકતો સિવાયના જીવોથી પોતાના મૂળ સ્વરૂપને ગુપ્ત રાખ્યું – કૃષ્ણદાસ મેઘનના વિદ્યા ગુરુ તથા દામોદરદાસ હરસાનીજીના ભાઈઓને અલૌકિક સ્વરૂપનાં દર્શન ન કરાવ્યાં. (૩) આપે દૈવીજીવોનો ઉદ્ધાર કરી તેમને અલૌકિક ભાવનું દાન બ્રહ્મસંબંધ દ્વારા કર્યું (૪) આપનું અવતારરૂપ પુષ્ટિજીવોની શરણાગતિને સર્વાત્મભાવ સુધી પહોંચાડવા માટે છે.

આ ચારે બાબતો આપ કરી શકયા, કારણ આપ પૂર્ણ પુરુષોત્તમ જ છે. એનો નિશ્ચય ભકતોને અનેક પ્રમાણોથી થઈ ચૂકયો છે.

શ્રીરઘુનાથજી આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજી કૃષ્ણસ્વરૂપ છે એવું જાણીને કે જાણ્યા વગર જે શ્રીમહાપ્રભુજીને ભજે છે, તે શ્રીગોકુલેશને જ ભજે છે.

અનાસી ટીકાકાર આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજી પુરુષોત્તમસ્વરૂપ છે એવી પોતાના સ્વરૂપજ્ઞાનની સ્ફૂર્તિ આપ જ ભકતોને કરાવે છે. એ આપનો દિવ્ય જ્ઞાનધર્મ છે.



આમ, આ આઠ શ્લોકથી શ્રીગુસાંઈજી મહારાજે શ્રીવલ્લભસ્વરૂપનું નિરૂપણ કર્યું. પહેલા બે શ્લોકમાં આપના સંયોગધર્મિ અને વિપ્રયોગધર્મિ સ્વરૂપનું નિરૂપણ કરી, બાકીના છ શ્લોકમાં આપના દિવ્ય છ ધર્મોનું સ્વરૂપ સમજાવ્યું. ધર્મ અને ધર્મિ વચ્ચે અભેદ હોય છે. સૂર્યનો તાપ ધર્મ છે. સૂર્ય ધર્મિ છે. સૂર્ય અને સૂર્યના તાપમાં અભેદ છે. તેમ શ્રીવલ્લભ અને શ્રીવલ્લભના ધર્મોમાં પણ અભેદ છે. શ્રીવલ્લભ ધર્મિ સ્વરૂપે અનુભવ કરાવે છે, ધર્મ–ધર્મિ સ્વરૂપે અનુભવ કરાવે છે, સકલ ધર્મસ્વરૂપે અનુભવ કરાવે છે અને પ્રત્યેક ધર્મસ્વરૂપે અલગ અલગ અનુભવ પણ કરાવે છે.

ટૂંકમાં, આ બાબતને ફરી યાદ કરી લઈએ તો–

(૧) શ્રીવલ્લભ રસાત્મક પ્રભુની રસાત્મકલીલા સાગરનું સ્વરૂપ છે. આ સ્વરૂપે લીલાના સંયોગરસનો સદા અનુભવ કરનાર, આપ પૂર્ણપુરુષોત્તમ – શ્રીઠાકોરજી સ્વરૂપ – સંયોગધર્મિસ્વરૂપ છે.

(૨) શ્રીવલ્લભ શ્રીસ્વામિનીભાવનું/વિપ્રયોગાત્મકરસનું સ્વરૂપ છે. તેથી આ સ્વરૂપે આપે પૃથ્વી પર પ્રકટ થઈ દૈવીજીવોનો ઉદ્ધાર કરી, તેમને વિપ્રયોગરસનું દાન કર્યું છે. આપ શ્રીસ્વામિનીસ્વરૂપ – વિપ્રયોગધર્મી સ્વરૂપ છે.

(૩) શ્રીવલ્લભ પૂર્ણપુરુષોત્તમના મુખારવિંદ સ્વરૂપ છે. મુખારવિંદમાં સંયોગરસ અને વિપ્રયોગરસ એમ ઉભય રસભાવોની સ્થિતિ છે. તેથી સંયોગરસરૂપ આપ અમૃતસ્વરૂપ છે અને વિપ્રયોગરસરૂપ આપ અગ્નિસ્વરૂપ છે.

(૪) આપનું અગ્નિત્વ અલૌકિક અગ્નિત્વ છે, લૌકિક અગ્નિત્વ નથી. તેથી લૌકિક અગ્નિ કરતાં આપનું અલૌકિક અગ્નિત્વ વિલક્ષણ અને વિશિષ્ટ છે. આથી આપ 'શ્રીહુતાશ' અને 'વૈશ્વાનર' સ્વરૂપે પ્રસિદ્ધ છે.

(૫) આપનું અલૌકિક અગ્નિસ્વરૂપ વિરુદ્ધધર્માશ્રયી છે. આસુરી મતોને તે બાળે છે, આસુરી મત – માયાવાદનો નાશ કરે છે. આસુરીજનોને વધુ તપાવે છે. પોતાના સેવકોના લૌકિક તાપ શાંત કરે છે, પ્રભુનો વિરહતાપ વધારે છે.

(૬) આપ સાક્ષાત કૃષ્ણસ્વરૂપ છે. તેથી આપે પૃથ્વીપર રસાત્મક સેવામાર્ગ પ્રકટ કરી, ભક્તોને સેવારસના આનંદનું દાન કરી, પોતાનું અમૃત સ્વરૂપ પ્રકટ કર્યું છે.

(૭) શ્રીમહાપ્રભુજીનું મૂળ સ્વરૂપ – અવતારી સ્વરૂપ અને પૃથ્વી પર પ્રકટ થયેલું સન્મનુષ્યાકૃતિ સ્વરૂપ – અવતાર સ્વરૂપ એક જ છે. તેમાં ભેદ નથી.

(૮) શ્રીમહાપ્રભુજી ભગવદાજ્ઞાથી પ્રકટ થયા છે. તેથી આપનું સ્વરૂપ કૃપાસ્વરૂપ છે. એટલી કૃપા કોઈ કરી શકતું નથી.

**ઉપસંહાર :**

શ્રીગોકુલનાથજી તેમના વિવરણનું સમાપન ત્રણ શ્લોકથી નીચે પ્રમાણે કરે છે.

પિતૃચરણની કૃપાથી શ્રીવલ્લભાષ્ટકનું વિવરણ થયું છે. શ્રીમદાચાર્યજી, સેવક શ્રીવલ્લભ એવા મને, ક્ષમા કરે. (૧)

આ પ્રમાણે શ્રીપિતૃચરણના ચરણકમલની પરાગરજથી લેપાયેલા ચિત્તવાળા શ્રીવલ્લભે શ્રીવલ્લભાષ્ટકનું સંપૂર્ણ વિવરણ કર્યું. (૨)

શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણના સ્વરૂપમાંથી પ્રકટ થયેલા, શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને વર્ણવનારા આ અષ્ટકને શ્રીવલ્લભે ઉજ્જવળ દૃષ્ટિથી સ્પષ્ટ કર્યું છે. આ ત્રણેના સંગમમાં ભક્તો હંમેશા નિમગ્ન રહો. (૩)

શ્રીપુરુષોત્તમજી આજ્ઞા કરે છે કે શ્રીવલ્લભાષ્ટકની વ્યાખ્યા શ્રીપ્રભુ અને શ્રીમહાપ્રભુજીની કૃપા રૂપી સાધનથી જ થઈ છે તેમ શ્રીગોકુલનાથજી સૂચવે છે. એમની કૃપાથી જ આ સ્તોત્રનો અર્થબોધ થાય છે, અન્ય રીતે નહિ.

આ પ્રમાણે શ્રીમહાપ્રભુજીના દાસ એવા મેં એમના પ્રકાશિત માર્ગથી જ આ 'વિવૃત્તિ' સંપ્રકાશિત કરી છે. (૧)

શ્રીરઘુનાથજી આજ્ઞા કરે છે કે–



જેમની કૃપાથી શ્રીવલ્લભાષ્ટકની ટીકા લખાઈ, તે પ્રભુ મારા અજ્ઞાનવશ જે લખાયું હોય તેને ક્ષમા કરો. (૧)

અનામી ટીકાકાર સપ્તમકુમાર શ્રીઘનશ્યામજીના વંશજ અથવા સેવક જણાય છે, તેમણે ચાર શ્લોકથી સમાપન કર્યું છે.

શ્રીગોકુલાધીશે અદ્ભુત શ્રીવલ્લભાષ્ટક પ્રકાશિત કર્યું. તેનાથી મારા પ્રભુ મારા ઉપર પ્રસન્ન થાવ. (૧)

અહીં જે કહેવાયું તે દ્વારા શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ સમજીને, ભક્તો તેમનું સદા સેવન કરો. તેનાથી જ મારા પ્રભુ કૃપા કરશે જ. (૨)

શ્રીવલ્લભનંદન જ શ્રીકૃષ્ણ છે, એમ જાણીને એ રૂપ – સ્વરૂપની સર્વદા સેવા કરવાથી અમે નિશ્ચિત છીએ. (૩)

શ્રીઘનશ્યામજી, સ્વાચાર્યચરણના ચરણકમળ રૂપી સ્વરૂપરસનાં બિંદુઓ, કૃપા કરી, મારા ઉપર સતત વરસાવો! (૪)

"આ પ્રમાણે શ્રીગુસાંઈજીએ રચેલ શ્રીવલ્લભાષ્ટક સર્વ ટીકાઓના અભિપ્રાય સહિત પૂર્ણ થયું.

४

# શ્રીહરિરાયજી વિરચિત

## શ્રીવલ્લભ-સ્તોત્રો

### ૧. અથ શ્રીનિજાચાર્યાષ્ટકમ્ ।

[ઉપજાતિ][1]

શ્રીવલ્લવીવલ્લભભાવભાવિસંતાપભાવાત્મક એવ યોઽગ્નિઃ ।
પ્રાદુર્ભવદ્ભક્તિસુધાસમુદ્રમુદ્ભાવયન્ સોઽસ્તુ સદા ગતિર્મે ॥ ૧ ॥

શ્રીગોપીજનવલ્લભ પ્રભુ શ્રીકૃષ્ણચંદ્રજીમાંના ભાવને લીધે [વિરહમાં] થતો જે સંતાપ, તદ્રૂપ એવા જે અગ્નિસ્વરૂપ શ્રીવલ્લભાચાર્યજી ભક્તિરૂપી અમૃતના સાગરને પ્રકટ કરતા પ્રાદુર્ભાવ પામ્યા, તે શ્રીમહાપ્રભુજી અમારી ગતિ થાવ. ૧

ન યસ્ય કુત્રાપિ ચ ધર્મયુક્તતા રહસ્યતદ્ભાવનભાવનક્ષમઃ ।
સદૈવ લીલાલયલીનનિત્યવિક્ષેપયુક્તઃ શરણં સદા મે ॥ ૨ ॥

ભગવાનના સંબંધથી બીજું જે કોઈ લૌકિક ફલ, તેની સાથે જેને કયાંય પણ સંબંધ નથી, વળી જે રહસ્ય અને રહસ્યના મનનને ભક્તના હૃદયમાં ઉતારવાને શક્તિમાન છે અને હમેશા લીલાના આશ્રયરૂપ પ્રભુમાં લીન થયેલા જે ભક્તો, તેઓને જે નિત્ય તાપક્લેશ હોય છે, તે તાપક્લેશ જેઓને છે, તેવા શ્રીમહાપ્રભુજી મારો આશ્રય હમેશાં છે. ૨

વિયોગસંયોગવિશેષભોગ સંસાધનાસાદિતનિત્યવિગ્રહઃ ।
તત્સાધ્યસર્વોત્તમપુષ્ટિમાર્ગપ્રકાશનાકારણકારણં ગતિઃ ॥ ૩ ॥

૧ પ્રથમના પાંચ શ્લોકોમાં ૧ લો શ્લોક ઇંદ્રવજ્રામાં છે. જ્યારે પછીનાઓમાં કોઈ ચરણ વંશસ્થનાં, કોઈ ઇંદ્રવંજ્રાનાં, કોઈ ઉપેન્દ્રવજ્રાનાં તો કોઈ ઇંદ્રવજ્રાનાં છે; એટલે ઉપજાતિ તરીકે આ શ્લોકો ગણી શકાય.



વિયોગ અને સંયોગરસ એનો ખાસ અનુભવ. તેની સિદ્ધિ માટે નિત્યદેહ જેમણે ધારણ કર્યો છે અને તે દેહથી સિદ્ધ કરી શકાય એવો જે સર્વોત્તમ પુષ્ટિમાર્ગ, તેને પ્રકટ કરવામાં બીજા કોઈપણ કારણ વિના કારણ ખાતરજ કારણરૂપે રહેલા શ્રીમહાપ્રભુજી મારી ગતિ છે. ૩

નિઃસાધનસ્વીયનિજાનનસ્મૃતિપ્રમાણનિઃસારિતમાર્ગસંશયઃ ।
સદા દયાર્દ્રારુણલોચનદ્વયપ્રકાશિતાન્તઃકરણઃ સદાશ્રયઃ ॥ ૪ ॥

નિઃસાધન એવાં જે પોતાનાં જનો, તેઓને આ માર્ગમાં ઉત્પન્ન થતો જે સંશય, તેને કેવળ પોતાના મુખારવિંદના સ્મરણ માત્રથી જ જેમણે દૂર કર્યો છે એવા અને નિત્ય દયામય લાલ નેત્રો વડે પોતાનું હૃદય જેમણે જણાવ્યું છે, તેવા શ્રીમહાપ્રભુજી મારો હંમેશનો આશ્રય છે. ૪

શ્રીગોકુલેશાઙ્ઘ્રિસરોજસેવા વિશેષદોષાદરદોષદાહકઃ ।
સંશીર્ણકોઽશુદ્ધિવિશુદ્ધચેતસાં સ વલ્લભો વલ્લભ એવ મેઽસ્તુ ॥ ૫ ॥

શ્રીગોકુલેશના ચરણકમલની સેવામાં ખાસ દોષો જોનારાઓના પણ દોષોને બાળી નાખનારા, અને અશુદ્ધને લઈને જેઓને ખોટો ભ્રમ પોતાના મનમાં ઉત્પન્ન થયો છે તેવાઓને પણ શુદ્ધ કરનારા શ્રીવલ્લભાચાર્યજી મારા સ્વામી થાવ. ૫

[વસંતતિલકા]

કૃષ્ણાભિમર્શજનિતાતિવિચિત્રભાવ-
સદ્ભાવભાવિતનિજાદ્ભુતસત્પ્રતીકઃ ।
સર્વાત્મભાવવિહિતાત્મતનુસ્થિતિશ્રી-
મદ્વિઠ્ઠલેશજનકો હ્યવલમ્બનં મે ॥ ૬ ॥

પ્રભુ સાથેનો સંબંધ, તેને લઈ ઉત્પન્ન થયેલ અતિ અલૌકિક જે ભાવ, તે તરફ આદરવાળાં છે અંતઃકરણ જેનાં એવા નિજભક્તોની આગળ અલૌકિક સુંદર આદર્શરૂપ, અને સર્વાત્મભાવ ખાતરજ જેણે પોતાનું શરીર ધારણ કર્યું એવા શ્રીગુસાંઈજીના પિતા શ્રીમહાપ્રભુજી મારો આશ્રય છે. ૬

અસ્મત્પતિઃ સ્વપરપાલનદત્તબુદ્ધિ-
રત્યન્તસાર્દ્રહૃદયો દયિતસ્વકીયઃ ।
મચ્ચિત્તધામવિલસન્નિજનામસામ-
ગાનપ્રિયઃ પ્રિયજને કરુણાં કરોતુ ॥ ૭ ॥

અમારા સ્વામી, અમારું અને બીજાનું જે રક્ષણ તે બાબતમાં અમારી બુદ્ધિને દોરનારા, અત્યંત કરુણાળુ હૃદયવાળા, નિજજનો જેઓને બહુ વહાલાં એવા, અને મારા ચિત્તમાં વિલાસ કરતાં પોતાનાં નામો, એ રૂપી સુંદર સામવેદની ઋચાઓ, એનું જે ગાન તે જેમને બહુ પ્રિય છે, એવા શ્રીમહાપ્રભુજી પોતાના પ્રિયજન એવા મારા ઉપર કરુણા કરો. ૭

[પુષ્પિતાગ્રા]

સ્વચરણકમલં ફલં સદા મે સ યદિ દદાતુ કૃપાવિશેષયુક્તઃ ।
નિજજનવિહિતાઘસઙ્ઘહર્તા હરતુ રતિપ્રતિબન્ધકં હરિર્નઃ ॥ ૮ ॥

ખાસ કૃપા કરી તે શ્રીમહાપ્રભુજી પોતાના ચરણકમલરૂપી ફળનું દાન સદાને માટે મને કરે તો નિજ ભક્તોએ કરલાં પાપોના સમૂહને દૂર કરનારા હરિ ભગવદ્ભાવમાં પ્રતિબંધ કરનારી વસ્તુઓને ચોક્કસ દૂર કરે. ૮

**ઇતિ શ્રીહરિદાસોક્તં શ્રીનિજાચાર્યાષ્ટકં સમ્પૂર્ણમ્ ।**

## ૨. શ્રીવલ્લભપઞ્ચાક્ષરસ્તોત્રમ્ ।

**[અનુષ્ટુભ]**

શ્રીવલ્લવીવલ્લભાસ્ય વિયોગાગ્ને કૃપાકર ।
અલૌકિકનિજાનન્દ શ્રીવલ્લભ તવાસ્મ્યહમ્ ॥ ૧ ॥

હે શ્રીગોપીજનવલ્લભ પ્રભુ શ્રીકૃષ્ણચંદ્રજીના મુખારવિંદરૂપ, વિયોગાગ્નિરૂપ, હે કૃપા કરનારા અને અલૌકિક નિજ આનંદવાળા શ્રીવલ્લભાચાર્યજી! હું આપનો છું. ૧



કૃષ્ણાધરસુધાગારભરિતાવયવાવૃત ।
શ્રીભાગવતભાવાબ્ધે શ્રીવલ્લભ તવાસ્મ્યહમ્ ॥ ૨ ॥

શ્રી કૃષ્ણચંદ્રજીની અધરસુધાના ધામથી ભરપૂર એવા નિજ અંગોથી આવૃત અને શ્રીમદ્ભાગવતના તત્ત્વના મહાસાગરરૂપ હે શ્રીવલ્લભાચાર્યજી! હું આપનો છું. ૨

ભાવાત્મકસ્વરૂપાર્તિભાવસેવાપ્રદર્શક ।
ભાવવલ્લભપાદાબ્જ શ્રીવલ્લભ તવાસ્મ્યહમ્ ॥ ૩ ॥

ભાવાત્મક જે પ્રભુ, તેમની, આર્તિભાવ (તાપક્લેશ) થી જે સેવા, તે બતાવનારા અને તે ભાવને કારણે જ જેનાં ચરણકમળ વહાલાં બને છે, તેવા હે શ્રીવલ્લભાચાર્યજી! હું આપનો છું. ૩

કરુણાયુતદક્પ્રાન્તપાતપાતકનાશક[1] ।
[2]નિઃસાધનજનાધીશ શ્રીવલ્લભ તવાસ્મ્યહમ્ ॥ ૪ ॥

કરુણાવાળાં નેત્રોના અંતભાગથી દૃષ્ટિ કરતાં જ પાપોનો નાશ કરનારા અને નિઃસાધન જનોના સ્વામી હે શ્રીવલ્લભાચાર્યજી! હું આપનો છું. ૪

મધુરાસ્યાતિમધુરદગન્ત મધુરાધર ।
સ્વરૂપમધુરાકાર શ્રીવલ્લભ તવાસ્મ્યહમ્ ॥ ૫ ॥

હે મધુર મુખવાળા! હે મધુર નેત્રોના અંતભાગવાળા' હે મધુર અધરવાળા અને મધુરસ્વરૂપવાળા શ્રીવલ્લભાચાર્યજી! હું આપનો છું. ૫

દીનતામાત્રસન્તુષ્ટ દીનતામાર્ગબોધક ।
દીનતાપૂર્ણહૃદય શ્રીવલ્લભ તવાસ્મ્યહમ્ ॥ ૬ ॥

માત્ર દીનતાથી સંતોષ પામેલા, દીનતાના માર્ગનો બોધ કરનારા અને દીનતાથી પૂર્ણ હૃદયવાળા શ્રીવલ્લભાચાર્યજી! હું આપનો છું. ૬

---

૧. કરુણાયુતદક્પાતાદુપપાતકનાશક । ૨. સાનધજ્ઞાનધીશૈક ।

અઙ્ગીકૃતકૃતાનેકાપરાધવિહતિક્ષમ ।
ગૃહીતહસ્તનિર્વાહ શ્રીવલ્લભ તવાસ્મ્યહમ્ ॥ ૭ ॥

જે ભકતોને આપે આપના કર્યા છે, તેવા ભકતોના અપરાધોનો નાશ કરવાને શકિતવાળા અને તેવા ભકતોનાં યોગક્ષેમ વહાવનારા હે શ્રીવલ્લભાચાર્યજી! હું આપનો છું. ૭

અશેષહરિદાસૈકસેવિતસ્વપદામ્બુજ ।
અદેયફલદાનાર્થં શ્રીવલ્લભ તવાસ્મ્યહમ્ ॥ ૮ ॥

ન આપી શકાય તેવા દાનને માટે સંપૂર્ણ ભાવે હરિદાસ માત્રથી જેમના ચરણકમલની સેવા કરવામાં આવી છે, તેવા હે શ્રીવલ્લભાચાર્યજી' હું આપનો છું. ૮

**ઇતિ શ્રીહરિદાસોકતં શ્રીવલ્લભપઞ્ચાક્ષરસ્તોત્રં સમ્પૂર્ણમ્ ।**

## ૩. શ્રીવલ્લભભાવાષ્ટકમ્ ।

**[અનુષ્ટુભ]**

પતિઃ શ્રીવલ્લભોઽસ્માકં ગતિઃ શ્રીવલ્લભઃ સદા ।
મતિઃ શ્રીવલ્લભે હ્યાસ્તાં રતિઃ શ્રીવલ્લભેઽસ્તુ મે ॥ ૧ ॥

શ્રીવલ્લભાચાર્ય પ્રભુ અમારા સ્વામી છે. શ્રીવલ્લભાધીશ સદૈવ અમારી ગતિ છે. અમારી બુદ્ધિ શ્રીવલ્લભમાં રહો; મારો પ્રેમ શ્રીવલ્લભાધીશમાં રહો. ૧

વૃત્તિઃ શ્રીવલ્લભીયૈવ કૃતિઃ શ્રીવલ્લભાર્થિની ।
દર્શનં શ્રીવલ્લભસ્ય સ્મરણં વલ્લભપ્રભોઃ ॥ ૨ ॥

મારું વલણ શ્રીવલ્લભ સંબંધી જ રહો. કાર્ય શ્રીવલ્લભ માટે જ થાવ. દર્શન શ્રીવલ્લભપ્રભુનું અને સ્મરણ પણ શ્રીવલ્લભાચાર્યજીનું થાવ. ૨



તત્પ્રસાદસુમાઘ્રાણમસ્તૂચ્છિષ્ટરસાગ્રહઃ ।
શ્રવણં તદ્ગુણાનાં હિ સ્મરણં તત્પદાબ્જયોઃ ॥ ૩ ॥

એ પ્રભુના પ્રસાદી પુષ્પોને જ સૂંઘવાનું થાવ. એમના ઉચ્છિષ્ટ રસમાં જ આગ્રહવાળો થાઉં. એમના ગુણોનું શ્રવણ અને એમના ચરણકમલનું સ્મરણ થાવ. ૩

ગૃણનં તન્મહિત્વસ્ય સેવનં કરયોર્ભવેત્ ।
તત્સ્વરૂપાન્તરો ભોગો ગમનં તસ્ય સન્નિધૌ ॥ ૪ ॥

એમના મહિમાનું ગાન અને એમના કરની સેવા થાવ. તે શ્રીવલ્લભપ્રભુના સ્વરૂપમાં રહેતો જ ભોગ થાવ અને તે પ્રભુની નિકટ જ મારું જવું થાવ. ૪

તદગ્રે સર્વદા સ્થાનં સઙ્ગસ્તત્સેવકૈઃ સદા ।
તદ્વાર્તાતિરુચિર્નિષ્ઠા ભૂયાત્તદ્વાકયમાત્રગા ॥ ૫ ॥

તે શ્રીમહાપ્રભુજી આગળ જ હમેશા રહેવાનું થાવ અને તેમના સેવકોનો જ સદા સંગ થાવ. શ્રીમહાપ્રભુજીની જ કથામાં ભારી રુચિ અને આપશ્રીના વચનોમાં જ નિષ્ઠા રહો. ૫

શ્રદ્ધા તદેકસંબંધે વિશ્વાસસ્તત્પદાબ્જયોઃ ।
દાસ્યં તદીયમેવાસ્તુ ભૂયાત્તચ્ચરણાશ્રયઃ ॥ ૬ ॥

તે શ્રીમહાપ્રભુજીના સંબંધમાં શ્રદ્ધા, આપશ્રીના ચરણકમળમાં વિશ્વાસ, એઓશ્રીનું જ દાસ્ય અને એઓશ્રીના ચરણમાં આશ્રય થાવ. ૬

મસ્તકે શ્રીવલ્લભોઽસ્તુ હૃદિ તિષ્ઠાતુ વલ્લભઃ ।
અભિતઃ શ્રીવલ્લભોઽસ્તુ સર્વં શ્રીવલ્લભો મમ ॥ ૭ ॥

મારા મસ્તક ઉપર શ્રીમહાપ્રભુજી બિરાજો; મારા હૃદયમાં શ્રીઆચાર્યજી બિરાજો; મારી ચારે બાજુ શ્રીવલ્લભ રહો અને મારું સર્વ શ્રીવલ્લભ થાવ. ૭

નમઃ શ્રીવલ્લભાયૈવ દૈન્યં શ્રીવલ્લભે સદા ।
પ્રાર્થના શ્રીવલ્લભેઽસ્તુ તત્પદાધીનતા મમ ॥ ૮ ॥

શ્રીવલ્લભાચાર્યજીને નમસ્કાર હો. સદૈવ શ્રીવલ્લભાચાર્યજી વિશે જ મારી દીનતા થાવ. પ્રાર્થના શ્રીવલ્લભ વિશે જ થાવ અને તે શ્રીમહાપ્રભુજીના ચરણકમળમાં જ મારી પરવશતા રહો. ૮

એતદષ્ટકપાઠેન શ્રીવલ્લભપદામ્બુજે ।
ભવેદ્ભાવો વિનાયાસં ભક્તિમાર્ગવૃતાત્મનામ્ ॥ ૯ ॥

આ અષ્ટકનો પાઠ કરવાથી ભક્તિમાર્ગમાં જેઓના આત્માનું વરણ થયું છે, તેવા જીવોને કોઈપણ જાતની મહેનત વિના શ્રીમદ્-વલ્લભાચાર્ય પ્રભુના ચરણકમળમાં ભાવ થાય. ૯

**ઇતિ શ્રીહરિદાસોક્તં શ્રીવલ્લભભાવાષ્ટકં સમ્પૂર્ણમ્ ।**

❋

## ૪. શ્રીવલ્લભશરણાષ્ટકમ્ ।

[**અનુષ્ટુભ**]

નિઃસાધનજનોદ્ધારકરણપ્રકટીકૃતઃ
ગોકુલેશસ્વરૂપઃ શ્રીવલ્લભઃ શરણં મમ ॥ ૧ ॥

નિઃસાધન જનોનો ઉદ્ધાર કરવા માટે પ્રભુએ પ્રકટ કરેલ (વસ્તુતયા) શ્રીગોકુલેશસ્વરૂપ શ્રીવલ્લભ (શ્રીમહાપ્રભુજી) મારો આશ્રય છે. ૧

ભજનાનન્દદાનાર્થં પુષ્ટિમાર્ગપ્રકાશકઃ ।
કરુણાવરણીયઃ શ્રીવલ્લભઃ શરણં મમ ॥ ૨ ॥

(ભક્તોને) ભજનના આનંદનું દાન કરવા સારુ (રસાત્મક) પોષણ-અનુગ્રહ-માર્ગનો પ્રકાશ કરનાર, કરુણાથી વરી શકાય એવા શ્રીમહાપ્રભુજી મારો આશ્રય છે. ૨



સ્વામિનીભાવસંયુક્તભગવદ્ભાવભાવિતઃ ।
અત્યલૌકિકમૂર્ત્તિઃ શ્રીવલ્લભઃ શરણં મમ ॥ ૩ ॥

શ્રીસ્વામિનીજીના ભાવથી યુક્ત એવા ભગવદ્ભાવથી ભાવયુક્ત, અતિ અલૌકિક સ્વરૂપવાળા શ્રીમહાપ્રભુજી મારો આશ્રય છે. ૩

શ્રીકૃષ્ણવદનાનન્દો વિયોગાનલમૂર્તિમાન્ ।
ભક્તિમાર્ગાબ્જભાનુઃ શ્રીવલ્લભઃ શરણં મમ ॥ ૪ ॥

શ્રીસદાનંદ પ્રભુના મુખારવિંદના આનંદરૂપ, વિયોગ જણાવવા અગ્નિસ્વરૂપ, ભક્તિમાર્ગરૂપી કમળને પ્રફુલ્લિત કરવામાં ભાનુ-સૂર્યરૂપ, શ્રીમહાપ્રભુજી મારો આશ્રય છે. ૪

રાસલીલારસભર-સમાક્રાન્તાખિલાઙ્ગભૃત્ ।
ભાવરૂપાખિલાઙ્ગઃ શ્રીવલ્લભઃ શરણં મમ ॥ ૫ ॥

રાસીય લીલાના રસભારથી સર્વ દેહધારીઓને સારી રીતે રસબસ કરનાર, ભાવાત્મક સર્વ અંગવાળા શ્રીમહાપ્રભુજી મારો આશ્રય છે. ૫

શ્રીભાગવતભાવાર્થાવિર્ભાવાર્થાવતારિતઃ ।
સ્વામિસન્તોષહેતુઃ શ્રીવલ્લભઃ શરણં મમ ॥ ૬ ॥

શ્રીભાગવતના[૧] ભાવાર્થને પ્રકટ કરવા સારુ પૃથ્વીમાં જેમને અવતાર લેવરાવ્યો એવા અને સ્વામી શ્રીકૃષ્ણચંદ્રના સંતોષના કારણરૂપ શ્રીમહાપ્રભુજી મારો આશ્રય છે. ૬

વલ્લવીવલ્લભાન્તઃસ્થલીલાનુભવવલ્લભઃ ।
અન્યાસ્ફુરણરૂપઃ શ્રીવલ્લભઃ શરણં મમઃ ॥ ૭ ॥

ગોપાંગનાના વલ્લભ શ્રીકૃષ્ણચંદ્રના અંતઃકરણમાં રહેલ લીલાનો અનુભવ જેને વહાલો છે, અને આથી અન્ય વાર્તા જે સ્ફુરવા દેતા નથી, એવા શ્રીમહાપ્રભુજી મારો આશ્રય છે. ૭

---

૧. પ્રથમ સ્કંધ સુ. ના મંગળાચરણમાં **અર્થં તસ્ય**—આ પદ્યમાં શ્રીમહાપ્રભુજીએ આ હકીકત જણાવી છે.

જિતામ્ભોજપદામ્ભોજવિભૂષિતવસુન્ધરઃ ।
સદા ગોવર્ધનસ્થઃ શ્રીવલ્લભઃ શરણં મમ ॥ ૮ ॥

કમળને પોતાની સુષમાથી જીતનાર ચરણકમળોથી પૃથ્વીને વિભૂષિત કરનાર, સદા શ્રીગિરિરાજમાં બિરાજમાન શ્રીમહાપ્રભુજી મારો આશ્રય છે. ૮

અનન્યસ્તન્મના નિત્યં પઠેદ્યઃ શરણાષ્ટકમ્ ।
સલભેત્ (?) સાધનાભાવયુક્તોઽપ્યેતત્પદાશ્રયમ્ ॥ ૯ ॥

પ્રભુ સિવાય અન્ય જેને આલમ્બન નથી, તેવો જીવ પ્રભુમાં તદાકાર મનવાળો થઈને આ "શ્રીવલ્લભશરણાષ્ટક"નો પાઠ કરે, તે નિઃસાધન હોય તો પણ આ શ્રીમહાપ્રભુજીના ચરણકમળના દઢાશ્રયને પ્રાપ્ત થાય છે. ૯

**ઇતિ શ્રીહરિદાસ વિરચિતં શ્રીવલ્લભશરણાષ્ટકં સમ્પૂર્ણમ્ ।**

## ૫. શ્રીવલ્લભચરણવિજ્ઞપ્તિઃ ।

**[અનુષ્ટુભ]**

નિજાચાર્યપદામ્ભોજદ્વયં સર્વસુખાવહમ્ ।
વહામિ શિરસા, તેન ફલં મે સફલં ધ્રુવમ્ ॥ ૧ ॥

પોતાના આચાર્ય શ્રીમહાપ્રભુજીનાં બન્ને ચરણકમલો સર્વ સુખને આપનારાં છે, તેનું મારા મસ્તક ઉપર હું વહન કરું છું, જેથી મારું બધું ફળ નક્કી સફલજ છે. ૧

દુનોમિ દીનદીનોઽહં ભયાદ્યવનસમ્ભવાત્ ।
તતો નિવર્તયાસ્માઁસ્ત્વમાર્ત્તાનામાર્ત્તિનાશન ॥ ૨ ॥

યવનોથી ઉત્પન્ન થયેલ ભયથી દીનમાં દીન એવો હું દુઃખી થાઉં છું; હે પીડિતોની પીડાનો નાશ કરનાર! (પ્રભુ!) તે દુઃખથી અમોને મુક્ત કરો. ૨



ખેદકૃત્સહૃદ્દ્ભેદે સુખસમ્ભેદવર્જિતે ।
વિગતસ્વીયસમ્ભેદે ભવાનેવ ગતિઃ પ્રભો ॥ ૩ ॥

ખેદથી હૃદયને જેણે ભેદી નાખ્યું છે, જેમાં સુખનો ભેદ રહ્યોજ નથી, પોતાનાઓનો ભેદ પણ જેણે રહેવા દીધો નથી એવા સમયમાં, હે પ્રભો! આપજ અમારી ગતિરૂપ છો. ૩

ન સ્થાતું શક્યતે, નૈવ ગન્તું વા, ગોકુલેશ્વર ।
મીનસ્યેવ ગતિર્જાતા, હ્યસ્માકં કરુણાવિભો ॥ ૪ ॥

હે કરુણાનાથ! હે ગોકુલેશ્વર! અમારી ગતિ માછલાના સમાન થઈ છે કે-સ્થિરતા પણ કરી શકાતી નથી કે જઈ પણ શકાતું નથી. ૪

ન સોઢું શક્યતે નાથ ધૈર્યાદિરહિતૈઃ સ્વકૈઃ ।
દુઃખં ભયસમુદ્ભૂતં પ્રભો ત્વં સંનિવર્ત્તય ॥ ૫ ॥

[અથવા **નિવર્ત્તય દયાનિધે!** એવો પણ પાઠ છે.] હે નાથ! ધૈર્યાદિ રહિત એવા આપનાઓથી, ભયથી ઉત્પન્ન થયેલું દુઃખ સહી શકાતું નથી. હે પ્રભો! આપ તે દુઃખને નિવૃત્ત કરો. ૫

નાથ ત્વત્સ્મરણોપાયઃ સર્વપાપનિવર્ત્તકઃ ।
નેદાનીં સમ્ભવત્યેતદ્ભયાત્કાત્ર ગતિર્મમ ॥ ૬ ॥

હે નાથ! આપનું સ્મરણ, એ રૂપી ઉપાય, સર્વ પાપને દૂર કરનાર છે; પરન્તુ તેઓના ભયથી આ સ્મરણ પણ થઈ શકતું નથી; માટે મારી અહીં શી ગતિ? ૬

**ઇતિ શ્રીહરિદાસોક્તા શ્રીવલ્લભચરણવિજ્ઞપ્તિઃ સમાપ્તા ।**

## ૬. દૈન્યાષ્ટકમ્ ।

[ અનુષ્ટુભ ]

વૃન્દાવન-રજોયુક્તં યમુનાજલપઙ્કિલમ્ ।
કદા પદતલં મૂર્ધ્નિ શ્રીમદ્વલ્લભ ધાસ્યસિ ॥ ૧ ॥

હે શ્રીમહાપ્રભુ ! શ્રીવૃન્દાવનની રજથી યુક્ત, શ્રીયમુનાજીના જલના પંકવાળું, આપનું ચરણતલ મારા મસ્તક ઉપર કયારે પધરાવશો ? ૧

સરાગસાર્દ્ર હૃદયે સર્વદાપરિભાવિતમ્ ।
કદા પદતલં મૂર્ધ્નિ શ્રીમદ્વલ્લભ ધાસ્યસિ ॥ ૨ ॥

હે શ્રીમહાપ્રભો ! પ્રેમ સહિત ભીના હૃદયમાં સર્વદા (સેવકોએ) વિચારેલું આપનું ચરણતલ મારા મસ્તકપર આપ કયારે પધરાવશો ? ૨

નિજાવનેજનજલામૃતસઞ્જીવિતાશ્રિતમ્ ।
કદા પદતલં મૂર્ધ્નિ શ્રીમદ્વલ્લભ ધાસ્યસિ ॥ ૩ ॥

હે શ્રીમદ્વલ્લભ ! પોતાના ક્ષાલનના જલ રૂપી અમૃતથી આશ્રિતોને સારી રીતે જીવનદાન કરનાર, આપના ચરણતલને મારા મસ્તક ઉપર કયારે પધરાવશો ? ૩

કૃતપુણ્યચયૈઃ પ્રાપ્તં સર્વદા પરિસેવિતમ્ ।
કદા પદતલં મૂર્ધ્નિ શ્રીમદ્વલ્લભ ધાસ્યસિ ॥ ૪ ॥

હે શ્રીવલ્લભાધીશ ! પુણ્યના ગંજને કરનાર સેવકોએ પ્રાપ્ત કરેલા અને સર્વદા સેવેલા આપના ચરણતલને મારા મસ્તક ઉપર આપ કયારે પધરાવશો ? ૪

સભક્તિપઞ્ચસઙ્ખ્યાક-પુમર્થાઙ્ગુલિસંયુતમ્ ।
કદા પદતલં મૂર્ધ્નિ શ્રીમદ્વલ્લભ ધાસ્યસિ ॥ ૫ ॥

હે શ્રીવલ્લભાધીશ ! ભક્તિસહિત ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ, આ પાંચ પુરુષાર્થરૂપી આંગળીઓથી યુક્ત આપના ચરણતલને મારા મસ્તક ઉપર કયારે પધરાવશો ? ૫



સ્વભક્તિરાગસન્દોહ-સતતસ્થિતિરઞ્જનમ્ ।
કદા પદતલં મૂર્ધ્નિ શ્રીમદ્વલ્લભ ધાસ્યસિ ॥ ૬ ॥

હે શ્રીવલ્લભાધીશ ! પોતાની ભક્તિરૂપી રાગ-લાલરંગના સમૂહથી હમેશાં સ્થિતિના-નિવાસના સ્થલને રંજન કરનારું આપનું પદતલ મારા મસ્તક ઉપર કયારે પધરાવશો ? ૬

નખચંદ્રપ્રકાશેન સ્વતઃ સ્વીયપ્રકાશનમ્ ।
કદા પદતલં મૂર્ધ્નિ શ્રીમદ્વલ્લભ ધાસ્યસિ ॥ ૭ ॥

હે શ્રીવલ્લભાધીશ ! નખ-ચન્દ્રના પ્રકાશથી પોતાની મેળે પોતાનાઓનો પ્રકાશ કરનારા આપના ચરણતલને મારા મસ્તક ઉપર કયારે પધરાવશો ? ૭

પુષ્ટિકલ્પદ્રુમાત્મત્વં મૂલવદ્ ભુવિ સઙ્ગતમ્ ।
કદા પદતલં મૂર્ધ્નિ શ્રીમદ્વલ્લભ ધાસ્યસિ ॥ ૮ ॥

હે શ્રીમદ્વલ્લભપ્રભો ! પુષ્ટિમાર્ગરૂપી કલ્પવૃક્ષનું સ્વરૂપ મૂલની માફક જે પૃથ્વી ઉપર પ્રાપ્ત થયું છે, એવું આપનું ચરણતલ મારા મસ્તક ઉપર કયારે પધરાવશો ? ૮

ઇતિ શ્રીહરિદાસોક્તં દૈન્યાષ્ટકં સમ્પૂર્ણમ્ ।

❋

## ૭. હાહાદૈન્યાષ્ટકમ્ ।

[ અનુષ્ટુભ ]

હાહા શ્રીવલ્લભાધીશ હાહા કૃષ્ણમુખામ્બુજ ।
હાહા વિયોગભાવાગ્ને દેહિ મે નિજદર્શનમ્ ॥ ૧ ॥

[ અત્ર હાહા શબ્દ વિયોગ સહી ન શકવાથી ખેદનો પ્રદર્શક છે.]
હે શ્રીવલ્લભાધીશ ! હે શ્રીકૃષ્ણચન્દ્રના મુખારવિન્દ-સ્વરૂપ ! હે વિયોગના ભાવથી અગ્નિસ્વરૂપ ! મને આપનું દર્શન આપો. ૧

હાહા વિશાલનયન હાહા ફુલ્લતમાનન ।
હાહા સુનાસિકાશોભ દેહિ મે નિજદર્શનમ્ ॥ ૨ ॥

હે વિશાલ નેત્રવાળા ! હે પ્રફુલ્લિત નેત્રવાળા ! હે સુન્દર નાસિકાની શોભાવાળા પ્રભુ ! મને આપનું દર્શન આપો. ૨

હાહાલકાવૃતમુખ હાહામિતસુધાધર ।
હાહાતિરમ્યચિબુક દેહિ મે નિજદર્શનમ્ ॥ ૩ ॥

હે કેશથી આવૃત મુખવાળા ! હે અમિત સુધા જેના અધરમાં છે એવા ! હે અતિ સુન્દર ચિબુક–હડપચીવાળા ! મને આપનું દર્શન આપો. ૩

હાહા નિજજનાધાર હાહા દીનજનાશ્રય ।
હાહા દયાર્દ્રહૃદય દેહિ મે નિજદર્શનમ્ ॥ ૪ ॥

હે નિજજનના આધાર ! હે દીનજનોના આશ્રયદાતા ! હે દયાથી પીગળેલ હૃદયવાળા શ્રીમહાપ્રભુજી ! મને આપનું દર્શન આપો. ૪

હાહા સ્વકીયસર્વસ્વ હાહાઽધનમનોધન ।
હાહાતિમૃદુલસ્વાન્ત દેહિ મે નિજદર્શનમ ॥ ૫ ॥

હે સ્વકીય ભકતોના સર્વસ્વરૂપ ! હે નિર્ધનજનોના મનના ધનરૂપ ! હે અતિ કોમલ અન્તઃકરણવાળા શ્રીમહાપ્રભુજી ! મને આપનું દર્શન આપો. ૫

હાહા કૃતસ્વકીયાર્ત્ત હાહા ભાવાર્તિદાયક ।
હાહા હૃદયભાવજ્ઞ દેહિ મે નિજદર્શનમ્ ॥ ૬ ॥

હે સ્વકીયોને આર્ત્તિનું દાન કરનાર ! હે ભાવરૂપી આર્ત્તિ આપનાર ! હે હૃદયના ભાવને જાણનાર શ્રીમહાપ્રભુજી ! મને આપનું દર્શન આપો. ૬



હાહા નિજજનપ્રાણ હાહા નિજજનાવૃત ।
હાહા પુષ્ટિપથાચાર્ય દેહિ મે નિજદર્શનમ ॥ ૭ ॥

હે સ્વકીય જનોના પ્રાણ ! હે સ્વકીય જનોથી ઘેરાયેલા ! હે પુષ્ટિ–અનુગ્રહ માર્ગના આચાર્ય શ્રીમહાપ્રભુજી ! મને આપનું દર્શન આપો. ૭

હાહા વિજિતકન્દર્પ હાહા સ્વાનન્દતુન્દિલ ।
હાહા હરિવિહારાત્મન્ દેહિ મે નિજદર્શનમ ॥ ૮ ॥

હે કામદેવને જીતનાર ! હે પોતાના આનન્દથી ભરપૂર ! હે શ્રીહરિના વિહારસ્વરૂપ મહાપ્રભુજી ! મને આપનું દર્શન આપો. ૮

**ઇતિ શ્રીહરિદાસોક્તં હાહાદૈન્યાષ્ટકં સમ્પૂર્ણમ્ ।**

## ૮. શ્રીવલ્લભભાવાષ્ટકમ્ ।

**[શિખરિણી]**

તરેયુઃ સંસારં કથમગતપારં સુરજનાઃ
કથં ભાવાત્માનં હરિમનુસરેયુશ્ચ સરસાઃ ।
કથં વા માહાત્મ્યં નિજહૃદિ નયેયુર્વ્રજભુવાં
ભવેદાવિર્ભાવો યદિ ન ભુવિ વાગીશ ભવતઃ ॥ ૧ ॥

હે શ્રીવાગીશ મહાપ્રભો ! જો આ ભૂતલમાં આપનું પ્રાકટ્ય ન થયું હોત તો દૈવી જીવો અપાર પારાવાર સંસારરૂપી સમુદ્રને કેવી રીતે તરી શકત ? અને રસિક ભગવદીયો ભાવાત્મક શ્રીહરિને કેવી રીતે અનુસરી શકત ? અને વ્રજભકતોના માહાત્મ્યને પોતાના હૃદયમાં કેવી રીતે સ્થાપન કરી શકાત ? અર્થાત્ હે શ્રીમહાપ્રભો ! આપ આ ભૂતળ ઉપર પ્રકટ ન થયા હોત તો દૈવી જીવો આ સંસારસમુદ્રને તરી શકત નહિ, અને રસિક ભગવદીયો શ્રીહરિને અનુસરી શકત નહિં, તેમજ વ્રજભકતોના માહાત્મ્યને પણ પોતાના હૃદયમાં સ્થાપન કરી શકત નહિં, અતએવ, આપશ્રીના પ્રાકટ્યની પૃથ્વીમાં આવશ્યકતા હતી. ૧

શ્રયેયુઃ સન્માર્ગં કથમનુભવેયુઃ સુખભરં
કથં વા સર્વસ્વં નિજમહહ કુર્યુશ્ચ સફલમ્ ।
ત્યજેયુઃ કર્માદેઃ ફલમપિ કથં દુઃખસહિતં
ભવેદાવિર્ભાવો યદિ ન ભુવિ વાગીશ ભવતઃ ॥ ૨ ॥

હે શ્રીવાગીશ મહાપ્રભો! જો પૃથ્વીમાં આપનું પ્રાકટ્ય ન થયું હોત તો દૈવી જીવો પુષ્ટિભક્તિમાર્ગનો આશ્રય શી રીતે કરત? સુખ-સાગરનો અનુભવ કેવી રીતે કરત? અને પોતાનું સર્વસ્વ (સ્ત્રી, પુત્ર, ઘર, કુટુંબ, દ્રવ્યાદિક) આત્મનિવેદન દ્વારા પ્રભુને સમર્પી અહંતા–મમતાનો ત્યાગ કરી માનવજન્મ–સાર્થક્ય શી રીતે કરત? જેમાં પુંણ્ય ક્ષીણ થતાં જન્મમરણનું દુઃખ ભોગવવું પડે છે એવા દુઃખવાળા કર્માદિકના ફળને કેવી રીતે ત્યાગ કરી શકત? અર્થાત્ આપ ભૂતળમાં પ્રકટ ન થયા હોત તો દૈવી જીવો પુષ્ટિભક્તિનો આશ્રય કરી આનંદા-નુભવ કરતા સર્વસ્વ સમર્પી કર્મમાર્ગના દુઃખવાળા ફલાદિકનો ત્યાગ કરી શકત નહિ. ૨

વદેયુઃ સદ્વાદં કથમપહરેયુશ્ચ કુમતિં
કથં વા સદ્બુદ્ધિં ભગવતિ વિદધ્યુઃ કૃતધિયઃ ।
કથં લોકાસક્તિં સપદિ શમયેયુઃ સમયુતા
ભવેદાવિર્ભાવો યદિ ન ભુવિ વાગીશ ભવતઃ ॥ ૩ ॥

હે શ્રીવાક્પતિ મહાપ્રભો! જો ભૂતળ પર આપનું પ્રાકટ્ય ન થયું હોત તો દૈવી જીવો શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદને કેવી રીતે વર્ણન કરી શકત? અને માયાવાદાદિકથી કલુષિત બુદ્ધિને કેવી રીતે દૂર કરી શકત? અને સુબુદ્ધિમાન ભકતજનો ભગવાનમાં કેવી રીતે સદ્બુદ્ધિ ધારણ કરી શકત? શાંતિયુકત ભગવદીયો તત્કાલ કેવી રીતે લૌકિકાસકિતને શાંત કરત, અર્થાત્ ત્યજી શકત? સારાંશ કે આપ પ્રકટ ન થયા હોત તો શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું જ્ઞાન થાત નહિ અને માયાવાદાસકિત છૂટત નહિ, તેમજ લૌકિકાસકિત ત્યજાયે ભગવદાસકિત જીવોને થાત નહિ. ૩



વ્રજેયુર્વિશ્વાસં પરમફલનિઃસાધનપથે
કથં વેદાલ્લોકાત્ જગતિ વિચરેયુર્ગતભયાઃ ।
કથં લીલાઃ સર્વાઃ સદસિ કથયેયુઃ પ્રમુદિતા
ભવેદાવિર્ભાવો યદિ ન ભુવિ વાગીશ ભવતઃ ॥ ૪ ॥

હે વાગીશ શ્રીમહાપ્રભો! આપ જો આ ભૂતળ ઉપર પ્રકટ ન થયા હોત તો ભગવલ્લીલા–મધ્યપાતરૂપી ઉત્કૃષ્ટ ફલ જેમાં પ્રાપ્ત થાય છે એવા નિઃસાધન માર્ગમાં વિશ્વાસ કેવી રીતે પ્રાપ્ત કરી શકત? લોકનો અને વેદનો ભય ત્યજી અર્થાત્ વેદથી અને લોકથી નિર્ભય બની જગતમાં કેવી રીતે ફરી શકત? અત્યંત હર્ષપૂર્વક સર્વે ભગવલ્લીલાઓનું સભામાં વર્ણન કેવી રીતે કરી શકત? અર્થાત્ હે મહાપ્રભો આપ ભૂતળ ઉપર પ્રકટ ન થયા હોત તો આ નિઃસાધન માર્ગમાં વિશ્વાસપૂર્વક લોકથી અને વેદથી નિર્ભય બની સભામાં સહર્ષ ભગવલ્લીલાઓના રહસ્યને જાણી વર્ણન કરનારા જ મળી શકત નહિ. ૪

સ્મરેયુઃ સદ્ભાવં કથમખિલલીલામુત વિભો-
રનન્તત્વં રૂપે કથમપિ ચ જાનીયુરખિલાઃ ।
કથં વા ગાયેયુર્ગુણગણમિહાલૌકિકરસા
ભવેદાવિર્ભાવો યદિ ન ભુવિ વાગીશ ભવતઃ ॥ ૫ ॥

હે શ્રીવાગીશ મહાપ્રભો! ભૂતળ ઉપર જો આપનું પ્રાકટ્ય ન થયું હોત તો ભગવદ્ભાવને અર્થાત્ પ્રભુ તરફના નિર્ગુણ પ્રેમભાવને અને પ્રભુની સમગ્ર લીલાઓને દૈવી જીવો કેવી રીતે સ્મરણ કરી શકત? અને સમગ્ર દૈવી જીવો પ્રભુના સ્વરૂપ અનંત છે તે પણ કેવી રીતે જાણી શકત? અને આ ભૂતળમાં અલૌકિક રસિક ભગવદીયો પ્રભુના ગુણસમૂહને કેવી રીતે ગાઈ શકત? અર્થાત્ હે શ્રીમહાપ્રભો! આપ જો ભૂતળમાં પ્રકટ ન થયા હોત તો ભાવભાવન, લીલાભાવન અને સ્વરૂપ-ભાવન થઈ શકત જ નહિ, તેમજ અલૌકિક રસથી ભરેલા રસિકો ગુણગાન પણ કરી શકત નહિ. ૫

પઠેયુઃ શ્રીકૃષ્ણોદિતમથ પુરાણં નિયમિતાઃ
કથં તસ્યાપ્યર્થં નિજહૃદિ ધરેયુર્ધૃતિયુતાઃ ।
કથં વા ગોપીશં સહૃદયમુ ભજેયુઃ ફલતયા
ભવેદ્વાવિર્ભાવો યદિ ન ભુવિ વાગીશ ભવતઃ ॥ ૫ ॥

હે શ્રીવાગીશ મહાપ્રભો ! જો આ ભૂતળ ઉપર આપનું પ્રાકટ્ય ન થયું હોત તો શ્રીકૃષ્ણચંદ્ર પ્રભુએ કહેલાં ગીતાજીનો અને પુરાણ શ્રીમદ્ભાગવતનો અર્થ સમજીને નિયમપૂર્વક દૈવી જીવો પાઠ કેવી રીતે કરી શકત ? અને તેના અર્થને એટલે શ્રીસુબોધિનીજીના ભાવને પણ ધૈર્યયુકત થઈ કેવી રીતે પોતાના હૃદયમાં ધારણ કરી શકત ? અને દયાળુ શ્રીગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણચંદ્રને ફલરૂપ સમજી કેવી રીતે સેવા કરી શકત ? અર્થાત્ જો આપ પ્રકટ ન થયા હોત તો નિબંધ અને સુબોધિની દ્વારા શ્રીભગવત્પ્રોકત ગીતા અને શ્રીભાગવત પુરાણના તત્ત્વરૂપ રહસ્યને સમજી દૈવી જીવો પાઠ પણ ન કરી શકત, તેમજ શ્રીભાગવતના તત્ત્વને હૃદયમાં ધારણ કરી ફલરૂપ પ્રભુને સમજીને તેમની સેવા પણ કરી શકત નહિ. ૬

વહેયુઃ સ્વં ધર્મં કથમિતરસમ્બન્ધરહિતં
સહેયુઃ પારુષ્યં કથમસુરસમ્બન્ધિવચસામ્ ।
દહેયુઃ સ્વાન્દોષાન્કથમિહ વિના સાધનબલં
ભવેદ્વાવિર્ભાવો યદિ ન ભુવિ વાગીશ ભવતઃ ॥ ૭ ॥

હે શ્રીવાગીશ મહાપ્રભો ! ભૂતળ ઉપર જો આપનું પ્રાકટ્ય ન થયું હોત તો અન્યાશ્રય-ત્યાગપૂર્વક અનન્ય ભકિતરૂપ સ્વધર્મનું કેવી રીતે પાલન કરી શકત ? આસુરી જીવોની બાણ જેવી વાણીની કઠોરતાને (આપના ઉપદેશામૃતનું પાન કર્યા વિના) કેવી રીતે સહન કરી શકત ? અને આ કળિયુગમાં સાધન-બળ વિના પોતાના સહજાદિક દોષોને કેવી રીતે બાળી શકત ? કારણ કે મનુષ્ય માત્રને ૧. **સહજદોષ,** એટલે જન્મથી થતા દોષો અર્થાત્ હીનજાતિમાં ઉત્પન્ન થવું તે અથવા બીજદોષ અગર ગર્ભદોષ, ૨. **દેશોત્થદોષ**-એટલે કૃષ્ણમૃગરહિત મ્લેચ્છદેશમાં રહેવાથી થતા દોષો, ૩. **કાલોત્થદોષ**-કળિકાળથી, અશુભમુહૂર્તાદિકથી, યા અવસ્થાથી થતા દોષો, ૪. **સંયોગદોષ**-ધર્મભ્રષ્ટ પતિતાદિકના



સંસર્ગથી થતા દોષો, ૫. **સ્પર્શજદોષ**-શાસ્ત્રોમાં જે જે વસ્તુઓને તથા પ્રાણીઓને અસ્પૃશ્યો ગણેલા છે તેમનો સ્પર્શ થવાથી થતા દોષો, એ પ્રકારે પાંચ પ્રકારના દોષો અવશ્ય લાગે છે; તે દોષોને નિવૃત્ત કરવા માટે શ્રીમહાપ્રભુજીએ આત્મનિવેદન પ્રભુને કરવાનું ભગવદ્-આજ્ઞાથી જણાવેલું છે, અર્થાત્ આપના પ્રાકટ્યથી અનન્યભકિતરૂપ ધર્મ પાળી શકયા, કડવાં બાણ જેવા વચન સહન કરી શકયા, અને વગર સાધને બ્રહ્મસંબંધ કરી ભગવદ્-આજ્ઞાનુસાર આપને શરણે આવી સહજાદિક પાંચે પ્રકારના દોષો દૂર કરી શકયા. ૭

જયેયુર્દુર્જેયાન્ દનુજમનુજાતાનપિ કથં
કથં વા માર્ગીયં ફલમુપદિશેયુશ્ચ પરમમ્ ।
કથં વૈ ગચ્છેયુઃ શરણમતિભાવેન સતતં
ભવેદ્વાવિર્ભાવો યદિ ન ભુવિ વાગીશ ભવતઃ ॥ ૮ ॥

હે શ્રીવાગીશ મહાપ્રભો ! ભૂતળ ઉપર આપનું પ્રાકટ્ય ન થયું હોત તો કોઈનાથી ન જીતાય એવા અર્થાત્ દુઃખથી જીતાય એવા આસુરોને અને આસુરોને અનુસરનારાઓને કેવી રીતે જીતી શકાત ? અને આ નિઃસાધન નિર્ગુણ પુષ્ટિભકિતમાર્ગના ઉત્કૃષ્ટ ફલરૂપ મહામંત્રનો શી રીતે ઉપદેશ આપી શકત ? અને અત્યંત ભાવપૂર્વક નિરંતર પ્રભુને શરણે શી રીતે જઈ શકત ? અર્થાત્ આપ પ્રકટ થયા ન હોત તો આસુરી જીવોને અને આસુરી જીવોને અનુસરનારાઓને અથવા આસુરભાવવાળાઓને જીતી શકાત નહિ, ભગવન્માર્ગીય પરમફલરૂપ મહામંત્રનો ઉપદેશ પણ મળી શકત નહિ અને દૈવી જીવો ભાવપૂર્વક ભગવત્-શરણાગતિ કરી જન્મમરણનાં દુઃખરૂપિયો સંસારસમુદ્ર તરી શકત જ નહિં; અતએવ હે શ્રીવાગીશ પ્રભો ! ભૂતળ ઉપર આપના પ્રાકટ્યની દૈવીજીવોદ્ધારાર્થ આવશ્યકતા હતી. ૮

ઇતિ શ્રીહરિદાસોદિતં શ્રીવલ્લભભાવાષ્ટકં સમ્પૂર્ણમ્ ।

## ૯. શ્રીવૈશ્વાનરાષ્ટકમ્ ।
[શિખરિણી]

સમુદ્ભૂતો ભૂમૌ ભગવદભિધાનેન સદયઃ
સમુદ્ધારં કર્તું કૃપણમનુજાનાં કલિયુગે ।
ચકાર સ્વં માર્ગં પ્રકટમતુલાનન્દજનનં
સ મે મૂર્ધન્યાસ્તાં હરિવદનવૈશ્વાનરવિભુઃ ॥ ૧ ॥

કળિયુગમાં દૈન્યરહિત અર્થાત્ નિઃસાધન મનુષ્યોનો સારી રીતે ઉદ્ધાર કરવાને અર્થાત્ ચોરાશીલક્ષ યોનિમાંથી નિર્મુક્ત કરી ભગવલ્લીલા-મધ્યપાતરૂપી ફલ પ્રાપ્ત કરાવવાને દયાયુક્ત થઈ પૃથ્વીમાં ભગવદ્-અવતાર તરીકે જેઓ પ્રકટ થયા અને અત્યંત આનંદજનક પોતાનો નિર્ગુણ પુષ્ટિભક્તિમાર્ગ પ્રકટ કર્યો તે ભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુ મારા મસ્તક પર બિરાજો. ૧

નિજાનન્દે મગ્નઃ સતતમથ લગ્નશ્ચ મનસા
હરૌ મગ્નાસક્તિર્જગતિ જગદુદ્ધારકરણઃ ।
કૃપાપારાવારઃ પરહૃદયશોકાપહરણઃ
સ મે મૂર્ધન્યાસ્તાં હરિવદનવૈશ્વાનરવિભુઃ ॥ ૨ ॥

નિજાનંદમાં ડૂબેલા અને નિરંતર શ્રીહરિમાં જેમની ચિત્તવૃત્તિનો નિરોધ થયેલો છે એવા, જગતમાં ભગવદાસક્તિ રાખી જગતનો ઉદ્ધાર કરવાવાળા, કૃપાના સમુદ્રરૂપ, પારકાના હૃદયના શોકને દૂર કરનાર એવા તે ભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુ મારા મસ્તક પર બિરાજો. ૨

મહામાયામોહપ્રશમનમનોદોષનિચય-
પ્રતીતઃ શ્રીકૃષ્ણઃ પ્રકટપથવિદ્વેષસયુજામ ।
મુખધ્વંસં ચક્રે નિગમવચનૈર્માયિકનૃણાં
સ મે મૂર્ધન્યાસ્તાં હરિવદનવૈશ્વાનરવિભુઃ ॥ ૩ ॥



મહામાયારૂપ શક્તિના મોહથી મનના દોષસમૂહને સારી રીતે શાંત કરનારા અને પ્રકટ માર્ગના દ્વેષમાં જોડાયેલા માયાવાદી મનુષ્યોના, શ્રીકૃષ્ણસ્વરૂપે પ્રતીત થઈ વેદવચનોથી જેમણે મુખ બંધ કર્યા છે એવા તે ભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુ મારા મસ્તક પર બિરાજો. ૩.

પ્રસિદ્ધૈસ્તૈર્દોષૈઃ સહજકલિદોષાદિજનિતૈ-
ર્યતઃ સ્વીયૈર્ધર્મૈરપિ ચ રહિતઃ સર્વમનુજઃ ।
કૃતઃ સમ્બન્ધેન પ્રભુચરણસેવાદિસહિતઃ
સ મે મૂર્ધન્યાસ્તાં હરિવદનવૈશ્વાનરવિભુઃ ॥ ૪ ॥

પ્રસિદ્ધ એવા ૧. સહજદોષ, ૨. દેશોત્થદોષ, ૩. કાલોત્થદોષ, ૪. સંયોગજદોષ, ૫. સ્પર્શજદોષ, એ પાંચે પ્રકારના દોષો જીવોને લાગેલા હોય છે જેથી કરી પોતાના સ્વધર્મથી રહિત થયા છે તેવા સર્વે મનુષ્યોને જેમણે બ્રહ્મસંબંધદ્વારા તેમના સર્વદોષ નિવૃત્ત કરી પ્રભુના ચરણારવિન્દની સેવામાં પરાયણ કર્યા તે ભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુ મારા મસ્તક ઉપર બિરાજો. ૪

વિભેદં યશ્ચક્રે હરિભજનપૂજાદિવિધિષુ
સ્વમાર્ગીયપ્રાપ્યં ફલમપિ ફલેભ્યઃ સમધિકમ્ ।
વિના વૈરાગ્યાદેરપિ પરમમોક્ષૈકફલદઃ
સ મે મૂર્ધન્યાસ્તાં હરિવદનવૈશ્વાનરવિભુઃ ॥ ૫ ॥

શ્રીહરિની ભક્તિ અને પૂજન વગેરે વિધિઓમાં જેઓએ વિશેષે કરીને ભેદ કરેલો છે, અર્થાત્ પૂજનમાં વિધિનું પ્રાધાન્ય છે અને ભક્તિમાં સ્નેહનું પ્રાધાન્ય છે એમ બતાવી સ્વમાર્ગીય એટલે ભગવદ્ભક્તિ કરનારાઓને અન્યકર્મજ્ઞાન વગેરે મર્યાદામાર્ગીઓના ફલથી સારી રીતે અધિક અને વૈરાગ્યાદિક સિવાય પરમલીલામધ્યપાતરૂપી એક ફલને આપનાર એવા તે ભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુ મારા મસ્તક પર બિરાજો. ૫

પરિક્રાન્તા પૃથ્વી ચરણકમલૈસ્તીર્થમહિમ-
  પ્રસિદ્ધયર્થં સ્વીયસ્મરણસમવાપ્ત્યૈ નિજનૃણામ્ ।
તથા દૈવાન્ જીવાન્ જગતિ ચ પૃથક્કર્તુમખિલાન્
  સ મે મૂર્ધન્યાસ્તાં હરિવદનવૈશ્વાનરવિભુઃ ॥ ૬ ॥

પોતાના ભકતજનોને આપનું સ્મરણ રહે તેટલા માટે અને તીર્થોનું માહાત્મ્ય પ્રસિદ્ધ થવા માટે, તેમજ જગતમાં સમગ્ર દૈવી જીવોને શરણે લઈ અન્ય જીવોથી જુદા કરવાને જેઓએ પોતાનાં ચરણકમલોથી પૃથ્વીપરિક્રમા કરી તે ભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુ મારા મસ્તક પર બિરાજો. ૬.

હરિં ભાવાત્માનં તદખિલવિહારાનપિ તથા
  સમસ્તાં સામગ્રીં મનુજપશુપક્ષ્યાદિસહિતામ્ ।
કૃપામાત્રેણાત્ર પ્રકટયતિ દક્પારકરુણઃ
  સ મે મૂર્ધન્યાસ્તાં હરિવદનવૈશ્વાનરવિભુઃ ॥ ૭ ॥

ભાવાત્મક શ્રીહરિને, તેમના સમગ્ર વિહારોને તેમજ મનુષ્ય, પશુ, પક્ષી સહિત સમસ્ત લીલાસામગ્રીને પણ જેઓ કૃપા માત્રથી અહીંયાં પ્રકટ કરે છે એવા, દષ્ટિ પડવાથી કરુણામય એવા તે ભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુ મારા મસ્તક પર બિરાજો. ૭

પરેષામાસક્તિં સુતધનશરીરાદિષુ દઢાં
  દ્રુતં ભસ્મીચક્રે બહલમપિ તૂલં જ્વલ ઇવ ।
સ્વસાન્નિધ્યાદેવ વ્યસનમપિ કૃષ્ણેઽપિ વિદધત્
  સ મે મૂર્ધન્યાસ્તાં હરિવદનવૈશ્વાનરવિભુઃ ॥ ૮ ॥

જેઓ અન્ય જીવોની પુત્ર, ધન, શરીર વગેરેમાં જે દઢ આસકિત હતી તે આસકિતનો, અગ્નિ જેમ અત્યંત રૂના ઢગલાનો પણ નાશ કરે છે તેમ નાશ કરીને પોતાના સાંનિધ્યથીજ શ્રીકૃષ્ણમાં વ્યસન પણ સિદ્ધ કરાવે છે, તે ભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુ મારા મસ્તક પર બિરાજો. ૮



ઇતિ શ્રીમત્પ્રોક્તં હરિચરણદાસેન હરિણા-
  ષ્ટકં સ્વાચાર્યાણાં પઠતિ પરમપ્રેમસહિતઃ ।
જનસ્તસ્ય સ્યાદ્વૈ હરિવદનવૈશ્વાનરપદે
  પરો ભાવસ્તૂર્ણં સકલફલરૂપસ્તદધિકઃ ॥ ૯ ॥

એ પ્રકારે શ્રીમદ્વલ્લભાચાર્યજીનાં ભગવચ્ચરણારવિંદના દાસ શ્રીહરિરાયજીએ કહેલા સૌન્દર્યયુકત અષ્ટકનો જે મનુષ્ય પરમ પ્રેમપૂર્વક પાઠ કરે છે, તેને ભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુના ચરણારવિંદમાં સમગ્ર ફલરૂપ અને તેથી અધિક ભાવ પ્રાપ્ત થાય છે. ૯

**ઇતિ શ્રીહરિદાસ વિરચિતં શ્રીવૈશ્વાનરાષ્ટકં સમ્પૂર્ણમ્ ।**

*

## ૧૦. શ્રીમદાચાર્યસકલાવતારસામ્યરૂપનિરૂપણમ્ ।

[ **અનુષ્ટુબ** ]

યથા શ્રીમદ્વરાહેણ દંષ્ટ્રયા ચોદ્ધૃતા મહી ।
હિરણ્યાક્ષશ્ચ નિહતો ગોદ્વિજામરદુઃખદઃ ॥ ૧ ॥
તથા શ્રીવાગધીશેન નષ્ટા ભક્તિઃ સમુદ્ધૃતા ।
નિહત્ય ભક્તદ્વેષ્ટારં દુષ્ટસઙ્ઘભયપ્રદમ્ ॥ ૨ ॥
યતોઽયં વલ્લભાધીશો વિખ્યાતઃ પૃથિવીતલે ।
"રોષદક્પાતસમ્પ્લુષ્ટભક્તદ્વિ" ઇતિ નામતઃ ॥ ૩ ॥

જેવી રીતે શ્રીમદ્ વરાહ ભગવાને દાઢથી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો અને ગાયો, બ્રહ્માણો અને દેવોને દુઃખ દેનાર હિરણ્યાક્ષને માર્યો તેવી રીતે શ્રીવાગીશ ( વલ્લભાચાર્ય ) મહાપ્રભુજીએ ભકતોનો દ્વેષ કરનાર ભય આપનાર દુષ્ટોના સમુદાયને હણીને નાશ પામેલી ભકિતનો ઉદ્ધાર કર્યો, જેથી આ શ્રીવલ્લભાધીશ્વર **"રોષદક્પાતસમ્પ્લુષ્ટભક્તદ્વિટ્"** અર્થાત્ **"રોષદષ્ટિના નિક્ષેપથી નાશ કર્યો છે ભકતના દ્વેષીઓનો જેમણે"** એવા નામથી પૃથ્વીમાં પ્રસિદ્ધ થયા. એ પ્રકારે વરાહ-સામ્ય. ૧-૨-૩

સનન્દનાદયો દેવા બ્રહ્મચર્યપ્રકાશકાઃ ।
બભૂવુર્બ્રહ્મણઃ પુત્રાઃ શુદ્ધમાર્ગપ્રવર્તકાઃ ॥ ૪ ॥
તથાઽયમપિ વાગીશો હ્યન્યસ્ત્રીસઙ્ગમત્યજત્ ।
અતએવાસ્ય નામાસ્તિ "સુપૂરિત" "રહઃપ્રિયઃ" ॥ ૫ ॥
"પતિવ્રતાપતિ" શ્ચેતિ તેન તદ્વદ્બભૂવ સઃ ।
બ્રહ્મચર્યત્વસંસિદ્ધિસ્તેન જાતા મહાપ્રભોઃ ॥ ૬ ॥

જેવી રીતે શુદ્ધ માર્ગને પ્રવૃત્ત કરનારા, બ્રહ્મચર્યવ્રતને પ્રકાશ કરનારા, બ્રહ્માના પુત્રો સનંદન, સનક, સનાતન અને સનત્કુમાર દેવતાઓ થયા, તેવી રીતે આ વાગીશ મહાપ્રભુ પણ અન્ય સ્ત્રીઓના સંગને ત્યાગ કરનારા થયા, એટલા માટે એમનાં નામ **"સુપૂરિતઃ" "રહઃપ્રિય" "પતિવ્રતા-પતિઃ"** અર્થાત્ 'પરિપૂર્ણ એવા,' 'એકાંત પ્રિય એવા' અથવા 'ઐકાંતિક ભકતોમાં પ્રીતિવાળા,' અને 'પતિવ્રતાઓના પતિ એટલે ઉદ્ધારક એવા( અથવા 'પતિવ્રતા એટલે અનન્ય ભકિત કરનારા ભકતોનું સંરક્ષણ કરનારા એવા છે,' તેથી તે સનકાદિક તુલ્ય થયા, અને તેથી શ્રીમહાપ્રભુના બ્રહ્મચર્યત્વની સારી રીતે સિદ્ધિ થયેલી છે. એ પ્રકારે સનકાદિક-સામ્ય થયું. ૪-૫-૬

યથા શ્રીનારદઃ પંચરાત્રં વ્યરચયત્પ્રભુઃ ।
યસ્મિન્સેવાપ્રકારં ચ સ્ફુટં શ્રીમાનકલ્પયત્ ॥ ૭ ॥
"ભક્તયાચારોપદેષ્ટા" ભૂ "ત્કર્મમાર્ગપ્રવર્ત્તકઃ" ॥ ૮ ॥
યેનાચારશ્ચ યજ્ઞશ્ચ પુષ્ટિમાર્ગેઃ પ્રવર્ત્તિતઃ ।
તતોઽયં "યજ્ઞકર્ત્તા" ચ "યજ્ઞભોક્તે" તિવિશ્રુતઃ ॥ ૯ ॥

જેવી રીતે શ્રીમાન્ પ્રભુ નારદે પંચરાત્રની રચના કરી છે કે જેમાં સ્પષ્ટ રીતે સેવાપ્રકાર વર્ણન કરેલો છે, તેવી રીતે શ્રીમહાપ્રભુ પણ "ભકિત માટે આચારનો ઉપદેશ કરનારા" અને "કર્મમાર્ગને પ્રવૃત્ત કરનારા" હોવાથી "જેમણે પુષ્ટિમાર્ગરૂપી આચાર-યજ્ઞ પ્રવૃત્ત કરેલો



છે," તેથી આ શ્રીમહાપ્રભુ **"ભકતાચારોપદેષ્ટા" "કર્મમાર્ગ-પ્રવર્તકઃ" "યજ્ઞકર્તા" "યજ્ઞભોક્તા"** એ પ્રકારે નામોથી પ્રસિદ્ધ થયા. એ પ્રકારે નારદસામ્ય થયું. ૭-૮-૯

યથા નારાયણો દેવો ગન્ધમાદનવાસભાક્ ।
કામસેનાં વિજિત્યાશુ તિષ્ઠત્યેકાન્ત ઈશ્વરઃ ॥ ૧૦ ॥
તથાઽયમપિ દુષ્ટૌઘં વિજિત્ય કરુણાનિધિઃ ।
કૃષ્ણપ્રિયે વ્રજેઽવાસીદ્યતોઽયં શ્રી "વ્રજપ્રિયઃ" ॥ ૧૧ ॥

શ્રીનારાયણદેવ ગંધમાદન પર્વતમાં નિવાસ કરતાં કામદેવની સેનાને સત્વર જીતીને સમર્થ બની એકાંતમાં રહે છે, તેવી રીતે આ કરુણાસાગર શ્રીમહાપ્રભુ પણ દુષ્ટ ઈન્દ્રિય સમૂહને જીતીને શ્રીકૃષ્ણ ભગવાનને પ્રિય એવા વ્રજમાં નિવાસ કરે છે, જેથી આ શ્રીમહાપ્રભુ **"વ્રજપ્રિયઃ"** અર્થાત્ "જેમને વ્રજપ્રિય છે" એવા નામે કહેવાયા. એ પ્રકારે નારાયણસામ્ય થયું. ૧૦-૧૧

યથા શ્રીકપિલઃ સાઙ્ખ્યમુક્ત્વા જ્ઞાનમુપાહરત્ ।
જીવાનાં દુષ્ટમનસાં દેવહૂતીપ્રિયાવહઃ ॥ ૧૨ ॥
તથાઽણુભાષ્યવ્યાખ્યાનાદયમપ્યખિલેશ્વરઃ ।
વિનાશ્યાઽજ્ઞાનપટલં ચરતાં નિજવર્ત્મનિ ॥ ૧૩ ॥
બભૌ સર્વત્ર વિજયી શ્રીઈલમ્માપ્રિયાવહઃ ।
અતએવાસ્ય નામોક્તં "સૂત્રભાષ્યપ્રવર્ત્તકઃ" ॥ ૧૪ ॥

જેવી રીતે શ્રીકપિલદેવજીએ સાંખ્યનું નિરૂપણ કરીને દુષ્ટ મનવાળા જીવોનું અજ્ઞાન દૂર કર્યું અને દેવહૂતીનું પ્રિય કર્યું તેવી રીતે આ સમર્થ દેવી જીવોદ્ધારક શ્રીમહાપ્રભુજી પણ બ્રહ્મસૂત્ર ઉપર "અણુભાષ્ય"નું વ્યાખ્યાન કરીને પોતાના ભકિતમાર્ગને અનુસરનાર જીવોના અજ્ઞાન-સમૂહને દૂર કરી સર્વત્ર વિજયી થયા, અને શ્રીઈલમ્માજીનું પ્રિય કર્યું, એટલા માટે એમનું નામ **"સૂત્રભાષ્યપ્રવર્ત્તકઃ"** "સૂત્રભાષ્યને પ્રવૃત્ત કરનારા" એવું કહેવાયું. એ પ્રકારે શ્રીકપિલદેવનું સામ્ય થયું. ૧૨-૧૩-૧૪

આન્વીક્ષિકીં યથા દત્તઃ પ્રહ્લાદાદિભ્ય ઉકતવાન્ ।
નાનાવાક્યપ્રચારેણ દઢીકૃત્ય સતાં મતમ્ ॥ ૧૫ ॥

તથાઽયમપિ વાગીશઃ સમાશ્રિત્ય સતાં મતમ્ ।
"ભક્તયાચારોપદેશાર્થં નાનાવાક્યનિરૂપકઃ" ॥ ૧૬ ॥

તદર્થમેવ ભગવાન્ કથયામાસ વૈ બહૂન્ ।
સ્તવાન્ કૃષ્ણાશ્રયાદ્યાંશ્ચ "પ્રભુઃ" "શ્રીકૃષ્ણહાર્દવિત્" ॥ ૧૭ ॥

જેવી રીતે **શ્રીદત્તાત્રેયજીએ** આન્વીક્ષિકી વિદ્યા પ્રહ્લાદજી વગેરેને વર્ણન કરીને નાના પ્રકારના ઉપદેશનો પ્રચાર કરી સત્પુરુષોના મતને દઢ કર્યો, તેવી રીતે આ વાગીશ પ્રભુએ પણ સત્પુરુષોના મતનો આશ્રય કરી "ભકિત માટે આચારનો ઉપદેશ કરવા સારુ નાના પ્રકારે વાકયોનું નિરૂપણ કર્યું," અને તે ભકિતના પ્રચારાર્થેજ શ્રીમહાપ્રભુએ શ્રીકૃષ્ણાશ્રય વગેરે ઘણા સ્તોત્રો વર્ણિત કર્યાં. તેથી જ **"શ્રીકૃષ્ણહાર્દવિત્"** "શ્રીકૃષ્ણના હાર્દને જાણનારા" કહેવાયા. એ પ્રકારે શ્રીદત્તાવતારસામ્ય થયું. ૧૫-૧૬-૧૭

યથા યજ્ઞાવતારશ્ચ યામાદિદ્વાદશાત્મજૈઃ ।
સાર્દ્ધં ગુણગણાબ્ધિશ્ચારક્ષત્સ્વાયમ્ભુવાન્તરમ્ ॥ ૧૮ ॥

તથા શ્રીવલ્લભાધીશઃ કુમારાભ્યાં ચ નપ્તૃભિઃ ।
દૂરીકૃત્યાસુરાન્ સર્વાનપાત્સારસ્વતાન્તરમ્ ॥ ૧૯ ॥

જેવી રીતે ગુણસમૂહના સાગરરૂપ યજ્ઞાવતાર પ્રભુએ યામ વિગેરે બાર પુત્રો સાથે મળીને સ્વાયંભુવમન્વંતરનું રક્ષણ કર્યું, તેવી રીતે શ્રીવલ્લભાધીશ્વર પ્રભુએ પોતાના શ્રીગોપીનાથજી અને શ્રીવિઠ્ઠલનાથજી એ બે પુત્રો તથા શ્રીવિઠ્ઠલનાથજીના સાત પુત્રરૂપ પૌત્રો એમ એ બધાએ સાથે મળીને સર્વે આસુરી જીવોને દૂર કરીને સારસ્વત કલ્પના દૈવીજીવોનું રક્ષણ કર્યું. એ પ્રકારે યજ્ઞાવતાર-સામ્ય દર્શાવ્યું. ૧૮-૧૯



યથા શ્રીઋષભો દેવઃ પુત્રાણાં જ્ઞાનદોઽભવત્ ।
અજ્ઞાતાન્તર્દ્ધિરમલઃ પુંસાં મોહાબ્ધિમજ્જતામ્ ॥ ૨૦ ॥

તથાઽયં "અજ્ઞાતલીલો" નામ્ના ખ્યાતશ્ચ ભૂતલે ।
"સ્વવંશે સ્થાપિતાશેષસ્વમાહાત્મ્ય" શ્ચસોઽભવત્ ॥ ૨૧ ॥

જેવી રીતે પ્રકટ જણાતી નથી અંદરની બુદ્ધિ જેમની એવા નિર્મળ શ્રીઋષભદેવજી પોતાના પુત્રોના નિમિત્તે મોહસાગરમાં ડૂબતા પુરુષોને જ્ઞાન આપનાર થયા, તેવી રીતે આ શ્રીમહાપ્રભુજી જેમની લીલા કોઈ જાણી શકતું નથી તેથી **"અજ્ઞાતલીલઃ"** એ નામે અને "પોતાના વંશમાં સ્થાપન કર્યું છે સમગ્ર માહાત્મ્ય જેમણે" એટલે પોતાના વંશમાં સમગ્ર માહાત્મ્ય સ્થાપન કરવાથી **"સ્થાપિતાશેષસ્વમાહાત્મ્યઃ"** એ નામે ભૂતળમાં પ્રસિદ્ધ થયા. એ પ્રકારે શ્રીઋષભાવતાર-સામ્ય પ્રદર્શિત કર્યું. ૨૦-૨૧

યથા શ્રીપૃથુરાજા ચ ગોરૂપોર્વીં દુદોહ વૈ ।
સર્વજીવાર્થમનઘો મહારાજોપસેવિતઃ ॥ ૨૨ ॥

તથા મહેન્દિરાસ્વામી સામવેદસમુદ્ભવાઃ ।
ઋગ્ધેનૂઃ સન્દુદોહાઽય 'ભકતેચ્છાપૂરકા'હ્વયઃ ॥ ૨૩ ॥

પુષ્ટિમાર્ગપ્રચારાર્થં શુદ્ધાદ્વૈતમતાપ્તયે ।
"લીલામૃતરસાર્દ્રાર્દ્રીકૃતાખિલશરીરભૃત્" ॥ ૨૪ ॥

જેવી રીતે મોટા રાજાઓએ સેવાયેલા પાપરહિત શ્રીપૃથુરાજાએ સર્વે જીવોના ઉપકારાર્થે ગાયનું રૂપ ધારણ કરનાર પૃથ્વીનું દોહન કર્યું તેવી રીતે મહાલક્ષ્મીપતિ શ્રીમહાપ્રભુએ શુદ્ધાદ્વૈત મતનું સ્થાપન કરવા અને પુષ્ટિભકિતમાર્ગનો પ્રચાર કરવા માટે સામવેદોદ્ભવ ઋગ્વેદની શ્રુતિઓરૂપી ધેનુઓને દોહન કરી અને ભકતોની ઇચ્છા પૂર્ણ કરી જેથી **"ભકતેચ્છાપૂરકઃ"** અને લીલામૃતરૂપ રસના સમૂહથી સમગ્ર દેહધારીઓને સ્નિગ્ધ કરવાથી **"લીલામૃતરસાર્દ્રાર્દ્રીકૃતાખિલશરીરભૃત્"** એ નામે કહેવાયા. એ પ્રકારે શ્રીપૃથુઅવતાર-સામ્યનિરૂપણ થયું. ૨૨-૨૩-૨૪

ભક્તં યથૈકં મત્સ્યસ્તુ સત્યવન્તમયાત્પ્રભુઃ ।
જલાંત્પ્રલયકાલીનાન્ માત્સ્યં સંશ્રાવયજ્જનાન્ ॥ ૨૫ ॥
તથા શ્રીવલ્લભેશસ્તુ સંસારભયવારિધેઃ ।
ભક્તાનપાદ્બહૂન્ શ્રીશઃ શ્રાવયિત્વા સુબોધિનીમ્ ॥ ૨૬ ॥

જેવી રીતે શ્રીમત્સ્યાવતાર પ્રભુએ એક સત્યવાન્ ભક્તનું પ્રલયકાળના જળથી રક્ષણ કરી મનુષ્યોને મત્સ્ય પુરાણ શ્રવણ કરાવ્યું, તેવી રીતે મહાલક્ષ્મીપતિ શ્રીમહાપ્રભુ વલ્લભાધીશ્વરે તો સુબોધિનીનું શ્રવણ કરાવીને સંસાર-ભયના સમુદ્રથી અર્થાત્ જન્મમરણના દુઃખથી ઘણા ભક્તોનું રક્ષણ કર્યું. એ પ્રકારે મત્સ્યાવતાર-સામ્ય-નિરૂપણ કર્યું. ૨૫-૨૬

સુરાસુરાણામુદધિં મથ્નતામમૃતં યદા ।
ભૂતોઽપ્રાપ્તામૃતાનાં ચ ક્લિશ્યતાં તેન કર્મણા ॥ ૨૭ ॥
તદા શ્રીકમઠઃ સાક્ષાદ્દધ્રે મન્દરપર્વતમ્ ।
પૃષ્ઠે ચ હાટકમયં લક્ષયોજનવિસ્તૃતે ॥ ૨૮ ॥
તથૈવ દૈવજીવાનામાસુરાણાં ચ વાક્પતિઃ ।
ક્લિશ્યતાં ભવસિન્ધૌ ચ મોક્ષપીયૂષહેતવે ॥ ૨૯ ॥
ગૃહીત્વા જ્ઞાનસર્પસ્ય મુખપુચ્છૌ મહાપ્રભુઃ ।
તદા પ્રભુસ્તં નિગમપર્વતં ચોદ્ધાર હ ॥ ૩૦ ॥
દુષ્ટોત્થાપિતપાખણ્ડવિષં ભૂરિપરાક્રમમ્ ।
"પત્રાવલમ્બન" શિવરૂપેણાથ પપૌ મુદા ॥ ૩૧ ॥

દેવદૈત્યો મળી સમુદ્રમંથન કરતાં અમૃત ઉત્પન્ન ન થયું, અને અમૃત પ્રાપ્ત ન થતાં કેવળ મંથન કરવા રૂપ કર્મથી જ્યારે દેવ અને દૈત્યો ક્લેશ પામવા લાગ્યા ત્યારે પ્રભુએ સાક્ષાત્ શ્રીકૂર્મ(કચ્છપ) સ્વરૂપ ધારણ કરી એક લાખ યોજન વિસ્તારવાળી પીઠ ઉપર સુવર્ણમય મંદરાચલ પર્વતને ધારણ કર્યો, તેવીજ રીતે સંસારસમુદ્રમાં મોક્ષરૂપ અમૃતને માટે દૈવી અને આસુરી જીવોને ક્લેશ પામતા જોઈને શ્રીવાક્પતિ મહાપ્રભુએ જ્ઞાનરૂપ સર્પનું મુખ અને પુચ્છ ગ્રહણ કરીને તે સમયે ડૂબતા



વેદરૂપ મંદરાચલનો ઉદ્ધાર કર્યો અને દુષ્ટોએ કાઢેલા અત્યંત પરાક્રમી પાખંડ માર્ગરૂપ વિષનું ત્યારપછી પત્રાવલંબનરૂપી શિવરૂપ ધારણ કરી હર્ષપૂર્વક પાન કરી ગયા. એ પ્રકારે શ્રીકૂર્માવતાર-સામ્ય દર્શાવ્યું. ૨૭-૩૧

યથા ધન્વન્તરિઃ પુંસાં સ્મૃતિમાત્રાર્ત્તિનાશનઃ ।
તથા સતામયમપિ "સ્મૃતિમાત્રાર્ત્તિનાશનઃ" ॥ ૩૨ ॥

જેવી રીતે શ્રીધન્વન્તરીજી સ્મરણ કરવા માત્રથી દુઃખનો યા રોગાદિકનો નાશ કરે છે, તેવી રીતે આ શ્રીમહાપ્રભુજી પણ સત્પુરુષોને સ્મરણ કરવા માત્રથી જન્મમરણરૂપ દુઃખનો નાશ કરી ભગવત્પ્રાપ્તિ કરાવનાર હોવાથી **"સ્મૃતિમાત્રાર્ત્તિનાશનઃ"** કહેવાય છે. એ પ્રકારે શ્રીધન્વન્તરી-સામ્ય પ્રદર્શિત કર્યું. ૩૨

યથા શ્રીમોહિની દૈત્યાન્ મોહયિત્વાથ ચાક્ષુષૈઃ ।
દૈત્યોત્સર્ગગતં પાત્રં સુધાયાઃ પ્રાપ્ય નિર્મલમ્ ॥ ૩૩ ॥
સુરેભ્યશ્ચામૃતં ભૂયો દદૌ, દૈત્યેભ્ય એવ ન ।
પુરુષોઽપિ મહાવિષ્ણુર્ધૃત્વા સ્ત્રીરૂપમદ્ભુતમ્ ॥ ૩૪ ॥
એવં શ્રીવલ્લભોઽપીશો નષ્ટં વેદમનુત્તમમ્ ।
ઉદ્ધૃત્ય જગતાં નાથો નિજભક્તાર્થમાદરાત્ ॥ ૩૫ ॥
વિરુદ્ધાશ્રયતો દુષ્ટાન્ મોહયિત્વા મહાપ્રભુઃ ।
તેન સમ્મથ્ય નિગમગિરિણાસ્મિન્ભવે શુભમ્ ॥ ૩૬ ॥
પુષ્ટિરૂપામૃતસયં નિષ્કાસ્ય ગુણવારિધેઃ ।
દેવેભ્યોઽદાદાસુરેભ્યો ન દદૌ ભક્તવત્સલઃ ॥ ૩૭ ॥
પૂર્વમાસીત્સ્વયમપિ વલ્લભોઽથ દ્વિતીયકે ।
અવતારે સમ્બભૂવ વાક્પતિઃપુરુષાકૃતિઃ ॥ ૩૮ ॥

જેવી રીતે પુરુષ શ્રીમહાવિષ્ણુ શ્રીમોહિની-સ્વરૂપે અદ્ભુત સ્ત્રીરૂપ ધારણ કરીને નેત્રોના કટાક્ષદ્વારા દૈત્યોને મોહ ઉત્પન્ન કરીને દૈત્યોની પાસે ગયેલા નિર્મળ અમૃતનું પાત્ર લઈને વારંવાર દેવતાઓને આપ્યું પરંતુ

દૈત્યોને નજ આપ્યું, એ પ્રકારે સમર્થ શ્રીવલ્લભાધીશ્વરે પણ જેનાથી કોઈ ઉત્તમ નથી એવા, નષ્ટપ્રાય થયેલા વેદનો ઉદ્ધાર કરીને જગદ્ગુરૂ ગુણના સમુદ્ર અને ભકતવત્સલશ્રી મહાપ્રભુએ-વિરૂદ્ધાશ્રય-સ્વરૂપથી દુષ્ટ આસુરી જીવોને મોહ ઉત્પન્ન કરીને આદરથી નિજ ભકતોને માટે તે વેદરૂપી પર્વતથી આ સંસારસમુદ્રનું મંથન કરીને શુભપુષ્ટિરૂપ અમૃતને કાઢીને દૈવી જીવોને પાન કરાવ્યું, અને આસુરી જીવોને ન આપ્યું. પૂર્વનિત્યલીલામાં સ્વયં બિરાજતા અને ત્યારપછી બીજા અવતારમાં પુરુષરૂપે શ્રીવાક્પતિ વલ્લભાચાર્યજી થયા. એ પ્રકારે શ્રીમોહિની-અવતાર-સામ્ય-નિરૂપણ કર્યું. ૩૭-૩૮

## (ગદ્ય-ભાગ)

અથ સકલજગદાર્ત્તિતટિનીપતિનિવારકો ભગવાન્નરસિંહો યથા સ્તમ્ભાદાવિર્ભૂય હિરણ્યકશિપું કરાગ્રેણ વિદાર્ય નિજભક્તં પ્રહ્લાદં ररक्षैवं ભગવાન્ શ્રીવલ્લભાધીશોઽપિ 'ચમ્પકારણ્યે' પ્રકટીભૂયાખિલદુઃખદાતારં જીવાજ્ઞાનરૂપમહાદૈત્યં સદ્વાક્ય-વીતિહોત્રાત્પ્રકટીભૂયાખિલદુઃખદાતારં પ્રચારનખૈર્ભિત્ત્વા પ્રહ્લાદરૂપવૈષ્ણવવૃન્દમરક્ષદિત્યતએવ "ઉગ્રપ્રતાપ" ઇતિ નામનિર્દેશ ઇતિ ॥ ૩૯ ॥

ત્યારપછી સમગ્ર જગતના દુઃખરૂપી સમુદ્રનું નિવારણ કરનાર ભગવાન નૃસિંહે જેવી રીતે સ્તંભમાંથી પ્રકટ થઈને હિરણ્યકશિપુનું નખથી વિદારણ કરીને સ્વકીય ભકત પ્રહ્લાદનું રક્ષણ કર્યું એવી રીતે ભગવાન શ્રીવલ્લભાધીશ્વરે પણ **ચંપારણ્યમાં** અગ્નિથી પ્રકટ થઈને સમગ્ર જગતને દુઃખ આપનાર જીવોના અજ્ઞાનરૂપ મોટા દૈત્યનું સદ્વાકયના પ્રચારરૂપ નખોથી વિદારણ કરીને પ્રહ્લાદરૂપ વૈષ્ણવસમૂહનું રક્ષણ કર્યું, એટલા હેતુથી જ **"ઉગ્રપ્રતાપઃ"** 'મહાન પ્રતાપવાળા' એવા નામથી પ્રસિદ્ધ થયા. એ પ્રકારે શ્રીનૃસિંહાવતાર-સામ્ય પ્રકટ કર્યું. ૩૯

અથ ચ યથાખિલગીર્વાણકદમ્બસમીડિતગરિષ્ઠગુણગણપટલો ભગવાન્ વામનઃ કશ્યપસુત આદૌ ભિક્ષુરૂપં ગૃહીત્વા બલેઃ સર્વસ્વમાચ્છિદ્ય વવૃધે, પુનશ્ચ તેન સમ્પૂજિતસ્તમનુગૃહ્યાન્તર્દધે, તથૈવ ભગવાન ઇલાપતિઃ શ્રીલક્ષ્મણરાજકુમારઃ શુદ્ધભિક્ષુકવદ્રૂપં



સમાશ્રિત્ય તત્ર ચ મહદભિમાનીપણ્ડિતસમૂહં વિજિત્યાચાર્યપદવીં ચ પ્રાપ્ય વિદ્યાનગરાધીશ્વરમનુગૃહ્ય તેષાં નિરુત્તરાણાં જયેન પુષ્ટિમાર્ગ-માર્ત્તણ્ડોદયં કૃત્વા માતુલાભિમાનં ચાહત્ય "કનકાભિષેકા" સયશઃપ્રસારેણ વૃદ્ધિં પ્રાપ્ય પૃથિવીં પર્યક્રામદિતિ ॥ ૪૦ ॥

ત્યારપછી જેવી રીતે સમગ્ર દેવસમૂહે સ્તુતિ કરાયેલા મહાન ગુણ સમૂહથી વ્યાપ્ત એવા કશ્યપપુત્ર ભગવાન વામનજી પ્રથમ ભિક્ષુસ્વરૂપ ધારણ કરીને બલિરાજાનું સર્વસ્વ લઈને વૃદ્ધ પામ્યા અર્થાત્ વિરાટ સ્વરૂપ ધારણ કર્યું અને ફરીથી બલિરાજાએ પૂજાયેલા એવા તે તેની ઉપર અનુગ્રહ (કૃપા) કરીને અંતર્ધાન થયા, તેવી જ રીતે પૃથ્વીપતિ શ્રીલક્ષ્મણરાજકુમાર **ભગવાન શ્રીવલ્લભાધીશ્વરે** શુદ્ધ ભિક્ષુકના જેવું સ્વરૂપ ધારણ કરીને અને ત્યાં મહાઅભિમાની એવા **પંડિતોના સમૂહને જીતીને આચાર્યપદવી મેળવીને વિદ્યાનગરના રાજા શ્રીકૃષ્ણદેવ ઉપર કૃપા કરીને** તે નિરુત્તર કરેલા પંડિતોનો વિજય કરીને **શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદરૂપ પુષ્ટિમાર્ગરૂપી સૂર્યનો** ઉદય **કરીને** અને પોતાના મામાનો ગર્વ ઉતારીને **કનકાભિષેકથી પ્રાપ્ત કરેલી સત્કીર્તિના પ્રસારથી વૃદ્ધિ પામીને પૃથ્વીપરિક્રમા** કરી. એ પ્રકારે વામનવતાર-સામ્ય દર્શાવ્યું. ૪૦

**[અનુષ્ટુભ]**

યથા દ્વિજદ્રોહકરાન્ જઘાન ક્ષત્રિયાન્બહૂન્ ।
પરશ્વધેન તીક્ષ્ણેન રેણુકાનન્દવર્ધનઃ ॥ ૪૧ ॥
તથા શ્રૌતદ્રોહકરાન્ યઃ સ્માર્તાન્નાસુરાન્ પ્રભુઃ ।
"પત્રાવલમ્બ" ખણ્ડેન જિત્વા ચક્રે નિરુત્તરાન્ ॥ ૪૨ ॥

જેવી રીતે રેણુકાના આનંદની વૃદ્ધિ કરનાર પરશુરામે બ્રહ્મદ્રોહ કરનારા ઘણા ક્ષત્રિયોનો તીક્ષ્ણ પરશુ દ્વારા નાશ કર્યો, તેવી રીતે શ્રૌતદ્રોહી સ્માર્ત આસુરી જીવોને શ્રીમહાપ્રભુજીએ **પત્રાવલંબન** દ્વારા જીતીને નિરુત્તર કર્યા. એ પ્રકારે શ્રીપરશુરામવતાર-સામ્ય પ્રદર્શિત કર્યું. ૪૧-૪૨

કલિકાલમલચરતામ્ જીવાનાલોક્ય દુર્મતીન્ ।
મન્દભાગ્યાંસ્તથા દુષ્ટાન્ શ્રીમાન્ સત્યવતીસુતઃ ॥ ૪૩ ॥
શ્રીમદ્ભાગવતાલાપાદુદ્ધાર દયાપરઃ ।
પાખણ્ડતિમિરાક્રાન્તજીવજાલદિવાકરાત્ ॥ ૪૪ ॥
તથા મહાપ્રભુરપિ દુષ્ટાધ્વાર્ણવમજ્જિતાન્ ।
જીવાનાલોક્ય ભગવાન્પુષ્ટિમાર્ગોપદેશતઃ ॥ ૪૫ ॥
અંગીકૃત્ય મન્ત્રદાનાચ્ચ ચક્રે ભયવિવર્જિતાન્ ।
પુત્રપૌત્રપ્રપૌત્રાદ્યૈઃ કરોતિ ચ કરિષ્યતિ ॥ ૪૬ ॥

જેવી રીતે મહાદયાળુ શ્રીમાન સત્યવતીપુત્ર વેદવ્યાસે કલિકાલના મળથી ઘેરાયેલા, દુષ્ટ બુદ્ધિવાળા, મંદભાગ્યવાળા, અને દુષ્ટ એવા જીવોને જોઈને પાખંડરૂપ અંધકારથી વ્યાપ્ત જીવસમૂહનો, અજ્ઞાન નાશ કરવામાં સૂર્ય સમાન શ્રીમદ્ભાગવત પ્રકટ કરીને ઉદ્ધાર કર્યો, તેવી રીતે શ્રીભગવાન મહાપ્રભુએ પણ દુષ્ટ (પાખંડ) માર્ગરૂપ સમુદ્રમાં ડૂબેલા જીવોને જોઈને શરણ અને આત્મનિવેદનના મંત્રોપદેશથી અંગીકાર કરી પુષ્ટિમાર્ગનો ઉપદેશ કરીને ભયરહિત કર્યા અને પુત્રો, પુત્રના પુત્રો અને તેમના પણ પુત્રો વગેરે અર્થાત્ સ્વવંશ દ્વારા ભયરહિત કરે છે અને કરશે એ પ્રકારે શ્રીવેદ-વ્યાસાવતાર-સામ્ય-નિરૂપણ થયું. ૪૩-૪૬

અયોધ્યાધિપતી રામઃ સેતું કૃત્વા યથાર્ણવે ।
સ્વસેનાં સ્થાપયામાસ જિગ્યેઽસુરચમૂદ્ધતમ્ ॥ ૪૭ ॥
તથૈલમ્માકુમારોઽપિ શ્રીમદ્ભાગવતાર્ણવે ।
સેતું "સુબોધિની" રૂપં વિધાયાતારયજ્જનાન્ ॥ ૪૮ ॥
જિગાયાસુરવર્ગં ચ વૈષ્ણવદ્વેષકારકમ્ ।
"શ્રીભાગવતપીયૂષસમુદ્રમથનક્ષમઃ" ॥ ૪૯ ॥

જેવી રીતે અયોધ્યાના અધિપતિ ભગવાન્ શ્રીરામચંદ્રજી સમુદ્રમાં સેતુ બાંધીને પોતાની સેનાને પાર લઈ ગયા અને જલદીથી દૈત્ય સેનાને જીત્યા, તેવી રીતે ઈલમ્માકુમાર શ્રીવલ્લભાચાર્યજીએ પણ શ્રીમદ્ભાગવતરૂપી સમુદ્ર ઉપર **સુબોધિની** રૂપ સેતુ બાંધીને દૈવી જીવોને તાર્યા, અને વૈષ્ણવોનો દ્વેષ કરનાર આસુરી જીવસમૂહને જીત્યા, એ હેતુથી જ **"શ્રીભાગવતપીયૂષસમુદ્રમથનક્ષમઃ"** અર્થાત્ "શ્રીભાગવતરૂપી અમૃતના સમુદ્રનું મંથન કરવામાં સમર્થ" એવા નામે પ્રસિદ્ધ થયા. એ પ્રકારે શ્રીદાશરથિ-રામાવતાર-સામ્ય દર્શાવ્યું. ૪૭-૪૮-૪૯



## [ગદ્યભાગ]

અથ યથા સકલજગદભીષ્ટસમ્પાદકઃ શ્રીભગવાન્ શ્રીનન્દરાજકુમારો નિજસહોદરેણ શ્રીરેવતીરમણેન પૂર્ણરેવતીરમણસદૃશેન સારસ્વતકલ્પેઽવતીર્ય દુષ્ટકદમ્બરૂપં ભૂભારમુજ્જહાર, સ્વહસ્તમારણેન ચ તન્મોક્ષં ચકારૈવમસાવપિ ભગવાન્ પુરુષોત્તમો નારાયણાદિદીક્ષિતાનાં સોમયાગફલસ્વરૂપઃ શ્રીલક્ષ્મણાત્મજઃ કલાવતીર્ય પુત્રાભ્યાં શ્રીગોપીનાથવિઠ્ઠલાભ્યાં સહાષ્ટાક્ષરદાનેન નિગદદાનેન ચ કેનચિદપરાધવિશેષેણ વિનષ્ટમતીન્ અતએવ ગોલોકચ્યુતાન્ જીવાનુદ્ધારેતિ ॥ ૫૦ ॥

ત્યારપછી જેવી રીતે સમગ્ર જગતને ઈચ્છિત સંપાદન કરનાર ષડૈશ્વર્યસંપન્ન શ્રીનંદરાજકુમાર શ્રીકૃષ્ણચંદ્રપ્રભુએ પોતાના સહોદર મોટાભાઈ શ્રીરેવતીરમણ શ્રીબલભદ્રજી સાથે પૂર્ણરેવતીરમણતુલ્ય સારસ્વત કલ્પમાં પ્રકટ થઈને દુષ્ટ સમૂહરૂપી પૃથ્વીના ભારને ઉતાર્યો, અને શ્રીહસ્તે મારવાથી તેઓનો મોક્ષ કર્યો, એ પ્રકારે આ પુરુષોત્તમ ભગવાને પણ નારાયણ દીક્ષિત વગેરેના સોમયાગના ફલ સ્વરૂપ એવા શ્રીલક્ષ્મણભટ્ટજીના અંગથી પ્રકટ થયેલા શ્રીમહાપ્રભુજીએ કલિયુગમાં પ્રકટ થઈને શ્રીગોપીનાથજી અને શ્રીવિઠ્ઠલનાથજી બંને પુત્રો સાથે અષ્ટાક્ષર અને ગદ્યમંત્રનું દાન કરીને કોઈ અપરાધવશાત્ બુદ્ધિનાશ થવાથી એજ હેતુથી ગોલોકથી ચ્યુત થયેલા (વિછરેલા) જીવોનો ઉદ્ધાર કર્યો. એ પ્રકારે શ્રીકૃષ્ણાવતારસામ્ય નિરૂપણ કર્યું. ૫૦

## [અનુષ્ટુભ]

યથા હલધરઃ શ્રીમાન્ નિજાનન્દાબ્ધિમજ્જિતઃ ।
કૃષ્ણસૌખ્યપ્રયત્નાત્મા રોહિણ્યાનન્દવર્ધનઃ ॥ ૫૧ ॥

કિઞ્ચ—

[ઉદ્દગીતિ]

નિજભાણ્ડકારકાણામભીષ્ટદાતાથ રેવતીશ્રેષ્ઠઃ ।
શ્રીપુષ્ટિમાર્ગસંસ્થૈઃ સદ્ભિઃ સેવ્યો વ્રજેશવન્નિત્યમ્ ॥ ૫૨ ॥

તથાઽયમપિ વાગીશો નામભિસ્તત્સદક્ષકૈઃ ।
વિખ્યાતસ્ત્રિષુ લોકેષુ કૃષ્ણાનુગ્રહભાજનઃ ॥ ૫૩ ॥

"આનંદઃ" "પરમાનન્દઃ" "પૂર્ણાનંદો" "જગદ્ગુરુઃ" ।
"સ્વાનંદતુન્દિલ" શ્ચેતિ "ઇલમ્માનંદવર્ધનઃ" ॥ ૫૪ ॥

"અદેયદાનદક્ષ" શ્ચ "શ્રીઅક્કાપ્રાણવલ્લભઃ" ।
"ભક્તેચ્છાપૂરકઃ" કૃષ્ણભક્તિકૃ "ન્નિખિલેષ્ટદઃ" ॥ ૫૫ ॥

શ્રીમાન હલને ધારણ કરનાર, નિજાનંદ સમુદ્રમાં ડૂબેલા, શ્રીકૃષ્ણના સુખ માટે પ્રયત્નશીલ જેમનો આત્મા છે એવા, રોહિણીજીના આનંદને વધારનાર, અને નિજ ક્રીડા કરવાવાળાઓને ઇચ્છિત દાન કરનાર, રેવતીજીના પતિ એવા શ્રીબલદેવજી જેવી રીતે પુષ્ટિમાર્ગસ્થિત સત્પુરુષોએ નિરંતર વ્રજેશ શ્રીકૃષ્ણચંદ્રની માફક સેવવા લાયક છે, તેવી રીતે આ શ્રીવાગીશ મહાપ્રભુ પણ **"આનંદઃ"** આનંદરૂપ, **"પરમાનંદઃ"** પરમાનંદરૂપ **"પૂર્ણાનંદઃ"** પૂર્ણ આનંદ સ્વરૂપ, **"જગદ્ગુરુઃ"** જગતના પૂજ્ય એવા, **"સ્વાનન્દદિતુંન્દિલઃ"** પોતાના સ્વરૂપે કરીને આનંદવાળા, **"ઇલમ્માનંદવર્ધનઃ"** ઈલમ્માજીના આનંદને વધારનાર, **"અદેયદાનદક્ષઃ"** ન આપી શકાય તેવાં દાન આપવા સમર્થ અર્થાત્ ભજનાનંદનું દાન કરનાર, **"શ્રીઅક્કાપ્રાણવલ્લભઃ"** શ્રીઅક્કાજીના પ્રાણપ્રિય એવા, **"ભક્તેચ્છાપૂરકઃ"** ભક્તની ઇચ્છા પૂર્ણ કરનાર, **"શ્રીકૃષ્ણભક્તિકૃત્"** શ્રીકૃષ્ણની ભક્તિ કરનારા, અને **"નિખિલેષ્ટદઃ"** સમગ્ર ઇચ્છિત વસ્તુને આપનારા, એ પ્રકારે તે તે સત્પુરુષોને રક્ષણ કરવાવાળા નામો વડે ત્રણે લોકમાં શ્રીકૃષ્ણના કૃપાપાત્ર તરીકે પ્રસિદ્ધ થયા. એ પ્રકારે શ્રીહલધરાવતાર-સામ્ય નિરૂપણ કર્યું. ૫૧-૫૫

અથ ચ યથા ભગવાન્ બુદ્ધો દેવકાર્યાર્થં સર્વાન્ વિનિન્દ્ય વિશ્વવૈપરીત્યં કર્માચરન્ સર્વાન્ દૈત્યાન્ મોહયામાસ, તથાઽયમપિ ભગવાન્ શ્રીકૃષ્ણાસ્યઃ "પ્રાકૃતાનુકૃતિવ્યાજમોહિતાસુરમાનુષઃ", ઇતિ



નામાનુકરણસમ્પન્નો વૈષ્ણવાનાં વૈપરીત્યં કર્મ પ્રકાશયન્ નિગૂઢહૃદયત્વં ચ દર્શયન્ સનન્યાસધારણમંગીકૃત્યાઽઽસુરમોહલીલામાચચારેતિ ॥ ૫૬ ॥

ત્યારપછી ભગવાન બુદ્ધ જેવી રીતે દેવોનું કાર્ય કરવા માટે સર્વે બ્રાહ્મણો અને વેદાદિકોની નિંદા કરીને જગતથી વિપરીત કર્મનું આચારણ કરતા સર્વે દૈત્યોને મોહ પમાડવા લાગ્યા, તેવી રીતે શ્રીકૃષ્ણમુખારવિંદરૂપ આ શ્રીમહાપ્રભુજીએ પણ **"પ્રાકૃતાનુકૃતિવ્યાજમોહિતાસુરમાનુષઃ"** પ્રાકૃત મનુષ્યોને અનુસરવાના મિષથી આસુરી જીવોને મોહ પમાડનાર, એ નામ પ્રમાણે વૈષ્ણવોને વિપરીત કર્મ દેખાડતા અને અત્યંત ગૂઢ-હૃદય પણાને દેખાડતા સંન્યાસાશ્રમનો અંગીકાર કરીને આસુરી જીવોને મોહ ઉત્પન્ન કરનારી લીલાનું આચરણ કર્યું. એ પ્રકારે બુદ્ધાવતાર સામ્ય દર્શાવ્યું. ૫૬

હયગ્રીવો યથા નષ્ટવેદાવિર્ભાવકારકઃ ।
તથાઽયમપિ વેદોક્તં નષ્ટમાર્ગમદર્શયત્ ॥ ૫૭ ॥

જેવી રીતે હયગ્રીવ ભગવાન નાશ પામેલા વેદોનો ઉદ્ધાર કરનારા હતા, તેવી રીતે આ શ્રીમહાપ્રભુએ પણ નાશ પામેલા વેદપ્રતિપાદિત શુદ્ધાદ્વૈત નિર્ગુણ પુષ્ટિભક્તિમાર્ગને પ્રદર્શિત કર્યો. એ પ્રકારે હયગ્રીવાવતાર-સામ્ય દર્શાવ્યું. ૫૭

હંસો યથા ચ મહતાં પુત્રાણાં બ્રહ્મણઃ પુરા ।
જ્ઞાનદઃ સમ્બભૂવેહ બ્રહ્માનુગ્રહકારકઃ ॥ ૫૮ ॥

તથા મહાપ્રભુરપિ મહતાં "જ્ઞાનદો"ઽભવત્ ।
હનુમત્સદશાનાં ચ રામસન્તોષકારકઃ ॥ ૫૯ ॥

જેવી રીતે પૂર્વે બ્રહ્માના મોટા પુત્રો સનકાદિકોને; બ્રહ્માને અનુગ્રહ કરવાવાળા શ્રીહંસભગવાન પૃથ્વીમાં જ્ઞાન આપનાર થયા, તેવી રીતે શ્રીરામચંદ્રજીને સંતોષ પમાડનાર શ્રીમહાપ્રભુજી પણ હનુમાન સરખા મહાન ભક્તોને જ્ઞાન આપનાર થયા. એ પ્રકારે હંસાવતાર-સામ્ય-નિરૂપણ કર્યું. ૫૮-૫૯

કલ્કિકર્યથા કલેરન્તે જીવાજ્ઞાનં વિનાશયન્ ।
ભદ્રપ્રદશ્ચ જીવાનાં સમ્ભવિષ્યતિ સર્વતઃ ॥ ૬૦ ॥
એવં વૈશ્વાનરોઽપીશઃ કલિનષ્ટં ચ દુર્બલમ્ ।
પુષ્ટિમાર્ગં પુનઃ શ્રીમાન્ દ્યોતયિષ્યતિ નિર્મલમ્ ॥ ૬૧ ॥
પુષ્ટિમાર્ગં તુ ભગવાન્ સર્વકાલેષુ રક્ષતિ ।
પુત્રપૌત્રાદિરૂપૈશ્ચ "દુર્લભાઙ્ઘ્રિસરોરુહઃ" ॥ ૬૨ ॥
ભૂતેષુ ચ ભવિષ્યત્સુ વર્તમાનેષ્વપીશ્વરઃ ।
ચતુર્યુગેષુ કૃતભુક્ માર્ગં રક્ષતિ રક્ષતિ ॥ ૬૩ ॥

જેવી રીતે કલિયુગના અંતમાં કલ્કિ ભગવાન્ ચારે તરફથી જીવોના અજ્ઞાનનો નાશ કરતા અને જીવોને કલ્યાણ કરનાર થશે, એ પ્રકારે સમર્થ એવા શ્રીમાન્ વૈશ્વાનર પણ કલિયુગથી નષ્ટપ્રાય દુર્બળ બનેલા નિર્મળ **પુષ્ટિભક્તિમાર્ગ**નો ફરીથી પ્રકાશ કરશે, ભગવાન્ સર્વકાલમાં પુષ્ટિમાર્ગનું તો રક્ષણ કરે છે. વળી દુર્લભ જેમના ચરણકમળ છે એવાં કૃત યુગને ભોગવનાર સમર્થ ભગવાન્ સર્વ સમયમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન ચારેય યુગોમાં પણ પુત્રપૌત્ર વગેરે સ્વવંશદ્વારા પુષ્ટિમાર્ગનું અવશ્ય રક્ષણ કરશેજ. એ પ્રકારે કલ્કિ-અવતાર-સામ્ય દર્શાવ્યું. ૬૦-૬૩

એવં સર્વાવતારાણાં ગુણકર્મપરાક્રમાન્ ।
દધાતિ નિતરાં સોઽયં શ્રીમાંલ્લક્ષ્મણનંદનઃ ॥ ૬૪ ॥
તસ્માત્સર્વૈર્વૈષ્ણવૈશ્ચ ત્રૈલોક્યે "વિષ્ણુધેશ્વરઃ" ।
પ્રકીર્તિતઃ કૃષ્ણરૂપઃ શ્રીપૂર્ણપુરુષોત્તમઃ ॥ ૬૫ ॥
અતઃ સ એવ સંસેવ્યો વૈષ્ણવૈઃ પાપભીરુભિઃ ।
ધ્યાતવ્યઃ સ્મરણીયશ્ચ તૈલઙ્ગતિલકઃ પ્રભુઃ ॥ ૬૬ ॥

એ પ્રકારે સત્પુરુષ શ્રીમાન્ લક્ષ્મણનંદન શ્રીમહાપ્રભુજી સર્વ અવતારોના અત્યંત ગુણકર્મ પરાક્રમોને ધારણ કરે છે, તેટલા માટે ત્રૈલોકયમાં સર્વે વૈષ્ણવોથી પંડિતેશ્વર, શ્રીકૃષ્ણરૂપ, શ્રીપૂર્ણપુરુષોત્તમ કહેવાયા છે, અને એટલાજ માટે પાપથી ભય પામતા વૈષ્ણવોએ તેજ તૈલંગકુલ-તિલકરૂપ શ્રીમહાપ્રભુનુંજ સ્મરણ અને ધ્યાન કરવું જોઇએ. ૬૪-૬૫-૬૬



[ ઉદ્ગીતિ ]

અસ્ય શ્રવણાત્પાઠાત્પ્રભવેત્પુંસામભેદત્વમ્ ।
શ્રીમન્નન્દકુમારકવાક્પત્યોશ્ચાપિ નૂનમૂર્ચ્યાં વૈ ॥ ૬૭ ॥

[ **અનુષ્ટુપ** ]

એતન્મદુદિતં બાલસ્વભાવાદ્વંશવત્સલઃ ।
શ્રીવલ્લભાચાર્યનામા પ્રભુઃ ક્ષામ્યતુ સર્વથા ॥ ૬૮ ॥
સ્વકીયં શ્રીવલ્લભીયં મામાનન્દનિધિર્હરિઃ ।
નિઃસાધનં ચ વૃણુતે, સ કૃષ્ણઃ શરણં મમ ॥ ૬૯ ॥

આ **સર્વાવતારસામ્યનિરૂપણ**નો પૃથ્વીમાં પાઠ કરવાથી અથવા સાંભળવાથી પુરુષોને નિશ્ચય શ્રીનંદકુમાર શ્રીકૃષ્ણચંદ્ર અને શ્રીમહાપ્રભુજીનું અભેદપણું સિદ્ધ થાય છે. શ્રીહરિરાયજી કહે છે કે-આ બાલ-સ્વભાવથી મારું કહેલું સ્વવંશ ઉપર પ્રેમ રાખનાર શ્રીવલ્લભાચાર્ય નામના પ્રભુ સર્વપ્રકારે ક્ષમા કરશે. જે આનંદના ભંડારરૂપ શ્રીહરિ, શ્રીવલ્લભાચાર્યજીના અને નિઃસાધન એવા મારો પોતાનો જાણી અંગીકાર કરે છે, તે શ્રીકૃષ્ણચન્દ્ર મારો આશ્રય હો. ૬૭-૬૮-૬૯

**ઇતિ શ્રીહરિદાસવિરચિતં શ્રીમહાપ્રભુસર્વાવતારસામ્યરૂપ-નિરૂપણં સમ્પૂર્ણમ્**

## ૧૧. શ્રીમહાપ્રભોરષ્ટોત્તરશતનામાનિ ।

[ **અનુષ્ટુપ** ]

શ્રીવલ્લભાખ્યસ્વસ્વામિ-નામાનિ સ્વીયતુષ્ટયે ।
યથામતિ વદિષ્યામિ તદાશ્રિતજનાશ્રિતઃ ॥ ૧ ॥

શ્રીમહાપ્રભુજીના આશ્રિત ભગવદીયોનો આશ્રિત હું પોતાનાઓના સન્તોષને માટે પોતાના સ્વામી શ્રીવલ્લભાધીશ્વરનાં નામોને કહીશ. ૧

**૧. શ્રીવલ્લભાય નમઃ ।**

**સ્નેહવદ્‌ભિર્લભ્યતે ઇતિ વલ્લભઃ** અથવા **વલ્લતિ-વેષ્ટયતીતિ વલ્લભઃ ।** સ્નેહવાળા ભકતોને મળી શકે માટે વલ્લભ અથવા પોતાનાઓને કૃપાથી પોતામાં તલ્લીન કરે તે વલ્લભ, આવા શ્રીવલ્લભાચાર્યને પ્રણામ. ૧

**૨. શ્રીમહાલક્ષ્મીપતયે નમઃ ।**

શ્રીમહાલક્ષ્મીજીના પતિને નમન. ૨

**૩. શ્રીગોપીનાથજનકાય નમઃ ।**

શ્રીગોપીનાથજીના પિતાશ્રીને નમસ્કાર. ૩

**૪. શ્રીવિઠ્ઠલેશે સ્વાખિલમાહાત્મ્ય સ્થાપકાય નમઃ ।**

શ્રીવિઠ્ઠલનાથજીમાં પોતાનું બધું માહાત્મ્ય સ્થાપન કરનારને પ્રણામ. ૪

**૫. તીર્થયાત્રાચરણસઞ્ચારકર્ત્રે નમઃ ।**

તીર્થયાત્રામાં ચરણથી સંચાર કરનારને નમન. ૫

**૬. વાદિવૃન્દમુખધ્વંસકાય નમઃ ।**

વાદિજનોના મુખને નિરુત્તર કરનારને પ્રણામ. ૬

**૭. માયામતખણ્ડકાય નમઃ ।**

માયાવાદરૂપી મતનું ખંડન કરનારને નમસ્કાર. ૭

**૮. ભકિતપથપ્રવર્તકાય નમઃ ।**

ભકિતમાર્ગના પ્રવર્તકને પ્રણામ. ૮

**૯. શુદ્ધબ્રહ્મવાદબોધકાય નમઃ ।**

શુદ્ધ બ્રહ્મવાદનો બોધ કરનારને પ્રણામ. ૯

**૧૦. સ્વજનહૃદયશોધકાય નમઃ ।**

સ્વકીય જનોના હૃદયને શુદ્ધ કરનારને નમન. ૧૦

**૧૧. સન્નિધિમાત્રદત્તસ્વભાવાય નમઃ ।**

સાન્નિધ્ય માત્રથી પોતાના પ્રેમનું દાન કરનારને પ્રણામ. ૧૧



**૧૨. સ્વતન્ત્રભકિતરૂપાય નમઃ ।**

સ્વતન્ત્ર ભકિત-સ્વરૂપને પ્રણામ. ૧૨

**૧૩. સર્વોદ્ધારકાય નમઃ ।**

સર્વનો ઉદ્ધાર કરનારને નમન. ૧૩

**૧૪. શ્રીકૃષ્ણાજ્ઞામાત્રપ્રકટાય નમઃ ।**

શ્રીઠાકોરજીની આજ્ઞા માત્રથી પ્રકટ થયેલાને નમસ્કાર. ૧૪

**૧૫. કરુણાનિધયે નમઃ ।**

દયાના ભંડારને પ્રણામ. ૧૫

**૧૬. શ્રીકૃષ્ણાસ્યાય નમઃ ।**

સદાનન્દ-શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુના મુખારવિન્દને પ્રણામ. ૧૬

**૧૭. કૃષ્ણવિરહવિરકતાય નમઃ ।**

શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુના વિરહને જણાવવા વિરકત-સંન્યાસાશ્રમ ગ્રહણ કરનારને પ્રણામ. ('વિરહના અનુભવ માટે-સર્વ ત્યાગનો ઉપદેશ કરનાર' આવું નામ શ્રીસર્વોત્તમજીમાં છે.) ૧૭

**૧૮. સદાનન્દાસકતાય નમઃ ।**

સદાનન્દ શ્રીકૃષ્ણચન્દ્રમાં આસકત એવા શ્રીમહાપ્રભુજીને પ્રણામ; ( **" કૃષિર્ભૂવાચકઃ શબ્દો ણશ્ચ નિર્વૃતિવાચકઃ । તયોરૈક્યં પરં બ્રહ્મ 'કૃષ્ણ' ઇત્યભિધીયતે ।। "** આમ સત્ અને આનન્દનો અર્થ " કૃષ્ણ " એ થાય છે, જેથી **સદાનન્દ** શ્રીકૃષ્ણજ છે. ૧૮

**૧૯. દૈવજીવજનિસાર્થકતાસમ્પાદકાય નમઃ ।**

દૈવી જીવોના જન્મને સાર્થક કરનારને નમસ્કાર. ૧૯

**૨૦. અતિકરુણાય નમઃ ।**

અતિ દયાળુને નમસ્કાર. ૨૦

**૨૧. અલૌકિકવહ્નયે નમઃ ।**

અલૌકિક દિવ્ય શ્રીપ્રભુના મુખારવિન્દના અધિષ્ઠાતા અગ્નિસ્વરૂપને નમસ્કાર. ૨૧

**૨૨. વિષયાસક્તિવિદૂષકાય નમઃ ।**
જીવોની વિષયાસક્તિનો નાશ કરનારને પ્રણામ. ૨૨

**૨૩. નિજજનહૃદયવિભૂષકાય નમઃ ।**
પોતાના જનોના હૃદયને શણગારનારને નમન. ૨૩

**૨૪. તાપાત્મને નમઃ ।**
વિરહાગ્નિ–સ્વરૂપને નમસ્કાર. ૨૪

**૨૫. સર્વનિરપેક્ષાય નમઃ ।**
સર્વ વસ્તુથી નિરપેક્ષને નમસ્કાર. ૨૫

**૨૬. ભક્તરક્ષકાય નમઃ ।**
ભક્તોની રક્ષા કરનારને નમન. ૨૬

**૨૭. પતિતસઙ્ગ્રહણાય નમઃ ।**
પતિતજનોને પાવન કરનારને પ્રણામ. ૨૭

**૨૮. અશરણશરણાય નમઃ ।**
નિરાધારના આધારને પ્રણામ. ૨૮

**૨૯. સર્વકારણાય નમઃ ।**
સર્વના હેતુરૂપને નમન. ૨૯

**૩૦. અન્તઃસ્થિતકૃષ્ણાય નમઃ ।**
જેમના અન્તઃકરણમાં શ્રીકૃષ્ણ વિરાજે છે એવા શ્રીમહાપ્રભુજીને પ્રણામ; (આ હકીકત **"નમામિ હૃદયે શેષે લીલાક્ષીરાબ્ધિશાયિનમ્"** આ શ્રીમહાપ્રભુજીના વચનામૃતથી સ્પષ્ટ સમજાય છે.) ૩૦

**૩૧. અખિલલીલારસભરાક્રાન્તાય નમઃ ।**
સમગ્ર ભગવલ્લીલાના રસના ભારથી ભરપૂર એવા શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૩૧

**૩૨. અનુગૃહીતશ્રાન્તાય નમઃ ।**
શ્રાન્ત જીવો ઉપર અનુગ્રહ કરનારને નમન. ૩૨



**૩૩. આનન્દમાત્રાય નમઃ ।**
માત્ર આનન્દ સ્વરૂપને નમન; (પ્રભુ જેમ "આનન્દમાત્રકરપાદમુખોદરાદિ" છે તેવા) ૩૩

**૩૪. નિજાનન્દહેતવે નમઃ ।**
પોતાનાંઓના આનન્દના કારણ–રૂપને નમસ્કાર. ૩૪

**૩૫. રતિપથકેતવે નમઃ ।**
ભગવાન્‌માં રમણ–રતિ–આનન્દના માર્ગના ધ્વજ–રૂપને નમસ્કાર ૩૫

**૩૬. ભગવદ્ધર્મસેતવે નમઃ ।**
શ્રીષડૈશ્વર્યસમ્પન્ન શ્રીઠાકોરજીનાં ધર્મોની મર્યાદારૂપ શ્રીવલ્લભાધીશને નમન. ૩૬

**૩૭. બ્રહ્મસમ્બન્ધકરણાય નમઃ ।**
દૈવીજીવોને બ્રહ્મસમ્બન્ધ કરાવનારને નમન. ૩૭

**૩૮. સર્વદોષનાશકાય નમઃ ।**
સર્વના દોષોનો નાશ કરનાર શ્રીમહાપ્રભુજીને નમન. ૩૮

**૩૯. શુદ્ધભાવવિકાસકાય નમઃ ।**
શુદ્ધ ભાવને પ્રકટ કરનારને પ્રણામ. ૩૯

**૪૦. શ્રીભાગવતતામરસતરણયે નમઃ ।**
શ્રીભાગવતરૂપ કમલને ખીલાવવાને સૂર્યરૂપને નમન. ૪૦

**૪૧. સ્થાપિતભક્તિસરણયે નમઃ ।**
ભક્તિમાર્ગનું સ્થાપન કરનાર શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૪૧

**૪૨. સ્વજનભાગ્યરૂપાય નમઃ ।**
પોતાના જનોના ભાગ્યરૂપને નમસ્કાર. ૪૨

**૪૩. નિજજનદત્તવૈરાગ્યાય નમઃ ।**
પોતાના જનોને વૈરાગ્યનું દાન કરનાર શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૪૩

**૪૪. રસજ્ઞશિરોમણયે નમઃ।**

રસરૂપ શ્રીકૃષ્ણ અથવા ભક્તિરસ અથવા નવરસોના જ્ઞાતાઓના શિરોમણિ શ્રીમહાપ્રભુજીને પ્રણામ; (**રસો વૈ સઃ** એમ શ્રુતિ શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુને રસરૂપ કહે છે, તેમ "**મલ્લાનામશનિઃ**" આ પદ્યમાં ૧૦ રસ કહેવામાં આવ્યા છે તે રસ સમજવા). ૪૪

**૪૫. નિઃસાધનસ્વકીયાર્થંકૃતાખિલપ્રયત્નાય નમઃ।**

પોતાના નિઃસાધન જીવો માટે સર્વ પ્રયત્ન કરનારને **નમન**. ૪૫

**૪૬. અસ્મત્પતયે નમઃ।**

અમારા ધણીને નમસ્કાર. ૪૬

**૪૭. સ્વજનૈકગતયે નમઃ।**

સ્વજનોના એક ગતિરૂપને નમન. ૪૭

**૪૮. રહોરતયે નમઃ।**

એકાન્તમાં પ્રીતિવાળાને નમન; ("**અરતિર્જનસંસદિ**" આ જ્ઞાની પુરુષોનું અસાધારણ લક્ષણ છે.) ૪૮

**૪૯. ભાવભાવનૈકમતયે નમઃ।**

ભગવત્સેવાના ભાવની ભાવના કરવામાં જેમની એક મતિ છે તેઓશ્રીને નમન. ૪૯

**૫૦. શુદ્ધપુષ્ટિપતયે નમઃ।**

શુદ્ધ-પુષ્ટિજીવોના પતિને નમન. ૫૦

**૫૧. વિયોગયોગિને નમઃ।**

વિયોગ કરીને મેળાપ કરનારને નમન; (**વિરહય્યકાઙ્ક્ષે**" વિરહ કરીને ઇચ્છું છું, આ વૃત્રવાક્ય સ્ફુટ છે.) ૫૧

**૫૨. ભાવરસભોગિને નમઃ।**

પ્રેમરસના ભોક્તાને પ્રણામ. ૫૨

**૫૩. ભાવાત્મકાનન્દાય નમઃ।**

ભાવાત્મક આનન્દરૂપને નમન. ૫૩



**૫૪. ભાવવદાશ્રયાય નમઃ।**

પ્રેમીજનોના આશ્રયને નમન. ૫૪

**૫૫. ભાવદાત્રે નમઃ।**

ભાવ-પ્રેમનું દાન કરનારને નમન. ૫૫

**૫૬. સ્ત્રીશૂદ્રાદિહિતકર્ત્રે નમઃ।**

સ્ત્રી-શૂદ્રાદિના હિતકર્તાને પ્રણામ. ૫૬

**૫૭. ફલરૂપાય નમઃ।**

ફલસ્વરૂપ શ્રીમહાપ્રભુજીને નમન. ૫૭

**૫૮. ફલસેવાપ્રદર્શકાય નમઃ।**

ફલરૂપ સેવા બતાવનારને નમન. ૫૮

**૫૯. મનોમાત્રસેવ્યાય નમઃ।**

મનપૂર્વક સેવવા યોગ્યને નમન. ૫૯

**૬૦. મનોવિનોદહેતવે નમઃ।**

મનના આનન્દના હેતુરૂપને નમન. ૬૦

**૬૧. અખિલસ્મારકાય નમઃ।**

સમથલીલીનું સ્મરણ કરાવનાર શ્રીમહાપ્રભુજીને પ્રણામ. ૬૧

**૬૨. પતિતતારકાય નમઃ।**

પતિત જનોના તારણહારને નમન. ૬૨

**૬૩. શ્રુતિપથમર્યાદાધારકાય નમઃ।**

વેદમાર્ગની મર્યાદાને ધારણ કરનાર શ્રીમહાપ્રભુને નમસ્કાર. ૬૩

**૬૪. નિજજનક્લેશહારકાય નમઃ।**

પોતાના જનોના ક્લેશને હરણ કરનાર શ્રીમહાપ્રભુજીને નમન. ૬૪

**૬૫. અપારસુખકારકાય નમઃ।**

અપાર સુખના કર્તાને નમન. ૬૫

**૬૬. કૃપાપૂર્ણાય નમઃ ।**

કૃપાથી પૂર્ણ એવા શ્રીવલ્લભને નમન. ૬૬

**૬૭. વિવિધાપરાધક્ષમાય નમઃ ।**

વિવિધ અપરાધોને માફ કરનારને નમન. ૬૭

**૬૮. ભક્તવશ્યાય નમઃ ।**

ભક્તાધીન પ્રભુને નમસ્કાર. ૬૮

**૬૯. ભક્તકૃપાર્થકૃતકૃષ્ણાજ્ઞાદ્વયોલ્લઙ્ઘનાય નમઃ ।**

ભક્તો ઉપર કૃપા કરવા સારુ શ્રીકૃષ્ણપ્રભુની બે આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર શ્રીમહાપ્રભુજીને નમસ્કાર; (**"આજ્ઞા પૂર્વન્તુ યા જાતા ગઙ્ગાસાગરસઙ્ગમે । યાપિ પશ્ચાન્મધુવને ન કૃતં તદ્દ્વયં મયા ॥** શ્રી અન્તઃકરણ પ્રબોધમાં આ હકીકત સ્ફુટ છે.)

**૭૦. રસઘનાય નમઃ ।**

રસથી ભરપૂર એવા શ્રીમહાપ્રભુજીને નમન. ૭૦

**૭૧. સ્વજનજીવનસાધનાય નમઃ ।**

સ્વકીય જનોના જીવનના સાધનરૂપ શ્રીવલ્લભાધીશ્વરને નમસ્કાર. ૭૧

**૭૨. વિહિતસ્વજનાવનાય નમઃ ।**

પોતાના જનોનું રક્ષણ કરનાર શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૭૨

**૭૩. સ્મરણમાત્રાર્તિનાશનાય નમઃ ।**

સ્મરણ માત્રથી પીડાને નાશ કરનાર શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૭૩

**૭૪. હરિપ્રિયાય નમઃ ।**

પ્રભુને પ્રિય તેમ પ્રભુ જેને વહાલા છે એવા શ્રીમદ્વલ્લભાધીશ્વરને નમસ્કાર. ૭૪

**૭૫. યમુનાપ્રાર્થકાય નમઃ ।**

શ્રીમહારાણીજીની સ્તુતિ કરનારને નમસ્કાર. ૭૫



**૭૬. તત્સમ્પાદિતનૂતનતનવે નમઃ ।**

તે શ્રીયમુનાજીએ સિદ્ધ કરેલ છે નવીન શ્રીઅંગ જેનું એવા શ્રીવલ્લભને નમસ્કાર. ૭૬

**૭૭. રાજીવલોચનાય નમઃ ।**

કમળનેત્ર શ્રીમહાપ્રભુને નમન. ૭૭

**૭૮. ભક્તદુઃખવિમોચકાય નમઃ ।**

ભક્તનાં દુઃખનો નાશ કરનારને નમન. ૭૮

**૭૯. રાસલીલારસપરાયણાય નમઃ ।**

શ્રીપ્રભુની રાસલીલાના રસમાં પરાયણ શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૭૯

**૮૦. નિજજનસમૂહસેવિતચરણાય નમઃ ।**

પોતાના જનોના સમૂહે જેમના ચરણની સેવા કરેલ છે એવા શ્રીમહાપ્રભુજીને નમન. ૮૦

**૮૧. ફલરૂપચરણરેણવે નમઃ ।**

ફલરૂપ જેમના ચરણની રજ છે એવા શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૮૧

**૮૨. કૃષ્ણાશ્રયહૃદયાય નમઃ ।**

શ્રીભગવદાશ્રયમાં અથવા શ્રીકૃષ્ણાશ્રય ગ્રન્થમાં જેમનું હૃદય છે એવા શ્રીમહાપ્રભુજીને નમન. ૮૨

**૮૩. લીલામયાય નમઃ ।**

ભગવલ્લીલામય એવા શ્રીમહાપ્રભુજીને નમન: ૮૩

**૮૪. લીલાશ્રયસ્વહૃદયૈકવિચારકાય નમઃ ।**

ભગવલ્લીલાના આશ્રયરૂપ પોતાના હૃદયમાં એક લીલાસમ્બન્ધી વિચાર કરનાર શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૮૪

**૮૫. આનન્દમૂર્ત્તયે નમઃ ।**

આનન્દ–સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને નમન. ૮૫

**૮૬. વિરચિતસ્વજનમનોરથપૂર્તયે નમઃ ।**

સ્વજનોના મનોરથની પૂર્તિ કરનાર શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૮૬

**૮૭. સ્વજનદ્વેષિદાહકાય નમઃ ।**

સ્વજનોના દ્વેષીઓનો દાહ કરનાર શ્રીમહાપ્રભુજીને નમન. ૮૭

**૮૮. સ્વપક્ષપોષકાય નમઃ ।**

સ્વકીય પક્ષના પોષક એવા શ્રીમહાપ્રભુજીને નમન. ૮૮

**૮૯. વાકપીયૂષવૃષ્ટિકર્ત્રે નમઃ ।**

વાણીરૂપી અમૃતની વૃષ્ટિ કરનાર શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૮૯

**૯૦. સ્વજનહૃદયસન્તોષકાય નમઃ ।**

સ્વજનોનાં હૃદયને સન્તુષ્ટ કરનાર શ્રીમહાપ્રભુજીને નમન. ૯૦

**૯૧. મદનાભિરામાય નમઃ ।**

કામદેવ કરતાં પણ સુન્દર શ્રીમહાપ્રભુજીને નમન. ૯૧

**૯૨. પૂર્ણકામાય નમઃ ।**

પૂર્ણકામનાવાળા શ્રીમહાપ્રભુજીને નમન. ૯૨

**૯૩. કૃતદિગ્વિજયાય નમઃ ।**

દિશાઓનો વિજય કરનાર શ્રીમહાપ્રભુજીને નમન. ૯૩

**૯૪. વિહિતસ્વજનદુરિતવિલયાય નમઃ ।**

પોતાના જનોના દુરિત-પાપનો નાશ કરનાર શ્રીમહાપ્રભુજીને નમન. ૯૪

**૯૫. અભયપ્રદાય નમઃ ।**

અભયદાન દેનાર શ્રીમહાપ્રભુજીને નમન. ૯૫

**૯૬. કાલાદિભયહેતવે નમઃ ।**

કાળ વગેરેને ભયના કારણરૂપ એવા શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૯૬



**૯૭. નિઃસાધનાવલમ્બનાય નમઃ ।**

નિઃસાધન જીવોના આલમ્બન – આશ્રયરૂપી શ્રીમહાપ્રભુજીને નમન. ૯૭

**૯૮. ભાવભૂષણભૂષિતાય નમઃ ।**

શ્રીભાગવતજીના ભાવરૂપી ભૂષણથી શણગારેલ શ્રીમહાપ્રભુજીને નમન. ૯૮

**૯૯. સૌભાગ્યભાજનસ્વજનાય નમઃ ।**

જેમનાં સ્વજનો સૌભાગ્યનું પાત્ર છે એવા શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૯૯

**૧૦૦. હાસ્યકરણોચિતસ્વરૂપાય નમઃ ।**

હાસ્ય કરવાને યોગ્ય જેમનું સ્વરૂપ છે, (તાત્પર્ય કે જો હાસ્ય કરવું યોગ્ય હોય તો તે શ્રીમહાપ્રભુજીનુંજ) એવા શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૧૦૦

**૧૦૧. ફલરૂપહાસ્યાય નમઃ ।**

ફલરૂપ છે હાસ્ય જેમનું એવા શ્રીમહાપ્રભુજીને નમસ્કાર; (તાત્પર્ય કે શ્રીમહાપ્રભુજીએ જે હાસ્યધર્મ બતાવ્યો છે તે ફલરૂપ છે.) ૧૦૧

**૧૦૨. મુખશોભિતમન્દહાસ્યાય નમઃ ।**

મુખારવિન્દમાં શોભાયુક્ત છે મન્દહાસ્ય જેમને એવા શ્રીમહાપ્રભુને નમન. ૧૦૨

**૧૦૩. સાનુકમ્પનયનાય નમઃ ।**

અનુકમ્પા-દયાયુક્ત છે નયન-નેત્રકમળ જેમનાં એવા શ્રીમહાપ્રભુજીને નમન. ૧૦૩

**૧૦૪. વિસ્મૃતલૌકિકાય નમઃ ।**

લૌકિકને ભૂલી જનાર શ્રીમહાપ્રભુજીને નમન. ૧૦૪

**૧૦૫. વારિતસ્વજનસંસારાય નમઃ ।**

સજ્જનોના સંસારને નિવૃત્ત કરનાર શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૧૦૫

**૧૦૬. નિત્યનિવૃત્તલોકવેદકૃતસ્મૃતયે નમઃ ।**

લોક તથા વેદનું સ્મરણ જેમને નિરન્તર નિવૃત્ત થઈ ગયેલ છે એવા ભગવદ્ભાવમગ્ન શ્રીમહાપ્રભુજીને નમન. ૧૦૬

**૧૦૭. પરમાનન્દસુધાભરભરિતમૂર્તયે નમઃ ।**

પરમાનન્દરૂપ અમૃતના ભારથી ભરપૂર મૂર્તિવાળા શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૧૦૭

**૧૦૮. અસ્મત્સર્વસ્વરૂપાય નમઃ ।**

અમારા-આપણા સર્વસ્વરૂપ શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૧૦૮

[ અનુષ્ટુભ ]

ઇતિ નામાનિ જપ્યાનિ શ્રીવલ્લભમહાપ્રભોઃ ।
તત્પદામ્ભોજયુગલે ભક્તિમાત્રાર્થિભિઃ સદા ॥ ૨ ॥

તે શ્રીમહાપ્રભુજીના યુગલ ચરણકમળમાં માત્ર ભક્તિની ઇચ્છાવાળા ભક્તોએ શ્રીમાન્ વલ્લભાધીશ – મહાપ્રભુજીનાં આ પ્રમાણેનાં ૧૦૮ નામોનો જપ કરવો.

**ઇતિ શ્રીહરિદાસોક્તં શ્રીમદ્વલ્લભાચાર્યનામાવલ્ય– ષ્ટોત્તરશતં સમ્પૂર્ણમ્ ।**

## ૧૨. સ્વસ્વામિપાણિયુગલાષ્ટકમ્ ।

**[ અનુષ્ટભ ]**

આસાતામેકશરણે વિહિતાકરણે હૃદિ ।
સ્વામિનૌ વલ્લભાધીશ – વિઠ્ઠલેશાભિધૌ સદા ॥ ૧ ॥

સ્વામિ એવા શ્રીવલ્લભાધીશ તથા શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ એક આશ્રયવાળા આહ્વાન કરનાર–બોલાવનાર એવા મારા હૃદયમાં સદા બિરાજો. ૧



કૃપાં પ્રકુરુતાં દીને સ્વત એવ કૃપાકરૌ ।
સ્વામિનૌ વલ્લભાધીશ – વિઠ્ઠલેશાભિધૌ સદા ॥ ૨ ॥

પોતાની મેળે જ કૃપા કરનાર સ્વામી શ્રીવલ્લભાધીશ અને શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ દીન એવા મારામાં સદા કૃપા કરો. ૨

પ્રસીદેતાં મયિ શ્રીમદ્વ્રજેશચરણાશ્રયે ।
સ્વામિનૌ વલ્લભાધીશ – વિઠ્ઠલેશાભિધૌ સદા ॥ ૩ ॥

સ્વામી શ્રીવલ્લભાધીશ અને શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ શ્રીવ્રજનાથના ચરણના આશ્રયવાળા મારામાં સદા પ્રસન્ન થાઓ. ૩

દાસ્યં પ્રયચ્છતાં મહ્યં સમસ્તફલમૂર્ધગમ્ ।
સ્વામિનૌ વલ્લભાધીશ – વિઠ્ઠલેશાભિધૌ સદા ॥ ૪ ॥

સ્વામી શ્રીમહાચાર્યચરણ અને પ્રભુચરણો મને હંમેશાં બધા ફલોના મસ્તક પર રહેલું દાસ્ય આપો. ૪

કદાપિ મામનન્યં મા ત્યજેતાં નિજસેવકમ્ ।
સ્વામિનૌ વલ્લભાધીશ – વિઠ્ઠલેશાભિધૌ મમ ॥ ૫ ॥

મારા સ્વામી શ્રીમહાચાર્યચરણ અને શ્રીગુસાંઈજી અનન્ય પોતાના સેવક એવા મને કોઈ દિવસ પણ તજો નહિ. ૫

પ્રમેયબલમાત્રેણ ગૃહ્ણીતાં મત્કરં દૃઢમ્ ।
સ્વામિનૌ વલ્લભાધીશ – વિઠ્ઠલેશાભિધૌ મમ ॥ ૬ ॥

મારા સ્વામી શ્રીવલ્લભાધીશ્વર અને શ્રીવિઠ્ઠલપ્રભુ માત્ર પ્રમેય–બળથી મારા હાથને મજબૂત રીતે પકડો. ૬

આર્તિં નિવારયેતાં મે મસ્તકે હસ્તધારણૈઃ ।
સ્વામિનૌ વલ્લભાધીશ – વિઠ્ઠલેશાભિધૌ મમ ॥ ૭ ॥

મારા સ્વામી શ્રીવલ્લભાધીશ્વર અને વિઠ્ઠલેશ પ્રભુ મારા મસ્તક ઉપર શ્રીહસ્ત ધારણ કરીને મારી પીડાને દૂર કરો. ૭

મન્મૂર્ધનિ વિરાજેતાં પ્રભુ લોકવિલક્ષણૌ ।
સ્વામિનૌ વલ્લભાધીશ – વિઠ્ઠલેશાભિધૌ મમ ॥ ૮ ॥

સમર્થ લોકવિલક્ષણ-અલૌકિક મારા સ્વામી શ્રીવલ્લભાધીશ અને શ્રીવિઠ્ઠલેશ પ્રભુ મારા મસ્તક ઉપર બિરાજો. ૮

ઈતિ શ્રીહરિદાસોક્તં સ્વસ્વામિપાણિયુગલાષ્ટકં સમ્પૂર્ણમ્ ।

## ૧૩. શ્રીમદાચાર્યચિન્તનમ્ ।

[ અનુષ્ટુભ ]

અથ શ્રીવલ્લભાચાર્યધ્યાનમત્ર નિરૂપ્યતે ।
નિવાર્ય સર્વસન્દેહાંસ્તત્સ્વરૂપે કૃપાબલાત્ ॥ ૧ ॥

કૃપાબલથી તેઓના સ્વરૂપમાંના સર્વ સન્દેહોને દૂર કરીને હવે શ્રીમહાપ્રભુજીનું ધ્યાન અહીં નિરૂપવામાં આવે છે, ૧

વ્રજસ્ત્રીહૃદયં કૃષ્ણવિયોગભરભાવિતમ્ ।
વ્રજસ્ત્રિયોઽપિ વિરહભાવપ્રાપ્તિફલાસ્તથા ॥ ૨ ॥

વ્રજસ્ત્રીઓનું હૃદય શ્રીકૃષ્ણ ભગવાનના વિયોગના ભારથી ભાવનાયુક્ત છે તેમ વ્રજસ્ત્રીઓ પણ ભગવદ્વિરહભાવની પ્રાપ્તિરૂપી જે જે ફળ છે એવાં છે. ૨

નાન્તર્ગૃહગતા લક્ષ્મીસ્તદંશા અપિ નૈવ હિ ।
અધિષ્ઠાનં વિચિન્ત્યૈવ કૃષ્ણં તત્ર વિભાવયેત્ ॥ ૩ ॥



(રાસ-પ્રસંગમાં) જે ગોપીજનો અન્તર્ગૃહગતા (ઘરમાં પુરાઈ રહેલાં) તે લક્ષ્મીરૂપ નથી તેમ તેઓ લક્ષ્મીજીના અંશ પણ નથી, આમ વિચાર કરીને તેમાં અધિષ્ઠાનરૂપે શ્રીકૃષ્ણની ભાવના કરવી. ૩

ભાવાત્માનં તત્ર તાપભાવમાસ્યં વિચિન્તયેત્ ।
સાકારં કોટિકન્દર્પલાવણ્યં કૃષ્ણમૂર્ત્તિમત્ ॥ ૪ ॥

ત્યાં (વિરહમાં) તાપ-ભાવરૂપ ભાવાત્મા મુખારવિન્દરૂપ શ્રીમહાપ્રભુજીનું ચિન્તન કરવું. (આ સ્વરૂપ કેવું છે?) સાકાર (આનન્દાકાર) કોટિ કામદેવના તુલ્ય લાવણ્યવાળું શ્રીકૃષ્ણ પ્રભુની મૂર્તિવાળું છે. ૪

"સર્વતઃ પાણિપાદાન્ત" મિતિગીતાવચોબલાત્ ।
મન્તવ્યાવયવાનાં હિ સર્વેષાં કૃષ્ણરૂપતા ॥ ૫ ॥

"સર્વ તરફ છે કર-ચરણના છેડા જેના" એવું બ્રહ્મનું સ્વરૂપ ગીતાજીમાં કહેલું છે. આ વચનના બલથી શ્રીમહાપ્રભુજીનાં બધાં અવયવો શ્રીકૃષ્ણરૂપ માનવાં. ૫

યથા વિશિષ્ટં કૃષ્ણસ્ય રૂપં ચાવયવાસ્તથા ।
સર્વાવયવરૂપાણાં કરપાદાદિયુક્તતા ॥ ૬ ॥

જેમ શ્રીકૃષ્ણપ્રભુનું રૂપ વિશિષ્ટ-આનન્દરૂપ છે તેમ તેનાં અવયવો કર, પાદ, મુખ વગેરે પણ આનન્દરૂપ છે. તે મુજબ શ્રીમહાપ્રભુજીનાં સર્વ અવયવો કર, ચરણ વગેરે પણ આનન્દરૂપ છે. ૬

ભાવાત્મનો ઘવયવાસ્તથાભૂતાત્મકા હિ તે ।
અત શ્રીકૃષ્ણવિરહસ્ત્રીભાવાગ્નિઃ પ્રભુર્મતઃ ॥ ૭ ॥

તેમ ભાવસ્વરૂપ શ્રીમહાપ્રભુજીનાં શ્રીઅંગો તેવા પ્રકારનાં એટલે આનન્દરૂપ છે; માટે શ્રીકૃષ્ણ પ્રભુના વિરહ વખતનો સ્ત્રીઓનો વિરહભાવરૂપી જે અગ્નિ તે શ્રીમહાપ્રભુજી છે. ૭

તત્સ્વરૂપં યથા કૃષ્ણસ્તથૈવેતિ વિભાવ્યતામ્ ।
સ હિ ગૂઢઃ સ્થાયિભાવઃ સ્ત્રીણામિતિવિનિશ્ચયઃ ॥ ૮ ॥

જેવા શ્રીકૃષ્ણ પ્રભુ તેવું જ શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ છે એમ વિચાર કરો, (વિરહવતી) સ્રીઓ—વ્રજાંગનાઓનો તે નક્કી ગૂઢ સ્થાયી ભાવ છે, એવો નિશ્ચય છે. ૮

તન્મુખં શ્રીમદાચાર્યાસ્તથાભૂતા, ન સંશયઃ ।
કૃષ્ણત્વેનૈવ તદ્ધ્યાનં સ્ત્રીભાવાત્મતયા હ્યતઃ ॥ ૯ ॥

તે શ્રીપ્રભુના મુખારવિન્દરૂપ શ્રીઆચાર્યચરણો છે, તેથી શ્રીકૃષ્ણસ્વરૂપ છે, એમાં સંશય નથી; માટે સ્રી–વ્રજાંગનાઓના વિરહભાવાત્મકપણાથી શ્રીકૃષ્ણ–સ્વરૂપેજ તેમનું ધ્યાન કરવું જોઈએ. ૯

વ્રજસ્ત્રીહૃદયસ્થાયિકૃષ્ણવક્ત્રતયા તથા ।
મુખારવિંદરૂપત્વાત્ તાપભક્તયાત્મનાપિ ચ ॥ ૧૦ ॥

વ્રજસ્ત્રીઓના હૃદયમાં બિરાજતા શ્રીકૃષ્ણ પ્રભુનાં મુખારવિન્દપણાથી તેમ મુખારવિન્દરૂપ હોવાથી અને તાપ (વિરહતાપ) રૂપ ભક્તિસ્વરૂપે પણ શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણરૂપ છે. ૧૦

પૂર્વવત્ કૃષ્ણરૂપત્વં ભક્તેરપિ વિબુધ્યતામ્ ।
કૃષ્ણસંબંધિ યત્કિંચિત્તત્તદ્રૂપમિતિ ધ્રુવમ્ ॥ ૧૧ ॥

પૂર્વવત્ ભક્તિનું પણ શ્રીકૃષ્ણ–સ્વરૂપપણું જાણવું, કારણ કે ભગવત્સમ્બન્ધિ જે કોઈ વસ્તુ છે તે તદ્રૂપં એટલે ભગવદ્રૂપ છે એમ નક્કી સમજવું. ૧૧

સુખત્વાદેવ રાસસ્ત્રી – ભાવપૂરિતતોચ્યતે ।
વ્રજસ્ત્રીહૃદયાનંદ – દાયકત્વં તથા પુનઃ ॥ ૧૨ ॥

શ્રીપ્રભુના મુખારવિન્દ–સ્વરૂપ હોવાથી શ્રીમહાપ્રભુ વ્રજસ્ત્રીઓના ભાવથી પૂર્ણ શ્રીઅંગવાળા કહેવાય છે, (એટલે શ્રીસર્વોત્તમજીમાં



**"શ્રીરાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહઃ"** આવું અભિધાન ગુસાંઈજીએ યોજ્યું છે.) તેમ વ્રજાંગનાઓના હૃદયને આનન્દનું દાન કરનાર શ્રીમહાપ્રભુ છે; એથી વ્રજસ્ત્રીઓને આનન્દદાયકપણાનું સામર્થ્ય શ્રીમહાપ્રભુજીમાં છે. ૧૨

પ્રાકટ્યે ભુવિ ભક્તાર્થં ભક્તિરૂપતયા વચઃ ।
"ઇતિ શ્રીકૃષ્ણદાસસ્યે" ત્યાદિ સર્વત્ર યુજ્યતે ॥ ૧૩ ॥

ભક્તોને માટે આપ પૃથ્વીમાં પ્રગટ થયા છે માટે ભક્તિરૂપપણાથી આવું વચનામૃત છે. **"ભુવિ ભક્તિપ્રચારૈકકૃતે"** આમ શ્રીસર્વોત્તમજીમાં સ્પષ્ટ છે (અન્તઃકરણપ્રબોધમાં) **ઈતિ શ્રીકૃષ્ણદાસસ્ય.** "એવી રીતે શ્રીકૃષ્ણના દાસ શ્રીમહાપ્રભુજીનું ચિત્ત તરફ હિત વચન છે," ઇત્યાદિ સઘળું શ્રીમહાપ્રભુજીમાં ઘટે છે. ૧૩

યથા ભગવતો વાક્યં વિપરીતરસે પુનઃ ।
તથા તદ્ભાવસેવાયામાચાર્યાણાં વચોઽમૃતમ્ ॥ ૧૪ ॥

જેમ વિપરીત રસમાં (**"સ્વાગતં વો મહાભાગાઃ" "વ્રજ યાત" "નેહ સ્થેયમ્"** પ્રભુનું વાક્ય છે તેમ તે પ્રભુની ભાવાત્મક સેવામાં શ્રીઆચાર્યચરણોનું વચનામૃત છે; અર્થાત્ રાસપંચાધ્યાયીનાં ઉપરના વચનો ગોપીજનોને ઘેર જવાની સૂચના કરતાં જણાય છે, પણ ધ્વનિ જોતાં તે વચનો રોકવા માટેનાં છે એમ શ્રીસુબોધીનીજીમાં સ્પષ્ટ છે; તેમ મહાપ્રભુજી શ્રીકૃષ્ણના દાસ છે વગેરે વાક્યોનો અર્થ સમજવો. ૧૪

તસ્માચ્છ્રીવલ્લભાચાર્યાઃ પ્રભુરેવં હિ ચિંત્યતામ્ ।
સર્વલીલાકૃતિઃ સર્વલીલાભોગાશ્રયઃ સદા ॥ ૧૫ ॥

તેથી શ્રીમહાપ્રભુજી શ્રીભગવાન્ છે એમ ચિન્તન કરો. સર્વ ભગવલ્લીલાત્મક કૃતિવાળા, સર્વ ભગવલ્લીલાના ભોગના આશ્રયરૂપ સદા શ્રીમહાપ્રભુજી છે. ૧૫

શ્રીકૃષ્ણાસ્યં સદાનંદ આનંદૈકપદાદિકઃ ।
વ્રજસ્ત્રીવૃન્દમધ્યસ્થઃ પુષ્ટિમાર્ગપ્રકાશકઃ ॥ ૧૬ ॥

શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુના મુખારવિન્દરૂપ, સદાનન્દ સત્-રૂપ, આનન્દ-ણુ, એમ શ્રીકૃષ્ણરૂપ, જેમનું સર્વોત્તમજીમાં પ્રથમ નામ "આનન્દ" એવું છે, વ્રજસ્ત્રીઓના સમૂહના મધ્યમાં બિરાજમાન, પુષ્ટિમાર્ગના પ્રકાશક શ્રીમહાપ્રભુજી છે. ૧૬

રાસસ્ત્રીહૃદયસ્થાયિ – તાપભાવાત્મકો હરિઃ ।
સર્વલીલાશ્રયઃ સર્વલીલારસતદાત્મકઃ ॥ ૧૭ ॥

રાસસ્ત્રીઓના હૃદયમાં સ્થાયી તાપ ભાવાત્મક, શ્રીહરિરૂપ સર્વ લીલાઓના આશ્રય, સર્વ લીલાઓના સ્વરૂપ અને લીલારૂપ શ્રીમહાપ્રભુજી છે. ૧૭

સ્વાન્તઃસ્થકૃષ્ણલીલાબ્ધિઃ સ્વાનન્દભરસમ્ભૃતઃ ।
સોઽસ્મત્પ્રભુઃ સદા શ્રીમદ્વલ્લભાખ્યો વિચિન્ત્યતામ્ ॥ ૧૮ ॥

જેઓના અન્તઃકરણમાં શ્રીભગવલ્લીલાઓનો સમુદ્ર ઊછળી રહ્યો છે, તેવા પોતાના આનન્દના ભારથી પૂર્ણ એવા આપણા પ્રભુ શ્રીમહાપ્રભુજી છે, એમ સદા વિચાર કરો. ૧૮

સ્વતન્ત્રભક્તિસમ્બન્ધં સાક્ષાત્ કારયિતું સ્વયમ્ ।
પ્રતિબન્ધાયોગ્યતાદિદોષં વ્યાવર્ત્તિતું તથા ॥ ૧૯ ॥

કૃષ્ણાધરામૃતાસ્વાદફલં દાતું સ્વવૃત્તિ યત્ ।
પ્રકટો દૈવજીવાનાં સદા નિઃસાધનાત્મનામ્ ॥ ૨૦ ॥

પોતે સદા નિઃસાધન સ્વકીય દૈવી જીવોને પ્રભુનો સાક્ષાત્ સ્વતન્ત્ર ભક્તિ-સમ્બન્ધ કરાવવાને, તેમ પ્રતિબન્ધ, અયોગ્યતાદિ દોષને દૂર કરવાને, પોતાની વૃત્તિરૂપ શ્રીકૃષ્ણચન્દ્રના અધરામૃતના આસ્વાદનું ફળ આપવા સારું આપ પ્રકટ થયા છે. ૧૯–૨૦

અસ્મદ્ભાગ્યનિધિર્નૂનં નિજપક્ષૈકપોષકઃ ।
અપારકરુણાસિન્ધુર્દૈવોદ્ધૃતિપરાયણઃ ॥ ૨૧ ॥



ભક્તિમાર્ગપ્રકટનઃ સર્વસન્દેહવારકઃ ।
એવંવિધઃ સદા શ્રીમદાચાર્યશ્ચિન્ત્યતાં હૃદિ ॥ ૨૨ ॥

આપણા ભાગ્યના ભંડાર, નક્કી પોતાના પક્ષનું એક પોષણ કરનાર, અપાર દયાના સાગર, દૈવી જીવોના ઉદ્ધારમાં તત્પર, ભક્તિ-માર્ગને પ્રકટ કરનાર, સર્વ સન્દેહને દૂર કરનાર, આવા પ્રકારના શ્રીમદાચાર્ય-ચરણોનું હૃદયમાં સદા ચિન્તન કરો. ૨૧–૨૨

**ઈતિ શ્રીવલ્લભાચાર્યચિન્તનપ્રકારઃ ।**

## ૧૪–૧૫ પદદ્વયમ્ ।

## રામકરીરાગે પદમ્ ।

[ ઝૂલણા ]

[ ૧ ]

ગોકુલેશાસ્યવર દેહિ દાસ્યમ્ ।
મમ વિવિધવિકલતામવલોક્ય લૌકિકે
નાથ કુરુષે કુપુરુષેઽતિહાસ્યમ્ ॥ ૧ ॥

હે શ્રીમદ્ગોકુલચંદ્ર પ્રભુના શ્રેષ્ઠ મુખારવિન્દના અવતાર શ્રીમદ્વલ્લભાધીશ્વર! આપનું દાસ્ય મને આપો. હે નાથ! આપ લૌકિકમાં મારી અનેક પ્રકારની વિકળતાને જોઈ દુષ્ટ એવા આ મારા તરફ અતિ હાસ્ય કરી રહ્યા હશો! ૧

ન ભવતિ ભયં યથા કુરુ તથા મસ્તકે
નિજચરણકરકમલયુગલલાસ્યમ્ ।
વદતિ હરિદાસ ઇતિ વિભુવદનદહનપદ-
મન્તરા જગતિ કિમિતરદુપાસ્યમ્ ॥ ૨ ॥

જે પ્રમાણે કોઈપણ પ્રકારનો ભય ન રહે, તે પ્રમાણે આ દાસના મસ્તક ઉપર આપનાં ઉભય ચરણકમલ અને હસ્તકમલની સુંદર ક્રિયા કરો. આ હરિદાસ કહી રહ્યો છે કે શ્રીભગવન્મુખારવિંદાવતાર શ્રીમદ્વલ્લભાધીશના ચરણકમલ વિના જગતમાં બીજું શું સેવ્ય છે? ૨

[ ૨ ]

જયતિ (ભટ્ટ) લક્ષ્મણતનુજકૃષ્ણવદનાનલે
શ્રીમદિલ્લમગારુગર્ભરત્ને ।

દૈવવૃતજનસમુદ્ધૃતિકરણકૃતનિજા-
વિર્ભાવનવિહિતબહુવિવિધયત્ને ॥ ૧ ॥

શ્રીમદ્લક્ષ્મણભટ્ટજીના પુત્ર અને શ્રીમદ્કૃષ્ણચન્દ્રના મુખારવિંદાગ્નિના અવતાર, વળી શ્રીમતી માતા ઈલ્લમાગારુજીના ગર્ભરત્ન અને દૈવી જીવોના સમુદ્ધારને માટે કરેલા પોતાના આવિર્ભાવે કરી અનેક પ્રકારના યત્ન કર્યા છે, તેવા શ્રીવલ્લભાચાર્યજી જ્યાં વિજય પામી રહેલા છે, ત્યાં આ હરિદાસને શી ચિન્તા? (અન્વય માટે જુવો છેલ્લી કડી.) ૧

મહાલક્ષ્મીપતૌ ગોપીનાથશ્રી-
વિઠ્ઠલાભિધસુભગતનુજતાતે ।
પ્રથિતમાયાવાદવર્તિવદનર્ધ્વંસ-
વિહિતનિજદાસજનપક્ષપાતે ॥ ૨ ॥

શ્રીમહાલક્ષ્મીજીના પતિ, વળી શ્રીગોપીનાથજી અને શ્રીવિઠ્ઠલનાથજી એ બે સુભગ પુત્રોના પિતા, અને જેમણે પ્રસિદ્ધ માયાવાદીઓનો મુખધ્વંસ કરીને પોતાના સેવકજનોનો પક્ષપાત કર્યો છે, તેવા શ્રીવલ્લભાચાર્યજી જ્યાં વિજય પામી રહેલા છે, ત્યાં આ દાસને શી ચિન્તા? ૨

પુષ્ટિપથકથનરચિતાનેકસુગ્રન્થ-
મથિતભાગવતપીયૂષસારે ।
રાસયુવતીભાવસતતભાવિતહૃદય-
સદયમાનસજનિતમોદભારે ॥ ૩ ॥



પુષ્ટિમાર્ગના સ્વરૂપનું વિવરણ કરવાને માટે જેમણે અનેક ગ્રંથો રચ્યા અને શ્રીમદ્ભાગવતનો શ્રીસુબોધિનીરૂપે અમૃતસાર મથી કાઢયો, વળી રાસયુવતિના ભાવથી સતત ભાવવાળા હૃદય અને દયાયુકત માનસથી ઉત્પન્ન થયેલા આનંદવાળા તેવા શ્રીવલ્લભાચાર્યજી જ્યાં વિજય પામી રહેલાં છે, ત્યાં આ દાસને શી ચિન્તા? ૩

નિજચરણકમલધરણીપરિક્રમણકૃતિ-
માત્રપાવિત્તવિતતતીર્થજાલે ।
કૃષ્ણસેવનવિહિતશરણગત્તિશિક્ષણ-
ક્ષપિતસન્દેહદાસૈકપાલે ॥ ૪ ॥

પોતાનાં ચરણકમલોથી પૃથ્વીની પરિક્રમા કરવા માત્રથી અનેક તીર્થોના સમૂહને જેમણે પવિત્ર કર્યો છે, અને પ્રભુની સેવાને વિશે કરવામાં આવેલા શરણાગતિના શિક્ષણથી જેઓના સંદેહો નષ્ટ થયા છે તેવા સેવકોનું જે રક્ષણ કરી રહ્યા છે, તેવા શ્રીવલ્લભાચાર્યજી જ્યાં વિજય પામી રહ્યા છે. ત્યાં આ દાસને શી ચિંતા? ૪

નિજવચનપીયૂષવર્ષપોષિતસતત-
સાહિત્યપુરુષજનભૃત્યયુક્તે ।
વિવિધવાંચોયુક્તિનિગમવચનોદિતૈ-
રપિ ચ વારિતદુષ્ટજનદુરુકતે ॥ ૫ ॥

પોતનાં વચનામૃતોની વર્ષાથી સતત રીતે પોષવામાં આવેલા સાહિત્યકારો, સામાન્ય જનો અને સ્વસેવકો જેમની પાસે છે, વળી વિવિધ પ્રકારની વચનયુકિતપૂર્વકનાં વેદવચનોનો ઉલ્લેખ કરી જેમણે દુષ્ટ જનોની દુષ્ટ ઉકિતઓનું નિરાકરણ કર્યું છે, તેવા શ્રીવલ્લભાચાર્યજી જ્યાં વિજય પામી રહ્યા છે, ત્યાં આ દાસને શી ચિંતા? ૫

ઈદૃશે સતિ શિરસિ સર્વદા વલ્લભે
સકલકર્તરિ ચ ભર્તરિ દયાલૌ ।
કૈવ પરિદેવના ભવતિ હરિદાસકે
સકલસાધનરહિતજનકૃપાલૌ ॥ ૬ ॥

સર્વકર્તા, સર્વભર્તા, સર્વ નિઃસાધન જનો પર કૃપાવાળા આવા દયાળુ શ્રીવલ્લભાધીશ્વર પ્રભુ સર્વદા મસ્તક પર બિરાજી રહ્યા હોય ત્યાં આ હરિદાસને ચિંતા શી હોઈ શકે ? ૬

